
દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 27 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 2 February 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
સોમવાર, ૨ ફેબ્રુઆરી ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ધર્મતેજ પૂર્તિ

બજેટ-૨૦૨૬

# વિશ્વગુરુ બનવાનો રોડમૅપ

▸ વિકાસનો હાઈવે તૈયાર કરતું બજેટ ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ કે વિશ્વગુરુ બનવાનો રોડમૅપ તૈયાર કરે છે. ▸ આવકવેરામાં કોઈ ફેરફાર નહીં, મિડલ ક્લાસ હતાશ ▸ સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટૅક્સથી બજાર નારાજ ▸ ઉત્પાદન, રોજગારી, સ્વદેશીને જોમ મળશે ▸ કૅન્સર સહિતની અનેક બીમારીની દવા સસ્તી થશે ▸ દેશમાં માલસામાનની ઝડપી હેરફેર થશે ▸ ટીસીએસનો દર ઘટાડાયો ▸ સૅમિકન્ડક્ટર્સ, ઔષધ, કાપડ ક્ષેત્રને લાભ થશે



નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે જાહેર કરેલા ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં સ્વદેશમાં ઉત્પાદન વધારવાની, માલસામાનની ઝડપી હેરફેર માટે રેલવેના નવા સાત હાઇ-સ્પીડ કૉરિડૉર અને ફ્રૅટ કૉરિડૉર શરૂ કરવાની, રોજગારી વધારવાની, અનેક દવા સસ્તી કરવાની, વૈશ્વિક ડૅટા સૅન્ટર માટે ટૅક્સ હૉલિડેની તેમ જ કૃષિ અને પર્યટન ક્ષેત્રને પ્રોત્સાહન આપતી અને લાંબા-ગાળાના વિકાસને ધ્યાનમાં રાખીને કરાયેલી કુલ રૂપિયા ૫૩.૫ લાખ કરોડની જોગવાઇ કરાઇ છે. મૂળમાં આ બજેટ ભારતને ૨૦૪૭ સુધીમાં વિકસિત દેશ બનવા અને વિશ્વગુરુનું રાજતિલક કરવા માટેની માર્ગરેખા તૈયાર કરી આપનારું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને 'વિકાસનો હાઇવે'

(જુઓ પાનું ૨) ▸▸

## ભારતીયોની આકાંક્ષાનું પ્રતિબિંબ છે બજેટઃ મોદી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને ઐતિહાસિક, મહત્ત્વાકાંક્ષી તેમ જ દેશના ભવિષ્ય અને ૧૪૦ કરોડ ભારતીયોની આકાંક્ષાનું પ્રતિબિંબ પાડતું લેખાવ્યું હતું.

આ એક વિશિષ્ટ બજેટ છે જે તંદુરસ્ત આર્થિક વિકાસ અને ઊંચા મૂડી ખર્ચ વચ્ચે સંતુલન જાળવીને ફુગાવા અને નાણાકીય ખાધને ઘટાડવાને પ્રાથમિકતા આપે છે.

આ બજેટમાં એમએસએમઈને જે ટેકો મળ્યો છે તે તેમને સ્થાનિકથી વૈશ્વિક સ્તરે લઈ જવા માટેની નવી તાકાત પૂરી પાડશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ બજેટ વૈશ્વિક

(જુઓ પાનું ૨) ▸▸

## બજેટની હાઈલાઈટ્સ

- ▸ આવકવેરાના દર યથાવત્.
- ▸ ફ્યુચર્સ અને ઑપશન્સ પરનો સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટૅક્સ (એસટીટી) વધારીને અનુક્રમે ૦.૦૫ ટકા અને ૦.૧૫ ટકા કરાયો.
- ▸ વિદેશ પ્રવાસના પૅકેજ પરનો ટીસીએસ ઘટાડીને બે ટકા કરાયો.
- ▸ લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ વિદેશમાંના શિક્ષણ અને તબીબી ખર્ચ પરનો ટીસીએસ ઘટાડીને બે ટકા કરાયો.
- ▸ ૨૦૨૫ના નવા આવકવેરા ધારાનો પહેલી એપ્રિલથી અમલ થશે. તેના નિયમ અને ફૉર્મ્સ અંગે ટૂંક સમયમાં જાહેરાત કરાશે.
- ▸ ઑડિટ કરવાની જરૂર ન હોય એવા બિઝનેસના આઇટીઆર ફાઇલિંગની તારીખ એક મહિનો લંબાવીને ૩૧ ઑગસ્ટ સુધીની કરાઇ.
- ▸ ભારતમાંના ડૅટા સૅન્ટર ખાતેથી વૈશ્વિક સેવા પૂરા પાડતી વિદેશી કંપનીને ૨૦૪૭ સુધી ટૅક્સ હૉલિડેની જોગવાઇ.
- ▸ નાણાકીય ખાધ ૨૦૨૭ના નાણાકીય વર્ષની જીડીપીના ૪.૩ ટકા રહેવાની આશા. તે ૨૦૨૬ના નાણાકીય વર્ષના ૪.૪ ટકાથી ઓછી છે.
- ▸ ચાલુ નાણાકીય વર્ષમાં ડેટ-ટૂ-જીડીપી ૫૬.૧ ટકાથી ઘટાડીને ૫૫.૬ ટકા કરાયો.
- ▸ અંદાજપત્રનું કુલ કદ રૂપિયા ૫૩.૫ લાખ કરોડ.
- ▸ સરકારનો મૂડી ખર્ચ ૨૦૨૬ના નાણાકીય વર્ષમાં રૂપિયા ૧૧.૧૧ લાખ કરોડથી વધારીને રૂપિયા ૧૨.૨ લાખ કરોડ કરાયો.
- ▸ રાજ્યોને કરવેરામાંના હિસ્સા તરીકે રૂપિયા ૧.૪ લાખ કરોડ અપાશે.
- ▸ કરવેરાની ચોખ્ખી આવક રૂપિયા ૨૮.૭ લાખ કરોડ રહેવાનો અંદાજ.
- ▸ બજારમાંથી લેવાનારું કુલ ધિરાણ રૂપિયા ૧૭.૨ લાખ કરોડ રહેવાની આશા.
- ▸ અંદાજપત્રમાં ત્રણ કર્તવ્ય - વિકાસ ઝડપી બનાવવો, આશા પૂરી કરવી તેમ જ સબકા સાથ, સબકા વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયું.
- ▸ 'રિફૉર્મ એક્સપ્રેસ' પાટે ચઢીઃ ૩૫૦થી વધારે સુધારા કરાશે.
- ▸ નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડ ફાળવવાની દરખાસ્ત.
- ▸ કસ્ટમ્સમાં ક્લિઅરન્સ ઝડપી બનાવવા 'વિશ્વાસ-આધારિત' સિસ્ટમ્સ. ઍડવાન્સ રુલિંગનો વૅલિડિટી પિરિયડ લંબાવીને પાંચ વર્ષ કરાયો.
- ▸ ૨૦૪૭ સુધીમાં સર્વિસીસ સૅક્ટરનો ફાળો વધારીને ૧૦ ટકા કરવા ઉચ્ચ-સ્તરની સમિતિ રચાશે. (એજન્સી)

એસટીટી ઈફેક્ટ

## સેન્સેક્સ ભાંગીને ભુક્કો

### એસટીટીમાં વધારાના હથોડાએ શૅરબજાર ૨૩૭૦ પૉઈન્ટ તૂટીને અંતે સુધરીને ૧૫૪૭ ઘટાડા સાથે બંધ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાં પ્રધાને ડેરિવેટિવ્ઝ પરના સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી)માં વધારો કરવાની દરખાસ્ત કર્યા બાદ રવિવારે બેન્ચમાર્ક સ્ટોક ઈન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ બે ટકાનો તીવ્ર ઘટાડો થયો હતો. એસટીટી ફ્યુચર્સ એન્ડ ઓપ્શન સેગમેન્ટમાં થતાં સોદાની રકમ પર લાદવામાં આવેલો સરકારી વેરો છે.

માર્કેટ રેગ્યુલેટર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી) અનુસાર ફ્યુચર્સ એન્ડ ઓપ્શન સેગમેન્ટમાં નેવું ટકા રિટેલ ઇન્વેસ્ટર્સ નાણાં ગુમાવે છે. સેબીએ ભૂતકાળમાં આ જ કારણસર તેના વોલ્યૂમમાં ઘટાડો કરવા કેટલાંક પગલાં લીધાં હતાં. કેન્દ્ર સરકારે પણ આ જ દિશામાં આગળ વધવાનો પ્રયાસ કર્યો હોય એવું લાગે

(જુઓ પાનું ૨) ▸▸



બજેટ ૨૦૨૬ ૯ ૧૦

## પાકિસ્તાન ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામે નહીં રમે

### વિશ્વ કપની બાકી મેચો રમશેઃ ફાઈનલમાં ભારત સામે આવશે તો શું?

લાહોરઃ પાકિસ્તાને રવિવારે સત્તાવાર જાહેરાત કરી હતી કે એની ટીમ સાતમી ફેબ્રુઆરીએ ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં એની ટીમ ભાગ લેશે, પરંતુ ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામે જે લીગ મૅચ રમાવાની છે એનો બહિષ્કાર કરશે. જોકે સવાલ એ છે કે આ વિશ્વ કપની ફાઇનલમાં ભારત-પાકિસ્તાન સામસામે આવશે તો શું? પાકિસ્તાન એ ફાઇનલ પણ નહીં રમે? આ સવાલો ક્રિકેટ જગતમાં ચર્ચાય છે.

ખરું કહીએ તો વર્લ્ડ કપમાં ભારત સામે પાકિસ્તાન મોટા ભાગે હારતું જ આવ્યું છે એટલે બની શકે કે વધુ એક પરાજયના ડરથી પણ પાકિસ્તાને (વર્તમાન વિવાદમાં તક મળતાં) ભારત સામે રમવાનું માંડી વાળ્યું હશે જ. ઉલ્લેખનીય છે કે તાજેતરના એશિયા કપમાં ભારતે ફાઇનલ સહિત ત્રણેય મૅચમાં પાકિસ્તાનને પછડાટ આપી હતી. ટી-૨૦ વિશ્વ કપમાં આઠમાંથી સાત મૅચમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું છે. કોઈ પણ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન મૅચ વખતે સંબંધિત સ્ટેડિયમ ફુલ પૅક્ડ હોય છે જ, દુનિયાભરમાં કરોડો દર્શકો ટીવી પર આ મૅચ માણતા હોય છે. આઇસીસી મોટા ભાગે ભારત-પાકિસ્તાનને એક જ ગ્રૂપમાં રાખતું હોય છે કે જેથી

(જુઓ પાનું ૨) ▸▸

### અન્ડર ૧૯ વર્લ્ડ કપમાં ભારત સામે હારેલું પાકિસ્તાન ટૂર્નામેન્ટમાંથી આઉટ ૧૦

સલામતી પહેલા

## ડિફેન્સ બજેટમાં ૧૫ ટકાનો તોતિંગ વધારો

નવી દિલ્હી : ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં સંરક્ષણની ફાળવણી ૭,૮૪,૬૭૮ કરોડ રૂપિયાની કરી છે જે ગયા વર્ષની ૬.૮૧ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરતા જંગી વધારે છે. ગયા વર્ષના બજેટની ફાળવણીમાં આ વખતના એકંદર સંરક્ષણ બજેટમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. ભારત ચીન અને પાકિસ્તાન બન્ને તરફથી સુરક્ષાના પડકારનો સામનો કરતું હોવાથી અને આધુનિકકરણ પર ધ્યાન કેન્દ્રિત કરતું હોવાથી મૂડીગત ખર્ચમાં મોટો વધારો કરવામાં આવ્યો છે.

કેન્દ્રના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઑપરેશન 'સિંદૂરની ઐતિહાસિક સફળતા'ની પાર્શ્વભૂમિમાં સંરક્ષણની ફાળવણીમાં વધારો કરવામાં આવ્યો છે. અમારા હેતુ ભારતની ડિફેન્સ સિસ્ટમને મજબૂત બનાવાનો છે. ગયા વર્ષની સરખામણીમાં સંરક્ષણના એકંદર બજેટમાં ૧૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. કુલ ફાળવણીમાંથી લશ્કરી દળોને ૨,૧૯,૩૦૬ કરોડ રૂપિયા મૂડીગત ખર્ચ તરીકે ફાળવવામાં આવ્યા છે. આમાં નવાં હથિયારો, વિમાન અને લશ્કરી ઉપકરણો ખરીદવાની

(જુઓ પાનું ૨) ▸▸

## સ્કૂલમાં વિદ્યાર્થીઓને હવે રીલ્સ બનાવવાનું શીખવાડાશે

### ૧,૫૦૦ માધ્યમિક શાળાઓ અને ૫૦૦ કૉલેજોમાં એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ્સ, ગેમિંગ, કોમિક્સ માટેની કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ બનાવાશે

નવી દિલ્હીઃ આજે લોકસભામાં યુનિયન બજેટ ૨૦૨૬ રજુ કરતી વખતે કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણે ઇનોવેશન અને ટેકનોલોજીને વિકસિત ભારત માટે સૌથી મહત્વના ક્ષેત્ર ગણાવ્યા. સીતારમણે ગેમિંગ અને કન્ટેન્ટ ક્રિએશનને પ્રોત્સાહનો આપવાની જાહેરાત કરી. તેમણે ૧,૫૦૦ માધ્યમિક શાળાઓ અને ૫૦૦ કોલેજોમાં એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ (એબીજીસી) કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ શરૂ કરવાની જાહેરાત કરી છે અને આ સાથે ઓરેન્જ

(જુઓ પાનું ૨) ▸▸

### શું સસ્તું

- ★ કેન્સરની દવાઓ
- ★ સાત વિરલ રોગ સંબંધિત ખાસ તબીબી હેતુ માટેની દવાઓ-ડ્રગ્સ
- ★ માઈક્રોવેવ ઓવનના ચાવીરૂપ ભાગ
- ★ વિમાનના એન્જિનના ભાગ
- ★ સોલર ગ્લાસના ઘટક
- ★ અણુ ઊર્જાના પ્રકલ્પો માટે આયાત કરેલી ચીજ
- ★ ક્રિટિકલ મિનરલ્સ માટેના કેપિટલ ગૂડ્સ

### શું મોંઘું?

- ★ સસ્તી આયાતી છત્રી
- ★ પૉટેસિયમ હાઈડ્રોક્સાઈડ
- ★ એટીએમ/કેશ ડિસપેન્સર મશીન અને તેનાં ભાગો
- ★ વિદેશી કૂના ફિલ્મ અને બ્રોડકાસ્ટિંગ ઉપકરણો
- ★ ખાતર જેવા કે એમોનિયમ ફોસ્ફેટ/નાઈટ્રો ફોસ્ફેટ ફર્ટિલાઈઝર અને નેપ્થા
- ★ કોફી રૉસ્ટિંગ, બ્રેવિંગ કે વેન્ડિંગ મશીન્સ
- ★ કેસ્ટર ઑઈલ કેક

## સાત હાઈ-સ્પીડ રેલ કૉરિડૉરની જાહેરાત

- ▸ મુંબઈથી પુણે
- ▸ પુણેથી હૈદરાબાદ
- ▸ હૈદરાબાદથી બૅંગલૂરુ
- ▸ હૈદરાબાદથી ચેન્નઇ
- ▸ ચેન્નઇથી બૅંગલૂરુ
- ▸ બૅંગલૂરુથી વારાણસી
- ▸ વારાણસીથી સિલિગુડી.

નવી દિલ્હીઃ કેન્દ્રના ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સાત હાઇ-સ્પીડ રેલ કૉરિડૉરની જાહેરાત કરાઇ હતી. તેનો લાભ મુંબઈ અને પુણેને મળશે તેમ જ દક્ષિણના ત્રણ શહેર વચ્ચે રેલવેનો ત્રિકોણ રચાશે. આ ઉપરાંત, સુરત - ડાનકૂનિ ફ્રૅટ કૉરિડૉરથી ગુજરાત અને પશ્ચિમ બંગાળના શહેર વચ્ચે માલસામાનની ઝડપી હેરફેર થઇ શકશે.

દેશના વિવિધ શહેરને હાઇ-સ્પીડ રેલવેથી જોડવા માટે મુંબઈથી પુણે, પુણેથી હૈદરાબાદ, હૈદરાબાદથી બૅંગલૂરુ, હૈદરાબાદથી ચેન્નઇ, ચેન્નઇથી બૅંગલૂરુ, બૅંગલૂરુથી વારાણસી અને વારાણસીથી સિલિગુડીના કૉરિડૉર તૈયાર કરવાની જાહેરાત કરાઇ હતી. ડાનકૂનિ - સુરત

(જુઓ પાનું ૨) ▸▸

## કેન્સરની ૧૭ દવાઓ થઈ સસ્તી

નવી દિલ્હીઃ રવિવારે સંસદમાં રજૂ કરાયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. આનાથી ૧૭ કેન્સરની દવાઓના ભાવમાં ઘટાડો થશે. બજેટમાં ૧૭ કેન્સર દવાઓ પરની કસ્ટમ ડ્યૂટી માફ કરવામાં આવી હતી. તે સિવાય બેગિંગ નિયમો હળવા કરવા અને વ્યક્તિગત ઉપયોગ માટે આયાત કરાયેલા માલસામાન પર ડ્યૂટી ઘટાડીને ૧૦ ટકા કરીને કસ્ટમની વ્યવસ્થાને સરળ બનાવવામાં આવી છે.

## વ્યક્તિગત ઉપયોગ માટે વિદેશથી સામાન મગાવવો થયો સસ્તો

નાણામંત્રી નિર્મલા સીતારમણે રવિવારે ટ્રસ્ટ બેઝ્ડ કસ્ટમ વ્યવસ્થાની શરૂઆત કરી હતી જેમાં કાર્ગો ક્લિયરન્સ માટે સિંગલ વિન્ડો સિસ્ટમ સિસ્ટમ હશે, વિશ્વસનીય લાંબા સમયથી સપ્લાય ચેઇન ધરાવતા રેગ્યુલર ઈમ્પોર્ટર્સ માટે ઓછું વેરિફિકેશન, ઓથોરાઈઝ્ડ ઈકોનોમિક ઓપરેટર્સ (એઈઓ) માટે સરળ ડ્યુટી પેમેન્ટ નિયમ અને બંદરો પર સ્કેનિંગમાં એઆઈનો ઉપયોગ કરાશે. સીતારમણે એવી પણ જાહેરાત કરી કે પ્રામાણિક કરદાતાઓ દંડના બદલે વધારાની રકમ

(જુઓ પાનું ૨) ▸▸

મહિનાના પહેલા દિવસે જ મોટો ઝટકો

## કમર્શિયલ ગેસમાં ૫૦ રૂપિયાનો વધારો

નવી દિલ્હીઃ બજેટના દિવસે આમઆદમીને ઝટકો લાગ્યો હતો અને કમર્શિયલ લિક્વિફાઇડ પેટ્રોલિયમ ગેસ (એલપીજી) સિલિન્ડરના ભાવ વધારવામાં આવ્યા છે.

૧૯ કિલોગ્રામ વજનના કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ₹૫૦ નો વધારો કારવામાં આવ્યો છે, જ્યારે ડોમેસ્ટિક એલપીજી સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

અહેવાલ મુજબ દિલ્હીમાં ગ્રાહકોને ૧૯ કિલોગ્રામ કમર્શિયલ એલપીજી સિલિન્ડર માટે આજથી ૧૬૯૧.૫૦ રૂપિયાને બદલે ૧૭૪૦.૫૦ રૂપિયા ચુકવવા પડશે. મુંબઈમાં કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવ ૧૬૪૨.૫૦ રૂપિયાથી વધીને ૧૬૯૨ રૂપિયા થયા છે.

એલપીજી સિલિન્ડરના ભાવ કોલકાતામાં ૧૭૯૫ રૂપિયાથી વધીને ૧૮૪૪.૫૦ રૂપિયા અને ચેન્નઈમાં ૧૮૪૯.૫૦ રૂપિયાથી વધીને ૧૮૯૯.૫૦ રૂપિયા થયા છે.

ગત મહીને જાન્યુઆરીમાં ૧૯ કિલોગ્રામ કમર્શિયલ એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૧૧ રૂપિયાનો મોટો વધારો કરવામાં આવ્યો હતો. પરંતુ છેલ્લા એક કેલેન્ડર વર્ષ દરમિયાન કમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો હતો. ગયા વર્ષે માર્ચ મહિનામાં દિલ્હીમાં કમર્શિયલ એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૮૦૩ રૂપિયાહતો જે, જે આજે ૧૭૪૦.૫૦ રૂપિયારહી ગયો છે.

ઇન્ડિયન ઓઇલની વેબસાઈટ મુજબ ૧૪.૨ કિલોગ્રામનું ડોમેસ્ટિક એલપીજી સિલિન્ડર દિલ્હીમાં ૮૫૩ રૂપિયા, મુંબઈમાં ૮૫૨.૫૦ રૂપિયામાં મળી રહ્યું છે, જ્યારે કોલકાતામાં ૮૭૯ રૂપિયા અને ચેન્નઈમાં ૮૬૮ રૂપિયામાં મળી રહ્યું છે.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બજેટ રજૂ કરવાનો હવે અર્થ છે ખરો?

**નાણાં મંત્રી** નિર્મલા સીતારમણનું બજેટ રજૂ થઈ ગયું અને એક ઔપચારિકતા પૂરી થઈ ગઈ. બજેટ રજૂ થાય પછી શાસક પક્ષ તેને વખાણતો હોય છે ને વિપક્ષો તેને વખોડતો હોય છે. મીડિયા પણ બજેટમાંથી નવી નવી વાતો શોધીને રજૂ કરવાની મથામણ કરતું હોય છે ને સામાન્ય માણસ મૂંઝાયેલો મૂંઝાયેલો આખો ખેલ જોયા કરે છે કેમ કે શાસક પક્ષ, વિપક્ષો અને મીડિયા ત્રણેય પોતપોતાનાં હિતોને આધારે મૂલ્યાંકન કરીને અભિપ્રાયોની ફેંકાફેંક કરે છે. અત્યારે વખાણવા-વખોડવાની પ્રક્રિયા, મીડિયાની મથામણ ને ફેંકાફેંક ચાલુ છે પણ બજેટમાં કશું છે જ નહીં તેથી આ મથામણ પાણી વલોવીને માખણ કાઢવાની છે. તેમાં નિર્મલાનો પણ વાંક નથી કેમ કે હવે બજેટમાં કશું કરવા જેવું રહ્યું જ નથી. નિર્મલા ગયા વરસે બજેટમાં મધ્યમ વર્ગ પર મન મૂકીને વરસેલાં જ તેથી આ વરસે કોઈ આશા જ નહોતી.

અત્યારે બજેટમાં મુખ્ય બાબત ડાયરેક્ટ ટેક્સ એટલે કે સીધા કરવેરા છે ને તેમાં પણ સૌથી મહત્ત્વના આવકવેરાના દરો છે. આ દેશમાં બહુમતી વર્ગ મધ્યમ વર્ગ છે અને મધ્યમ વર્ગને પોતાની કમાણીમાંથી સરકાર ઈન્કમ ટેક્સ પેટે શું લઈ જશે તેની ચિંતા હોય જ તેથી બજેટમાં તેને સૌથી વધારે રસ ઈન્કમટેક્સના સ્લેબમાં હોય છે. નિર્મલાએ ગયા વરસે નોકરીયાત મધ્યમ વર્ગની ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને આવકવેરામાંથી મુક્તિ આપી દીધી પછી પાંચ વર્ષ લગી મધ્યમ વર્ગ કશું માગે જ નહીં એવું કરી નાંખ્યું છે. નિર્મલા સીતારમણને ત્રણ વર્ષ પહેલાં ન્યુ ઈન્કમટેક્સ રીજિમ જાહેર કર્યા તેમાં ૭.૨૦ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહોતો લાગતો. ગયા વરસે એ મર્યાદા વધારીને સીધી ૧૨ લાખ રૂપિયા કરી દેવાઈ. લટકામાં સ્ટાન્ડર્ડ ડીડક્શનની ૭૫ હજારની છૂટ પણ ચાલુ રખાઈ.

સ્ટાન્ડર્ડ ડીડક્શનના ૭૫ હજાર રૂપિયા ઉમેરતાં હવે ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગતો નથી. સાદું ગણિત સમજીએ તો મહિનાની એક લાખ છ હજાર રૂપિયા સુધીની આવક હોય તો એક પૈસો પણ ઈન્કમટેક્સ પેટે નહીં ચૂકવવો પડતો નથી. ભારતમાં મોટા ભાગનો મધ્યમ વર્ગ એક લાખથી ઓછો પગાર મેળવીને આ ટેક્સ બ્રેકેટમાં આવી જાય છે તેથી બહુમતી નોકરીયાત મધ્યમ વર્ગ પરનો ઈન્કમટેક્સ મોદી સરકારે નાબૂદ જ કરી દીધો છે એમ કહેવાય. હવે વરસ પહેલાં જ આટલી મોટી રાહત આપી હોય પછી નિર્મલા આ વરસે ઈન્કમટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરે કે બીજી કોઈ મોટી જાહેરાત કરે એવી આશા કઈ રીતે રાખી શકો ? ના જ રાખી શકો તેથી મીડિયા ભલે લોકોને લલચાવવા માટે ઈન્કમટેક્સમાં રાહતોની વાતો ચલાવ્ય કરતું હોય પણ નિર્મલા કોઈ રાહત આપે એવી શક્યતા જ નહોતી.

નિર્મલાએ નવા ઈન્કમટેક્સ એક્ટનો એક એપ્રિલથી અમલ અને ટીસીએસ અંગેના નિયમોમાં ફેરફારની જાહેરાત કરીને સરકાર લોકોને રાહત આપવા માગે છે એવો દેખાવ ઊભો કરવા પ્રયત્ન કર્યો પણ તેનાથી લોકોને બહુ મોટી રાહત નથી. કરચોરોને સજાના બદલે દંડ લઈને છોડી દેવાની જાહેરાત ભાજપ સરકારની ભ્રષ્ટાચારીઓને નહીં છોડાય એવા દાવાને હાસ્યાસ્પદ ઠેરવનારી છે પણ કોઈએ તેની નોંધ જ નથી લીધી.

શૅરબજાર સહિતની સિક્યુરિટીઝના ટ્રાન્ઝેક્શન પર લાગતો સિક્યુરિટીઝ ટ્રાન્ઝેક્સન ટેક્સ (એસટીટી) વધાર્યો તેમાં શૅરબજારમાં કડાકો બોલી ગયો પણ તેની બહુ ચિંતા કરવા જેવી નથી. એસટીટી વધ્યો તેની અસર મર્યાદિત સમય માટે રહેશે કેમ કે શૅરબજાર કોઈ એક પરિબળ પર આધાર રાખતું નથી. કાલે હકારાત્મક કશુંક બનશે એટલે શૅરબજાર પાછું ધૂમ મચાવવા માંડશે.

નિર્મલાની બીજી જાહેરાતો પણ એવી દમદાર નથી તેથી તેની ચર્ચા કરવાનો મતલબ નથી પણ એક વાત અંગે વિચાર કરવા જેવો છે. આપણે ત્યાં બજેટની પરંપરા અંગ્રેજોની દેન છે. આઝાદી પછી પણ આપણે એ પરંપરા જાળવી કેમ કે આપણી પાસે એ વખતે પોતાની કહેવાય કોઈ સિસ્ટન નહોતી ને નવી સિસ્ટમ ગોઠવવા માટે જરૂરી સંસાધનો કે મેન પાવર નહોતાં. હવે આપણી સ્થિતિ પણ બદલાઈ છે અને દુનિયાનાં સમીકરણો પણ બદલાયાં છે ત્યારે બજેટને અભરાઈ પર ચડાવી દેવાનો સમય આવી ગયો છે એવું નથી લાગતું ?

પરંપરાવાદીઓને આ વાત સાંભળીને આંચકો લાગશે પણ છેલ્લાં કેટલાંક વરસોનાં બજેટ જોશો તો સમજાશે કે બજેટ હવે આઉટડેટેડ વિચાર બની ગયો છે. ઈન્કમટેક્સ સિવાયની બીજી કોઈ બાબત સામાન્ય લોકોને સ્પર્શતી નથી ને લોકોને રસ પણ પડતો નથી એ જોતાં ખાલી ઈન્કમટેક્સ માટે થઈને બજેટની બધી તામઝામન કરવાની જરૂર જ નથી. પહેલાં બજેટ વિશે ભારે ઉત્સુકતા રહેતી કેમ કે કેન્દ્ર સરકાર દ્વારા નવી યોજનાઓ કે કરવેરાને લગતી મોટી જાહેરાતો બજેટમાં જ કરાતી.

હવે ચીજવસ્તુઓ અને સેવાઓ માટે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) આવી ગયો છે ને કઈ ચીજ કે સેવા પર કેટલો જીએસટી લગાવવો તેનો નિર્ણય એકલી કેન્દ્ર સરકાર નથી લેતી પણ રાજ્ય સરકારોના નાણાં મંત્રી અને કેન્દ્રીય નાણાં મંત્રીની બનેલી જીએસટી કાઉન્સિલ લે છે. આ જીએસટી કાઉન્સિલની વરસમાં ચાર વાર બેઠકો મળે છે. આ બેઠકોમાં જીએસટીમાં ફેરફારના નિર્ણયો લેવાઈ જાય છે તેથી બજેટમાંથી ચીજવસ્તુઓ અને સેવાઓ પરના ટેક્સનો આંકડો જ નિકળી ગયો છે.

કસ્ટમ્સ અને એક્સાઈઝ અંગેના નિર્ણયો પણ વૈશ્વિક સ્થિતિના આધારે લેવાય છે. હવે આયાત થતી ચીજો પરના રેટ પણ એકસરખા નથી હોતા પણ દેશ પ્રમાણે બદલાય છે. કોઈ દેશ સાથે સંબંધો સારા હોય ત્યારે એ દેશમાંથી થતી આયાત ચીજ પરથી ડ્યૂટી નાબૂદ થઈ જાય કે ઘટી જાય ને બીજા દેશમાંથી આવતી એ જ ચીજ પર ઊંચો ટેક્સ હોય એવું બને છે. આપણે યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ કર્યો તેમાં યુરોપિયન યુનિયનના દેશોની વાઈન કે કાર પર ઓછો ટેક્સ લઈશું ને યુરોપમાં જ આવેલા યુકેથી આવતી કાર કે વાઈન પર વધારે ટેક્સ લઈશું. કસ્ટમ્સના રેટ તો આપણાં ઉત્પાદનોનાં હિતો જાળવવા માટે પણ વરસમાં ઘણી વાર બદલવા પડે છે એ જોતાં બજેટમાંથી તેનો પણ આંકડો નિકળી ગયો છે.

પહેલાં બજેટમાં જ નવી યોજનાઓ જાહેર થતી પણ હવે એવું નથી. હવે વરસમાં ગમે ત્યારે થાય જ છે તેથી બજેટ એ રીતે પણ મહત્ત્વનું નથી રહ્યું. બજેટમાં અલગ અલગ યોજનાઓ અને મંત્રાલયો માટેની ફાળવણીની વિગતો હોય છે પણ તેની જાહેરાતો નવા નાણાકીય વરસ પહેલાં ગમે ત્યારે કરી શકાય એ જોતાં બજેટ હવે અપ્રસ્તુત બની ગયું હોય એવું લાગે છે. તેને બંધ કરી દેવાય તો પણ બહુ ફરક નહીં પડે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, સોમવાર, તા. ૨-૨-૨૦૨૬, ઈષ્ટિ, ગુરુ પ્રતિપદા

- ભારતીય દિનાંક ૧૩, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૧
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૧
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૨-૪૭ સુધી, પછી મઘા
- ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૨-૪૭ સુધી, પછી સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ), સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૦, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૧૨, મધ્યરાત્રિ પછી ક. ૦૦-૫૪ (તા. ૩)
- ઓટઃ સાંજે ક. ૧૮-૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૭-૧૩ (તા. ૩)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ- પ્રતિપદા. ઈષ્ટિ, ગુરુ પ્રતિપદા, ગાણગાપુરયાત્રા.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ આશ્લેષા જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ચંદ્ર-બુધ ગ્રહદેવતાનું પૂજન, સર્પપૂજા, ચંપો વાવવો, ઔષધ ઉપચાર, માલ વેંચવો, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ઘરે લાવવું, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃચંદ્ર- શુક્ર પ્રતિયુતિ બદનામીનો ભય રહે, ચંદ્ર-બુધ પ્રતિયુતિ રાજકારણમાં સંભાળવું, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અણધાર્યા ફેરફારો લાવે. ખગોળ જ્યોતિષઃ ચંદ્ર- શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ (તા. ૩)
- ગ્રહગોચરઃ સૂર્ય-મકર, મંગળ-મકર, માર્ગી બુધ-મકર (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## પહેલા પાનાનું ચાલુ

### વિશ્વગુરુ

તૈયાર કરતું ગણાવ્યું હતું. બજેટમાંની વિવિધ જોગવાઇને લીધે કૅન્સર અને અન્ય કેટલીક બીમારીઓની દવા, માઇક્રોવેવ ઑવનના ભાગો, વિમાનના એન્જિન અને ભાગો, સૉલર ગ્લાસ ઇનગ્રેડિયન્ટ્સ, અણુઊર્જા માટેની સાધનસામગ્રી, દુર્લભ ખનિજોના ખનન માટેની મશીનરી સહિતના કૅપિટલ ગુડ્સ સસ્તાં થશે, જ્યારે આયાતી છત્રી, પોટેશિયમ હાઇડ્રોક્સાઇડ, એટીએમ મશીન, આયાતી પ્રાણીઓ-પક્ષીઓ, એમોનિયમ ફોસ્ફેટ અને નાઇટ્રો-ફોસ્ફેટના ખાતર તેમ જ નેફ્થા, કૉફી રૉસ્ટિંગ, બ્રુઇંગ કે વૅન્ડિંગ મશીન અને એરંડાનો ખોળ જેવી ચીજો મોંઘી થશે.

પશ્ચિમ બંગાળ અને તમિળનાડુ સહિત પાંચ રાજ્યમાં ટૂંક સમયમાં યોજાનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ત્યાંના મતદારોને લાભ કરાવતી કેટલીક ખાસ જોગવાઇ બજેટમાં કરાઇ છે.

આમ છતાં, ફ્યુચર્સ અને ઑપશન્સ પરનો સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટૅક્સ (એસટીટી) વધારીને અનુક્રમે ૦.૦૫ ટકા અને ૦.૧૫ ટકા કરાયો હોવાથી શૅરબજાર કડડડભૂસ થયું હતું.

કૅન્સરની ૧૭ દવા પરની કસ્ટમ્સ ડ્યૂટી કાઢી નખાઇ હોવાથી તે સસ્તી થશે. આ ઉપરાંત, અંગત વપરાશ માટેના ઘણાં માલસામાન પરની ડ્યૂટીમાં ઘટાડો કરાયો હોવાથી તેના ભાવ પણ ઘટશે.

બજેટમાં આવકવેરાના દર યથાવત્ રખાયો છે. મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યૂનલે જે વ્યાજની રકમ ચૂકવવા આદેશ આપ્યો હોય, તેના પર કરવેરો નહિ લાગે.

પ્રિઝમ્પટિવ બેસિસથી (ધારણા મુજબ) કરવેરો ભરનારા બધા બિનરહીશોને મિનિમમ ઑલ્ટરનેટ ટૅક્સમાંથી મુક્તિ અપાઇ છે.

આ ઉપરાંત, દારૂ (લિકર), સ્ક્રેપ (ભંગાર) અને ખનિજો વેચનારાઓના ટીસીએસનો દર બે ટકા કરાયો છે, જ્યારે તેંદુના પાન પરનો વેરો પાંચ ટકાથી ઘટાડીને બે ટકા કરાયો છે.

બેટરી માટેના લિથિયમ-આયન સેલના ઉત્પાદન માટેની મશીનરી સહિતના કૅપિટલ ગુડ્સને કસ્ટમ્સ ડ્યૂટીમાંથી મુક્તિ અપાઇ છે. આવી છૂટ અણુઊર્જા પ્રૉજેક્ટ્સ માટે પણ અપાઇ છે.

કૅન્સર ઉપરાંત સાત જેટલી બીમારીની અંગત વપરાશ માટેની દવાની આયાત પરની ડ્યૂટી પણ કાઢી નખાઇ છે.

બિનરહીશ ભારતીયો, ટૅક ક્ષેત્રના યુવાન વ્યાવસાયિકો વગેરે માટે વિદેશમાંની અસ્કયામત જાહેર કરવાની યોજના પણ જાહેર કરાઇ છે.

વિદેશ પ્રવાસ, વિદેશમાંના ભણતર કે વિદેશમાંની તબીબી સારવારમાં રાહત આપવા વિદેશ પ્રવાસના પૅકેજ પરનો ટીસીએસ ઘટાડીને બે ટકા કરાયો છે, જ્યારે લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ (એલઆરએસ) હેઠળ વિદેશમાંના શિક્ષણ અને તબીબી ખર્ચ પરનો ટીસીએસ ઘટાડીને બે ટકા કરવાની જોગવાઇ અંદાજપત્રમાં છે.

સરકારે બજેટમાં સાત ક્ષેત્ર - ફાર્માસ્યૂટિકલ્સ, સૅમિકન્ડક્ટર્સ, દુર્લભ અર્થ મેગ્નેટ એટલે કે દુર્લભ ખનિજના મિશ્રણ, રસાયણો, કૅપિટલ ગુડ્સ (મશીનરી, સાધનસામગ્રી વગેરે), કાપડ અને સ્પૉર્ટ્સના સામાનને પ્રાથમિકતા અપાઇ છે. તેને લીધે રોજગારીની તકમાં વધારો થવાની આશા રખાય છે.

દેશમાં ૨૦૨૫ના નવા આવકવેરા ધારાનો પહેલી એપ્રિલથી અમલ થશે. તેના નિયમ અને ફૉર્મ્સ અંગે ટૂંક સમયમાં જાહેરાત કરાશે. આ ઉપરાંત, ઑડિટ કરવાની જરૂર ન હોય એવા બિઝનેસના આઇટીઆર ફાઇલિંગની તારીખ એક મહિનો લંબાવીને ૩૧ ઑગસ્ટ સુધીની કરાઇ છે.

પર્યટનને પ્રોત્સાહન આપવા હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ તેમ જ જમ્મુ અને કાશ્મીરના પર્વત પરના રસ્તા વધુ સારા બનાવાશે. આ ઉપરાંત, ૧૫ આર્કિઑલૉજિકલ સાઇટ્સને વિકસાવાશે.

ગૂગલ, માઇક્રોસોફ્ટ, એમેઝોન જેવી વિદેશી કંપનીઓને ભારતમાં રોકાણ કરવા માટે આકર્ષવા ભારતમાંના ડૅટા સૅન્ટર ખાતેથી વૈશ્વિક સેવા પૂરી પાડતી વિદેશી કંપનીને ૨૦૪૭ સુધી ટૅક્સ હૉલિડેની જોગવાઇ બજેટમાં કરાઇ છે.

આયાત-નિકાસ ઝડપી બનાવવા માટે કસ્ટમ્સમાં ક્લિઅરન્સ જલદી કરાવવા 'વિશ્વાસ-આધારિત' સિસ્ટમ્સ અપનાવાશે અને ઍડવાન્સ રુલિંગનો વૅલિડિટી પિરિયડ લંબાવીને પાંચ વર્ષ કરાયો છે.

સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે આગામી પાંચ વર્ષ દરમિયાન રૂપિયા ૨૦,૦૦૦ કરોડના મૂડીરોકાણની જોગવાઇ બજેટમાં કરાઇ છે.

નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના વિકાસ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડ ફાળવવાની દરખાસ્ત અંદાજપત્રમાં કરાઇ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને 'વિકાસની તક અને સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટેનો ધોરીમાર્ગ' ગણાવ્યું હતું અને તેને લીધે દેશ જલદી ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતું રાષ્ટ્ર બનવાની આશા વ્યક્ત કરી હતી.

બાયોફાર્મા મેન્યુફેક્ચરિંગ હબ માટે રૂપિયા ૧૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરાશે, સૅમિકન્ડક્ટર્સના ઉત્પાદનને નવું જોમ પૂરું પડાશે, ઇલેક્ટ્રોનિક્સ સાધનોના ઉત્પાદન માટે રૂપિયા ૪૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ થશે.

ખનિજોથી સમૃદ્ધ રાજ્યોમાં દુર્લભ ખનિજોના ખનન પર વધુ ધ્યાન કેન્દ્રિત કરાશે અને ત્રણ કૅમિકલ પાર્ક ઊભા કરાશે.

નાણાકીય ખાધ ૨૦૨૭ના નાણાકીય વર્ષની જીડીપીના ૪.૩ ટકા રહેવાની આશા છે. તે ૨૦૨૬ના નાણાકીય વર્ષના ૪.૪ ટકાથી ઓછી છે. ચાલુ નાણાકીય વર્ષમાં ડૅટ-ટૂ-જીડીપી ૫૬.૧ ટકાથી ઘટાડીને ૫૫.૬ ટકા કરાયો છે.

સરકારનો મૂડી ખર્ચ ૨૦૨૬ના નાણાકીય વર્ષમાં રૂપિયા ૧૧.૧૧ લાખ કરોડથી વધારીને રૂપિયા ૧૨.૨ લાખ કરોડ કરાયો છે. રાજ્યોને કરવેરામાંના હિસ્સા તરીકે રૂપિયા ૧.૪ લાખ કરોડ અપાશે. કરવેરાની ચોખ્ખી આવક રૂપિયા ૨૮.૭ લાખ કરોડ રહેવાનો અંદાજ છે, જ્યારે બજારમાંથી લેવાનારું કુલ ધિરાણ રૂપિયા ૧૭.૨ લાખ કરોડ રહેવાની આશા.

નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે 'રિફૉર્મ એક્સપ્રેસ'ને પાટે ચઢાવીને ઝડપી બનાવવા માટે ૩૫૦થી વધારે સુધારા કરાઇ રહ્યા છે. અંદાજપત્રમાં ત્રણ કર્તવ્ય - વિકાસ ઝડપી બનાવવો, આશા પૂરી કરવી તેમ જ સબકા સાથ, સબકા વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

સર્વિસીસ સૅક્ટરનો ફાળો ૨૦૪૭ સુધીમાં વધારીને ૧૦ ટકા કરવા ઉચ્ચ-સ્તરની સમિતિ રચાશે.

રેલવે દ્વારા દેશના વિવિધ શહેરોની જોડતી જોગવાઇ કરાઇ છે. સુરત - ડાનકૂનિ ફ્રૅટ કૉરિડૉરથી ગુજરાત અને પશ્ચિમ બંગાળના શહેર વચ્ચે માલસામાનની ઝડપી હેરફેર થઇ શકશે.

દેશના વિવિધ શહેરને હાઇ-સ્પીડ રેલવેથી જોડવા માટે મુંબઈથી પુણે, પુણેથી હૈદરાબાદ, હૈદરાબાદથી બેંગલૂરુ, હૈદરાબાદથી ચેન્નઇ, ચેન્નઇથી બેંગલૂરુ, બેંગલૂરુથી વારાણસી અને વારાણસીથી સિલિગુડીના કૉરિડૉર તૈયાર કરવાની જાહેરાત કરાઇ છે. (એજન્સી)

### ભારતીયોની

સ્તરે ભારતની ભૂમિકાને વધુ મજબૂત અને નિર્ણાયક બનાવશે.

માત્ર વિશ્વના સૌથી ઝડપથી વિકસી રહેલા અર્થતંત્ર તરીકેની ઓળખથી ભારતના ૧૪૦ કરોડ નાગરિકો સંતુષ્ટ નથી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ભારતે ખૂબ ઝડપથી વિશ્વના ત્રીજા ક્રમાંકના સૌથી મોટા અર્થતંત્ર બનવાનું છે અને કરોડો ભારતવાસીઓનો આ સંકલ્પ છે. આ બજેટ વિશ્વાસ આધારિત વહીવટ તેમ જ માનવ કેન્દ્રિત આર્થિક માળખાને મૂર્ત સ્વરૂપ અને પ્રોત્સાહન આપે છે. આ બજેટ વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના આપણા પ્રવાસનો પાયો હશે તેમ જ ભારતના વિકાસને નવી ઊર્જા અને નવો વેગ આપશે, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે માત્ર વિશ્વના સૌથી ઝડપથી વિકસી રહેલા અર્થતંત્ર તરીકેની ઓળખથી ભારત સંતુષ્ટ નથી. આ બજેટ ભારતના તેજસ્વી ભાવિના પાયાને વધુ મજબૂત બનાવશે. આ બજેટ સુધારાના પ્રયાસને વધુ મજબૂત બનાવશે અને વિકસિત ભારતનો સ્પષ્ટ નકશો તૈયાર કરશે, એમ તેમણે કહ્યું હતું.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે લોકસભામાં રજૂ કરેલા બજેટને તેમણે 'તકનો હાઈવે' લેખાવ્યો હતો.

મોદીએ કહ્યું હતું કે બજેટ દેશની મહિલાશક્તિની સશક્ત હાજરીનું પ્રતિબિંબ પાડે છે. આ વર્ષનું બજેટ 'મૅક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત'ના પ્રયાસોને નવી ગતિ આપશે.

તેમણે કહ્યું હતું કે તાજેતરમાં કરવામાં આવેલા વેપારી કરારનો આશય એમએસએમઈ મારફતે દેશના યુવાનોને સૌથી વધુ લાભ આપવાનો છે.

ગામડાઓ અને ગરીબોનાં કલ્યાણને સમર્પિત સંવેદનશીલ અને ભાવિ બજેટ રજૂ કરવા બદલ મોદીએ નાણાં પ્રધાનને અભિનંદન આપ્યાં હતાં.

આ બજેટ વર્તમાન અને ભાવિ જરૂરિયાતોનો ઉકેલ લાવનારું હોવાનું તેમણે કહ્યું હતું.

સતત નવમી વખત બજેટ રજૂ કરીને સીતારમણે વિક્રમ સર્જ્યો હોવાનું તેમણે કહ્યું હતું.

કોઈપણ દેશની સૌથી મોટી મૂડી દેશનું યુવાધન હોય છે અને તાજેતરનાં વરસોમાં સરકારે દેશના યુવાનોની ક્ષમતા વધારવા પાછળ અસાધારણ રોકાણ કર્યું છે, એમ તેમણે કહ્યું હતું.

યુવાશક્તિ માટેનું આ બજેટ છે એમ જણાવી મોદીએ ભારપૂર્વક કહ્યું હતું કે બજેટમાં કરવામાં આવેલી જોગવાઈ વિવિધ ક્ષેત્રમાં લીડરો, સંશોધકો અને રચનાત્મકતા પેદા કરશે.

ભારતને વિશ્વનું ડૅટા સેન્ટર હબ બનાવવા ટેક્સમાં મોટી રાહતની જાહેરાત કરવામાં આવી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આ બજેટ રોજગારના નિર્માણને વેગ આપશે.

બજેટમાં ખાસ કરીને ઈશાન ભારતમાં ટૂરિઝમને વેગ આપવા અને વિવિધ રાજ્યોના સશક્તિકરણ માટે લેવામાં આવેલાં નક્કર પગલાં અંગે તેમણે આનંદ વ્યક્ત કર્યો હતો.

પ્રત્યેક જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલનું નિર્માણ કરવાની ઝુંબેશને કારણે વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ મેળવવું વધુ સરળ બનશે.

બજેટમાં સરકારે કૃષી, ડેરી અને મત્સ્ય ઉદ્યોગને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે 'ભારત વિસ્તાર' એઆઈ ટૂલ ખેડૂતોને તેમની પોતાની ભાષામાં માહિતી પૂરી પાડી મદદરૂપ થશે. (એજન્સી)

### સેન્સેક્સ

છે. નાણાં પ્રધાને ફ્યુચર્સ પરનો સિક્યુરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ હાલના ૦.૦૨ ટકાથી વધારીને ૦.૦૫ ટકા જાહેર કર્યો છે. જ્યારે ઓપ્શન્સ પ્રીમિયમ અને તે ઓપ્શનના અમલ પરનો એસટીટી હાલના અનુક્રમે ૦.૧ ટકા અને ૦.૧૨૫ ટકા સામે વધારીને અનુક્રમે ૦.૧૫ ટકા જાહેર કર્યો છે. આ પગલાંથી ખાસ કરીને બજારના સહભાગીઓને ખૂબ નિરાશા થઇ છે.

આ જ કારણે બજેટની રજૂઆત બાદ સેન્સેક્સ જોરદાર કડાકા સાથે એક તબક્કે ૨૩૭૦ પોઈન્ટ ઘટીને ૮૦,૦૦૦ની સપાટી તોડ્યા બાદ અંતે ૧,૫૪૬.૮૪ પોઈન્ટના ઘટાડા સાથે ૮૦,૭૨૨.૯૪ની સપાટી પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૪૯૫.૨૦ પોઈન્ટ અથવા ૧.૯૬ ટકા ઘટીને ૨૪,૮૨૫.૪૫ પર સ્થિર થયો હતો.

બજારના સાધનો અનુસાર એસટીટીમાં થયેલા વધારાને કારણે સેન્ટિમેન્ટ ખોરવાઇ ગયું હતું, કારણ કે, આ પગલું બજારના સહભાગીઓના એકંદર ટ્રાન્ઝેક્શન ખર્ચમાં વધારો કરે છે. ફ્યુચર્સ એ માર્જિનથી અંકુશિત, જોખમ-વ્યવસ્થાપિત પ્રોડક્ટ છે અને સામાન્ય રીતે રિટેલ ઇન્વેસ્ટર્સના પ્રવેશનો પ્રાથમિક સ્ત્રોત નથી, એવી દલીલ કરતા માર્કેટ એનાલિસ્ટે એવો સવાલ કર્યો હતો કે શું એસટીટીનો વધારો ઇચ્છિત પરિણામ આપશે કે તેના બદલે તરલતા, સહભાગીતા અને ભારતના બજાર મૂલ્યની સ્પર્ધાત્મકતાનો ભોગ લેશે?

એક ટોચના સ્ટોક બ્રોકરે જણાવ્યું હતું કે એસટીટીમાં વધારો, ખાસ કરીને ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં, નજીકના ગાળામાં વિદેશી પોર્ટફોલિયો ઇન્વેસ્ટર્સના પ્રવાહ માટે, ખાસ કરીને હાઇ-ફ્રિકવન્સી અને ડેરિવેટિવ-ફોકસ્ડ ગ્લોબલ ફંડ્સ માટે સહેજ નકારાત્મક અસર કરે તેવી શક્યતા છે.જોકે બજારનો એક વર્ગ એવું પણ માને છે કે એફએન્ડઓ સેગમેન્ટમાં એસટીટીમાં જાહેર કરવામાં આવેલો સૂચિત વધારો કેપિટલ માર્કેટ એન્ટિટી માટે ટૂંકા ગાળા માટે મંદી લાવી શકે છે, પરંતુ લાંબા ગાળે તેની સારી અસર જોવા મળી શકે છે.બજેટમાં અર્થતંત્ર માટે કેટલાંક વિકાસલક્ષી પગલાં હોવા છતાં, બજારને માટે પ્રોત્સાહક પગલાંના અભાવ વચ્ચે એસટીટીના વધારા જેવો નકારાત્મક આંચકો મળ્યો હોવાને કારણે ખરડાઇ ગયેલા માનસ વચ્ચે શેરબજાર ઢબી પડ્યું હતું.

#### સટ્ટાબાજીને રોકવા એસટીટીમાં વધારો

નવી દિલ્હીઃ બજેટ પછીની પત્રકાર પરિષદને સંબોધતા સીતારમણે કહ્યું હતું કે સરકાર ડેરિવેટિવ ટ્રેડની વિરુદ્ધ નથી પરંતુ ઈચ્છે છે કે નાના રોકાણકારો, જેઓ મોટા નુકસાનનો સામનો કરી રહ્યા છે, તેઓ સટ્ટાકીય એફએન્ડઓ બજારથી દૂર રહે. તેમણે કહ્યું હતું કે આ નજીવો વધારો ફક્ત સટ્ટાબાજીને રોકશે અને સાથે સાથે તે સટ્ટાબાજી કરતા રોકાણકારોને રોકશે. અમે એફએન્ડઓની વિરુદ્ધ નથી. પરંતુ નાના રોકાણકારો નુકસાનનો સામનો કરી રહ્યા છે, તો અમે ચૂપ કેવી રીતે રહી શકીએ એટલા માટે આ વધારો આવા રોકાણકારો માટે છે. એસટીટીમાં વધારો મુખ્યત્વે રોકડ ઇક્વિટી બજારને બદલે હાઈ-વોલ્યુમ ડેરિવેટિવ ટ્રેડિંગને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે, અને એક્ટિવ અને શોર્ટ ટર્મ ટ્રેડિંગ રણનીતિઓ માટે ટ્રાન્જેક્શન ખર્ચમાં વધારો થવાની અપેક્ષા છે.

### ડિફેન્સ બજેટમાં

દરખાસ્તનો સમાવેશ થાય છે. હાલના નાણાકીય બજેટમાં મૂડીગત ફાળવણી ૧.૮૦ લાખ કરોડ રૂપિયા હતી, પરંતુ એમાં ૩૯,૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો મૂડીગત ખર્ચ ઉમેરવામાં આવ્યો છે. ૨૦૨૫-૩૬ વર્ષનો સુધારેલી મૂડિગત ફાળવણી ૧,૮૬,૪૫૪ કરોડ રૂપિયા છે. મૂડીગત ખર્ચમાં ૬૩,૭૩૩ કરોડ રૂપિયા વિમાન અને એરો એન્જિન માટે ફાળવવામાં આવ્યા છે, જ્યારે નૌકાદળના કાફલા માટે ૨૫,૦૨૩ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. મહેસૂલી ખર્ચ ૫,૫૩,૮૮૯ કરોડ થાય એવો અંદાજ છે જેમાં પેન્શન માટે ૧,૭૧,૩૩૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સીતારમણે બજેટ પ્રવચનમાં સિવિલીયિન, ટ્રેનિંગ અને બીજાં વિમાનો માટે જોઈતા ભાગો અને ઘટકો પર બેસિક કસ્ટમ્સ ડ્યૂટીમાંથી મુક્તિ આપવામાં આવી છે. (એજન્સી)

### સ્કૂલમાં

ઈકોનોમીને અલગ જ સ્તર પર લઈ જવાનો સંકેત સરકારે આપી દીધો છે.

નોંધનીય છે કે ઈન્ટરનેટ ક્રાંતિ સાથે ક્રિએટર ઈકોનોમી અને એવીજીસી (એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ, ગેમિંગ અને કોમિક્સ) ઇન્ડસ્ટ્રી ઝડપથી વિકસી રહી છે. નિર્મલા સીતારમણના જણાવ્યા મુજબ સરકાર આ ક્ષેત્રને રોજગાર, કૌશલ્ય અને ડિજિટલ ઇનોવેશનું હબ બનવવાનું લક્ષ્ય રાખી રહી છે.

કન્ટેન્ટ ક્રિએટર લેબ્સમાં વિદ્યાર્થીઓને ગેમ ડિઝાઇન, એનિમેશન, વિઝ્યુઅલ ઇફેક્ટ્સ અને ડિજિટલ કન્ટેન્ટ પ્રોડક્શનની આધુનિક ટ્રેનીંગ આપવામાં આવશે. ડિઝાઇન એજ્યુકેશનને પ્રોત્સાહન આપવા માટે નવી નેશનલ ડિઝાઇન સ્કૂલ્સ શરૂ કરવામાં આવશે.

### સાત હાઈસ્પીડ

વચ્ચેના ફ્રેટ કૉરિડૉરને લીધે પૂર્વ ભારત, ખાસ કરીને પશ્ચિમ બંગાળને ખાસ લાભ થવાની શક્યતા છે. તેને લીધે બંદરો, ઔદ્યોગિક વસાહતો અને બજારોની સાથે પશ્ચિમ બંગાળનું જોડાણ વધશે તેમ જ ત્યાંથી માલસામાનની ઝડપથી હેરફેર થઇ શકશે. રેલવે મંત્રાલયે નાણાકીય વર્ષ દરમિયાન મૂડી-ખર્ચ માટે રૂપિયા ૨,૯૩,૦૩૦ કરોડ અને કુલ મૂડીરોકાણ માટે રૂપિયા ૨,૭૮,૦૩૦ કરોડની ફાળવણી કરી હતી. રેલવે માટે આ અત્યાર સુધીની સૌથી વધુ ફાળવણી છે. કેન્દ્રના પ્રધાન અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે રેલવેના આ નવા હાઇ-સ્પીડ કૉરિડૉરથી દક્ષિણ ભારતનાં ત્રણ શહેર - ચેન્નઇ, બેંગલૂરુ અને હૈદરાબાદ વચ્ચે ત્રિકોણ રચાશે. માત્ર માલસામાનની હેરફેર માટે હોય એવા નવા ફ્રેટ કૉરિડૉરની જોગવાઇ પણ બજેટમાં કરાઇ છે.

### કેન્સરની

ચૂકવીને કસ્ટમ વિવાદોનું સમાધાન કરી શકે છે અને બધી કસ્ટમ પ્રક્રિયાઓ માટે બે વર્ષમાં કસ્ટમ્સ ઇન્ટિગ્રેટેડ સિસ્ટમ (સીઆઈએસ) શરૂ કરવાનું વચન આપ્યું હતું. કસ્ટમ્સ વેરહાઉસિંગ ફ્રેમવર્કને સેલ્ફ ડિક્લેરેશન, ઇલેક્ટ્રોનિક ટ્રેકિંગ અને જોખમ-આધારિત ઓડિટ સાથે વેરહાઉસ ઓપરેટર-કેન્દ્રિત સિસ્ટમમાં બદલવામાં આવશે. બજેટમાં મુસાફરોની વાસ્તવિક ચિંતાઓને દૂર કરવા માટે આંતરરાષ્ટ્રીય મુસાફરી દરમિયાન બેગેજ ક્લિયરન્સને નિયંત્રિત કરતી જોગવાઈઓમાં સુધારો કરવાનો પ્રસ્તાવ મુકવામાં આવ્યો છે. બેગેજ નિયમો ૨૦૧૬ હેઠળ ભારતીય અથવા ભારતમાં રહેનારા વિદેશી જે નેપાળ, ભૂતાન અથવા મ્યાનમાર સિવાયના દેશોમાંથી આવી રહ્યા છે તેઓ ૫૦,૦૦૦ રૂપિયાનો ડ્યૂટી ફ્રી માલસામાન લાવી શકે છે. વ્યક્તિગત ઉપયોગ માટેના માલની આયાત અંગે બજેટમાં આવા તમામ ડ્યૂટી યોગ્ય માલસામાન પરના ટેરિફ દરને ૨૦ ટકાથી ઘટાડીને ૧૦ ટકા કરવાનો પ્રસ્તાવ છે. વ્યક્તિગત ઉપયોગના સામાનમાં મોટર વાહનો, દારૂ અને તમાકુનો સમાવેશ થતો નથી.

### પાકિસ્તાન ટી-૨૦

વધુ પ્રેક્ષકો, દર્શકો આકર્ષાય તેમ જ બ્રૉડકાસ્ટર્સ અને સ્પૉન્સર્સ પણ વધુ કૉન્ટ્રેક્ટ આપવામાં રસ બતાવે.પાકિસ્તાનના કબજા હેઠળના બલુચિસ્તાનની (ભારત-તરફી) પ્રજા વિફરી છે અને શનિવારે અસંખ્ય પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઊતાર્યા હતા. આ ઘટનાને પગલે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું હશે. બીજું, રવિવારે ઝિમ્બાબ્વેના અન્ડર-૧૯ વર્લ્ડ કપમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું અને ટૂર્નામેન્ટની બહાર ફેંકી દીધું એનો રોષ પણ પાકિસ્તાન સરકારમાં હશે એટલે જ એણે મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત સામેની ૧૫મી ફેબ્રુઆરીની મૅચ ન રમવાનું નક્કી કર્યું હશે.પાકિસ્તાન સરકારે એક્સ પર આ નિર્ણય જાહેર કર્યો છે. જોકે ભારત સામેની મૅચના બહિષ્કાર સંબંધમાં કોઈ કારણ નહોતું જણાવ્યું. પાકિસ્તાને આવું કરીને બાંગ્લાદેશને થોડું ખુશ કરવાનો પ્રયાસ કર્યો હોઈ શકે. બાંગ્લાદેશના સપોર્ટમાં પોતે પણ વર્લ્ડ કપમાં નહીં રમે એવી અગાઉ પાકિસ્તાને જાહેરાત કરી હતી. જોકે હવે પાકિસ્તાન વર્લ્ડ કપમાં રમવાનું છે તો એણે બાંગ્લાદેશને આપેલા વચનનો ભંગ કર્યો કહેવાય. જોકે પાકિસ્તાને ભારત સામેની મૅચ જતી કરીને બાંગ્લાદેશની થોડી તરફેણ કરી કહેવાશે.ખરેખર તો આ વિવાદમાં બાંગ્લાદેશ અને પાકિસ્તાન બન્નેએ ઘણું ગુમાવવા જેવું છે. બાંગ્લાદેશ તો આઇસીસી દ્વારા અપાનારા અંદાજે ૨૪૦ કરોડ રૂપિયાના હિસ્સા સહિત કરોડો રૂપિયા ગુમાવશે, પરંતુ પાકિસ્તાન સામે પણ બ્રૉડકાસ્ટર્સ તથા સ્પૉન્સર્સ (ભારત સામેની મૅચ ન રમવા બદલ) વળતરનો દાવો માંડી શકે. આઇસીસી પણ કદાચ પાકિસ્તાન સામે પગલું ભરશે.

# વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું બજેટઃ ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલું ૨૦૨૬-૨૭ના વર્ષનું બજેટ સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે આવકારતા તેને વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું ગણાવ્યું હતું

કેન્દ્રીય બજેટ અંગે પ્રતિભાવમાં તેમણે કહ્યું હતું કે, કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. આ ત્રણ કર્તવ્યોમાં, પ્રથમ કર્તવ્ય આર્થિક વિકાસને વેગ આપીને તેને ટકાવી રાખવાનું, બીજું કર્તવ્ય લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા અને તેમની કેપેસિટી બિલ્ડિંગનું છે. ત્રીજું કર્તવ્ય, સૌના સાથ, સૌના વિકાસના વિઝન સાથે સુસંગત છે અને કૃષિ, પશુપાલન-મત્સ્યોદ્યોગ, સ્વસહાય જૂથો, ગ્રામીણ અર્થતંત્ર, સૌના વિકાસને પ્રાધાન્ય આપે છે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, આ બજેટમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. એટલું જ નહિ, સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને વિકસિત ભારતના નિર્માણમાં આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે.

ભૂપેન્દ્ર પટેલે આ કેન્દ્રીય બજેટ અંતર્ગત ગુજરાતને ભવિષ્યમાં થનારા ફાયદાઓને આવકારતા કહ્યું હતું કે, લોથલ અને ધોળાવીરાનો દેશના પુરાતત્વીય વિરાસત ક્લસ્ટર ટુરિઝમ ડેવલોપમેન્ટમાં સમાવેશ થયો છે તેનાથી પ્રવાસન દ્વારા ગુજરાતમાં 'વિરાસત ભી, વિકાસ ભી'નો અભિગમ સાકાર થશે. દેશમાં ૨૦ આઇકોનિક પ્રવાસન સ્થળો માટે ૧૦ હજાર ટુરિસ્ટ ગાઇડ તૈયાર કરવાની યોજનાથી ગુજરાતના આઇકોનિક ટુરિસ્ટ પ્લેસીઝમાં પણ સ્થાનિક રોજગારીની તકો વધશે. તે ઉપરાંત આ બજેટને શહેરી વિકાસને નવી દિશા આપનારું બજેટ ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, પાંચ લાખથી વધુ વસ્તી વાળા ટિયર-ટુ અને ટિયર-થ્રી શહેરોને સિટી ઇકોનોમિક રિજિયન બનાવવાની જાહેરાતથી રાજ્યનાં નાનાં શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે. આ બજેટ એમએસએમઇથી લઈને મોટા ઊદ્યોગ, સૌને માટે પ્રોત્સાહક બજેટ છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ઇન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેક્નોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવાં ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે અને એમ.એસ.એમ.ઇ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે તેમ પણ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે તેમજ ટેક્સટાઇલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી છ જેટલી યોજનાઓનો લાભ પણ રાજ્યના ટેક્સટાઇલ સેક્ટરને મળશે.

આ ઉપરાંત, ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઇન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે. ઓડિશા, કેરળ, આંધ્ર પ્રદેશ અને તમિળનાડુમાં ડેડિકેટેડ રેર અર્થ કોરિડોર બનાવવાની જે જાહેરાત થઈ છે તેનાથી દેશની ક્રિટિકલ મિનરલ્સની જરૂરિયાતમાં આત્મનિર્ભરતાનું વધુ એક કદમ સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કેન્દ્ર સરકારે મુખ્ય ઔદ્યોગિક અને લોજિસ્ટિક કોરિડોરની નજીક પાંચ યુનિવર્સિટી ટાઉનશિપ બનાવવાની આ બજેટમાં જાહેરાત કરી છે. બહુવિધ યુનિવર્સિટીઓ, કોલેજો, સંશોધન સંસ્થાઓ, કૌશલ્ય કેન્દ્રો અને રહેણાક સંકુલ સહિતના આ આયોજિત શૈક્ષણિક ઝોનથી રાજ્યોની સ્કિલ ઇકોસિસ્ટમને બળ મળશે તેવો મત ભૂપેન્દ્ર પટેલે દર્શાવ્યો હતો.

તેમણે જણાવ્યું કે, ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર દ્વારા સુરતને પૂર્વ ભારતના દાનકુની સાથે જોડવાની જાહેરાત લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાની દિશામાં એક 'માસ્ટરસ્ટ્રોક' સાબિત થશે. દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ જગત પાસે હવે પૂર્વ ભારત તરફ વેપાર કરવા માટે 'હાઈ-સ્પીડ' કનેક્ટિવિટી ઉપલબ્ધ થશે, તે રાજ્યના વેપાર અને અર્થતંત્રને અભૂતપૂર્વ ગતિ આપશે. આ ઉપરાંત ૨૦ નવા નેશનલ વોટર વેઝ બનાવવાની જાહેરાતથી દેશમાં જળમાર્ગે પણ કનેક્ટિવિટી વધુ સુદ્રઢ થશે. ખાદી, હાથશાળ અને હસ્તકલાને સુદ્રઢ બનાવવા માટે વડા પ્રધાનશ્રીના નેતૃત્વમાં મહાત્મા ગાંધી ગ્રામ સ્વરાજ પહેલ શરૂ કરવાનો પ્રસ્તાવ આ બજેટમાં રજૂ કરવામાં આવ્યો છે.

આના પરિણામે સ્થાનિક ઉત્પાદનોને વૈશ્વિક બજાર જોડાણ અને બ્રાન્ડિંગમાં મદદ મળશે. લીમ, કૌશલ્ય, પ્રોસેસ અને ઉત્પાદનની ગુણવત્તા સંગીન થશે. એટલું જ નહિ, વણકરો, ગ્રામ્ય ઉદ્યોગો, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ અને ગ્રામીણ યુવાનોને લાભ થશે. ■

## બજેટમાં ધોળાવીરા, લોથલને અનુભવાત્મક સાંસ્કૃતિક પર્યટન સ્થળ તરીકે વિકસાવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શનિવારે ગુજરાતના વારસા અને સાંસ્કૃતિક પર્યટન ક્ષેત્રને મોટા પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી હતી, જેમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ના ભાગરૂપે ૧૫ પુરાતત્ત્વીય સ્થળો પૈકી લોથલ અને ધોળાવીરાને જીવંત અનુભવ સ્થળોમાં વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

હેરિટેજ અને કલ્ચર ટુરિઝમ થીમ પર બોલતા, સીતારમણે લોથલ, ધોળાવીરા, રાખીગઢી, આદિચનલ્લુર, સારનાથ, હસ્તિનાપુર અને લેહ પેલેસ સહિત ૧૫ પુરાતત્ત્વીય સ્થળોને જીવંત, પ્રાયોગિક સાંસ્કૃતિક સ્થળોમાં વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

નાણાં પ્રધાને ઉમેર્યું હતું કે ખોદકામ કરાયેલા લેન્ડસ્કેપ્સ મુલાકાતીઓ માટે ક્યુરેટેડ વોકવે દ્વારા ખુલ્લા મૂકવામાં આવશે અને મુલાકાતીઓના અનુભવોમાં વધારો કરવામાં આવશે. ખોદકામ કરાયેલા લેન્ડસ્કેપ્સ ક્યુરેટેડ વોકવે દ્વારા જાહેર જનતા માટે ખુલ્લા મૂકવામાં આવશે. સંરક્ષણ પ્રયોગશાળાઓ, અર્થઘટન કેન્દ્રો અને માર્ગદર્શિકાઓને ટેકો આપવા માટે ઇમર્સિવ સ્ટોરીટેલિંગ સ્કિલ્સ અને ટેકનોલોજી રજૂ કરવામાં આવશે, તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

આ પહેલથી ગુજરાતના વૈશ્વિક સ્તરે પ્રખ્યાત હડપ્પા યુગના ધોળાવીરા અને લોથલ વસાહતો સહિત, આ ઐતિહાસિક રીતે મહત્ત્વપૂર્ણ સ્થળોની આસપાસ પ્રવાસન, રોજગાર અને સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને તેની જાળવણી પણ શક્ય બનશે. ■

## બજેટની જાહેરાતમાં ગુજરાતને મળ્યા વિવિધ પ્રોજેક્ટ, રેલવે અને ટૂરિઝમને બુસ્ટર ડોઝ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સિતારમણે રવિવારે રજૂ કરેલા બજેટમાં ગુજરાત માટે અમુક ખાસ જાહેરાતો કરવામાં આવી હતી, જેમાં રેલવે અને ટૂરિઝમ સહિત વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

નાણાં પ્રધાને કરેલી જાહેરાતોમાં સૌથી મહત્ત્વની કહી શકાય તે સુરતથી બંગાળના દાનકુની સુધી ફ્રેઈટ કોરિડોરની છે. તેનાથી વેપાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્રે સુરતની કનેક્ટિવિટી વધારશે. આ કોરિડોરથી ગુજરાતને મોટો ફાયદો થશે. ત્યારબાદ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગ માટે સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગને શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે મજબૂત કરવા માટે સરકારે વિશેષ ટેક્સટાઇલ યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. આ યુનિવર્સિટી સુરતના યુવાનોને ટેક્સટાઇલ એન્જિનિયરિંગ અને ડિઝાઇનિંગના ક્ષેત્રમાં વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પૂરું પાડશે. આ ઉપરાંત કેન્દ્ર સરકારે જૂની ટેક્સટાઇલ સ્કીમો જેવી કે યાર્ન બેન્ક સ્કીમ અને ગ્રૂપ વર્કશેડ સ્કીમ માટેના બજેટમાં ધરખમ વધારો કર્યો છે. અગાઉ આ યોજનાઓ માટે માત્ર રૂ. ૨૦ કરોડની જોગવાઈ હતી, જે હવે વધારીને રૂ. ૫૦ કરોડ કરવામાં આવી છે. આ સાથે નાણાં પ્રધાને બજેટમાં લોથલ, ધોળાવીરા સહિત ૧૫ ઐતિહાસિક સાઇટોને વિકસાવવાની વાત પણ કરી હતી. અહીંયા પ્રવાસીઓ માટે સારી સુવિધાઓ, જાણકારી આપતા કેન્દ્રો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને શ્રેષ્ઠ કનેક્ટિવિટી પર ભાર મૂકવામાં આવશે, સરકારનો હેતુ માત્ર પ્રવાસીઓની સંખ્યા વધારવાનો નથી પરંતુ સ્થાનિક સ્તરે રોજગારી પેદા કરવાનો તેમજ પૌરાણિક સ્થળોને માત્ર સ્મારક નહીં પરંતુ જીવંત ઈતિહાસ તરીકે રજૂ કરવાનો છે, તેમ તેમણે જણાવ્યું હતું. આ માટે મોટી સંખ્યામાં ગાઈડ્સ તૈયાર કરવામાં આવશે.

બજેટમાં સૌરાષ્ટ્ર માટે મોટી જાહેરાત જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીને અનુલક્ષીને કરવામાં આવી હતી. જામનગર ખાતે આવેલા ડબલ્યુએચઓ ગ્લોબલ ટ્રેડિશનલ મેડિસિન સેન્ટરને પણ અપગ્રેડ કરવામાં આવશે. જામનગરમાં ડબલ્યુએચઓ ગ્લોબલ મેડિકલ સેન્ટરમાં વિશ્વ કક્ષાની મેડિકલ સુવિધાઓ ઊભી કરાશે. અહીં દવાઓનું સંશોધન અને બીમારીઓની સારવારની સુવિધા ઉપલબ્ધ થશે. તેનાથી ભારતમાં મેડિકલ ટુરિઝમ સેક્ટરને વેગ મળશે. આ સાથે ફાર્મા શિક્ષણ માટે નવી નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટેકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સંસ્થા શરૂ કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ભારતના અલગ અલગ પાંચ ઝોનમાં આ પ્રકારે બાયો ફાર્મા હબ તૈયાર કરવામાં આવશે અને તેના માટે રૂ. ૧૦,૦૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ ઉપરાંત આયુર્વેદિક મેડિકલ સેન્ટર પણ શરૂ કરવામાં આવશે. ■

## પંચમહાલમાં ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો, જાનમાલની નુકસાની નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં રવિવારે સવારના સમયે ભૂકંપનો આંચકો અનુભવાતા સ્થાનિકોમાં ફફડાટ ફેલાયો હતો. રિક્ટર સ્કેલ પર આ આંચકાની તીવ્રતા ૨.૭ નોંધાઈ હતી. જોકે સદનસીબે, આંચકો હળવો હોવાથી કોઈ પણ પ્રકારની જાન-માલની નુકસાની થઈ ન હતી.

ગાંધીનગર સ્થિત સિસ્મોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (આઇએસઆર) દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધરા તાલુકાના પશ્ચિમ પંથકમાં સવારે ૧૦ વાગ્યે ૩૪ મિનિટ અને ૧૩ સેકન્ડે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. આ આંચકાનું કેન્દ્રબિંદુ ગોધરાની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું હતું. ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં આવેલા પઢીયાર, વેલવડ, કાકણપુર અને રામપુરા સહિતના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં લોકોએ આ ધ્રુજારી અનુભવી હતી. આંચકો સામાન્ય હોવા છતાં, અચાનક આવેલી ધ્રુજારીને કારણે લોકોમાં થોડો સમય ડરનો માહોલ જોવા મળ્યો હતો અને લોકો સાવચેતીના ભાગરૂપે ઘરની બહાર દોડી આવ્યા હતા. ગાંધીનગર સિસ્મોલોજીકલ વિભાગના નિષ્ણાતોના મતે ૨.૭ની તીવ્રતાનો આંચકો ખૂબ જ હળવો ગણાય છે, જેનાથી કોઈ મોટા નુકસાનની ભીતિ રહેતી નથી. જોકે, તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે અને લોકોને ગભરાવાની જરૂર નથી તેવી અપીલ કરવામાં આવી છે. ■

## ગબ્બરની તળેટીમાં '૫૧ શક્તિપીઠ પરિક્રમા દોડ'માં ૧૦૧૨ જેટલા શ્રદ્ધાળુઓએ ભાગ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બરની તળેટીમાં આયોજિત '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬' ના બીજા દિવસે ભક્તિ સાથે યુવા શક્તિનો ઉત્સાહ જોવા મળ્યો હતો. ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો મહિમા જન-જન સુધી પહોંચાડવા માટે વહીવટી તંત્ર દ્વારા ભવ્ય 'પરિક્રમા દોડ' નું આયોજન કરવામાં આવ્યું હતું, રૂટની લંબાઈઃ ૨.૫૦ કિલોમીટર હતી. જેમાં ૧૦૧૨ જેટલા શ્રદ્ધાળુઓ અને રમતવીરોએ ભાગ લીધો હતો.

અંબાજી મંદિરના વહીવટદાર અને અધિક કલેકટર કૌશિક મોદીએ જણાવ્યું હતું કે, વહીવટી તંત્ર દ્વારા આ દોડનું સુચારુ આયોજન કરવામાં આવ્યું હતું. પરિક્રમા દોડ દ્વારા યુવા પેઢીમાં આદ્યશક્તિના ધામ પ્રત્યે શ્રદ્ધા વધે અને લોકો સ્વાસ્થ્ય પ્રત્યે પણ જાગૃત બને તેવો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધા થકી ૫૧ શક્તિપીઠ પરિક્રમાનો મહિમા અને સંદેશ ગામેગામ પહોંચે તેને અનુલક્ષીને સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

આ સ્પર્ધા અંગે વધુ માહિતી આપતા જિલ્લા શિક્ષણાધિકારી ડો. હિતેશ પટેલે જણાવ્યું હતું કે, પરિક્રમા પથના ૨.૫૦ કિલોમીટરના નિયત રૂટ પર અલગ-અલગ ચાર કેટેગરીમાં દોડનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ઓપન કેટેગરી, સરકારી કર્મચારીઓ (એમ્પ્લોય), તેમજ યુવક (બોય્ઝ) અને યુવતીઓ (ગર્લ્સ) એમ ચાર વિભાગોમાં કુલ ૧૦૧૨ જેટલા સ્પર્ધકોએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર દોડ દરમિયાન સ્પર્ધકોમાં અનેરો જોશ અને આસ્થા જોવા મળી હતી.

વિજેતાઓને રોકડ પુરસ્કાર અને સન્માન કરવામાં આવ્યું હતું, પ્રથમ ક્રમે આવનારા વિજેતાને રૂ. ૫,૧૦૦ અને શિલ્ડ, દ્વિતીય ક્રમઃ રૂ. ૩,૧૦૦ અને શિલ્ડ, તૃતીય ક્રમઃ રૂ. ૨,૧૦૦ અને શિલ્ડ આપવામાં આવ્યો હતો.

પરિક્રમા દોડ ઉપરાંત, મહોત્સવના બીજા દિવસે ગબ્બર ખાતે ત્રિશૂલ યાત્રા અને પાદૂકા યાત્રા યોજાઈ હતી. શક્તિપીઠ સંકુલોમાં પવિત્ર 'શક્તિ યાગ' (યજ્ઞ) થી વાતાવરણ દિવ્ય બન્યું હતું. સાંજના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમો અને આનંદ ગરબાની રમઝટમાં હજારો માઈભક્તો જોડાયા હતા. ■

## અમદાવાદ એરપોર્ટ પરથી ૧૦૮.૦૭ ગ્રામ સોના સાથે એક શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના સરદાર પટેલ ઈન્ટરનેશન એરપોર્ટ પરથી નશીલા પદાર્થો અને પીળી ધાતુની તસ્કરી સતત વધી રહી છે. રવિવારે ફરી વાર સોનું ઝડપાયું હતું. કસ્ટમ વિભાગના એર ઇન્ટેલિજન્સ યુનિટે બેંગકોકથી અમદાવાદ આવી રહેલા સુનિલ ભાટિયાને ૧૦૮.૦૭ ગ્રામ સોના સાથે ઝડપ્યો હતો. જેની બજાર કિંમત અંદાજે ૧૭.૧૯ લાખ થાય છે. મુસાફરે માઉથમાં કાળા ટેપમાં લપેટીને ચાર કેપ્સ્યુલ આકારના સોનાના બિસ્કિટ સંતાડ્યા હતા.

અમદાવાદ એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગના એર ઈન્ટેલિજન્સ યુનિટ (એઆઇયુ) દ્વારા સોનાની દાણચોરી કરતાં એક શખ્સને પકડ્યો હતો. પેસેન્જર પ્રોફાઇલિંગ દ્વારા મળેલી ચોક્કસ બાતમીના આધારે, ગત ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ બેંગકોકથી અમદાવાદ આવતી વિયેટજેટ ફ્લાઇટ (વીઝેટ ૭૫૦) દ્વારા ઉતરેલા મુસાફર સુનિલ ભાટિયાની અટકાયત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન અધિકારીઓ ત્યારે ચોંકી ગયા જ્યારે મુસાફરના મોઢામાંથી કાળા ટેપમાં લપેટેલા ચાર કેપ્સ્યુલ આકારના સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા. ૧૦૮.૦૭ ગ્રામ સોનું જપ્ત કરાયું છે. બજારમાં આ સોનાની અંદાજિત કિંમત ₹૧૭,૩૯,૯૨૭ છે. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ મુદ્દામાલ જપ્ત કરી વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ■

## બોટાદમાં હિંસાના સો દિવસ બાદ આપના સાત નેતા જેલમાંથી બહાર આવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગયા વર્ષે ઓક્ટોબરમાં બોટાદ જિલ્લાના હડાદડ ગામમાં પોલીસ સાથે થયેલી હિંસા દરમિયાન રમખાણો અને હત્યાના પ્રયાસના કેસમાં જેલમાં રહેલા સાત આપ નેતાઓને બોટાદ જિલ્લા અને સેશન્સ કોર્ટે શનિવારે જામીન આપ્યા હતા. પક્ષના પ્રદેશ અધ્યક્ષ ઈશુદાન ગઢવી સહિતના નેતાઓએ તેમનું સ્વાગત કર્યું હતું. પક્ષે આપેલી અખબારી યાદી અનુસાર આપના ખેડૂત નેતા રાજુભાઈ કરપડા, પ્રવિણભાઈ રામ, રમેશભાઈ મેર, હંસરાજભાઈ ભાલાળા, વિપુલભાઈ ઉર્ફે કમલેશભાઈ હકાભાઈ હરિયાણી, વિપુલભાઈ મકવાણા અને જીતેન્દ્રભાઈ ગોવિંદિયા સહિત કુલ સાત લોકોને ૩૧ જાન્યુઆરીએ બોટાદ કોર્ટમાંથી જામીન મળ્યા હતા.

આ પત્રકાર પરિષદમાં આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે એપીએમસીઓ પર કબજો કરીને ભાજપે નક્કી કર્યું હતું કે ચારેય તરફથી ખેડૂતોને લૂંટવાના છે, એટલા માટે ભાજપે એક કડદા પ્રથા શરૂ કરી હતી. ખેડૂતોએ વર્ષોથી આ મામલે અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ ભાજપે તેમનો અવાજ દબાવી દીધો હતો, પરંતુ જ્યારે આમ આદમી પાર્ટીના ખેડૂત નેતા રાજુ કરપડા અને પ્રવીણ રામ સહિત તમામ લોકોએ અવાજ ઉઠાવ્યો તો આખા ગુજરાતમાં સરકારે કડદા પ્રથાને બંધ કરવા માટે લેટર જાહેર કરવો પડ્યો હતો. જ્યારે હડદડ ગામમાં આમ આદમી પાર્ટીના નેતાઓ અને ખેડૂતો પહોંચ્યા ત્યારે ભાજપે અત્યાચાર કર્યો હતો. ત્યારબાદ ભાજપે આમ આદમી પાર્ટીના નેતાઓને ખોટી ફરિયાદો કરીને જેલમાં મોકલ્યા અને ખેડૂતોને પણ જેલમાં મોકલ્યા અને આજે ૧૦૮ દિવસ બાદ આમ આદમી પાર્ટીના નેતાઓ જેલમુક્ત થયા છે. તો ભાજપે આ રીતે ૫૪ લાખ ખેડૂતોનો અવાજ દબાવવાની કોશિશ કરી હતી. હવે અહીંથી આંદોલન અટકવાના નથી, ખેડૂતોના વિવિધ મુદ્દાઓ પર આંદોલન કરવામાં આવશે, તેમ તેમણે જણાવ્યું હતું. ■

## અમદાવાદમાં ડિજિટલ એસ્કોર્ટ સર્વિસ સ્કેમનો પર્દાફાશ, સો કરતા વધારે આઈડી સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ઓનલાઈન એસ્કોર્ટ સર્વિસના સ્કેમનો પર્દાફાશ થયો છે, જેમાં મહિલાઓના ખોટા કે મોર્ફ્ડ કરેલા ફોટાનો ઉપયોગ કરી પુરુષોને લલચાવવામાં આવતા હતા અને તેમની પાસેથી પૈસા પડાવવામાં આવતા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે મોટી કાર્યવાહી કરતા લગભગ ૧૨૦ જેટલા સોશ્યિલ મીડિયા અકાઉન્ટ સામે કાર્યવાહી કરવામાં આવી હતી. અમુક ફરિયાદોને આધારે ક્રાઈમ બ્રાન્ચ છેલ્લા ત્રણેક મહિનાથી તપાસ કરી રહી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમ અલગ અલગ સોશ્યિલ મીડિયા પ્લેટફોર્મ પર ચાલી રહેલી એસ્કોર્ટ સર્વિસની તપાસ કરી રહી હતી. ઘણા પ્લેટફોર્મ પર પુરુષોને મહિલાઓના ખોટા ફોટા બતાવી લલચાવી યુપીઆઈ આઈડી દ્વારા પૈસા પણ લેવામાં આવતા હતા. ભોગ બનનાર મહિલાઓ ફરિયાદ ન નોંધાવતા પોલીસે પોતે જ ફરિયાદ નોંધી હતી. અત્યાર સુધીમાં ૧૨૦ સોશ્યિલ મીડિયા અકાઉન્ટ્સ સામે કાર્યવાહી કરવામાં આવી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. ■

## બાળ તસ્કરી કરતી બે મહિલાને સુરત પોલીસે પકડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ક્રાઈમ બ્રાન્ચે શુક્રવારે બે મહિલાની ધરપકડ કરી હતી. આ મહિલા માત્ર ૧૦ દિવસની બાળકીને રૂ. ૨.૫ લાખમાં વેચવા માટે ગ્રાહક શોધી રહી હતી. મહિલાઓએ જણાવ્યું હતું કે નવજાત શિશુ થોડા દિવસો પહેલા મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરથી લાવવામાં આવ્યું હતું. નવજાત શિશુની વાસ્તવિક માતા એક અપરિણીત યુવતી છે જે એક આરોપી મહિલાનાં સંપર્કમાં હતી. ત્યારબાદ પોલીસ ટીમ સુરતના જહાંગીરપુરા ગઈ અને મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગરની લક્ષ્મી સોનાવણે (૪૪) નામની બીજી મહિલાને પકડી હતી. બંનેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા, જ્યાં તેમણે કબૂલ્યું કે તેમને મહારાષ્ટ્રની એક યુવતી પાસેથી બાળક મળ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નવજાત બાળકની માતાની ઓળખ થઈ ગઈ છે. તે લગભગ ૧૯ વર્ષની અપરિણીત યુવતી છે, જે ગામના જ યુવાન સાથે સંબંધ ધરાવતી હતી, પરંતુ પ્રેગનન્ટ થયા બાદ યુવકે તેને છોડી દીધી હતી. અબોર્શન માટે મોડું થઈ ગયું હોવાથી યુવતીએ બાળકને જન્મ આપ્યો હતો અને ત્યારબાદ આરોપી મહિલાને સોંપી દીધું હતું. પોલીસને બાતમી મળી હતી અને તે અનુસાર સુરતના એક ઘરમા પોલીસે રેડ પાડી હતી. ત્યારે એક મહિલા અને નવું જન્મેલું બાળક મળ્યું હતું અને મહિલાના ફોનમાં બાળક વેચવા અંગેના મેસેજ મળ્યા હતા. હાલમાં બાળકને બાળ સંભાળ ગૃહમાં મોકલી દેવામાં આવ્યું છે. વધુ તપાસ ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

## પ્રોફેસર વિરુદ્ધ ફરિયાદ કર્યા બાદ ગુમ થયેલા મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓ આજે નિવેદન આપે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ચાંદખેડામાં આવેલી એમ. કે. શાહ મેડિકલ કોલેજ ચર્ચાના કેન્દ્રમાં આવી છે, કારણ કે કોલેજના ઓર્થોપેડિક વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર સામે વિદ્યાર્થીઓએ પજવણીની ફરિયાદ કરતા તબીબી આલમમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની વિગત એવી છે કે, વિભાગના કુલ ૧૨ પૈકી ૧૦ અનુસ્નાતક (પીજી) વિદ્યાર્થીઓએ આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. તીર્થ પટેલ વિરુદ્ધ માનસિક ત્રાસ અને પજવણીની લેખિત ફરિયાદ એન્ટી-રેગિંગ કમિટીને ઈમેલ દ્વારા મોકલી હતી. આ ગંભીર આક્ષેપોને પગલે કોલેજ વહીવટી તંત્ર દ્વારા ત્રણ સભ્યની તપાસ સમિતિની રચના કરવામાં આવી છે અને તપાસ નિષ્પક્ષ રીતે ચાલે તે માટે પ્રોફેસરને રજા પર મોકલી દેવામાં આવ્યા હતા.

રેસિડેન્ટ ડોક્ટરોએ કરેલી ફરિયાદ મુજબ, પ્રોફેસર દ્વારા તેમને અવારનવાર ધમકાવવામાં આવતા હતા, જાહેરમાં અપમાનિત કરવામાં આવતા અને રજાના દિવસોમાં પણ ફરજ પર બોલાવી હેરાન કરવામાં આવતા હતા. જોકે, આ ઘટનામાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે ફરિયાદ કર્યા બાદ ૨૬ જાન્યુઆરીથી આ તમામ ૧૦ વિદ્યાર્થીઓ અચાનક ગુમ થઈ ગયાનું બહાર આવ્યું હતું. તમણે પોતાના મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરી દીધા હતા અને ફરજ પર આવવાનું પણ બંધ કરી દીધું હતું. વિદ્યાર્થીઓનો સંપર્ક ન થતાં અંતે કોલેજ સત્તાધીશોએ તેમના વાલીઓને આ બાબતે જાણ કરવાની ફરજ પડી હતી. હાલમાં તપાસ સમિતિએ નર્સિંગ સ્ટાફ, દર્દીઓ અને અન્ય સંબંધિત વ્યક્તિઓના નિવેદનો લેવાનું શરૂ કર્યું છે. ગુમ થયેલા વિદ્યાર્થીઓએ લાંબા સમય બાદ ઈમેલ દ્વારા પ્રત્યુત્તર આપતા જણાવ્યું હતું કે તેઓ પોતાની સુરક્ષાને લઈને ચિંતિત હોવાથી સામે આવ્યા નહોતા. હવે આ વિદ્યાર્થીઓ સોમવારે તપાસ સમિતિ સમક્ષ હાજર થઈને પોતાના લેખિત નિવેદનો નોંધાવે તેવી શક્યતા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સમિતિના અહેવાલ બાદ જ આ મામલે સત્ય બહાર આવશે. કોલેજના સૂત્રોના જણાવ્યા અનુસાર વિદ્યાર્થીઓ કોલેજે આવી રહ્યા નથી, આથી તેમના માતાપિતાને જાણ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે વિદ્યાર્થીઓ હાજર રહીને વાત કરશે તો તપાસ સમિતિ જરૂર સકારાત્મક પગલાં લેશે. ■

## તાપી જિલ્લામાં એમ્બ્યુલન્સમાંથી છ લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં બુટલેગરો અવનવા નુસખા અપનાવી પોલીસને થાપ આપવા પ્રયત્ન કરતા હોય છે. પરંતુ તાપી એલ.સી.બી.એ બૂટલેગરોના એક આવા જ ''અજીબોગરીબ તરકટ''નો પર્દાફાશ કર્યો છે. ઉચ્છલ તાલુકાના પાંખરી ગામ પાસે એક એમ્બ્યુલન્સમાંથી ૬ લાખથી વધુની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડવામાં આવ્યો હતો. તાપી એલ.સી.બી.ને ચોક્કસ બાતમી મળી હતી કે એક એમ્બ્યુલન્સનો ઉપયોગ દારૂની હેરાફેરી માટે કરવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે પાંખરી પાસે વોચ ગોઠવી હતી. શંકાસ્પદ એમ્બ્યુલન્સ આવતા જ તેને અટકાવી તપાસ કરતા પોલીસ પણ ચોંકી ઊઠી હતી. જે વાહનનો ઉપયોગ દર્દીઓના જીવ બચાવવા માટે થવો જોઈએ, તેમાં દારૂની પેટીઓ ખીચોખીચ ભરેલી હતી. પોલીસે એમ્બ્યુલન્સની તલાશી લેતા તેમાંથી કુલ રૂપિયા ૬,૩૨,૪૯૬ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સહિત રૂપિયા ૧૧,૩૭,૪૯૬ નો કુલ મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

## અમદાવાદમાં છેલ્લાં બે વર્ષમાં બિસ્માર રોડ પાછળ ₹ ૨૬૦૫ કરોડનું આંધણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં નવા રોડ પાછળ જ્યારે દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે, તેમ છતાં પણ દર ચોમાસામાં માર્ગો તૂટી જાય છે અને રસ્તાના પરના ખાડા પૂરવા માટે ફરી કરોડોનો ખર્ચ કરવો પડે છે. બજેટના આંકડા જોઇએ તો છેલ્લાં બે વર્ષમાં રોડ પાછળ મ્યુનિ. તંત્રે રૂ. ૨૬૦૫ કરોડનો તોતિંગ ખર્ચ કર્યો છે. મનપાના અધિકારીઓને પણ બીજા પ્રોજેક્ટ કરતા રોડ બનાવવામાં વધુ રસ પડે છે. તેમાં લાંચનું માર્જીન પણ વધુ હોય છે. દર વર્ષે ચોમાસું આવે એટલે અમદાવાદમાં પ્રી-મોન્સૂન રિપેરિંગના નામે કરોડો રૂપિયા ખર્ચાય છે, રોડ બને અને તરત ડ્રેનેજ કે વોટર ડિપાર્ટમેન્ટ દ્વારા પાઇપલાઇનના બહાને રોડ તોડી દે છે મ્યુનિ.માં પણ સંકલનનો અભાવ છે. શહેરના દરેક વિસ્તારોમાં રોડની હાલત લગભગ એક સમાન જેવી છે. ક્યાંક પેચવર્ક, ક્યાંક અધૂરું ડામર કામ, તો ક્યાંક ખાડામાં પાણી ભરાયેલું. આ બધું નાગરિકોની રોજિંદી મુસાફરીને જોખમભરી બનાવી દે છે. રોડ પાછળ થતો ખર્ચ નાગરિકોના ટેક્સના પૈસાથી થાય છે. છતાં, કામમાં પારદર્શિતા નથી. ટેન્ડર પ્રક્રિયા, કોન્ટ્રાક્ટર પસંદગી અને કામની દેખરેખમાં ભ્રષ્ટાચારના આક્ષેપો વારંવાર સાંભળવા મળે છે. ■

# દુબઈના ઠગે નવી મુંબઈની મહિલા વ્યાવસાયિક પાસેથી ૪૩ લાખ પડાવ્યા

થાણે: બિઝનેસમાં આકર્ષક રોકાણોની લાલચે નવી મુંબઈની મહિલા વ્યાવસાયિક સાથે ૪૩.૪૧ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી બદલ પોલીસે દુબઈના ઠગ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ પ્રકરણે નવી મુંબઈના જૂની પનવેલ વિસ્તારમાં રહેતી ૪૪ વર્ષની મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. ઈ-કોમર્સનો વ્યવસાય ધરાવતી મહિલાની નજર ૨૦૨૩માં ઈન્સ્ટાગ્રામ પરની એક જાહેરખબર પર પડી હતી. પ્રેયર મેટ્સ અને ગાર્મેન્ટ્સની ડીલરશિપ માટેની આ જાહેરખબર હતી.

જાહેરખબર પરના વ્હૉટ્સઍપ નંબર પર મહિલાએ સંપર્ક સાધતાં સામે છેડેના શખસે તે દુબઈમાં હોવાનો દાવો કર્યો હતો. પછી મહિલાએ એ શખસ સાથે સંદેશવ્યવહાર ચાલુ રાખ્યો હતો. છેલ્લા અનેક મહિનાઓ દરમિયાન ઠગે મહિલાનો વિશ્વાસ સંપાદન કર્યો હતો અને પછી બેચલર્સ માટેની રેન્ટલ પ્રોપર્ટીઝમાં વધારાના રોકાણ માટે તેને મનાવી લીધી હતી. આની સામે ઘરદીઠ વર્ષે ૧.૨૦ લાખ રૂપિયાનો નફો થશે, એવું જણાવ્યું હતું. ઉપરાંત, ૧૫ ટકાના નફાના માર્જિન સાથે રિસેલ માટે યુએસમાંથી સસ્તી કિંમતે લૅપટોપ્સ ખરીદવા મહિલાને લલચાવી હતી, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

૨૧ જૂન, ૨૦૨૩થી પાંચમી ફેબ્રુઆરી ૨૦૨૪ દરમિયાન ફરિયાદીએ પોતાની સાથે પિતા, પતિ અને બહેનનાં ખાતાંમાંથી ૪૩.૪૧ લાખ રૂપિયા અલગ અલગ એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કર્યા હતા. પછી વારંવાર પૂછપરછ કરવા છતાં આરોપીએ કોઈ વળતર ચૂકવ્યું નહોતું.

એ સિવાય ફરિયાદીની મૂળ રકમ પણ પાછી આપી નહોતી. આખરે પોતે છેતરાઈ હોવાની જાણ થતાં મહિલાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે ફરિયાદને આધારે ૩૦ જાન્યુઆરીએ શખસ વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધ્યો હતો. (પીટીઆઈ) ■

# મહારાષ્ટ્ર જીડીપીનો મુખ્ય ચાલક હોવા છતાં ખાલી હાથ: કૉંગ્રેસ

મુંબઈ: કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિજય વડેટ્ટીવારે રવિવારે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટે ફરી એકવાર મહારાષ્ટ્રને નિરાશ કર્યા છે અને ખેડૂતો, કામદારો અને મધ્યમ વર્ગને ભારે નિરાશ કર્યા છે.

નાગપુરમાં પત્રકારોને સંબોધતા વડેટ્ટીવારે આરોપ લગાવ્યો કે રાષ્ટ્રીય તિજોરીમાં સૌથી મોટો ફાળો આપનાર અને ભારતના જીડીપીનો મુખ્ય ચાલક બળ હોવા છતાં કેન્દ્ર દ્વારા મહારાષ્ટ્રને 'ખાલી હાથ' રાખવામાં આવ્યું છે.

કેન્દ્ર મહારાષ્ટ્ર પાસેથી કર વસૂલ કરે છે પરંતુ ભંડોળ અન્ય રાજ્યોમાં વાળે છે. આ રાજ્ય સાથે અન્યાય સિવાય કંઈ નથી, એમ મહારાષ્ટ્ર કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતાએ દાવો કર્યો હતો.

કૃષિ પ્રત્યે બજેટના અભિગમની ટીકા કરતા, વડેટ્ટીવારે કહ્યું કે પાકના ભાવ, સંગ્રહ સુવિધાઓ, કોલ્ડ ચેઇન અથવા નવા બજારો માટે કોઈ નક્કર જોગવાઈ ન હોવાથી ખેડૂતોમાં ચિંતાની લાગણી છે.

વડેટ્ટીવારે ટેકનોલોજી-આધારિત વિકાસ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર પણ પ્રશ્ન ઉઠાવ્યો, તેમણે નિર્દેશ કર્યો કે કેન્દ્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ) માટે ભંડોળની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ મહારાષ્ટ્રમાં એઆઈ માટે અગાઉ જાહેર કરાયેલ રૂ. ૫૦૦ કરોડની ફાળવણી પણ વણવપરાયેલી રહી છે. ■

# બજેટ ૨૦૨૬: ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્ર માટેની મુખ્ય જાહેરાતો: એઆઈઈએ

મુંબઈ: કેન્દ્ર સરકારના બજેટ ૨૦૨૬ દ્વારા ભારતના ઇલેક્ટ્રોનિક્સ ઇકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે અનેક મહત્વપૂર્ણ પગલાં જાહેર કરવામાં આવ્યા છે, જેમાં અગાઉની સેમી-કન્ડક્ટર પોલિસી પર આધારિત ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦ની શરૂઆત. ઇલેક્ટ્રોનિક્સ કોમ્પોનેન્ટ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ઈસીએમએસ)ને વિસ્તૃત કરીને ૪૦,૦૦૦ કરોડ રૂપિયા સુધી વધારવામાં આવી, જે દેશી કોમ્પોનેન્ટ ઉત્પાદન માટે મોટું પ્રોત્સાહન છે અને ઇલેક્ટ્રોનિક્સ અને મોબાઇલ મેન્યુફેક્ચરિંગને વેગ આપવા માટે પ્રોડક્શન-લિન્ક્ડ ઇન્સેન્ટિવ (પીએલઆઈ) યોજનાઓ પર સતત ભાર. ઉદ્યોગ દ્વારા સંચાલિત સંશોધન, નવીનતા - રિસર્ચ ડેવલપમેન્ટ અને કુશળ માનવ સંસાધન વિકાસ દ્વારા વર્ક ફોર્સ ડેવલપમેન્ટ પર વિશેષ ધ્યાનનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રોનિક્સ એસોસિએશન (એઆઈઈએ) આ તમામ જાહેરાતોનું સ્વાગત કરે છે અને ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓ મજબૂત કરવા માટે સરકારની સતત પ્રતિબદ્ધતાની પ્રશંસા કરે છે. સાથે જ, અમે આશા રાખીએ છીએ કે આ યોજનાઓ હેઠળના અમલ માળખાં અને અનુપાલન પ્રક્રિયાઓ સરળ, પારદર્શક અને એમએસએમઈ મૈત્રીપૂર્ણ બનાવવામાં આવશે, જેથી નાના અને મધ્યમ ઉદ્યોગો અસરકારક રીતે કાર્ય કરી શકે, ટકી શકે અને વિકાસ કરી શકે. એઆઈઈએ દ્રઢપણે માને છે કે નીતિગત ધ્યાન માત્ર સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ્સ જેવી મોટી રોકાણ યોજનાઓ સુધી સીમિત ન રહેવું જોઈએ. ઇલેક્ટ્રોનિક્સ વેલ્યુ ચેઇન તેની સૌથી નબળી કડી જેટલી જ મજબૂત હોય છે.

# નવ મહિનાના દીકરાની હત્યાના કેસમાં પિતાને જનમટીપ

થાણે: કલ્યાણમાં ૨૦૧૩માં નવ વર્ષના માસૂમ દીકરાની હત્યા કરવાના કેસમાં સેશન્સ કોર્ટે પિતાને જનમટીપની સજા ફટકારી હતી. ચારિત્ર્ય પર શંકાને પગલે પત્ની અને અન્ય બે સંતાન પર પણ હુમલો કરવામાં આવ્યો હોવાથી તેમની હત્યાના પ્રયાસ બદલ કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવ્યો હતો.

એડિશનલ સેશન્સ જજ એસ. જી. ઈનામદારે શુક્રવારે આપેલા ચુકાદામાં નોંધ્યું હતું કે ફરિયાદી પક્ષ આરોપી સુનીલ સદાશિવ પાતાડે વિરુદ્ધ લગાવવામાં આવેલા બધા આરોપ સિદ્ધ કરવામાં સફળ રહ્યો છે.

આરોપી પત્નીના ચારિત્ર્ય પર શંકા કરતો હતો, જેને પગલે તેણે ઘાતકી પગલું ભર્યું હતું. સાતમી માર્ચ, ૨૦૧૩ની રાતે કલ્યાણ ખાતેના નિવાસસ્થાને પત્ની અને ત્રણ સંતાન સૂતાં હતાં ત્યારે આરોપીએ તેમના પર હુમલો કર્યો હતો. આ ઘટનામાં આરોપીના નવ વર્ષના દીકરાનું મૃત્યુ થયું હતું, જ્યારે પત્ની અને બે સંતાન ગંભીર રીતે ઘવાયાં હતાં. (પીટીઆઈ)■

અગિયારમાં પાનાનું ચાલુ

## ફિલ્મ મેકર રોહિત શેટ્ટીના

લીધા હતા. જૂહુના હાસ્ય કલાકાર મેહમૂદ ચોક પાસે આવેલી ૧૦ માળની ઈમારત શેટ્ટી ટાવર પર શનિવારની મધરાતે ૧૨.૪૦ વાગ્યે ગોળીબારની ઘટના બની હતી. અજાણ્યો શખસ પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ફાયર કરી સ્કૂટર પર ફરાર થઈ ગયો હતો. આ ઘટના શેટ્ટીના નિવાસસ્થાન બહાર અને નજીકની ઈમારત બહાર લાગેલા સીસીટીવી કૅમેરામાં કેદ થઈ હતી. જોકે ઘટના સમયે શેટ્ટી ઘરમાં હતો કે નહીં તે અંગે પોલીસે કોઈ ચોખવટ કરી નહોતી.

દરમિયાન ગોળીબારના અવાજની માહિતી મળતાં જ જૂહુ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબારની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચ પણ તપાસમાં જોડાઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી પાંચ ખાલી કારતૂસ તાબામાં લઈ ફોરેન્સિક તપાસ માટે મોકલી આપી હતી. ઘટનાની તપાસ માટે જૂહુ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમ બનાવવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ એક ગોળી પહેલા માળે આવેલા જિમની બહાર બાલ્કનીના સેફ્ટી કાચ સાથે અથડાઈ હતી, જેને કારણે કાચમાં તિરાડો પડી હતી. બે ગોળી પહેલા માળની દીવાલને વાગી હતી, જ્યારે બે ગોળી બિલ્ડિંગના એન્ટ્રન્સ એરિયાની બાજુમાં સેફ્ટી વૉલ પર વાગી હતી.

દરમિયાન ગોળીબારમાં સંડોવાયેલા શકમંદોનું પગેરું પોલીસે વહેલીતકે શોધી કાઢ્યું હતું. આરોપી પુણેના હોવાનું જાણવા મળતાં પુણે ક્રાઈમ બ્રાન્ચને માહિતી આપવામાં આવી હતી. પુણે પોલીસે પાંચ જણને તાબામાં લીધા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. તાબામાં લેવાયેલા શકમંદોને મુંબઈ લાવવામાં આવ્યા હતા. જોકે ગોળીબારમાં શકમંદોની ભૂમિકા સ્પષ્ટ થઈ શકી નહોતી. પકડાયેલા પાંચેય યુવાનની ઓળખ અમન મારોટે (૨૭), આદિત્ય ગાયકી (૧૯), સિદ્ધાર્થ યેનપુરે (૨૦), સમર્થ પોમાજી (૧૮) અને સ્વપ્નિલ સાકેત (૨૩) તરીકે થઈ હતી. જોકે તાબામાં લેવાયેલા પાંચેય શકમંદો વિશે મુંબઈ પોલીસ દ્વારા કોઈ અધિકૃત માહિતી આપવામાં આવી નહોતી. ગોળીબારની ઘટના પછી સોશ્યલ મીડિયા પર લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગ દ્વારા એક પોસ્ટ શૅર કરવામાં આવ્યો હતો. શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબારની જવાબદારી સ્વીકારવાની સાથે પોસ્ટમાં બોલીવૂડને સમયસર લાઈન પર આવી જવાની ધમકી આપવામાં આવી હતી. આ પોસ્ટમાં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં ફરાર આરોપી શુભમ લોણકરનો પણ ઉલ્લેખ હતો. પોલીસ આ મેસેજ પ્રકરણે પણ તપાસ કરી રહી છે. ■

## મહારાષ્ટ્રને

ઉદ્દેશ્ય છે. હાઈ સ્પીડ રેલ કોરિડોરમાં મુંબઈ, પુણે, હૈદરાબાદ, બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી, વારાણસી અને સિલિગુડીનો સમાવેશ કર્યો છે. મુંબઈગરા માટે મહત્ત્વની વાત એ છે કે બુલેટ ટ્રેનના કોરિડોરમાં પુણેને જોડવામાં આવશે. હાલમાં મુંબઈમાં પણ બુલેટ ટ્રેન સ્ટેશનથી લઈને અન્ય કામગીરી પણ ચાલુ છે. હાઈ સ્પીડ રેલ કોરિડોર મારફત ફાઈનાન્શિયલ સેન્ટર, આઈટી સેન્ટર અને મેન્યુફેકચરિંગ ક્લસ્ટરને જોડવામાં આવશે. મહારાષ્ટ્રના ટવિન સિટી મુંબઈ અને પુણે છે, તેમાંય વળી મુંબઈ ફાઈનાન્શિયલ કેપિટલ છે.મુંબઈ પછી મહારાષ્ટ્રમાં પુણે બીજા નંબરના ગ્રોથ સિટી છે. સરકારે મેન્યુફેકચરિંગ પર ફોક્સ કર્યું છે. પુણે પણ મેન્યુફેકચરિંગ હબ છે, જ્યાં ટાટા મોટર્સ, બજાજ ઓટો, મહિન્દ્ર સહિત અન્ય કંપનીઓ કામ કરે છે. ઓટો, એન્જિનિયરિંગ અને એમએસએમઈ સેક્ટરમાં પણ લાખો નોકરીઓ મળે છે. હિંજવાડીમાં આઈટી પાર્ક, મગરપાડા, ખડકી-તળેગાંવ બેલ્ટમાં પણ મોટા આઈટી સેક્ટરનો સમાવેશ થાય છે. સાત કોરિડોરમાં મુંબઈ-પુણે, પુણે-હૈદરાબાદ, હૈદરાબાદ-બેંગલુરુ, હૈદરાબાદ-ચેન્નઈ, દિલ્હી-વારાણસી, વારાણસી-સિલિગુડી, ચેન્નઈ-બેંગલુરુનો સમાવેશ થાય છે. ■

## શરદ પવારનું

નેતાઓ અરોરાના મુદ્દાને બિલકુલ સમજી શક્યા ન હતા. અરોરા દ્વારા આપવામાં આવેલા નિર્દેશો પર ઘણો વિવાદ થયો હતો. અંતે, અરોરા આ બેઠકમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ, તેઓ શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા ન હતા. તેથી, હવે માહિતી સામે આવી છે કે નરેશ અરોરાનું પત્તું કાપી નાખવામાં આવ્યું છે. ■

## કશેળી(ભિવંડી)થી

કમિશનર અને પ્રશાસક ભૂષણ ગગરાણીએ મુલુંડ જકાત નાકા પ્રોજેક્ટ સાઈટની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન તેમણે કહ્યું હતું કે ભાતસાનું પાણી મુંબઈ-ટુ અને મુંબઈ-થ્રી આ બે મુખ્ય પાઈપલાઈન મારફત મુંબઈ સુધી લાવવામાં આવે છે. વધતા જતા શહેરીકરણને કારણે થાણે શહેરમાં જુદા જુદા વિકાસ કામમાં પાણીની પાઈપલાઈનને લીધે અડચણ આવી રહી છે. તેથી ઉપરોક્ત બંને પાણીની પાઈપલાઈનનું સ્તર નીચે લઈ જવા માટે થાણે મહાનગરપાલિકા દ્વારા મુંબઈ મહાનગરપાલિકાને વિનંતી કરવામાં આવી હતી. તેમ જ મુંબઈમાં પાણીની સતત વધતી માગણીને ધ્યાનમાં રાખીને પાલિકાએ કશેળીથી મુલુંડ જકાત નાકા સુધી વોટર ટનલ બાંધવાનો નિર્ણય લીધો હતો. આ કામ સપ્ટેમ્બર, ૨૦૨૪થી પ્રગતિએ છે અને ઑક્ટોબર ૨૦૩૦ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે.

કમિશનરે વધુમાં જણાવ્યું હતું કે કશેળીથી મુલુંડ જકાત નાકા દરમ્યાન ૭.૧ કિલોમીટર અંતર દરમ્યાન પાણીનું વહન કરવા માટે વોટરટનલ બાંધવામાં આવી રહી છે, જે અંતર્ગત મુલુંડ જકાત નાકા પાસે ૧૩૪ મીટર નીચે લૉન્ચિંગ શાફ્ટ ઊભો કરવામાં આવી રહ્યો છે. તેમાંથી શાફ્ટનું ખોદકામ ૧૩૦ મીટર ઊંડાઈ સુધી પૂર્ણ થઈ ગયું છે. તો ટનલનું ખોદકામ પૂર્ણ થયા બાદ ટનલ બોરિંગ મશીન (ટીબીએમ)ને બહાર લાવવા માટે કશેળી(ભિવંડી)માં ૧૨૮ મીટર ઊંડાઈએ પુનઃપ્રાપ્તી શાફ્ટ ઊભો કરવામાં આવી રહ્યો છે, તેમાંથી શાફ્ટના ખોદકામ ૧૫ મીટર ઊંડાઈ સુધી થઈ ગયું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ટીબીએમની મદદથી ટનલનું ખોદકામ જુલાઈ ૨૦૨૬થી શરૂ કરવામાં આવવાનું છે.

નોંધનીય છે કે મુંબઈને મોડક સાગર, મિડલ વૈતરણા, અપર વૈતરણા, ભાતસા, તાનસા, વિહાર અને તુલસીમાંથી દરરોજ લગભગ ૩,૯૫૦ મિલ્યન લિટર પાણી પુરવઠો કરવામાં આવે છે, તેમાંથી એકલા ભાતસામાંથી લગભગ ૨,૦૦૦ એમએલડી પાણી મળે છે

### પાણીપુરવઠા માટે ટનલ બનાવનારી દેશની એકમાત્ર પાલિકા

પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ જણાવ્યું હતું કે દુનિયાની સૌથી મોટી પાણીપુરવઠા યોજનામાંની એક મુંબઈની પાણીપુરવઠા વ્યવસ્થા છે. પાણીપુરવઠા માટે વોટર ટનલનું બાંધકામ કરનારી મુંબઈ મહાનગરપાલિકા ભારતની પહેલી સ્વરાજ્ય સંસ્થા છે. તો લગભગ ૧૦૦ કિલોમીટર લંબાઈની વોટર ટનલ ધરાવનાર મુંબઈ એ વિશ્વનું બીજી શહેર છે. પાણીના વિતરણ વ્યવસ્થામાં એક પ્રભાવી પર્યાય તરીકે વોટર ટનલનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વોટર ટનલ મારફત પાણીનું વહન કરવાથી ગળતર તેમ જ વિતરણમાં થતા પાણીના વેડફાટ પર પ્રભાવી રીતે નિયંત્રણ મેળવી શકાય છે. ■

## સુનેત્રા પવારે

અજિત પવારે બજેટની તૈયારીનો ૯૦ ટકાથી વધુ ભાગ પૂર્ણ કર્યો હતો. તેમણે વિભાગીય બેઠકો યોજી હતી અને જોગવાઈઓ સુધારી હતી. હવે ફક્ત અંતિમ સ્પર્શ આપવાનો અને યોગ્ય સમયે કેટલાક ફેરફારો સૂચવવાનો બાકી છે. આ કાર્ય કરવા માટે, નાણા વિભાગનો સંપૂર્ણ અભ્યાસ જરૂરી છે, તેથી ફડણવીસે આ ખાતું પોતાની પાસે રાખ્યું છે.

### સંકલનમાં લેવાયેલો નિર્ણય

ભાજપે આ ખાતું એનસીપી પાસેથી છીનવી લીધું છે તેવી કોઈ ચર્ચા ટાળવા માટે, ફડણવીસે એનસીપીના વરિષ્ઠ નેતાઓ (પ્રફુલ્લ પટેલ, છગન ભુજબળ) સાથે સંકલન સાધ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, 'નાણા' ખાતું એનસીપીના નેતાઓની સંમતિથી મુખ્ય પ્રધાન પાસે રાખવામાં આવ્યું છે, જેથી બજેટ રજૂ કરતી વખતે કોઈ ટેકનિકલ સમસ્યા ન થાય.

### બજેટ પછી ઊથલપાથલ

સૂત્રોના જણાવ્યા અનુસાર, જો નાણા વિભાગ ફરીથી એનસીપી પાસે જવાનું હોય તો મોટી ઉથલપાથલની શક્યતા છે. સુનેત્રા પવારને નાણાં વિભાગ આપવો જોઈએ કે કોઈ વરિષ્ઠ, અનુભવી એનસીપીના નેતાને તેનો હવાલો સોંપવો જોઈએ તે અંગે વિવાદ થવાની શક્યતા છે. નાણાં વિભાગ એક મહત્વપૂર્ણ વિભાગ છે. રાજ્યના તિજોરીના સંચાલનથી લઈને ભંડોળ ફાળવવા સુધીની બધી ગણતરીઓ આ વિભાગ સાથે સંબંધિત છે. તેથી, ઘણા લોકો એ વાત પર પણ ધ્યાન આપી રહ્યા છે કે બજેટ રજૂ થયા પછી ભાજપ આ ખાતું એનસીપીને પાછું આપશે કે એનસીપીની અંદર ઝઘડા થશે. જો એનસીપીનું વિલીનીકરણ થાય અને શરદ પવારનું જૂથ સત્તામાં આવે છે, તો આ ખાતા માટે દાવેદારો વધશે. તેથી, રાજ્યના બજેટ અધિવેશન પછી મોટી રાજકીય ઉથલપાથલ જોવા મળે એવી શક્યતા છે. ■

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘોઘા હાલ અંધેરી - મુંબઈ નિવાસી, શ્રી જગત મનુભાઈ સંઘવી, (ઉં. વ. ૮૦) તા. ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ શનિવારના અરિહંત શરણ પામેલ છે, તે સ્વ. મનુભાઈ રાયચંદ સંઘવીના સુપુત્ર. સવ. તરુલતા સંઘવીના પતિ. ફિયોનિકા, ધ્વની, જેસલના પિતાશ્રી. તે પરેશભાઈ, સુકેતુભાઈ, મૃદુલાબેન શાહ, ઈલાબેન શાહના ભાઈ. તે પ્રતિભાબેન, ઈલાબેનના જેઠ. વિવેક ધૂપેલિયા, જય શાહ, વિશાલ શાહ અને દેવાંશી સંઘવીના સસરાજી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ફ્લેટ નં. ૮૦૨/૯૦૨ કલ્પચંદ્ર બિલ્ડીંગ, એસ.વી. રોડ, અંધેરી વેસ્ટ મુંબઈ ૪૦૦૦૫૮.

**માંગરોળ જૈન**

સ્વ. હીરાબેન મંગલદાસ કંપાણીના સુપુત્ર સતીષ (ઉં. વ. ૭૯) હાલ મુંબઇ તે શનિવાર તા. ૩૧-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કલ્પનાબેનના પતિ. અલ્પેશ, કુનાલના પિતાશ્રી. શીતલ, અસુમીના સસરા. અરીહા, આર્યનના દાદા. સ્વ. જયશ્રીબેન જયંતીલાલ પાકાના જમાઇ. સ્વ. ભરત, દિલીપ, કીરણ, કાકુ તથા પ્રતીમાબેન કોઠારી અને જ્યોત્સનાબેન ઠારના ભાઇ. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદ્રાબેન ત્રંબકલાલ ત્રિભોવનદાસના પુત્રવધૂ તે દિલિપભાઇના ધર્મપત્ની જયશ્રીબેન (ઉં. વ. ૭૨) તે પીનલ-ચિંતન, દિપાલી જીગરકુમાર, ભાવિકા રાજીવકુમારના માતુશ્રી. તે પિયરપક્ષે ગઢડા નિવાસી સ્વ. રંભાબેન શિવલાલ બગડિયાની સુપુત્રી. તે કમલેશ, રમીલાબેન-ચંદ્રકાન્ત, નયનાબેન-અરવિંદકુમાર, રાજુ-નિલેશકુમાર તથા ભાવનાના ભાભી. તે ક્રીશીવ, કેરવ. સાશ્વી અને તાશીના દાદી/નાની બંને પક્ષની પ્રાર્થના સભા તા. ૨-૨-૨૬ ના સોમવારે સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦. સ્થળ : જાસ્મીન બેન્કવેટ, ૪થા માળે, રમ્યુલીલા મોલ, પોઇસર, કાંદીવલી (વે.) (લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**પાટણ જૈન**

મુળ પાટન - કુંભારિયા પાડાના નિવાસી મુકેશભાઇ (રાજાભાઈ) તેઓ ચંદ્રાબેન રમણલાલ શાહ ના પુત્ર, કલ્પનાબેનના પતિ તેઓ અમિત અને વિનિતના પિતા, સોના અને જિનીતાના સસરાનું અવસાન થયું છે. મહેન્દ્રભાઈ, મુલચંદભાઈ, કલ્પનાબેન અને મિતિનભાઈ ના ભાઈ અને પ્રભાબેન પ્રતાપભાઈ ભોગીલાલ શાહના જમાઈ. લોકિક વ્યવહાર બંધ છે ૩૧ જાન્યુ. ૨૦૨૬, સાંજે ૫-૩૩.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડેપાના ચંપાબેન વસનજી શાહ/મારૂ (ઉં. વ. ૮૪) તા. ૩૧.૧.૨૦૨૬ના અવસાન પામ્યા છે. સુંદરબેન મોરારજી કોરશીના પુત્રવધુ. સ્વ. વસનજી મોરારજીના ધર્મપત્ની. મિનલ, રૂચીના માતુશ્રી. ડેપા દેવકાબેન/મમીબાઈ રામજી વેલજી ભીમશીના સુપુત્રી. હેમરાજ, તારાચંદ, ચોટીલા હેમકુંવર કાકુભાઈના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વસનજી મોરારજી શાહ : ૧૩, નરેશ સ્મૃતિ, બીજે માળે, વી.પી. રોડ, એસ.એલ. રોડ કોર્નર, મુલુંડ-વે., મુંબઈ-૮૦.

ભુજપુરના શ્રી નવિનચંદ્ર વિસનજી દેઢીઆ (ઉં. વ. ૯૩) તા. ૩૧-૧-૨૬ના અરિહંત શરણ પામ્યા છે. સ્વ. હેમલતાબેનના પતિ. માતુશ્રી મીઠાબાઇ વસનજી રતનશીના પુત્ર. વડાલાના માતુશ્રી મમીબાઇ વેલજી લધા નિસરના જમાઇ. હીના, પારૂલ, પ્રાચીના પિતાશ્રી. નવીનાર સાકરબેન ગાંગજી, બેરાજા મણીબેન નાગજી, મુંબઇ દિવ્યાબેન નરેન, ઉર્મીલાબેન વસનજીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ત્વચાદાન કરેલ છે. નિ. પ્રાચી સંજીવ નંદુ, એ-૧૦૦૨, એનીગ્મા, ઓબેરોય ટાવર, એલ.બી.એસ. માર્ગ, મુલુંડ (વે), મું.

કોડાયના માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી દેઢીયા (બનારસ) (ઉં. વ. ૯૬) તા. ૩૦-૧-૨૬ મુંબઇમાં અવસાન પામ્યા છે. વીરજી રતનશીના પુત્રવધૂ ખીમજીના પત્ની. શૈલેષ, ભરત, ભારતી, વિજય, કીરીટના માતુશ્રી. દેવશી પાંચારીયા, મેરાઉના દેવશી ધરમશીના પુત્રી. કોડાયના ઓભાયા દેવશી, મેરાઉના ખેતશી, કુંવરજી, મેઘજી, મોરારજી, ભીંસરાના કેસરબેન જેઠાલાલના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કીરીટ દેઢીયા, ૧૭૦૨, શ્રી સિદ્ધી વિનાયક એસઆરએઝેડ, ઇરાનીવાડી રોડ નં.૪, કાંદીવલી (વે.), મું. ૬૭.

## હિન્દુ મરણ

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ઉસરડ નિવાસી હાલ કાંદિવલી રમેશચંદ્ર લાભશંકર જાની (ઉં. વ. ૯૦) તે રમાબેનના પતિ. તૃપ્તિબેન, ધર્મેન્દ્રભાઈ, મેહુલભાઈના પિતા. પ્રદિપભાઈના સસરા. સ્વ. જેન્તિલાલ જે. ભટ્ટના જમાઈ. દિલીપભાઈ, જગદિશભાઈ, ચંદુભાઈ, વનરાજભાઈ, શારદાબેન, ચંદ્રિકાબેન, મંજુલાબેન, અનસુયાબેનના ભાઈ તા. ૨૯-૧-૨૬, ગુરુવારે કૈલાસવાસ પામ્યા છે. તેમની ટેલિફોનિક પ્રાર્થનાસભા તા. ૨-૨-૨૬, સોમવારે સાંજે ૩ થી ૬ રાખેલ છે.

**કપોળ**

મહુવા ગામના હાલ ભક્તિ પાર્ક, વડાલા ઇસ્ટ મુંબઇ ગં. સ્વ. નીલાબેન અનંતરાય ગાંધી તા. ૩૦-૧-૨૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે પારુલ, ચેતન, શૈફાલીના માતુશ્રી. સોહમના દાદી. તેમ જ રિષભ, જાહનવી, અદિતિ, અમોલના નાની. પિયર પક્ષે પ્રભુદાસ લાલદાસ મહેતાના દીકરી. તે હરિલાલ નરોત્તમદાસ ગાંધીના પુત્રવધૂ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**પરજિયા સોની**

ગામ તળાજા હાલ મુંબઇ સ્વ. સુરેન્દ્રભાઇ માધવજીભાઇ સાગરના ધર્મપત્ની ગં. સ્વ. માલતીબેન (ઉં. વ. ૭૭) તા. ૨૯-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે નૈના, મનોજ અને નિર્મલના મમ્મી. રાજીવ અને મીતાબેનના સાસુ. શૈલ, જશના દાદી. વેદા, દાનિયાના નાની. સ્વ. વજુભાઇ વશરામભાઇ મીનાવાલની દીકરી. પ્રાર્થનાસભા તા. ૨-૨-૨૬ના સાંજે ૫થી ૬. ઠે. હોલ ઓફ હાર્મની, નહેરુ સેન્ટર, વરલી.

**કચ્છી ભાટિયા**

ગ.સ્વ. રૂક્ષ્મણીબેન ભૂપેન્દ્રભાઈ કપાણી (ઉં. વ. ૮૬ ) તા. ૨૬મી એ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ભુપેન્દ્રભાઈ લીલાધર કપાણીના પત્ની, સ્વ. જયેશ, સૌ. જયશ્રી અરોરા, અલ્કેશના માતા. ભાવના, અલ્પા અને શ્રી મનમીત અરોરાના સાસુ, ચી. જયદિપ, સૌ કાવ્યા હ.સાવલા, ચી યશ, ચી હૃદયના દાદી. સૌ સિમી બી એલ્ડરના નાની, સ્વ. ચત્રભુજ વી. માતાની (અકોલા વાળા)ના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

લક્ષ્મીદાસ રણછોડદાસ દાવડા (ઉં. વ. ૯૫), હાલે ઉરણ નવી મુંબઇ તા. ૧-૨-૨૬ના રોજ રામશરણ પામ્યા છે. તે ગંગાસ્વરૂપ હીરાબેનના પતિ. જ્યોતી દિપક રામાણી, મોહન, વસંત અને મહેશના પિતા. મહાલક્ષ્મી મોહન, નિતા વસંત અને લતા મહેશના સસરા. મોંગીબેન, જીવરામ, હિરજી, ઝવેરબેન, ઠાકરસી, વિઠ્ઠલદાસના ભાઈ, વિરજી માવજી કક્કડ, રતાડીયાના જમાઈ. માનસી કપિલ તન્ના, ભૂષણ, જસનીલ, આયુશી દર્શન પાઠક, યક્ષા મીત ઘેરાઈ અને સાક્ષીના દાદા. પ્રાર્થનાસભાઃ તેરાપંથી સભાગૃહ વણી આલી ઉરણમાં તા. ૨.૨.૨૦૨૬ રોજે ૪.૩૦ થી ૬.

**ખંભાત દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

હાલ અંધેરી નિવાસી જ્યોતિબેન (ઇલાબેન). નવીનભાઈ શાહના પત્ની, સ્વ. કપિલાબેન મનુભાઈ શાહ (જયપુરવાલા)ના પુત્રી. ધનિલ, પ્રશાંતના માતુશ્રી, દિપાલી, અમીના સાસુ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. પ્રભાબેન, દક્ષાબેન, દિપકભાઈના ભાભી. આશ્કા, દ્વિતી, દિયા, દ્વિશાના દાદી શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૨/૨/૨૬ સોમવારના રોજ જાનકી હોલ, ભવન્સ કોલેજની બાજુમાં અંધેરી વેસ્ટ, ૫થી ૭માં રાખેલ છે.

**ઇડર ઔદિચ્ય સત્તાવીશ જ્ઞાતિ**

લોલાસણ નિવાસી, હાલ મલાડ નારાયણદાસ રેવશંકર ઉપાધ્યાય (ઉં. વ. ૯૨) તે ૨૮/૧/૨૬ના દેવલોક પામેલ છે. તે સવિતાબેનના પતિ. નરેશ, આશા, નિલા તથા હિનાના પિતા. જાગૃતિ, જયેશકુમાર, રાકેશકુમાર, ધનંજયકુમારના સસરા. સ્વ. વાસુદેવભાઈ, ચંપકભાઈ, કાંતિભાઈના ભાઈ. કપોડા નિવાસી ગુણવંતલાલ દેવશંકર વ્યાસના બનેવી. તેમની પ્રાર્થનાસભા ૨/૨/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે ઇડર ઔદિચ્ય સતાવીશ જ્ઞાતિ મંડળ, સિદ્ધાર્થ ટાવર પાસે, કસ્તુરબા પાર્ક, ટીપીએસ ૫૦ શીમ્પોલી બોરીવલી વેસ્ટ.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામસલાયા હાલ દહિસર મુંબઈ ગં. સ્વ. મુક્તાબેન તથા સ્વ. જમનાદાસ કરસનદાસ કાનાણી (વિરપરીયા)ના પુત્ર વસંતરાય (ઉં. વ. ૬૯) તે તા.૩૦.૦૧.૨૬ના શ્રીજી ચરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. સ્વ.મોહનલાલ માવજી ગુગરીયા (કોઠારા કચ્છ)ના જમાઈ. તે સ્વ. મંજુલાબેન ભગવાનદાસ સુબા, ગં.સ્વ. દિનતાબેન જયેશભાઇ પાબારી, જયસુખભાઇ, મનોજભાઈના ભાઈ. વર્ષાબેન, ફાલ્ગુનીબેનના જેઠ. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દમણીયા દરજી વૈષ્ણવ**

હાલ જોગેશ્વરી, નિવાસી વ્રજલાલ દામોદર દમણીયા (ઉં. વ. ૮૭) તા. ૩૦/૦૧/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઉમીયાબેન અને દામોદર નારાયણદાસના પુત્ર, તે રમણબેન અને રતિલાલ સુરતીના જમાઈ. તે પદ્માબેનના પતિ. સ્વ. પ્રવીણભાઈ, સ્વ. અરવિંદભાઈ, સ્વ. અનિલભાઈ, નરેન્દ્રભાઈ, સ્વ. ભાગીરથીબેન, નિર્મલાબેન, દેવીયાનીબેનના ભાઈ. તે હેમાંગી અને દીપક કાપડિયા, દિના અને દિલીપ બિલ્લીમોરિયા, અલ્પા અને મનીષદાસના પિતા. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઉત્તર ગુજરાત બ્રહ્મક્ષત્રિય**

ગોળા નિવાસી હાલ મુંબઈ-ગોરેગામ ભગવાનદાસ મોહનલાલ માધુ (ઉં. વ. ૮૧) શુક્રવાર, તા. ૩૦-૦૧-૨૬ના શ્રીરામશરણ થયા છે. તે નિર્મળાબેનના પતિ. તે કેતન, મીનળ, રિદ્ધી ના પિતાશ્રી. તે ભારતી અને શૈલેષકુમારના સસરા, તે નિશીના દાદા. ગોદાવરીબેન, સ્વ. નવીનભાઈ અને સ્વ. કિર્તીભાઈના મોટાભાઈ. તેમની પ્રાર્થનાસભા, સોમવાર, તા. ૨-૨-૨૦૨૬ના સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે સરદાર વલ્લભભાઈ પટેલ હોલ જવાહર નગર, એસ.વી. રોડ, સીટી સેન્ટરની સામે, ગોરેગામ (વેસ્ટ).

**મોઢ વણિક**

સ્વર્ગીય પ્રવીણ જમનાદાસ ભાઠા (ઉં. વ. ૭૮), મૂળ વતન જામનગર, હાલ સાન્તાક્રુઝ મુંબઈ, તા. ૩૧/૧/૨૦૨૬ ના શ્રીજી ચરણ પામેલ છે. ભાગીરથી જમનાદાસ ભાઠાના પુત્ર. હંસાબેનના પતિ. બંસીના પિતાશ્રી. નટવરલાલ ગોરધનદાસ પારેખના જમાઈ. પુષ્પાબેન રમેશચંદ્ર પરીખ, ચંદ્રીબેન પ્રમોદરાય મણીયાર, ઇન્દુબેન કમલનયન શાહના ભાઈ. પ્રાર્થનાસભા તા ૨/૨/૨૬ ના રોજ ૫ થી ૭ કલાકે વૈશ્ય સમાજ હોલ, ત્રીજો માળ, મારુતિ વર્કશોપ ની બાજુમાં, દત્તપાડા રોડ, બોરીવલી ઇસ્ટ રાખેલ છે.

**પરજીયા સોની**

ગઢડા સ્વામીના નિવાસી સ્વ. સોની કુંદનબેન ભાસ્કરભાઈ ધકાણ (ઉં. વ. ૮૦) તે ૨૯/૧/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. ભાસ્કરભાઈ ધીરજલાલ ધકાણના પત્ની. સ્વ. કિશોરભાઈ, સ્વ. અનુભાઈ, દેવીબેન પ્રવિણકુમાર સલ્લા ના ભાભી. સ્વ. નવીન, નિલેશ, અતુલ તથા વર્ષા સંજય ખખ્ખરના માતુશ્રી. રેખાબેન તથા કોમલના સાસુ. સ્વ. અમૃતલાલ દાનાભાઇ સાગરના દીકરી. તેમની પ્રાર્થનાસભા ૨/૨/૨૬ના સવારે ૧૧ થી ૧૨ કલાકે સોની વાડી, શીમ્પોલી સિગ્નલ, બોરીવલી વેસ્ટ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

ગં.સ્વ.સરલાબેન શાંતિલાલ બદિયાણી (ઉં. વ. ૮૪) મુળ ગામ જામ સલાયા હાલ ડોમ્બિવલી,તે અતુલ,મિલન, સ્વ. રીટા જીતેન્દ્ર માવાણી, કિરણ હિરેન ભૂપતા, કિશોરી શૈલેશ વસાણી,જાગૃતિ રામ ભાટીયાના માતુશ્રી,તે ગીતા તથા ડિમ્પલ ના સાસુ, નીલ, વત્સના દાદી,જયંતિલાલ ભગવાનદાસ બદીયાણી ના ભાભી. રામકુંવર કાકુભાઇ માવાણી (દ્વારકા વાળા)ના દિકરી.તા. ૩૧/૧/૨૦૨૬ રોજ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા સોમવાર તા.૨/૨/૨૦૧૬ ના રોજ ૪.૩૦ થી ૬.૦૦ ભાનુશાલી સભાગૃહ, નાંદિવલી રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ) ખાતે રાખેલ છે.

**વીસા સોરઠિયા વણિક**

બીપીન રામદાસ શાહ (ઉં. વ. ૭૫) પોરબંદરવાળા હાલ કાંદિવલી, કલકત્તાવાળા મનમોહનદાસ લાલજીના જમાઇ. ચારૂ શાહના પતિ. ભૈરવી, માનસી અને અમિતના પિતા. કવિન, ધીરજ, ધરતીના સસરા. નીલમબેન, વસુબેન, ઉપેનભાઇના ભાઇ. પરમધામ પધાર્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## નાકાબંધીથી

જાણવા મળ્યું હતું કે શેટ્ટીની બિલ્ડિંગથી બે બિલ્ડિંગ પહેલાં જ આરોપીએ સ્કૂટર પાર્ક કર્યું હતું. પછી શેટ્ટી ટાવરની રેકી કરીને શૂટરે ગોળીબાર કર્યો હતો. ગોળીબાર પછી ભાગીને તે ફરી સ્કૂટર પાસે આવ્યો હતો. સ્કૂટર તુલિપ સ્ટાર હોટેલ નજીકના સિગ્નલ પાસે પહોંચી ત્યારે પોલીસની નાકાબંધી જોઈ શૂટર ડરી ગયો હતો. તેણે ઉતાવળે ૧૦મા રોડ પરથી યુટર્ન લીધો હતો અને જૂહુ ચર્ચ પહોંચ્યો હતો.

ચર્ચ પાસે સ્કૂટર છોડી આરોપી રિક્ષામાં ફરાર થયો હતો. કહેવાય છે કે પહેલાં તેણે રિક્ષા ડ્રાઈવરને કલ્યાણ લઈ જવાનું કહ્યું હતું, પરંતુ આટલે દૂર જવાની તેણે ના પાડતાં આરોપી જૂહુ ચોપાટી ગયો હતો. ત્યાંથી બીજી રિક્ષામાં તે સ્ટેશને પહોંચ્યો હતો અને પછી કલ્યાણ ગયો હતો. કલ્યાણથી તે ટ્રેનમાં પુણે પહોંચ્યો હતો. દરમિયાન પોલીસે સીસીટીવી ફૂટેજને આધારે સ્કૂટરને ચર્ચ પાસેથી તાબામાં લીધું હતું. તેના રજિસ્ટ્રેશન નંબરને આધારે પોલીસ સ્કૂટરના મૂળ માલિક સુધી પહોંચી હતી, જે પુણેનો વતની હોવાનું જાણવા મળ્યું હતું. સ્કૂટરના માલિકે જેને સ્કૂટર વેચ્યું હતું તેની માહિતી મેળવી પોલીસ આરોપીઓ સુધી પહોંચી હતી. ■

## નરેશ અરોરા

મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી દરમિયાન, પુણે ક્રાઇમ બ્રાન્ચે અરોરાની કાર્યાલય પર દરોડા પાડ્યા હતા. ત્યારબાદ, અજિત પવારે સ્પષ્ટતા કરી હતી કે આ પ્રક્રિયામાં કોઈ વાંધાજનક બાબત કે કોઈ અનિયમિતતા મળી નથી. ઉપરાંત, રાષ્ટ્રવાદી પાર્ટી નરેશ અરોરા અને તેમના સંગઠન 'ડિઝાઇનબોક્સ્ડ' ની પાછળ મજબૂતીથી ઉભી રહી હતી, પરંતુ હવે તેમનું પત્તું કપાઈ જતાં રાજકીય વિશ્લેષકોમાં અનેક ચર્ચા ચાલી રહી છે.

આ કાર્યવાહી દ્વારા એનસીપીના નેતાઓને સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે જે વ્યક્તિ શરદ પવારના સંપર્કમાં જોવા મળશે તેને કાર્યવાહીનો સામનો કરવો પડશે, જેને કારણે અત્યારે એનસીપીના નેતાઓમાં ગભરાટનું વાતાવરણ છે. ■

## ટાઇમ રહતે લાઇન પે

હતો, જેમાં ગોળીબારની જવાબદારી બિશ્નોઈ ગૅન્ગે સ્વીકારી હોવાનો ઉલ્લેખ હતો. શુભમ લોણકરને મુંબઈ પોલીસ બાબા સિદ્દીકી હત્યા કેસમાં શોધી રહી છે. બાન્દ્રામાં ગોળીબાર કરી એનસીપીના વિધાનસભ્ય બાબા સિદ્દીકીની હત્યા કરવાના કેસમાં પુણેનો શુભમ લોણકર ફરાર છે.

ધમકી ભર્યા મેસેજની શરૂઆત રામ રામ જય બજરંગ બલીથી કરવામાં આવી હતી. આગળ લખવામાં આવ્યું હતું કે આજે ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના ઘર પર જે ગોળીબાર થયો છે તેની જવાબદારી શુભમ લોણકર, આરઝૂ બિશ્નોઈ, હરી બૉક્સર અને હરમન શંધુ સ્વીકારે છે.

ફેસબુક પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે અમે ઘણી વાર તેને મેસેજ મોકલાવ્યા કે અમારા કામમાં માથું ન મારે, પણ તે સમજતો નથી. એટલે આ નાનું ટ્રેલર બતાવ્યું છે. તેમ છતાં તો તેને અમારી વાત સમજમાં નહીં આવે તો ઘરની અંદર બેડરૂમમાં ગોળી ચલાવવામાં આવશે... તેની છાતી પર.

મેસેજમાં વધુમાં લખવામાં આવ્યું હતું કે પૂરા બોલીવૂડને અમારી ચેતવણી છે કે સમયસર સુધરી જાઓ, નહીં તો બહુ બૂરા હાલ થશે. બાબા સિદ્દીકી કરતાં પણ બૂરી વલે થશે તમારી. અમે જે લોકોને ફોન કર્યા છે એ લોકો સમયસર લાઈન પર આવી જાઓ, નહીંતર છુપાવા માટે જગા ઓછી પડશે તમને અને જેટલા પણ અમારા દુશ્મન છે તેમની સાથે ટૂંક સમયમાં જ મુલાકાત થશે.

પોસ્ટમાં અંતમાં લખવામાં આવ્યું હતું કે થોભો અને રાહ જુઓ... છેલ્લે ખાસ નોંધ મૂકવામાં આવી હતી કે એક જ હતો... એક જ છે અને એક જ રહેશે લૉરેન્સ બિશ્નોઈ ગ્રૂપ. જોકે આ ધમકીભર્યો મેસેજ ગણતરીની મિનિટમાં જ ડિલિટ કરી નાખવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ભૂતકાળની ઘટનાઓનું વિશ્લેષણ કરીએ તો આ બિશ્નોઈ ગૅન્ગની મોડસ ઑપરેન્ડી છે. આ ટોળકી દ્વારા સોશ્યલ મીડિયા પર પોસ્ટ મૂકવામાં આવે છે અને પછી તરત તેને ડિલિટ કરવામાં આવે છે. પછી આ મેસેજનો સ્ક્રીનશૉટ સોશ્યલ મીડિયા પર વાયરલ કરવામાં આવે છે. આનાથી પોલીસ પોસ્ટનો યુઆરએલ શોધી શકતી નથી અને પોસ્ટ ક્યાંથી કરવામાં આવી હતી તેનું લૉકેશન ટ્રેસ કરી શકતી નથી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# ધર્મતેજ

મનન

# સમુદ્રનાં ચૌદ રત્ન...

હેમંત વાળા
feedback@bombaysamachar.com



સમુદ્ર મંથનના પૌરાણિક પ્રસંગ વિષે તો બધા જાણે જ છે. આ મંથનને અંતે જે ચૌદ રત્નો નીકળ્યાં તેમની વિશેષ સમજ જરૂરી છે. આ ચૌદ રત્નો કોની કોની પાસે પહોંચ્યાં, તે જોતાં એક પેટર્ન નજરે ચડે છે. અસ્તિત્વનું કયું તત્ત્વ કેવાં પ્રકારની પરિસ્થિતિ કે વસ્તુ કે સહયોગની અપેક્ષા રાખે છે તે સમજવું જરૂરી છે.

ઈચ્છા પૂરી કરનાર કામધેનુ ગાય જે ઋષિ વશિષ્ઠને, તેઓ નિર્વિઘ્ને ક્રિયાકાંડ અને જ્ઞાનયજ્ઞ સમાન ગુરુકુળમાં પ્રવૃત્ત રહી શકે તે માટે આપવામાં આવી. સફેદ દિવ્ય ઉચ્ચૈશ્રવા અશ્વ દેવોના રાજા ઇન્દ્રદેવને તેમની સત્તાના વર્ચસ્વ અનુસાર આપવામાં આવ્યો. ઈન્દ્રની રાજસત્તાને અનુરૂપ ઐરાવત હાથી પણ તેને જ આપવામાં આવેલો. પવિત્રતાના પ્રતીક સમું અમૂલ્ય રત્ન કૌસ્તુભમણિ શ્રીહરિ વિષ્ણુએ પોતાનાં હૃદય પર ધારણ કર્યો. ધર્મ અને વિજયના પ્રતીક સમાન ગણાતો પંચજન્ય શંખ પણ શ્રીવિષ્ણુએ ધારણ કર્યો. સંપત્તિ અને સમૃદ્ધિની દેવી લક્ષ્મીએ ભગવાન વિષ્ણુનું પાણિગ્રહણ કર્યું.

દરેક ઇચ્છિત વસ્તુની પૂર્તિતા કરવા સમર્થ દિવ્ય કલ્પવૃક્ષને દેવતાઓના નંદનવનમાં સ્થાન મળ્યું. તેવી જ રીતે અદ્ભુત સાત્વિક અને આનંદિત સુવાસ પ્રસારતું પારિજાત ફૂલ પણ ઇન્દ્રલોકને અર્પિત કરાયું. દિવ્ય સ્ત્રીઓ, અપ્સરાઓને સ્વર્ગમાં કાયમી સ્થાન મળ્યું. દૈવી વૈદ્ય ધન્વંતરીનો દેવતાઓએ સ્વીકાર કર્યો. શીતળતા અને સૌમ્ય પ્રકાશના પ્રતિક સમો ચંદ્ર શિવજીના મસ્તક પર સ્થાપિત થયો. મતિભ્રષ્ટ કરવા સમર્થ વારુણી અર્થાત મદિરા દાનવોએ ગ્રહણ કરી. સૃષ્ટિનું રક્ષણ કરવા સમુદ્ર મંથન વખતે નીકળેલ હળાહળ વિષનું મહાદેવ એ પાન કર્યું અને નીલકંઠ બન્યાં. અંતે પ્રાપ્ત થયેલ અમૃત માટે દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ થયું. યુદ્ધનો ઉકેલ લાવવા મોહિની સ્વરૂપ ધારણ કરી શ્રી વિષ્ણુએ દેવોને અમૃત પાન કરાવ્યું જેનો લાભ રાહુ અને કેતુએ પણ લઈ લીધો.

આ મંથનમાંથી ત્રણ પ્રાણીઓ રત્ન તરીકે નીકળ્યાં; કામધેનુ, ઉચ્ચૈશ્રવા અને ઐરાવત. આમાંથી એક વશિષ્ઠ ઋષિ પાસે અને બે ઇન્દ્ર પાસે ગયાં. લીલોતરીને લગતાં બે રત્નો હતાં, પારિજાત અને કલ્પવૃક્ષ. બંનેને દેવતાઓનાં સ્થાનકમાં સ્થાન મળ્યું. માનવીના સ્વરૂપમાં ચાર રત્નો પ્રગટ થયા; લક્ષ્મી, ચંદ્ર, ધન્વંતરી અને અપ્સરા. માતા લક્ષ્મી શ્રીહરિને વરી, ધનવંતરી અને અપ્સરાઓને સ્વર્ગ લોકોમાં સ્થાન મળ્યું જ્યારે ચંદ્ર મહાદેવના ભાલની શોભા બન્યો. પદાર્થ રૂપે બે રત્ન મળ્યાં, કૌસ્તુભમણિ અને પંચજન્ય શંખ. જગતના પાલક શ્રીહરિએ આ બંને પોતાની પાસે રાખવું માન્ય રાખ્યું. પ્રવાહી સ્વરૂપે ત્રણ રત્નો, મદિરા, અમૃત અને હળાહળ પ્રાપ્ત થયાં. મદિરા દાનવોએ ગ્રહણ કરી જ્યારે અમૃત મુખ્યત્વે દેવો પ્રાપ્ત કરી શક્યા. હળાહળ મહાદેવએ ગ્રહણ કર્યું. આમ જોવા જઈએ તો દેવતાઓ પાસે કામધેનું, ઉચ્ચૈશ્રવા, ઐરાવત, કલ્પવૃક્ષ, પારીજાત, ધનવંતરી, અપ્સરા, અમૃત - અને જો વિષ્ણુનો સમાવેશ કરીએ તો કૌસ્તુભમણિ, લક્ષ્મીજી, પંચજન્ય પહોંચ્યાં. મહાદેવે ચંદ્ર અને હળાહળનો સ્વીકાર કર્યો. જ્યારે દાનવોને માત્ર મદિરાથી સંતોષ માનવો પડ્યો.

અહીં એક વસ્તુ સમજમાં આવે છે. દરેક પદાર્થની, તત્ત્વની, અસ્તિત્વની એક પ્રકૃતિ હોય. આ પ્રકૃતિ સ્વાભાવિક રીતે કેટલીક ચોક્કસ પ્રકૃતિ તરફ આકર્ષાય. આ આકર્ષણ બંને તરફનું હોય. એમ જણાય છે કે લોહચુંબકના ઉત્તર અને દક્ષિણ ધ્રુવ વચ્ચેના આકર્ષણ જેવી આ ઘટના રહે. ઉત્તર ધ્રુવ દક્ષિણ ધ્રુવને આકર્ષે અને તેવી જ રીતે દક્ષિણ ધ્રુવ ઉત્તર ધ્રુવને. પદાર્થ, તત્ત્વ કે અસ્તિત્વની જે પ્રકૃતિ હોય તે કોઈ ચોક્કસ પ્રકૃતિને આકર્ષે પણ ખરી અને કોઈ ચોક્કસ પ્રકૃતિ પ્રત્યે આકર્ષાય પણ ખરી. દિવ્ય પશુ કે દિવ્ય વનસ્પતિ દિવ્યતા તરફ આકર્ષાય અને તે જ દિવ્યતા દિવ્ય પશુ તથા લીલોતરીને આકર્ષે. આ સમગ્ર વ્યવસ્થાનો ક્યાંય વિરોધ ન થાય, વિરોધ શક્ય પણ નથી. દાનવો ઈચ્છે તો પણ દિવ્ય પરિસ્થિતિ પ્રત્યેનો તેમનો લગાવ સ્થાપિત ન થઈ શકે અને તેથી અમુક બાબતો દેવો કે ઋષિઓને જ પહોંચે. દાનવોને આ માન્ય પણ હોય. તેવી જ રીતે જ્યારે મદિરા દાનવો ગ્રહણ કરે ત્યારે દેવોને તે માટે વિરોધ ન હોય. એમ કહી શકાય કે અહીં પોતાની રુચિ અને પ્રકૃતિ પ્રમાણે જે તે પરિસ્થિતિની પસંદગી થઈ હશે. સૃષ્ટિનો આ જ નિયમ છે.

અમુક પદાર્થ, તત્ત્વ કે અસ્તિત્વની પ્રકૃતિની વિશેષ ખાસિયતને કારણે તેનાથી ન કશું આકર્ષાય કે તે ન કશાથી આકર્ષાય. હળાહળ એ પ્રકારની ઘટના કહેવાય. ન હળાહળ કશાની અપેક્ષા રાખી શકે કે ન અન્ય કોઈ હળાહળને સ્વીકારવા ઈચ્છુક હોય. આવી પરિસ્થિતિ એટલી નકારાત્મક હોય કે તેની સાથેની સંલગ્નતા માટે કોઈ પણ ઈચ્છુક ન હોય. સાથે સાથે આવી પરિસ્થિતિમાં કોઈ પણ પ્રકારના ઉમેરાની સંભાવના ન રહે. આવી અત્યંત પરિસ્થિતિ જ્યારે અસ્તિત્વમાં આવે, જ્યારે કોઈપણ પ્રકારે કોઈ પણ સ્વરૂપે તેની સ્વીકૃતિ આવશ્યક બને ત્યારે કોઈ વિરલ આગળ આવે.


ભલે વિષ્ણુના અવતાર કૂર્મ પર મંદરાચલ મૂકી, વાસુકી નાગનો દોરડા તરીકે ઉપયોગ કરી, દેવો અને દાનવો દ્વારા સંયુક્ત રૂપે સમુદ્રમંથન કરાયું હોય, ભલે આ મંથનને પરિણામે ચૌદ રત્નો પ્રાપ્ત થયાં હોય, તોપણ ગ્રાહક, ગ્રહણ અને ગ્રાહ્યની મૂળભૂત પ્રકૃતિ અનુસાર ચૌદ રત્નની વહેંચણી થઈ છે. આમાં ક્યાંય ગણિત નથી, વ્યવહાર નથી, સંતુલન નથી, સમીકરણ નથી. આ તો માત્ર રુચિ, પ્રકૃતિ અને સ્વીકૃતિનો ખેલ છે. અંત ભાગમાં એક સાત્વિક હેતુ માટે આચરવામાં આવેલું કપટ પણ છે. પણ આ કપટના મૂળમાં પણ રુચિ, પ્રકૃતિ અને સ્વીકૃતિનો જ ખેલ છે, જો તેમ ન હોત તો મોહિની દાનવોને આટલું ભ્રમિત ન કરી શકત. ■

# મા-બાપ આકાર આપે છે, ગુરુ સંસ્કાર આપે છે...

માનસ મંથન



મોરારિબાપુ
feedback@bombaysamachar.com



બાપ ! આજે મેં એક સૂત્ર સાંભળ્યું જે મને ગમ્યું. મેં સૂત્ર સાંભળ્યું કે મા-બાપ આકાર આપે છે, ગુરુ સંસ્કાર આપે છે. આપણે એમ કહીએ છીએ કે મા બાપ સંસ્કાર આપે છે. અરે, મા-બાપ ખાક સંસ્કાર આપે છે! આજના અનેક નબળા મા-બાપ શું સંસ્કાર આપે છે? મા-બાપે સંસ્કાર આપવાની શરૂઆત કરી હોત તો વ્યાસપીઠનું કામ ઘણું સરળ થઈ જાય પરંતુ મા -બાપે ક્યાં એવા સંસ્કાર આપ્યા છે?

એક શિક્ષકે વિદ્યાર્થીઓને ક્લાસમાં કહ્યું, 'જેમ સ્કૂલમાં હાજરી પુરાય છે એમાં નામ બોલાય છે ત્યારે યસ સર કહેવામાં આવે છે. શ્રીકાંત ઉપાધ્યાય ? યસ સર. બકુલ પંડ્યા ? યસ સર. સંગીતાદેવી ? હાજર. તો શિક્ષકે બાળકોને કહ્યું કે બાળકો, હું તમારું નામ નહીં બોલું પણ જે બોલીશ તેમાં એ હાજર હોય તો 'યસ સર' કહી દેજો.' બાળકોએ કહ્યું ભલે સાહેબ, આપ જેમ કહો તેમ. શિક્ષકે કહ્યું 'અહંકાર?' કોઈ બોલ્યું, 'યસ સર.' દ્વેષ ? હાજર છે ! નીન્દાદેવી? કહે 'યસ સર.' કુથલી દેવી? યસ. બેઈમાની? હાજર. દંભ? યસ સર. જૂઠ? હાજર. ચોરી? હાજર. બધાં હાજરી પુરાવવા લાગ્યા કેમ કે બધા હાજર છે. અંતે શિક્ષકે પૂછ્યું કે 'સત્ય?' કોઈ જવાબ ન આવ્યો ! 'પ્રેમ ?' કોઈ જવાબ ન આવ્યો. 'કરુણા ?' જવાબ ન આવ્યો ! કે સત્ય, પ્રેમ, કરુણા આજે ક્લાસમાં નથી? જોયું તો ત્રણે દરવાજે ઊભા છે! શિક્ષકે જઈને પૂછ્યું કે તમે ત્રણેય કેમ બહાર ઊભા છો ? દરવાજે કેમ ઊભા છો ? તો ત્રણેય કહ્યું કે વર્ગ એટલો બધો આખો ભરાયેલો છે કે અમને અંદર આવવાની જગ્યા જ ન મળી ! આપણા જીવનની પાઠશાળામાં અહંકાર, નિંદા, ઈર્ષા, દ્વેષ, બદલો લેવાની વૃત્તિ,બેઈમાની, ચોરી એ બધું ભર્યું છે. તેવે સમયે વર્ગમાં માત્ર ત્રણ વિદ્યાર્થીઓ ગેરહાજર જણાય છે. તત્ત્વતઃ એ ગેરહાજર નથી હોતા,પરંતુ વર્ગની અંદર જગ્યા જ નથી ! બેસે કેવી રીતે ? આખો વર્ગ ભરેલો છે. તો, મૂળ વાત શું હતી ? માતા-પિતા આકાર આપે છે, સંસ્કાર બુદ્ધપુરુષ આપે છે. તો, સંસ્કાર મા-બાપ આપે છે, નથી આપતા એવું કહેવું યોગ્ય નથી, પરંતુ ખરા સંસ્કાર તો ગુરુ આપે છે. શાસ્ત્રોએ જેને સંસ્કાર કહ્યા છે એ સંસ્કારની અહીં વાત છે.

**देखहु तुम्ह निज कुलहि बिचारी।**
**भ्रम तजि भजहु भगत भय हारि।।**

લંકાના રાજદરબારમાં હનુમાનજી બંધનમાં છે. રાવણ વિરાજિત છે. રાવણને નિમિત્ત બનાવીને હનુમાનજી મને ને તમને વૈશ્વિક સંબોધન કરે છે. વૈશ્વિક સૂત્રોનું ઉદઘાટન કરે છે. 'સુંદરકાંડ'થી તો આપ બધાં પરિચિત છો જ. એક સત્તાને સંત ઉદબોધન કરે છે. સરકાર અને સંસ્કાર બંને ભેગાં મળે ત્યારે વિશ્વની શાંતિ માટે બહુ સારાં લક્ષણો ઊભાં થાય. બહુ જ મધુર, શાશ્વત અને સાર્વભૌમ પ્રસંગ છે. દુનિયાના કોઈ પણ માનવીને આ પ્રસંગ સ્પર્શ કરે છે. સત્તાને હનુમાનજી જેવા સંત ઉદબોધન કરે છે.

હનુમાનજી મહારાજ રાવણના દરબારમાં જે સુંદર ચર્ચા કરે છે, જે વૈશ્વિક ચર્ચા છે, એનો આશ્રય લઈને હું ને તમે આપણું જીવનદર્શન કરીએ.

સભાને સંબોધન કરનારા પુરાણોમાં, મહાભારતમાં, રામચરિતમાનસમાં ઘણા સુંદર લોકો મળ્યા, પણ એક બંદરે સભાને સંબોધન કર્યું હોય એવો આ પહેલો પ્રસંગ છે. 'સુંદરકાંડ'માં શું સુંદર નથી? એવી સુંદર લંકા, એની સુંદર સભાને એક બંદર સંબોધન કરી રહ્યો છે! મૂંછવાળાને પૂંછવાળો સંબોધન કરી રહ્યો છે. અને મૂંછવાળા માર ખાઈ ગયા છે, પૂંછવાળા જ જીત્યા છે.

ત્રીજા અર્થમાં, સત્તાને એક સંત સંબોધન કરી રહ્યું છે. ચોથા અર્થમાં, લંકેશને કપીશ સંબોધન કરી રહ્યો છે. '**जय कपिस तिहुँ लोक उजागर ।**' મંડલિકમાં રાવણનું સામ્રાજ્ય છે, પણ મારો હનુમાન એ તો 'તિહુઁ લોક ઉજાગર' છે. ગઈ કાલે મેં કહ્યું હતું કે જેને ઇન્દ્રજિતે બાંધ્યા છે એ બંધનમાં રહેવું વ્યક્તિત્વ એક સ્વચ્છંદીને સંબોધન કરી રહ્યું છે. શાસ્ત્ર જાણવા છતાંયે શાસ્ત્રનું વર્તન ન કરે, આ બધાં પાતકી છે, સ્વચ્છંદી છે.

તો શાસ્ત્રને ક્યારેક-ક્યારેક ચૂકી જનારને શાસ્ત્રવેતા,વેદપારંગત,સામગાનમાં સકુશળ શ્રી હનુમાનજી સંબોધન કરે છે ! એક દ્વારપાળ બીજા દ્વારપાળને સંબોધન કરે છે! રાવણ નારાયણનો દ્વારપાળ છે અને હનુમાન...

**राम दुवारे तुम रखवारे होत न आज्ञा बिनु पईसारे ।**

એક દ્વારપાળ બીજા દ્વારપાળને વર્તન શીખવે છે કે દ્વારપાળે કેમ રહેવું જોઈએ ? અંદરનો માણસ ગમે તેમ રહે, કારણ કે દ્વાર બંધ છે. પણ દ્વારપાળને બધાં જોઈ શકે છે. તો એ દ્વારપાળે કેમ રહેવું એનું ઉદાહરણ હનુમાનજી પૂરું પાડે છે. અંદરનો માણસ ગમે તેમ રહે ભાઈ, પણ જાગરણની મહત્તા તો દ્વારપાળને છે.

આપણે ત્યાં સંસ્કૃતિ,આપણી પરંપરા આપણી સનાતનતા,એને આપણે શું કામ વારંવાર વજન દઈએ છીએ કે એ બચવી જોઈએ? કારણ કે આપણી પરંપરાનું સતત સ્મરણ કરવાથી માણસને સુધારવાનો મોકો ઊભો થાય કે મારી આ પરંપરા ! મારું આ કુળ ! મારી આ સ્થિતિ !


'સંસ્કાર' એ આપણા વાંગ્મયનો અદ્દભુત શબ્દબ્રહ્મ છે. સંસ્કાર ગુરુજન આપે છે, આચાર્યજન આપે છે. સાચા અર્થમાં વિદ્યા પ્રાપ્ત કરવા માટે સંસ્કાર પ્રાપ્ત કરવા માટે શારીરિક દ્રષ્ટિએ નહીં, પરંતુ વિચારની દ્રષ્ટિએ ગુરુની સન્મુખ રહેવું. અને ગુરુ જો ગતિ કરે તો એમની ગતિ પાછળ ચાલવું નહીં કેમ કે એની ગતિ પકડી શકાશે નહીં. તો એમને સન્મુખ રહી પાછે પગલે ચાલો. તો, આકાર અને સંસ્કારમાં મૂળભૂત રીતે ફેર છે. અને શાશ્વત સંસ્કર ગુરુ આપે છે.

– સંકલનઃ જયદેવ માંકડ ■

# તમારું તપ પત્નીના દુઃખનું કારણ થઈ ગયું છે શિવસૃષ્ટિમાં આવા તપને કોઈ સ્થાન નથી

શિવ રહસ્ય

ભરત પટેલ
feedback@bombaysamachar.com




અરણ્યકના જંગલોમાં ઋષિ મૃગંદુ અને તેની પત્ની સુતપા એક કુટિર બનાવી રહેતા હતા. ઋષિ મૃગંદુ શિવદર્શનના એટલા ઇચ્છુક થઈ ગયાં હતાં કે તેમને શિવભક્તિ સિવાય કંઇ જ સૂઝતું નથી. સવાર-બપોર-સાંજ-રાત ક્યાં વીતી જતી એ તેમને ખબર નહોતી પડતી. પત્ની સુતપા એકાંકી જીવન વ્યતિત કરી રહી હતી. એક રાત્રે સુતપાને પતિ સહવાસની ઇચ્છા થઈ આવી પણ પતિ ત્યારે પણ શિવલિંગ સમક્ષ બેસી શિવ આરાધનામાં મગ્ન હતા. ઘણી વખત બોલાવ્યા બાદ પણ ઋષિ મૃગંદુએ પોતાની આરાધનામાંથી બહાર ન આવ્યાં. કંટાળીને સુતપાએ ઋષિ મૃગંદુનો હાથ પકડી ખેંચી નાંખ્યો. ઋષિ મૃગંદુ બોલ્યા, સુતપા તમે આ શું કરી રહ્યા છો? વ્યથિત સુતપા બોલી, 'સ્વામિ મારી દુર્દશા તો જુઓ. લગ્ન બાદ હું એકાંકી અને એકલવાયુ જીવન વિતાવી રહી છું. તમે ફક્ત શિવ આરાધનામાં જ વ્યસ્ત છો. જો તમારે બ્રહ્મચર્ય જીવન જ જીવવું હતું તો મારી સાથે લગ્ન શું કામ કર્યાં.'

ઋષિ મૃગંદુએ જણાવ્યું, 'સુતપા હું પહેલેથી જ લગ્ન ઇચ્છુક નહોતો. તમારી જીદ અને મારી પત્ની બનવાનું ઝૂનુન મને તમારી સાથે લગ્ન કરવા ફરજ પડી. મારી પત્ની બનવાની તમારી પ્રબળ ઈચ્છા જોઈ તમારા પિતાએ મને તમારી સાથે લગ્ન કરવાનું કહ્યું. તમારા પિતા અને મારા ગુરુને દુઃખ ન થાય એ માટે મેં તમારી સાથે વિવાહ કર્યા, મારા જીવનનો પ્રથમ અને એકમાત્ર ઉદ્દેશ ભગવાન શિવના દર્શન છે અને ગૃહસ્થાશ્રમ તો ફક્ત વિકલ્પ છે. હવે મારી આરાધના પૂર્ણતાના આરે આવી પહોંચી છે. એકાદ મહિનામાં મારી આરાધના પૂર્ણ થઈ જશે. વિશ્વાસ રાખ તારી ઇચ્છા જરૂર પૂર્ણ થશે.' ક્રોધિત સુતપા ત્યાંથી નીકળી ફરી પોતાની કુટિરમાં જઈ માતા પાર્વતીની આરાધનામાં વ્યસ્ત થઈ જાય છે. થોડા જ સમયમાં તેનો સ્વર કૈલાસ સુધી પહોંચતાં માતા પાર્વતી પ્રસન્ન થઈ એની કુટિરમાં પહોંચે છે. માતા પાર્વતીઃ 'પુત્રી સુતપા, આંખ ખોલો, કહો શું સમસ્યા છે? હું તારી સમક્ષ છું.' સુતપા કહે છે, 'મારા પતિ ઋષિ મૃગંદુએ સમસ્ત ઋષિ સમાજ સમક્ષ મારી વરણી કરી હતી, આટલા વરસો વીતી ગયા હોવા છતાં તેઓ હજી બ્રહ્મચારી છે. માતા મને પુત્રરત્નની પ્રાપ્તિ થાય એવો માર્ગ દેખાડો.' માતા પાર્વતી કહે છે, 'પુત્રી થોડા જ સમયમાં ઋષિ મૃગંદુની આરાધના સમાપ્ત થશે અને તું એક તેજસ્વી અને જગતનું કલ્યાણ કરનાર એવા પુત્રની માતા બનશે. પ્રતિક્ષાના સમયને અસહ્યથી સહ્ય બનાવવાં તું પણ પતિ સાથે ભગવાન શિવની આરાધનામાં વ્યસ્ત થઈ જા. ભગવાન શિવ તારું કલ્યાણ કરશે, તારી મનોકામના પૂર્ણ થશે.

***

માતા પાર્વતી વરદાન આપી કૈલાસ પરત ફરી રહ્યા હતા. આકાશમાર્ગે જઈ રહેલા માતા પાર્વતીને દેવર્ષિ નારદ જોતાં જ તેમની પાસે પહોંચે છે.

દેવર્ષિ નારદઃ 'માતા તમે એકલા પરિભ્રમણ કરી રહ્યા છો? પ્રભુ ક્યાં છે?'

માતા પાર્વતીઃ 'દેવર્ષિ નારદ તમારી બુદ્ધિ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે હું ક્યાં ગઈ હતી.'

દેવર્ષિ નારદઃ 'માતા મારી બુદ્ધિ નહીં, મારી જિજ્ઞાસા જાણવાનો પ્રયાસ કરી રહી છે.'

માતા પાર્વતીઃ 'દેવર્ષિ નારદ! હું તમને જણાવી જ દઉં કે હું અરણ્યકના વનમાં ઋષિ મૃગંદુના પત્ની સુતપાને સાંત્વન આપી કૈલાસ જઈ રહી છું.'

દેવર્ષિ નારદઃ 'માતા તમારા સાંત્વનથી સુતપા અવશ્ય પ્રસન્ન થઈ ગઈ હશે.'

માતા પાર્વતીઃ 'પણ સાંત્વના આપીને હું પોતે પ્રસન્ન નથી, કારણ કે એક તેજસ્વી અને જગતનું કલ્યાણ કરનાર પુત્રની ઝંખના સેવતી સુતપાને ક્યારે પુત્ર પ્રાપ્ત થશે. ભગવાન શિવની કૃપા જ એની મનોકામના પૂર્ણ કરી શકે.'

દેવર્ષિ નારદઃ 'માતા તમે પ્રભુને વિનંતી કરી શકો છો, અન્યથા તમે તો જાણો જ છો કે સંસારના કણ કણમાં શિવ વ્યાપ્ત છે. તેઓ આપણી વાત સાંભળી જ રહ્યા છે. તેઓ તુરંત સુતપાને ન્યાય આપશે.'

માતા પાર્વતીઃ 'તમારું કલ્યાણ થાઓ નારદ!'

આટલું કહી માતા પાર્વતી કૈલાસ તરફ પ્રયાણ કરે છે.

***

બીજી તરફ ભગવાન શિવ માતા પાર્વતી અને દેવર્ષિ નારદની વાત સાંભળી સુતપાને ન્યાય આપવા તૈયાર થાય છે. તેઓ માતા પાર્વતી આવે તેની પ્રતિક્ષા કરે છે. થોડી જ ક્ષણોમાં માતા પાર્વતી કૈલાસ પહોંચે છે.

ભગવાન શિવઃ 'દેવી! તમારી અને દેવર્ષિ નારદની ચર્ચાનો અર્થ એ થાય છે કે મારે ઋષિ મૃગંદુની પત્ની સુતપાને તુરંત ન્યાય આપવો જોઈએ. તો ચાલો દેવી તમે ફરી મારી સાથે ચાલો.'

ભગવાન શિવ અને માતા પાર્વતી તુરંત અરણ્યકના વનમાં પહોંચે છે. તેઓ જુએ છે કે ઋષિ મૃગંદુ શિવ આરાધનામાં વ્યસ્ત છે અને તેની પત્ની સુતપા ઋષિ મૃગંદુની સેવામાં વ્યસ્ત છે.

ભગવાન શિવઃ 'ભક્ત મૃગંદુ આંખ ખોલો, હું તમારી સમક્ષ છું.'

ઋષિ મૃગંદુઃ 'પ્રભુ તમારા દર્શન પામી હું પ્રસન્ન છું.'

ભગવાન શિવઃ 'ભક્ત મૃગંદુ તમારે હાલ તમારી તપસ્યા ભંગ કરી પત્ની સુતપાની ઈચ્છા પૂર્ણ કરવી આવશ્યક છે. ત્યારબાદ તમ યુગલની તપસ્યા પૂર્ણ થશે અને તમને શિવલોકની પ્રાપ્તિ પણ અવશ્ય થશે.'

ઋષિ મૃગંદુઃ 'પ્રભુ શું તમે મારા બ્રહ્મચર્ય વ્રતને તોડવા કહી રહ્યા છો.'

ભગવાન શિવઃ 'ભક્ત મૃગંદુ, તમે મારા પ્રિય ભક્તમાંના એક છો, પણ તપસ્વીનું કર્તવ્ય સંસારના દરેક પ્રાણીમાત્રને પ્રસન્ન કરવાનું છે, નહીં કે હઠયોગથી કોઈને દુઃખ આપવાનું. તમારે લગ્ન કરતી વખતે વિચાર કરવો જોઈતો હતો. પત્નીની ઇચ્છાનો અનાદર યોગ્ય નથી. તમારું તપ તમારી પત્નીના દુઃખોનું કારણ થઈ ગયું છે. શિવસૃષ્ટિમાં આવા તપને કોઈ સ્થાન નથી. જાઓ પતિધર્મ નિભાવો અને દેવી સુતપાની આકાંક્ષાઓને પૂર્ણ કરો, તમારું કલ્યાણ નિશ્ચિત છે.'

***

બ્રહ્મલોક ખાતે બ્રહ્માજી દેવર્ષિ નારદને ઉપસ્થિત થવાનો સંકલ્પ કરે છે. દેવર્ષિ નારદ ઉપસ્થિત થાય છે.

દેવર્ષિ નારદઃ 'પરમપિતા બ્રહ્માજીને પ્રણામ, કહો શું આજ્ઞા છે?'

બ્રહ્માજીઃ 'તમે જાણો જ છો કે સંસારચક્રમાં થનાર બદલાવનો એક ગર્ભિત ઈશારો ભગવાન શિવ દ્વારા તેમની શિવલીલા દ્વારા જણાવવામાં આવે છે. ભગવાન શિવ દ્વારા હાલમાં જ ઋષિ મૃગંદુને પતિ ધર્મનું પાલન કરવાનું જણાવતાં તેમની પત્ની સુતપા ગર્ભવતી બની છે. ઋષિ મૃગંદુની બ્રહ્મવ્રત તોડવાની અનિચ્છા એક અલ્પઆયુ બાળક સુતપાના ગર્ભમાં ઉછરી રહ્યો છે.'

દેવર્ષિ નારદઃ 'પરમપિતા અલ્પ આયુ એટલે કેટલા વર્ષનું બાળક આ દંપતીને મળશે?'

બ્રહ્માજીઃ 'ફક્ત પાંચ વરસ છ દિવસ.'

દેવર્ષિ નારદઃ 'પરમપિતા આ વાત તેઓ જાણે છે?'

બ્રહ્માજીઃ 'નહીં પુત્ર! તેઓ જાણતા નથી. તમારે જ તેમને કહેવાનું છે.'

બ્રહ્માજીની આજ્ઞા થતાં જ દેવર્ષિ નારદ અરણ્યકના વનમાં ઋષિ મૃગંદુના આશ્રમ તરફ પ્રયાણ કરે છે.

***

દેવર્ષિ નારદ ઋષિ મૃગંદુના આશ્રમ પર પહોંચી જુએ કે દેવી સુતપા ભોજનશાળામાં પતિ ઋષિ મૃગંદુ માટે ભોજન તૈયાર કરી રહી હોય છે. ઋષિ મૃગંદુ સ્નાન કરી આશ્રમ તરફ આવતા દેખાય છે. દેવર્ષિ નારદ તેમની પાસે જાય છે.

ઋષિ મૃગંદુઃ 'સુતપા અને મૃગંદુની કુટિરમાં આપનું સ્વાગત છે દેવર્ષિ, કહો તમારી શું સેવા કરીએ.'

દેવર્ષિ નારદઃ 'શિવભક્ત મૃગંદુ પિતા બ્રહ્માજીનો એક સંદેશ આપવા આવ્યો છું.'

ઋષિ મૃગંદુઃ 'કહો દેવર્ષિ, પરમપિતાએ શું સંદેશ આપ્યો છે.'

દેવર્ષિ નારદઃ 'ઋષિવર, મને સંદેશ આપતા સંકોચ થાય છે.'

ઋષિ મૃગંદુઃ 'દેવર્ષિ કહો હું સાંભળવા તૈયાર છું.'

દેવર્ષિ નારદઃ 'ઋષિવર, તમારી અનિચ્છાએ ગર્ભવતી બનેલી તમારી પત્ની સુતપા ફક્ત પાંચ વર્ષ છ મહિનાના આયુષ્ય ધરાવતા બાળકને જન્મ આપશે.'

ઋષિ મૃગંદુઃ 'હે ભોળાનાથ! આ વિધાતાનો અન્યાય છે, સુતપાને આ અન્યાય શું કામ?'

(ક્રમશઃ)■

અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજ્યગુરુ
feedback@bombaysamachar.com

# ગુરુગમ પ્યાલા પિયા...



ભક્તિ અને ધર્મ એ આપણા ભારતીય જનજીવનનું એક અભિન્ન અંગ છે. સામાન્ય લોકસમાજમાં પણ પોતપોતાની આગવી ભક્તિ વિષયક માન્યતાઓ હોય છે. 'ભક્તિ' શબ્દ વ્યવહારમાં તો ભગવાનની સેવા કરવી કે ભગવાનની પૂજા કરવીના અર્થમાં વપરાતો આવ્યો છે. એમાં ભારતીય સંસ્કૃતિમાં વ્યાપી રહેલી પરમતત્ત્વ પ્રત્યેની ઉત્કટ ઝંખના અને ઉપાસના પ્રણાલીનું નિદર્શન થયું છે. 'ભક્તિ' શબ્દના વિવિધ અર્થોમાં પરમ તત્ત્વ પ્રત્યેનો આદરભાવ, અતૂટ શ્રદ્ધા, પૂર્ણ વિશ્વાસ, પૂજા, અર્ચના, સેવા, સુશ્રુષા, પ્રેમ અને લાગણી, સ્મરણ સ્તુતિ, પ્રાર્થના અને વિશિષ્ટ પ્રકારની ભાવનાનો સમાવેશ થાય છે. પવિત્ર ભાવથી પરમેશ્વર, ગુરુ,વડીલ વગેરેની સેવા કરવી, ભક્તિ ભાવનાસભર ગુણો ગાવા અને એમાં જ પરાયણ રહેવું. દેવતાને આધીન અનુકૂળ રહીને દરેક રીતે તેની ઉપાસના- આરાધના કરવી એનું નામ ભક્તિ. એમ વિવિધ સ્થળોએ કહેવાયું છે.

અધ્યાત્મમાર્ગના પ્રવાસી સંત, ભક્ત, જ્ઞાનીવેદાન્તી, યૌગિક ક્રિયાઓ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એવા સિદ્ધ સાધક-યોગીઓ અને તત્ત્વચિંતક ઉપદેશકો દ્વારા રચાયેલા સંતસાહિત્યમાં સમગ્ર માનવજાતને સંસાર-વ્યવહાર વિશે બોધ કે ચેતવણી પણ આપવામાં આવી હોય છે. સંતોની વૈરાગ્ય પ્રબોધક રચનાઓમાં વ્યસન નિષેધ એક મહત્ત્વનું અંગ છે. ભક્તિ, જ્ઞાન, યોગ, ઉપદેશ અને કથા જેવાં તત્ત્વોથી ઘડાયેલી આપણી સંતવાણી વારવાર 'કૂડાં કરમ' તજવાનો આદેશ આપે છે એમાં તમામ પ્રકારના વ્યસનોનો ત્યાગ કરવાની જ વાત છે. ખાસ કરીને જૈનમુનિઓની જુદી જુદી રચનાઓમાં 'વ્યસનની સજજાય', 'અવગુણોની સજજાય', 'ઉપદેશની સજજાય', 'આજ્ઞાઓ' વગેરે કૃતિઓ આ પ્રકારનાં અફીણ વગેરેનાં વ્યસનનો ત્યાગ કરવા વિશેની જ છે. એ જ પ્રમાણે જૈનેતર આખ્યાન કવિઓએ પણ પોતાનાં આખ્યાનોમાં તક મળી ત્યાં શુભાષિતો કે સાખી-દુહાઓમાં ઉપદેશાવલી આપી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના 'વચનામૃત'થી માંડીને છેક દલપતરામ કવિની રચનાઓ સુધી અને ગોરખનાથ, કબીર, નાનક જેવા સમર્થ સંતકવિઓથી માંડીને અસાઈતના ભવાઈ વેશો સુધીના સાહિત્યમાંથી આપણને વ્યવહાર જ્ઞાન અને નશાકારક ચીજો તજવાનો ઉપદેશ મળી રહે છે. કળિયુગનાં વ્યસનો-હોકો, ચલમ, ભાંગ, અફીણ, ગાંજો, શરાબ વગેરે નશાકારક ચીજોના દુર્ગુણો વર્ણવતી અનેક રચનાઓ સંતસાહિત્યમાંથી, ચારણી સાહિત્યમાંથી અને લોકસાહિત્યમાંથી સાંપડે છે. એમ ગવાય છે :

*ગાંજા, ભંગ, અફીમ મદ, ઊતર જાત પરભાત,*
*નામ ખુમારી નાનકા, ચડી રહે દિન રાત.*

પણ ભક્તિની- અધ્યાત્મ સાધનાની ખુમારીને- એના કેફને સંતો વિવિધ નશાકારક ચીજોના રૂપકો દ્વારા વ્યક્ત પણ કરતા રહ્યા છે. પછી એ ભાંગ હોય, ગાંજો હોય, અફીણ કે શરાબની પ્યાલીનો નશો હોય. મીરાંબાઈના નામાચરણ સાથે એક પદ ગુજરાતના ભજનિકોમાં ગવાય છે :

*મોહન ભાંગ પીલાઈ રે,*
*કદંબ હેઠે મોહન ભાંગ પીલાઈ,*
*જળ જમુનાકો શીતળ પાણી,*
*ગાગર ભર કર લાઈ...*
*સોનેકી કુંડી, રૂપેકા લોટા,*
*દકુંડી રતન જડાઈ રે,*
*કૃષ્ણએ વાટી ને બળદેવે ઘૂંટી,*
*રાધાએ સાફી સાઈ રે...*
*સોવરન પ્યાલા, પાયે મતવાલા,*
*અખિયાં મેં લાલન છાઈ,*
*મીરાં કહે પ્રભુ ગિરધર નાગર,*
*ચરણ કમળ ચિત્ત લાઈ રે...*
*-મોહન ભાંગ પીલાઈ રે...૦*

વડોદરા રાજ્યના ગાયકવાડ પરિવારમાં જન્મેલા બાપુસાહેબના પિતા યશવંતરાવને ગોઠડા ગામે પોતાની જાગીર હતી. ઈ.સ.૧૭૭૯માં બાપુ સાહેબનો જન્મ થયો. જાગીરના વહીવટ માટે અવારનવાર ગોઠડા ગામે જવાનું થતું. ગોઠડા ગામે સંત કવિ ધીરા ભગતનો સત્સંગ થયો. એટલે બાપુસાહેબ ભક્તિના રંગે રંગાયા, ધીરે ધીરે ધીરાભક્તની કાફીઓના ઢાળમાં ભજન રચનાઓ કરતા થયા પણ આત્માને પૂરો સંતોષ નહોતો.એવામાં સંત-કવિ નિરાંત મહારાજના સંપર્કમાં આવ્યા અને પોતાના મનની સમસ્યાઓનું સમાધાન થયું. બાપુસાહેબનું મહાનિર્વાણ ઈ.સ.૧૮૪૩માં થયું.


હુક્કો પીધો ગુરુ દયા થકી જ્ઞાનનો જો, દમ ખેચ્યો ધણી તારા ધ્યાનનો જો..

તન હુક્કો ઘટ ઘટ સ્વામી બોલતો જો,
પ્રેમ જળમાં હુક્કાને ઝકોળતો જો
પ્રથમ ચલમ ચતુરાઈ ખાસી કરી જો,
કૂડ કપટ તમાકુ તેના માંહી ભર્યા જો,
મેળ મેર ગુરુની પ્રીતે કર્યા જો,
ચિત્ત ચિપિયે તો બ્રહ્મ અગનિ ધર્યા જો
નેહ નિરભે નારાયણ કેરા નામની જો,
શોભે દામણી તે અચળ અખે ધામની જો
ગુરુ ધીરાએ હુક્કો ભરી આપિયો જો,
દાસ બાપુને પોતાનો કરી થાપિયો જો... ■

ભજનનો પ્રસાદ

ડૉ. બળવંત જાની
feedback@bombaysamachar.com

# કર્મફળ ને ભાગ્યના આધિપત્યના દુહા



મનુષ્ય માત્ર ભાગ્યને આધિન છે. મનુષ્ય ઉપર એનું પોતાનું નહીં પણ ભાગ્યનું - નિયતિનું આધિપત્ય રહેલું હોય છે. લોકસમુદાયમાં આ એક સ્વીકૃત સત્ય પ્રચલિત છે. માણસની ક્રિયાશીલતા અને કર્મશીલતા પછી પણ ઈચ્છિત ફળ - સ્થિતિ ન પ્રાપ્ત થાય તો એમાં ભાગ્ય-નિયતિને કારણભૂત મનાય છે. આટલું સત્ય, આટલી હકીકત માણસ સ્વીકારી લે તો પછી કોઈ પ્રશ્નો કે સમસ્યા એને પજવતા કે પરેશાન કરતા નથી. આ માટેનાં લોકકંઠ પરંપરામાં જળવાયેલા થોડા દુહા અવલોકીએ.

*ઉદ્યમ કરે દી રાત, હજાર હુન્નર આદરો*
*પણ વિધિ લેખ લખાત, કરમ પરમાણે કાનિયા.*

માણસ રાત્રી દિવસ ઉદ્યમ કરે, કામ કર્યા કરે, મહેનતશીલ રહે. અનેક પ્રકારના હજારોની સંખ્યામાં કામધંધા કરે પણ વિધિમાં- લલાટમાં જો લખાયેલું ન હોય તો પોતાનાં કર્મની ગતિને કારણે ફળ પ્રાપ્ત થતું નથી.

અહીં શાશ્વત સત્યને દુહાનમાં નિરૂપી દેવાયું છે. પૂર્વ જન્મના ફળ, આ જન્મના ફળ પાછળ કારણભૂત પરિબળ કર્મ છે, ભાગ્ય છે. પણ આ ભાગ્યની પાછળનું પરિબળ માનવે આ જન્મમાં કે પૂર્વ જન્મમાં કરેલા કર્મો છે. માણસ માત્રને કર્મનું ફળ ભોગવવું જ પડે છે. એવી એક દઢ માન્યતાને દુહામાં વણી લેવામાં આવી છે. આ સનાતન સત્યને, જો સ્વીકારી લેવામાં આવે તો માણસને પછી નિરાશ થવાનું રહે નહીં. નિરાશામાંથી, હતાશામાંથી ઉગારી લેનારું ઘટક આ માન્યતા છે. માણસનું ભલું પણ આમાં જ રહેલું છે. બીજો એક દુહો અવલોકીએ.

*કોઈ ચડયા તોખાર, કોઈ પગપાળા ચાલતા,*
*કરી રચના કિરતાર, કોઈ ગજપીઠે માલતા.*

આ જગતમાં અનેક લોકો છે પણ એ બધાને કંઈ સરખું સુખ પ્રાપ્ત થયેલું નથી. જે કોઈને જે કંઈ સુખ મળેલ છે એ એના કર્મનું ફળ છે. આ કર્મનાં ફળનાં સ્વરૂપે ભાગ્ય રૂપે કોઈ માણસ ઘોડા ઉપર સવારી કરીને મહાલતા હોય છે, કોઈને ભાગે પગપાળા ચાલવાનું આવે છે. આ સૃષ્ટિના રચયિતા ઈશ્વર-કિરતારે એવી રચના કરી છે કે કોઈ વળી હાથી ઉપર બેસીને મલકાતા હોય છે.

અહીં દુહામાં મધ્યકાલીન સંદર્ભ છે. આજના સંદર્ભમાં કોઈને સાઈકલ, સ્કૂટર હોય તો વળી કોઈને ભાગે મોટર હોય તો કોઈ પગપાળા ચાલતા હોય. આમ જે કંઈ પ્રાપ્તિ છે એ ભાગ્યાનુસારની છે. નિયત્તિ પ્રમાણે તમને સુવિધા-સુફળ મળે. બીજા એક દુહામાં આ વાતને આગવી રીતે કહેવાઈ છે.

*ભાવિ પદારથ મરે નહીં, કોટિ ખરચે દામ,*
*અપંન સેં ભલા હોય તો, કહા દેવસેં કામ*

જે કંઈ થઈ રહ્યું છે કે થવાનું છે એ થઈને જ રહે છે. એને કોઈ પણ રીતે પૈસા ખરચીને મીટાવી શકાતું નથી. જો આપણામાંથી જ કે આપણાં દ્વારા જ બધું શક્ય હોત તો પછી કોઈ દેવી-દેવતા કે દૈવ અર્થાત ભાગ્યમાં માનવાની આવશ્યક્તા જ ઊભી ન થાત. અર્થાત્ માણસનાં હાથમાં કશું નથી. લાખો રૂપિયા ખર્ચતા પણ કશું કરી શકાતું નથી. બીજો એક દુહો અવલોકીએ.

*હાથ સાતાં હૈયુ સાચું, અર્પાયા હૈયુ ને હાથ,*
*લલાટે લખીઓ સાથ, છોડાવ્યો છુટે નહીં.*

દુહામાં કહેવાયું છે કે જે કોઈની સંગત કે સાથ પ્રાપ્ત થાય છે કે જે કોઈને તમારો સાથ-સહવાસ પ્રાપ્ત થાય છે એ પ્રારબ્ધનું ભાગ્યનું ફળ છે. તમારા લલાટમાં એ લખાયેલ છે એમાંથી છુટી શકવું શક્ય નથી. અર્થાત્ કોઈને પણ કોઈની સંગત થાય છે એની પાછળ દૈવયોગ-સંયોગ કારણભૂત હોય છે. આપણાંથી એ નથી થયું ભાગ્યવશાતે પ્રાપ્ત થયું હોય છે એમાંથી છુટી શકાતું નથી.

દુહાઓ ભારે અસરકારક રીતે, માનવ મનને ઘડતા હોય છે, સંસ્કારિત કરતા હોય છે. આવા કારણથી એની સરાહના થતી રહે છે. લોકચાહના પણ પ્રાપ્ત કરતા હોય છે. ■

વિશેષ પ્લસ

કવિતા યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# આ જગપ્રસિદ્ધ મંદિરની તરફ જહાજ કેમ ખેંચાઈ આવતા હતા?





ભારતના પૂર્વ કિનારે આવેલા ઓડિશા રાજ્યને કયો ભારતવાસી નહીં જાણતો હોય? ઓડિશા જેટલું ભગવાન જગન્નાથ માટે જાણીતું છે, તેટલું જ પુરી જિલ્લામાં આવેલા કોણાર્ક અને ત્યાંના સૂર્યમંદિર માટે જાણીતું છે. આ સૂર્ય મંદિર એ ૧૩મી સદી (૧૨૫૦ સીઈ) નું મંદિર છે જે પૂર્વના ગંગ વંશના રાજા નરસિંહ દેવ પ્રથમ દ્વારા સ્થાપિત મનાય છે.

પુરાણો અનુસાર, શ્રીકૃષ્ણના પુત્ર સાંબને તેમના શ્રાપને કારણે કુષ્ઠ રોગ થયો હતો. સાંબે કોણાર્કના મિત્રવનમાં ચંદ્રભાગા નદીના સંગમ પર બાર વર્ષ સુધી તપસ્યા કરી અને સૂર્યદેવને પ્રસન્ન કર્યા. બધા રોગોના નાશ કરનાર સૂર્ય દેવે તેમની બીમારી પણ મટાડી દીધી. તે મુજબ, સાંબે સૂર્યદેવનું મંદિર બનાવવાનું નક્કી કર્યું. રોગમાંથી સ્વસ્થ થયા પછી, ચંદ્રભાગા નદીમાં સ્નાન કરતી વખતે, તેમને સૂર્ય ભગવાનની મૂર્તિ મળી. આ મૂર્તિ સૂર્યદેવના શરીરના એક ભાગમાંથી દિવ્ય શિલ્પી શ્રી વિશ્વકર્માએ કોતરેલી હતી. સાંબે આ મૂર્તિને મિત્રવનમાં તેમણે બનાવેલા મંદિરમાં સ્થાપિત કરી હતી, અને ત્યારથી, આ સ્થળને પવિત્ર માનવામાં આવે છે.

કોણાર્કના સૂર્યમંદિરની રચના વિશે તો વધુ શું વાત કરવી? તેના વિશે તો બધા જાણે જ છે. પણ આપણે તેની ચમત્કૃતિ વિશે જરૂર વાત કરીશું. કોણાર્ક શબ્દ કોણ અને અર્ક શબ્દો પરથી આવ્યો છે. અર્કનો અર્થ સૂર્ય થાય છે, જ્યારે કોણનો અર્થ ખૂણો અથવા કિનાર હોઈ શકે છે. એવું કહેવાય છે કે કોણાર્ક સૂર્ય મંદિર મૂળરૂપે દરિયા કિનારે બનાવવાનું હતું, પરંતુ દરિયો ધીમે ધીમે ઓછો થતો ગયો અને તેથી મંદિર કિનારાથી થોડું દૂર થઇ ગયું. મંદિરના ઘેરા રંગને કારણે તેને કાળો પેગોડા કહેવામાં આવ્યું.

સૂર્ય મંદિર સૂર્યદેવ દ્વારા સંચાલિત સમયના પ્રવાહનું પણ પ્રતિનિધિત્વ કરે છે. રથ આકારના મંદિરમાં પૂર્વ દિશામાં જોડાયેલા સાત ઘોડા, અઠવાડિયાના સાત દિવસોનું પ્રતીક છે. ૧૨ જોડી પૈડા દિવસના ૨૪ કલાકનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે તેમની સાથે જોડાયેલા ૮ આરા દિવસના આઠ પ્રહરનું પ્રતીક છે. કેટલાક લોકો માને છે કે ૧૨ જોડી પૈડા વર્ષના બાર મહિનાનું પ્રતિનિધિત્વ કરે છે. એક માન્યતા એવી પણ છે કે સાત અશ્વો એ સૂર્યના કિરણમાં રહેલા મેઘધનુષના ૭ રંગોનું પણ પ્રતિનિધિત્વ કરે છે.

આ મંદિરમાં ભગવાન સૂર્યની ત્રણ મૂર્તિઓ હતી, બાલ્યાવસ્થા એટલે ઉગતા સૂર્ય, જેની ઊંચાઈ ૮ ફૂટ. યુવાની, જેને મધ્યાહન સૂર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૯.૫ ફૂટ ઊંચી, જ્યારે ત્રીજો તબક્કો પુખ્તાવસ્થા છે, જેને અસ્ત થતા સૂર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૩.૫ ફૂટ ઊંચી છે.

આ મંદિરની ચમત્કૃતિ એવી છે કે આ મંદિરના શિખરના આધારે સમુદ્રમાં નાવિકો દિશા નક્કી કરતા હતા. પણ આ વિશિષ્ટતા જ નાવિકો માટે જોખમી બની ગઈ. કારણકે એવું કહેવાય છે કે, આ મંદિરના શિખરમાં ૫૨ ટન વજનનો વિશાળકાય ચુંબકીય પથ્થર વપરાયો હતો.

જોકે, મંદિરના શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રે સમસ્યાઓ ઊભી કરવાનું શરૂ કર્યું. ચુંબકીય ક્ષેત્ર એટલું મજબૂત હતું કે જહાજો મંદિર તરફ ખેંચાતા હતા. આ પથ્થરના કારણે નાવિકોનું હોકાયંત્ર ખરોવાઈ પણ જતું હતું અને અનેક જહાજો કિનારા નજીક છીછરા પાણી તરફ આવી જતા અને પથ્થરો સાથે ટકરાઈને તૂટી પડતા હતા.

બીજું એ પણ કહેવાય છે કે આ ચુંબકીય પથ્થર સાથે મંદિરમાં અનેક નાના ચુંબકીય પથ્થરો પણ વપરાયા હતા, જે મંદિરના સ્થાપત્યને એકબીજા સાથે જોડી રાખતા હતા. આ ચુંબકીય રચનાના કારણે કહેવાય છે કે, મંદિરની મુખ્ય મૂર્તિ હવામાં તરતી હતી. જોકે આ વાતના પ્રમાણ આજે મળતા નથી. ચુંબકીય પથ્થરના કારણે જહાજોને થતા નુકસાનને ધ્યાનમાં રાખીને તેને હટાવી લેવામાં આવ્યો (મહદંશે મુસ્લિમ આક્રમણખોરો દ્વારા) તેવી માન્યતા છે પરિણામે મંદિરના સ્થાપત્યને ભારે અસર થઇ અને કાળક્રમે પથ્થરો ખરવા લાગ્યા અને મંદિર તૂટવા લાગ્યું.

આક્રમણખોરોથી બચાવવા આ મંદિરની મૂર્તિને પૂજારીઓએ હટાવી દીધી હતી અને માટીમાં દાટીને છુપાવી દીધી હતી. પછીના કોઈક સમયે તેને બહાર કાઢવામાં આવી હતી એવું કહેવાય છે.

જોકે, આ બાબતે મતાંતરો છે. કેટલાક ઇતિહાસકારોનું કહેવું છે કે આજે પુરીના જગન્નાથ મંદિરના પરિસરમાં જે મૂર્તિ છે તે મૂળ મૂર્તિ છે, તો કેટલાકનું કહેવું છે કે દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવેલી મૂર્તિ મૂળ છે. કેટલાક તો એવું પણ કહે છે કે મૂળ મૂર્તિ દાટી દીધા પછી ફરીથી શોધાઈ નથી. ૧૯૮૪માં યુનેસ્કો દ્વારા તેને વિશ્વ ધરોહર સ્થળ જાહેર કરવામાં આવ્યું હતું. ■

ફોકસ

આર. સી. શર્મા
feedback@bombaysamachar.com

# સંત ગુરુ રવિદાસ સમતા ને સમાનતાના મંત્રદાતા



ગુરુ રવિદાસ ૧૫મી સદીના મહાન સંત, કવિ અને સમાજ સુધારક હતા, જેમણે જીવનભર સમાનતા, ભક્તિ, માનવ ગરિમા અને સામાજિક ન્યાયનો સંદેશ આપ્યો હતો. તેમનો જન્મ સીર ગોવર્ધનપુર (હાલના વારાણસી)માં એક ગરીબ પરિવારમાં થયો હતો. એ વખતે ભારતીય સમાજમાં અનેક કુરીતિઓ ફેલાયેલી હતી. ગુરુ રવિદાસે પોતાના ગુરુ રૈદાસ પાસેથી ભક્તિના બોધપાઠ લીધા અને સામાન્ય બોલચાલ તથા સરળ ભાષાના દોહાનું નિર્માણ કર્યું. આ રીતે તેમણે લોકોને ઈશ્વર પ્રતિનો પ્રેમ અને સમાનતાનો સંદેશ પણ આપ્યો. ગુરુ રવિદાસનું ચિંતન આપણને શીખ આપે છે કે ભગવાન સૌમાં એક સમાન છે. જન્મ-જાતિ, રંગ, વર્ગ કે પછી સામાજિક સ્થિતિ તરફ દુર્લક્ષ કરીને તમામ માનવને એક સમાન દષ્ટિથી જોવા જોઈએ.

ગઈકાલે તેમની ૬૪૯મી જયંતી હતી. સમગ્ર ભારતમાં ગુરુ રવિદાસની જયંતી ભક્તિભાવથી મનાવવામાં આવે છે. સવારે વહેલા ઊઠીને લોકો નદીમાં પવિત્ર સ્નાન કરે છે અને ભગવાનનું સ્મરણ કરે છે. એને મનની પવિત્રતા અને નવી શરૂઆત તરીકે જોવામાં આવે છે. ગુરુ રવિદાસના અનુયાયીઓ દ્વારા ભજન અને દોહા શ્રદ્ધાથી ગાવામાં આવે છે. તેમના ભજનમાં ભગવાનની ભક્તિ, આધ્યાત્મિકતા અને સમાનતા છલકે છે.

## કીર્તન અને જૂલુસ

કેટલાંક સ્થળોએ કીર્તન અને શોભાયાત્રા કાઢવામાં આવે છે. આ દિવસ લંગર અને સેવાનો દિવસ હોય છે. મંદિર અને ગુરુદ્વારામાં લંગરનું આયોજન કરવામાં આવે છે. એના માધ્યમથી સંદેશ આપવામાં આવે છે કે સૌએ સાથે બેસીને ભોજન કરવું જોઈએ જે ગુરુ રવિદાસની સામાજિક સમાનતાનો સંદેશ આપે છે. તેમના જીવન પર પ્રવચન આપવામાં આવે છે.

*ઐસી વાણી બોલિયે, મન કા આપા ખોયે*

સંત રવિદાસના દોહા જણાવે છે કે વ્યક્તિએ પોતાની વાણી અને વર્તન હંમેશાં નમ્ર રાખવો જેનાથી જગતને જીતી શકાય છે. એનાથી ન માત્ર સામેવાળાને શાંતિ મળે છે પરંતુ પોતાને પણ સુખ મળે છે.

*કરમ બંધન મેં બંધે રહિયો ફલ કી ના તજિજયો આસ*

સંત રવિદાસ આ દોહાના માધ્યમથી શીખ આપે છે કે વ્યક્તિએ પોતાના કાર્ય પ્રામાણિકતાથી કરવા જોઈએ અને ફળની ઇચ્છા ન રાખવી જોઈએ. કેમ કે કર્મ કરવા એ વ્યક્તિનો ધર્મ છે. ફળ તો નસીબ પર આધાર રાખે છે.

*કહ રૈદાસ તેરી ભગતિ દૂરિ હૈ, ભાગ બડે સો પાવૈ*

સંત રવિદાસ આગળ એમ પણ જણાવે છે કે ભક્તિ સૌભાગ્યથી મળે છે. જોકે એમાં સફળતા એને જ મળે છે જેમાં અભિમાન ન હોય. ઠીક એ રીતે જેમ હાથી સાકરનો દાણો ઉઠાવી નથી શકતો, પરંતુ નાનકડી કીડી એને સરળતાથી ઉઠાવીને ભેગી કરે છે.

*કા મથુરા કા દ્વારકા, કા કાશી હરિદ્વાર*

આ દોહાના માધ્યમથી ગુરુ રવિદાસ સમજાવે છે કે હરિદ્વાર અને કાશી જેવા તીર્થમાં માથુ નમાવવા જતાં પહેલાં વ્યક્તિએ પોતાના મનમાં ઈશ્વરને ખોજવાની જરૂર છે, કેમ કે સાફ મનમાં જ પ્રભુનો વાસ હોય છે. આડંબરને બદલે વ્યક્તિ આત્મજ્ઞાનથી જ પરમાત્માને પામી શકે છે.

એક વખતે એક વ્યક્તિએ ગુરુ રવિદાસને પૂછ્યું કે 'ઈશ્વર કોણ છે અને તે ક્યાં છે?'


તો તેમને સરળ શબ્દોમાં ગુરુ રવિદાસે જવાબ આપ્યો કે 'ભગવાન આપણા મનની અંદર છે.' તેમના આ જવાબે લોકોને શીખવાડ્યું કે માત્ર ભગવાનની ભક્તિ બહારના સંસ્કારથી નથી થતી, પરંતુ હૃદયની સાફ-સફાઈ અને પ્રેમથી થાય છે.

તેમની જયંતી આજે પણ સમાજને સમાનતા, ભાઈચારા, પ્રેમ અને ભક્તિનાં મૂલ્યો માટે પ્રેરિત કરે છે. તેમના દોહા અને ભજન યાદ અપાવે છે કે માત્ર પૂજા-પાઠ નહીં, મનુષ્યને સન્માન અને એકતા પણ જરૂરી છે. ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombay
samachar.com

# વેદની કેટલીક વ્યવહારુ શીખ



**ઋગ્વેદ,** સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એ સૃષ્ટિના સૌ પ્રથમ ગ્રંથ છે. માનવ ઉત્ક્રાંતિના ઇતિહાસમાં સૌથી વધુ મહત્ત્વ ધરાવતો, સમાવેશીય, સાર્થક, પરિપક્વ અને સંપૂર્ણ ગ્રંથ-સમૂહ છે. આધ્યાત્મ અને ધર્મનું નિર્દેશન અહીં બહુ સ્પષ્ટતાથી આલેખાયું છે. તે ઉપરાંત તેમાં જીવન વ્યવહાર, સામાજિક સમીકરણો, શાસ્ત્રીય ક્રિયાકાંડ, વિજ્ઞાન અને કળા જેવી બાબતોનો પણ સમાવેશ કરાયો છે. આમાંની કેટલીક વાતો આજના સંદર્ભમાં વધુ યથાર્થ અને સ્વીકૃત જણાય છે.

ચાર વેદ અને તેમાં એકત્રિત - સંકલિત કરાયેલી વાતોનો સમાવેશ એક લેખમાં ન થઈ શકે. છતાં પણ આજના સંદર્ભમાં કેટલીક વાતોનો ઉલ્લેખ કરવો ઇચ્છનીય છે. આ પ્રકારના પ્રયત્નથી, કદાચ, વેદ પ્રત્યેની જિજ્ઞાસા અને વિશ્વાસ વધી શકે. અહીં ચારેય વેદોને આપણે વેદ તરીકે જ જોઈશું.

વેદમાં દરેક દિશામાંથી કલ્યાણકારી વિચાર મળી રહે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. વેદ હંમેશાં એવું ઈચ્છે છે કે બધાનું શુભ થાય, બધાં નિર્ભયતાને પામે. સમગ્ર સૃષ્ટિમાં સદાય સુખ અને શાંતિ પ્રવર્તમાન રહે. આ પ્રકારની સ્થિતિ માટે ચોક્કસ પ્રકારની માનસિકતા જરૂરી છે અને વેદમાં તે માટે પણ સૂચન કરાયાં છે. વેદની એ પ્રકારની આજ્ઞા છે કે મન-વચન-કર્મથી એક સમાન કહી શકાય તેવા શુભ વિચાર બધાનાં મનમાં પ્રગટે અને સ્થાપિત થાય. જો સમાજના દરેક નાગરિકના મનમાં સમાન વિચાર, સમાન અગ્રતાક્રમ, સમાન મૂલ્યો સ્થાપિત હોય તો વિકાસ અને ઉન્નતી બધા માટે સરળ બને. તે ઉપરાંત તેનાથી સામાજિક સમરસતા જળવાઈ રહે.

વેદમાં એ પણ ઈચ્છા વ્યક્ત કરાઈ છે કે બધા એકબીજા પ્રત્યે મધુર, શિષ્ટ તથા 'ભલી' વાણીનું ઉચ્ચારણ કરે. એનો અર્થ એમ નહીં કે વાણી મીઠી બની શકે તે માટે અસત્યનો સહારો લઈ શકાય. વેદમાં સત્ય-કથનનું સૌથી વધુ મહત્ત્વ છે. જો સત્યની ભૂમિકા સચવાઈ જતી હોય તો પછી મીઠાશનો ઉમેરો કરી, ત્યારબાદ શિષ્ટાચાર યુક્ત ભલી વાણી બોલવી. જો આમ થાય તો બધાં જ પરસ્પર મિત્ર અને સુહૃદયી બની શકે. સામાજિક પરિપ્રેક્ષ્યમાં અંતે તો માનવીએ માનવ બનવાનું હોય છે, વેદનું આ અગત્યનું કથન છે.

માનસિક ક્ષમતાના વિકાસ પર વેદ જોર આપે છે. તેમાં એમ કહેવાયું છે કે માનવીમાં એટલો આત્મવિશ્વાસ હોવો જોઈએ કે પર્વત પણ ડગી જાય. વેદ ભાવનાશીલ થવાની પણ વાત કરે છે. વેદના સૂચન પ્રમાણે માનવીએ નિષ્ઠુર અને જડ ન બનવું જોઈએ. વેદમાં શારીરિક ક્ષમતાને પણ મહત્ત્વ અપાયું છે. વેદનું એક મહત્ત્વનું વિધાન છે કે સો વર્ષ જીવો અને ઉત્તમ કાર્ય કરો. આ માટે ઊભા થઈ અને આગળ વધવાની વાત કહેવાઈ છે. વ્યક્તિનું શરીર શસ્ત્ર - ખડગ જેવું દૃઢ બને તે માટે વેદમાં સૂચન કરાયાં છે. વેદ સદ્બુદ્ધિને પણ મહત્ત્વ આપે છે. એક રીતે જોવાં જઈએ તો વેદમાં અસ્તિત્વના દરેક પ્રકારને મહત્ત્વ અપાયું છે અને તે બધાં માટે શુભકામના છે. અસ્તિત્વના દરેક સ્વરૂપ દ્વારા સૃષ્ટિના સંચાલનમાં હકારાત્મક ફાળો આપવાનું સૂચન છે. આ પ્રકારની પ્રક્રિયામાં ક્યારેક અડચણ પણ ઊભી થાય તો પણ તેનાથી વિચલિત નહીં થવાનું, ધીરજ જાળવી રાખવાની, તટસ્થતાથી સાક્ષીભાવ જાળવીને પુરુષાર્થ કરવાનો - વેદનું આ પણ એક મહત્ત્વનું સૂચન છે.

વેદમાં રાષ્ટ્ર અને માતૃભૂમિને વફાદાર રહેવાની પણ વાત છે. અહીં કહેવાયું છે કે કુટુંબના ભલા માટે વ્યક્તિનો, ગામના ભલા માટે કુટુંબનો, રાજ્યના ભલા માટે ગામનો તથા રાષ્ટ્રના ભલા માટે રાજ્યનો ભોગ આપવા તૈયાર રહેવું જોઈએ. રાષ્ટ્ર પ્રત્યેના આ પ્રકારના ઉત્તરદાયિત્વ સાથે વેદમાં સામાજિક ઉત્તરદાયિત્વ માટે દાન કરવાનું, અપંગ, અસમર્થ કે વૃદ્ધોની સેવા કરવાનું, જરૂરિયાતમંદને મદદરૂપ થવાનું સૂચન પણ કરાયું છે. વેદની સમજ પ્રમાણે દાન કરવાથી સંપત્તિ વધતી હોય છે. દાન ઉપરાંતના પ્રત્યેક સત્કર્મથી પણ ધન ઉપરાંત સંતાન અને સદ્બુદ્ધિ પણ પ્રાપ્ત થઈ શકે. વેદમાં વ્યવહાર માટે પણ ચોક્કસ સૂચનો કરવામાં આવેલાં છે. મિત્રતા હંમેશાં સમજુ, વિવેકી તેમજ ડાહ્યા માણસ સાથે કરવી.

સ્વાભાવિક છે કે વેદમાં ઈશ્વર - પ્રભુ પ્રત્યે શ્રદ્ધા રાખવાની પણ વાત હોય. વેદમાં જણાવ્યા પ્રમાણે કર્મનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ ઈશ્વર સ્મરણનું છે. અહીં ખાસ કરીને સવારે અને સાંજે સાત્વિક ભાવ અને શ્રદ્ધા સાથે ઈશ્વરના સ્મરણનું અને ચોક્કસ ક્રિયાકાંડનું મહત્ત્વ સ્થાપિત કરવામાં આવ્યું છે. અહીં એમ પણ દર્શાવાયું છે કે પ્રભુ ભરણપોષણ કરનાર છે - યોગક્ષેમનું વહન ઈશ્વર કરે છે. તે ઈશ્વરના શરણે જવું બધાં માટે ઇચ્છનીય છે. વળી, સારા વિચારો માટે, સારા કાર્યોમાં પ્રેરણા મળે તે માટે, ઈશ્વર પ્રત્યેનો માર્ગ પ્રશસ્ત થાય તે માટે વેદમાં સત્સંગને પણ મહત્ત્વ અપાયું છે. વેદના સૂચન પ્રમાણે સત્સંગથી જ દરેક પ્રકારનું સુખ પ્રાપ્ત થઈ શકે છે.

વેદમાં નારીને નારાયણી તરીકે સ્થાપિત કરાઈ છે. તેનું નિમિત્ત કર્મ ગૃહસ્થાશ્રમને સુનિયોજિત રીતે સકારાત્મકતાથી ચલાવવાનું છે અને તેથી તે કાર્ય તે કુશળતાથી કરે તે પ્રમાણે વેદ સૂચન કરે છે. ગૃહસ્થાશ્રમની સંતોષજનક સ્થિતિ માટે ધર્મનિષ્ઠ પુરુષાર્થ કરી ધન પ્રાપ્ત કરવાની પણ વાત છે.

ઉપનિષદ વેદના એક ભાગ સમાન છે. ઉપનિષદના જે ચાર મહા કથન ચાર ભિન્ન ભિન્ન વેદમાંથી લેવાયા છે. ઋગ્વેદમાંથી 'પ્રજ્ઞાનં બ્રહ્મ', સામવેદમાંથી 'તત્ત્વમસિ', અથર્વવેદમાંથી 'અયમાત્મા બ્રહ્મ', તથા યજુર્વેદમાંથી 'અહમ્ બ્રહ્માસ્મિ'. આ ચાર મહાકથન જ વેદનું ઊંડાણ તથા તેનો વ્યાપ સમજવાં માટે પૂરતાં છે. તેના ઉલ્લેખ વગર વેદની વાત ન થઈ શકે. આ ચાર કથનમાં સનાતનની સંસ્કૃતિની આધ્યાત્મિક સ્થિતિની ઉચ્ચ સ્થિતિ દર્શાવે છે. અગત્યની વાત એ છે કે વેદમાં જેમ આધ્યાત્મનું મહત્ત્વ સ્થાપિત થયું છે તેમ સુ-વ્યવહાર અને સુ-વ્યક્તિત્વ માટે પણ જોર અપાયું છે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
bhandev@bombay
samachar.com

# સફળતાના કર્તા



**ગત** અંકમાં સફળતા અને સિદ્ધિ માટે અધિષ્ઠાનની અનિવાર્યતાને સમજયા. હવે ભગવાન કૃષ્ણ સફળતાનું બીજું કારણ 'કર્તા' એટલે કે વ્યક્તિ પોતે કેવો હોવો જોઈએ તે બતાવે છે.

સફળતા માટે સૌથી અગત્યની બાબત વ્યક્તિ કે માણસ પોતે છે. ગીતા તેને 'કર્તા' કહીને વર્ણવે છે. હા, વ્યક્તિની કે કર્તાની ઓળખ તેના વ્યક્તિત્વથી થાય છે. સિદ્ધિ માટે આ અતિ અનિવાર્ય તત્ત્વ છે. સફળતા અને સિદ્ધિ માટે માત્ર અધિષ્ઠાન, પ્રયત્ન કે સંજોગ પૂરતા નથી, પરંતુ મનુષ્યનું વ્યક્તિત્વ ઊંચું હોવું અનિવાર્ય છે. વ્યક્તિત્વ એ માત્ર બહારનો દેખાવ કે બોલવાની શૈલી નથી, પરંતુ મનની ઉન્નતિ, વિચારની શુદ્ધિ, વર્તનની શિસ્ત અને જીવનની મૂલ્યવ્યવસ્થા એ બધાનો સંગમ છે. કોઈ માણસ પાસે જ્ઞાન અને કુશળતા હોઈ શકે, પણ જો વ્યક્તિત્વમાં ઉદારતા, વિનમ્રતા અને સદ્ગુણોનો અભાવ હોય તો તેની સફળતા તાત્કાલિક હશે, લાંબાગાળાની નહીં.

વ્યક્તિત્વ ઊંચું થવા માટે સૌપ્રથમ જરૂરી છે સકારાત્મક દૃષ્ટિકોણ. જે વ્યક્તિ મુશ્કેલીમાં પણ અવસર શોધે છે, નિષ્ફળતા વચ્ચે પણ શીખવા જેવી બાબતો જુએ છે, તે જ સાચા અર્થમાં આગળ વધી શકે છે. બીજું મહત્ત્વનું તત્ત્વ છે ઈમાનદારી અને વિશ્વાસ. ઈમાનદાર માણસ ભલે થોડી વાર માટે પાછળ રહી જાય, પરંતુ લાંબા ગાળે તેને સમાજનો વિશ્વાસ અને માન પ્રાપ્ત થાય છે. વળી વિશ્વાસ તેને સફળતાના લાંબા પંથ સુધી દોરી જાય છે. તદુપરાંત સફળતા માટે વ્યક્તિત્વમાં શિસ્ત, સમયની કદર અને મહેનત પણ હોવી જરૂરી છે. આ બધું હોવા છતાં જો સ્વભાવમાં વિનય અને કરુણા ન હોય તો સિદ્ધિ અધૂરી રહી જાય છે. મહાન વિજ્ઞાની, નેતા અથવા સંતોના જીવનમાં આપણે જોઇએ છીએ કે તેમની મહાનતાનું મૂળ તેમના જ્ઞાનમાં નહોતું, પરંતુ તેમના વ્યક્તિત્વની ઉંચાઈમાં હતું. ગાંધીજીનું વ્યક્તિત્વ વિશ્વને પ્રેરણા આપે છે કારણ કે તેમાં સત્ય, અહિંસા અને કરુણાનો સંગમ હતો. તેમની પાસે સૈન્ય શક્તિ કે રાજકીય પદ ન હતું, છતાં તેમના વ્યક્તિત્વમાં રહેલા સત્ય, અહિંસા અને સાદગીના તત્ત્વોએ સમગ્ર રાષ્ટ્રને એક સૂત્રમાં બાંધી દીધું. એક સામાન્ય વકીલથી લઈને 'રાષ્ટ્રપિતા' બનવાનો યાત્રાપથ માત્ર તેમના વિચારોના જોરથી નહોતું, પરંતુ તેમની ઊંચી માનવતા અને નિર્મળ વ્યક્તિત્વથી શક્ય બન્યું. તેઓ પોતાના જીવનમાં જે આદર્શ અપનાવતા, એ જ આદર્શોનો ઉપદેશ આપતા, એટલે લોકોમાં તેમની વાણી પ્રેરક બની શકી.

પરંતુ વ્યક્તિત્વ ઊંચું કરવા માટે માનવને સતત આત્મચિંતન કરવું પડે છે. પોતાના દોષોને સ્વીકારીને સુધારવા, બીજાના સદ્ગુણોને અપનાવવા અને પોતાના વિચારને સતત શુદ્ધ બનાવવા પ્રયત્ન કરવો પડે છે. માત્ર ભૌતિક સિદ્ધિ જીવનને મહાન નથી બનાવતી; મહાનતા ત્યારે જ મળે છે જ્યારે સમગ્ર વ્યક્તિત્વ ઉન્નત બને છે.

પ્રમુખ સ્વામી મહારાજ ઘણીવાર કહેતા કે સફળતા અને સિદ્ધિનું સાચું મૂળ ભૌતિક સંપત્તિ કે બાહ્ય ગૌરવમાં નથી, પરંતુ ઊંચા વ્યક્તિત્વમાં છે. જે મનુષ્યનું વ્યક્તિત્વ ઊંચું હોય છે, તે જ્યાં જાય ત્યાં પ્રેરણા જગાવે છે, વિશ્વાસ આપે છે અને પોતાની સફળતાથી સાથે બીજાને પણ ઊંચો ઉઠાવવાની શક્તિ ધરાવે છે.

સ્વામી વિવેકાનંદજી અમેરિકા ગયા અને વિશ્વધર્મ પરિષદમાં ભાષણ આપ્યું, ત્યારે તેમણે 'સિસ્ટર્સ એન્ડ બ્રધર્સ ઓફ અમેરિકા' શબ્દોથી શરૂઆત કરી. આ માત્ર શબ્દો ન હતા, પરંતુ તેમના વ્યક્તિત્વમાંથી ઝરણા સમો પ્રેમ, સહિષ્ણુતા અને વિશ્વભરનાં લોકો પ્રત્યેની એકતા બંધુતા નીકળતી હતી. આ એક ક્ષણથી તેઓ સમગ્ર વિશ્વમાં આદરણીય બન્યા. જ્ઞાન તો ઘણાને હતું, પણ વ્યક્તિત્વની ઊંચાઈએ તેમને અનન્ય બનાવ્યા.

અબ્રાહમ લિંકન અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા તે પહેલાં સામાન્ય કુટુંબમાંથી આવ્યા હતા. આના કારણે લોકો તેમને સામાન્ય જ ગણતા. એકવાર તેમની સામે વિરોધીઓએ ઉપહાસ કર્યો કે તું તો ગરીબ પરિવારનો છે, તારા પિતા તો બૂટ રિપેર કરે છે. તું રાષ્ટ્રનું નેતૃત્વ કેવી રીતે કરી શકે? લિંકને અત્યંત શાંતિથી જવાબ આપ્યો: 'હા, હું ગરીબ પરિવારનો છું, પરંતુ હું ક્યારેય એ ગરીબી છુપાવવાનો પ્રયાસ નથી કરતો. મારા પિતા મને સાચા અર્થમાં મહેનત કરવી શીખવાડે છે.' આ વિનમ્રતા અને સત્યવાદિતાએ જ તેમને લોકહૃદયમાં બેસાડ્યા. આમ વિનમ્રતા, સાહસ, સત્યનિષ્ઠા, કરુણા, પ્રેમ, શ્રદ્ધા અને શિસ્ત એ જ સાચા અર્થમાં આપણા વ્યક્તિત્વને ઘડે છે. આ વ્યક્તિત્વ માનવને મહાન બનાવે છે. જ્યારે આવું મહાન વ્યક્તિત્વ હોય છે, ત્યારે સિદ્ધિ આપોઆપ તેની પાછળ ચાલતી આવે છે, અને તે સિદ્ધિ માત્ર વ્યક્તિગત નથી રહેતી, પરંતુ સમાજ અને રાષ્ટ્રને પણ પ્રકાશિત કરે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombay
samachar.com

# સમ્યકદર્શનમાં બાધક આઠ મદ...



**જ્ઞાનં પૂજાં કૂલં જાતિં, બલમૃદ્ધિં તપો વપુઃ**
**અષ્ઠાવાશ્રિત્ય માનિત્વં, સ્મયમા દુર્ગત સ્મયા**

જૈન ધર્મના શ્રાવકોના આચાર માટે મહત્ત્વપૂર્ણ ગ્રંથ રત્નકરન્ડ શ્રાવકાચારમાં મનુષ્યમાં કેવા પ્રકારના મદ હોય છે તેનું સંક્ષિપ્ત, પરંતુ માર્મિક વર્ણન કર્યું છે. શ્લોકમાં દર્શાવ્યું છે તેમ, જ્ઞાન, પૂજા (પ્રતિષ્ઠા), કુળ, જાતિ, બળ, ધન, તપ અને શરીરનું સૌંદર્ય આ આઠ બાબતો પર આશ્રય કરવો તેને મદ કહ્યો છે. કહેવાનો આશય એ છે કે આ આઠ પ્રકારના મદ મનુષ્યને મોક્ષ માર્ગમાં બાધા બનનારા છે. કેવી રીતે? તો, આ આઠ મદ કરનારનું સાંખ્યકત્વ દૂષિત થાય છે. અને જેનું સમ્યકત્વ દૂષિત થયું તેનો મોક્ષમાર્ગ પણ દૂષિત થયો સમજવો.

**જ્ઞાનનો મદ**

જે પોતાને જ્ઞાની કહે છે તે ખરેખર તો અજ્ઞાની છે!!! આજે લોકો પોતાની ડિગ્રી અને શિક્ષણનું જ્ઞાન મેળવી લે એટલે પોતાને મહાજ્ઞાની સમજવા લાગે છે. બીજાને અભણ અને અજ્ઞાની માનવા લાગે છે. પણ હકીકત એ છે કે જે વિષયના જાણકાર કે નિષ્ણાત હોવાનો તેઓ દાવો કરતા હોય છે તેનું પણ સંપૂર્ણ જ્ઞાન તેમની પાસે હોતું નથી. જ્યારે આ વિશ્વ, પૃથ્વીથી લઈને બ્રહ્માંડમાં અગણિત ચીજોનું જ્ઞાન આપણને ક્યાં છે? જ્ઞાની માણસ શું વિચારે? માને છે કે તેનું જ્ઞાન તેની ઇન્દ્રિયો પર આધારિત છે; જ્ઞાનના સમુદ્રની તુલનામાં, તેનું જ્ઞાન એક ટીપા જેવું છે! અસંખ્ય વખત, એક, બે, ત્રણ, કે ચાર ઇન્દ્રિયોવાળો હું બન્યો, છતાં બધી ઇન્દ્રિયો પણ મળી નહોતી! નિગોદમાં, અક્ષરના અનંત ભાગનું જ જ્ઞાન પ્રાપ્ત થયું હતું!

**પૂજા/પ્રતિષ્ઠાનો મદ**

મારી પૂજા થવી જોઈએ, સમાજમાં મારું નામ અને પ્રતિષ્ઠા હોવી જોઈએ, લોકો મને ઓળખે, આવી લાગણીઓ રાખવી અને તેને પૂર્ણ કરવાના ઉદ્દેશ્યથી કામ કરવું એ પૂજા/પ્રતિષ્ઠાનો મદ છે. ધર્મ અને સમાજ સેવાના માર્ગ પર ચાલતા લોકોને આ મદ થવાનું જોખમ અનેકગણું છે. આપણી સામે એવાં અનેક ઉદાહરણો છે જેમાં કહેવાતા ધર્માચાર્યો કે સંતો પણ આ મદથી મુક્ત થઇ શક્યા નથી. તેવી જ રીતે સત્તાના નશામાં આળોટતા અનેક નેતાઓ પણ આ મદના માર્યા લોકોને તુચ્છ સમજવા લાગે છે.

જ્યારે જ્ઞાની વિચારે છે કે જ્યાં સુધી આ શરીર છે ત્યાં સુધી આ માન-સન્માન છે, જે કંઈ પણ પ્રાપ્ત થાય છે તે તો ઈશ્વરની કૃપા છે. તેમાં મારે મદ કરવા જેવું શું છે?

**કુળ અને જાતિનો મદ**

પિતાના વંશનો મદ કરવો એ કુળ મદ છે. અને માતાના વંશનો મદ કરવો એ જાતિ મદ છે. મારો જન્મ કેવા ઉચ્ચ કુળમાં થયો છે, પ્રસિદ્ધ અને જ્ઞાની અને લોકોમાં પૂજાતા લોકો મારા કુળમાં છે તેવો ઘણાને મદ હોય છે. મારી માતા અતિ તેજસ્વી છે, તેના વંશમાં રૂપવાન, ગુણવાન અને જ્ઞાનવાન સ્ત્રીઓના જન્મ થયા છે. મારા શરીરમાં પણ આવા ઉચ્ચ ગુણો ધરાવનારનું લોહી વહે છે, તેવો મદ થાય છે.

જ્ઞાની માને છે કે, કયા કુળમાં કે કઈ જાતિમાં જન્મ થવો એ આપણા હાથમાં નથી, તો તેનું અભિમાન શેનું? ચોર્યાસી લાખ જન્મોના ફેરામાં અનંત વાર તુચ્છ એવા જન્મો મને મળ્યા હતા, જેના જન્મ કે મૃત્યુની કોઈએ નોંધ પણ નહોતી લીધી. ભાગ્યવશ એક જન્મ સુંદર મળ્યો છે તે મારે ધર્મના માર્ગે આગળ વધવાનો વિચાર કરવાનો હોય, નહીં તો આ જન્મ પણ એળે જશે.

**બળનો મદ**

આ મદ તો રાવણને પણ હતો. એક હાથે પર્વત ઊંચકીને પોતાની શક્તિનું પ્રદર્શન કરવા ગયો અને મહાદેવે તેને ભાન કરાવ્યું કે તે કેટલો પામર છે. જૈન દર્શનમાં ભગવાન મહાવીરના જન્મ સમયની ઘટનાનું વર્ણન છે. જેમાં ઇન્દ્રની શંકાનું નિરસન કરવા મહાવીર સ્વામીએ અંગૂઠાથી સ્પર્શ કરીને મેરુ પર્વત કંપાયમાન કર્યો. તેમ છતાં તેમણે તેનો મદ કર્યો નહોતો.

જ્ઞાનીજન વિચાર કરે છે, કે યુવાનીમાં જે બળ છે એ વૃદ્ધાવસ્થામાં ક્ષીણ થઇ જશે. આ શક્તિનો ઉપયોગ તપસ્યા કરીને ધર્મના માર્ગને પ્રશસ્ત કરવાની જરૂર છે.

**ઋદ્ધિનો મદ**

પ્રાપ્ત કરેલી સંપત્તિનો મદ અનેક લોકોને હોય છે. જો ત્યાગી હોય તો મેં આટલી સંપત્તિનો ત્યાગ કર્યો તેવો મદ આવી જાય. તપસ્વી હોય તો તપોજનિત શક્તિઓનો મદ આવી જાય. આ મદ મનુષ્યને ધર્મના માર્ગમાંથી વિચલિત કરી દે છે.

**તપનો મદ**

સાધક માટે લાલબત્તી સમાન છે આ મદ. મોક્ષના માર્ગે આગળ વધતો મુમુક્ષુ અહમનું વિસર્જન ન કરે તો આ મદ તેનામાં પ્રવેશતા વાર લાગતી નથી. હું મહાત્યાગી, હું મહાતપસ્વી છું. મારા જેવો તપસ્વી અન્ય કોઈ નથી કે કોઈએ ન કર્યા હોય તેવા તપ મેં કર્યા છે, તેવો ભાવ મનમાં પેદા થાય એટલે તપ અને સાધના કરીને મેળવેલ પુણ્યાઈ પર પાણી ફરી વળતા વાર નથી લાગતી. જ્ઞાની તપ કરે છે, પણ તેને માત્ર પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ માને છે.

**રૂપનો મદ**

રૂપના મદમાં ભાન ભૂલેલી સ્વર્ગની અપ્સરાઓનું પણ પતન થયું છે, તો સાધારણ મનુષ્યની શી વિસાત?! જ્ઞાની સાધક શરીરને ગૌણ કરી નાખે છે. શરીરના રૂપ કરતા આત્માના રૂપની ચિંતા વધુ કરે છે.■

શ્યામ સમીપે

જ્યોત્સના તન્ના
feedback@bombay
samachar.com

# રાધા



**ભારતના** સાંસ્કૃતિક જગતમાં અનેક પાત્રો એવાં એકરૂપ થઈને વણાઈ ગયાં છે કે તેમનું અસ્તિત્વ જુદું થઈ શકે તેમ નથી. રાધા એક એવું અનેરું પાત્ર છે. શ્રીકૃષ્ણ સાથે એકરૂપ થઈને રાધાની પૂજા થાય છે. રુક્મિણી કૃષ્ણ કે કૃષ્ણ સત્યભામાનું નામસ્મરણ નથી થતું. રાધાકૃષ્ણન, રાધામાધવ, રાધેગોવિંદ કે રાધારમણની ધૂન સર્વત્ર બોલાય છે. પ્રીતમદાસ શ્યામાશ્યામને લીધે વૃંદાવન ધન્ય થયું એમ કહે છે. જુગલજોડી કે યુગલસ્વરૂપે આ દંપતીની પૂજા પણ થાય છે, મંદિરોમાં ખાસ મૂર્તિઓ હોય છે. ભક્તકવિ નરસિંહ મહેતા ગાઈ ઊઠ્યા હતા. 'રાધામાધવની કરું આરતી, શોભા કહી ન જાય રે' મીરાંબાઈનો ભાવ પણ એવો જ હતો, 'રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.' રસના પરમ રૂપ અને પરમ મધુર પ્રેમના પ્રતીકસ્વરૂપ આ દંપતી છે. વળી નિમ્બાર્કાચાર્યના પરમ શિષ્ય ઔદુંબરાચાર્ય જેવા વૈષ્ણવ આચાર્યે પણ તેમની આ રીતે અર્ચના કરી છે. 'જયતિ સતત આદ્ય રાધિકાકૃષ્ણયુગ્મમ્' અને છતાં આપણી પરંપરામાં ઈંદ્ર-ઈંદ્રાણી, વસિષ્ઠ-અરૂંધતી કે શિવ-પાર્વતીના આદર્શ દાંપત્યની જેમ રાધાકૃષ્ણના દાંપત્યની વાત નથી વણાઈ.

રાધા-આરાધ્યા કે સાધ્યા? ભક્તિની ચરમ સાધના કે નરી કલ્પના? વિરહકાતરા કે શૃંગારનાયિકા? કવિઓની કલ્પનાકુંજોમાં રાધા ન હોત તો? અનેક મધ્યકાલીન શૈલીઓની ચિત્રકલાના અવનવા સુંદર રંગમંડિત ફલક પર તો સૌંદર્યમંડિત રાધા જ છે. નૃત્યોના નૂપુરઝંકાર સાથે રાધાના મનોભાવો વણાઈ ગયા છે. ભારતના કોઈ પણ ખૂણામાં જાઓ તો રાધા અને કૃષ્ણના પ્રેમનાં ગીતો ચોરે ને ચૌટે, મંદિરો કે મહાલયોમાં ગવાઈ રહ્યાં છે. એમ કહેવાય છે કે 'કાના બિના ગાના નહીં' તો એ પણ પાછું સત્ય જ કે 'રાધા બિના કાના નહીં' કલાજગત રાધા વિના કલ્પી ન શકાય. ઉમાશંકર જોશી 'સ્નેહસ્પંદને વ્યાપી રાધા-કૃષ્ણ-મૂર્તિ અણુએ અણુ વિશ્વને.' શ્રીકૃષ્ણના કરાલ રૂપમાં તો સાથે છે સત્યભામા રાણી, નરકાસુરનો વધ કરવા ગયા ત્યારે સત્યભામા સાથે હતી. લલિતરૂપ જ્યારે શ્રીકૃષ્ણ વિલસે ત્યારે સાથે છે રાધા-રાધાવલ્લભ સંપ્રદાયના આદિ આચાર્ય હિતહરિવંશની આ રચના છે. 'રસઘન મોહનમૂર્તિ અનેક કેલિ-મહોત્સવે ઉલ્લાસિત રાધાચરણે પડેલા સુંદર મોરપીંછમંડિત હરિને વંદું'. આવા મધુર રસભર્યા ચિત્રણે ભારતના સંતો, ભક્તો અને કવિઓના મનના મહાસાગરને કલ્પનાના હિલોળે ચડાવ્યો છે. જેમ ઉમાશંકર જોશીએ લખ્યું, 'ઉવેખવા રાધાને શક્તિ છે કોની? કૃષ્ણની? કૃષ્ણ તો મળે સર્વત્ર માત્ર રાધાને.' જોકે આવી રાધાનો સાથ તો કૃષ્ણને આરંભના જીવનમાં ગોકુલ વૃંદાવન સુધી જ રહ્યો. શ્રીકૃષ્ણનું અવતારીકાર્ય તો બાકી જ હતું. મથુરા, દ્વારકા અને કુરુક્ષેત્રમાં અને છતાં શ્રીકૃષ્ણના જીવન સાથે સમગ્રપણે જોડાઈ ગયેલી આ રાધા કોણ?

શ્રીકૃષ્ણ તો વિષ્ણુના અવતાર ગણાય છે. આતતાયીઓ, દુષ્ટો અને અસુરોનો સંહાર કરવાનું તેમનું અવતારકાર્ય શ્રીકૃષ્ણ પણ એક અજબ પ્રતિભા છે. અનેકરૂપે એ પ્રતિભા વિસ્તરી છે. તેમના જીવનકાર્યને લગતી માહિતી સૌ પ્રથમ આપણને મળે છે મહાભારતમાં અને તેના જ ખિલપર્વ લેખાતા હરિવંશપુરાણમાં. ત્યાર પછી વિષ્ણુપુરાણ અને શ્રીમદ્ ભાગવતપુરાણમાં આ ગ્રંથો ક્રમાનુસાર પ્રાચીન છે. કૃષ્ણ પરંપરાનું મૂળ રૂપ જ્યાં પ્રાચીનતમ વૈષ્ણવ ગ્રંથોમાં મળે છે ત્યાં ક્યાંય રાધા કૃષ્ણના અવતારકાર્યમાં નથી. આસ્તે આસ્તે કવિઓએ આકાશગામી કલ્પનાની પાંખે ઊડી પ્રણયના મેઘધનુષી રંગે રંગાઈ અને એક મધુર નાજુક પ્રેમભરી ગોપાંગનાનાં પાત્રનું સર્જન કરી શ્રીકૃષ્ણ સાથે તેને ઐક્ય આપી દીધું. જેમ મુસ્લિમ ભક્ત કવિ રસખાન બોલી ઊઠ્યા:

***'પ્રેમ અયનિ શ્રી રાધિકા પ્રેમ બરન નંદનંદ***
***પ્રેમવાટિકા કે દોઉ માલી માલિન હંદ.'***

શ્રીકૃષ્ણ ગોપવેશધારી, ગોપોના એક અગ્રણી વૃષભાનુની પુત્રી રાધા, વ્રજ વૃંદાવન ગોકુળમાં હવે તે શ્રીકૃષ્ણની સખી અને પ્રાણપ્રિયા તરીકે ઓળખાઈ. રાધા આજે કૃષ્ણકથાનું મહત્ત્વનું અંગ બની ગઈ છે. રવીન્દ્રનાથ ઠાકુરે 'ભાનુસિંહ ઠાકુર પદાવલીમાં લખ્યું 'બજાવ રે મોહન, બંસી, રાધામય તારી વેણુ, જય જય માધવ, જય જય રાધાચરણે પ્રણમે ભાનુ.'

ભાગવતમાં એક શ્લોક છે - 'અનયા આરાધિતો નૂનં ભગવાન હરિ...' આ એક ગોપીએ જરૂર ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરી છે એટલે રાસક્રીડા વખતે કૃષ્ણ બીજી ગોપીઓને મૂકીને તેને એકાંતમાં લઈ ગયા. અહીં એ ગોપીનું કોઈ વિશેષ નામ નથી. વિષ્ણુપુરાણમાં પણ કોઈ ગોપીનો અહીં બેસીને કૃષ્ણે શણગાર કર્યો તેમ કહ્યું છે. એ ગોપીએ કોઈ અન્ય જન્મમાં વિષ્ણુની અર્ચના કરી હશે - અન્યજન્મનિ સર્વાત્મા વિષ્ણુઃ અભ્યર્ચિતઃ તયા. અહીં પણ આ ગોપીનું કોઈ વિશેષ નામ આપવામાં નથી આવતું. સાહિત્યક્ષેત્રે જોઈએ તો સંસ્કૃત ભાષાના પ્રાચીન નાટકકાર ભાસ ઈ.પૂ.ની ત્રીજી સદીથી ચોથી સદીના પૂર્વાર્ધમાં થયા, કૃષ્ણની બાળલીલા પર આધારિત તેમનું પ્રસિદ્ધ નાટક 'બાલચરિત' તેમાં કૃષ્ણના ગોપીઓ સાથે હલ્લીસક રાસ અને નૃત્યનું વર્ણન છે. ત્યાં પણ રાધા નામવાળું કોઈ પાત્ર નથી. સૌથી પ્રાચીન ગણાતા ગ્રંથ મહાભારતમાં તો શ્રીકૃષ્ણ અને ગોપીઓનો પણ સાથ નથી. સભાપર્વમાં વસ્ત્રહરણ પ્રસંગે દ્રૌપદી શ્રીકૃષ્ણને સહાય માટે પ્રાર્થના કરે છે તેમાં એક વાર 'ગોપીજનપ્રિય' એમ ઉલ્લેખ થયો છે.

**'શ્યામ સમીપ' પુસ્તકમાંથી સાભાર.**
**પ્રકાશકઃ એન.એમ. ઠક્કરની કંપની.**

(ક્રમશઃ)■

# ત્રણ ગુજરાતીએ ભેગા મળીને પાકિસ્તાનને હરાવી અન્ડર-૧૯ વર્લ્ડ કપની બહાર ફેંકી દીધુંઃ ભારત સેમિ ફાઇનલમાં

## બુધવારે ભારતનો સેમિ ફાઇનલમાં અફઘાનિસ્તાન સામે મુકાબલોઃ ઑસ્ટ્રેલિયા રમશે ઇંગ્લૅન્ડ સામે

બુલવૅયોઃ ભારતે રવિવારે આયુષ મ્હાત્રેના નેતૃત્વમાં અન્ડર-૧૯ વર્લ્ડ કપની અગત્યની મૅચમાં પાકિસ્તાનને ૫૮ રનથી હરાવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો અને આ પરાજય સાથે પાકિસ્તાન ટૂર્નામેન્ટની બહાર ફેંકાઈ ગયું હતું. પાકિસ્તાનની ટીમ ૨૫૩ રનના લક્ષ્યાંક સામે ૧૯૪ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. એક રીતે ભારતીય અન્ડર-૧૯ ટીમના ત્રણ ગુજરાતી ખેલાડીના યોગદાનને પગલે પાકિસ્તાને પછડાટ ખાવી પડી છે.

હવે સેમિ ફાઇનલ રાઉન્ડ શરૂ થશે. મંગળવારે (બપોરે ૧.૦૦ વાગ્યાથી) પ્રથમ સેમિ ફાઇનલ ઑસ્ટ્રેલિયા અને ઇંગ્લૅન્ડ વચ્ચે રમાશે. બુધવારે (બપોરે ૧.૦૦ વાગ્યાથી) બીજો સેમિ ફાઇનલ મુકાબલો ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે થશે.

રવિવારે પાકિસ્તાન સામે અમદાવાદના વેદાંત ત્રિવેદી (૬૮ રન, ૯૮ બૉલ, ૧૪૪ મિનિટ, એક સિક્સર, બે ફોર)ના બૅટિંગના સુપર પર્ફોર્મન્સ બાદ વલસાડના પેસ બોલર હેનિલ પટેલે (૫-૦-૩૦-૧) બોલિંગમાં તરખાટ મચાવવાની શરૂઆત કરી હતી. તેણે ભારતને પાકિસ્તાનની પહેલી વિકેટ વહેલી અપાવી ત્યાર બાદ પાકિસ્તાનની ટીમ પાણીમાં બેસતી ગઈ હતી. મોડાસામાં જન્મેલા લેફ્ટ-આર્મ સ્પિનર ખિલન પટેલે (૯.૨-૧-૩૫-૩) કાંડાની કરામત બતાડી હતી. મુંબઈના ખેલાડી અને ભારતીય ટીમના સુકાની આયુષ મ્હાત્રે (૮-૦-૨૧-૩)નું પણ જીતમાં મોટું યોગદાન હતું. પેસ બોલર દીપેશ દેવેન્દ્રનને બાદ કરતા ભારતના તમામ બોલરને વિકેટ મળી હતી. કનિષ્ક ચૌહાણ (૩૫ રન અને એક વિકેટ)ને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. કનિષ્કએ ખિલન પટેલ (૨૧ રન, ૧૫ બૉલ, એક સિક્સર, બે ફોર) સાથે ૫૦ રનની ભાગીદારી કરી હતી.


મૅન ઑફ ધ મૅચ કનિષ્ક ચૌહાણ

ભારતે નિર્ધારિત ૩૩.૩ ઓવરમાં ૨૫૩ રનનો લક્ષ્યાંક ન કરવા દઈને સેમિ ફાઇનલમાં સ્થાન પાક્કું કરી લીધું હતું અને પાકિસ્તાન આ ટૂર્નામેન્ટની બહાર ફેંકાઈ ગયું હતું. પાકિસ્તને ૨૫૩ રનનો લક્ષ્યાંક ૩૩.૩ ઓવરમાં મેળવ્યો હોત તો જ એને સેમિમાં જવા મળ્યું હોત, પરંતુ ૩૩.૩ ઓવરમાં પાકિસ્તાનનો સ્કોર ૪/૧૬૭ હતો અને ત્યાર બાદ ૧૯૪ રનના કુલ સ્કોર પર પાકિસ્તાનની ટીમનો વીંટો વળી ગયો હતો.

એ પહેલાં, ભારતીય ટીમમાં એકમાત્ર વેદાંતની હાફ સેન્ચુરી હતી. જોકે કનિષ્ક ચૌહાણે (૩૫ રન, ૨૯ બૉલ, ૪૭ બૉલ, એક સિક્સર, ચાર ફોર) પણ ઉપયોગી યોગદાન આપ્યું હતું. ઓપનર વૈભવ સૂર્યવંશી (૩૦ રન, બાવીસ બૉલ, ૩૮ મિનિટ, એક સિક્સર, પાંચ ફોર) અને વાઇસ-કૅપ્ટન વિહાન મલ્હોત્રા (૨૧ રન, ૪૩ બૉલ, ૭૧ મિનિટ, એક ફોર) વહેલા આઉટ થઈ ગયા હતા. ટૂંકમાં, તેઓ અપેક્ષા જેવો ફાળો નહોતા આપી શક્યા. અંબરિશે વેદાંતને સારો સાથ આપીને બહુમૂલ્ય ૨૯ રન કર્યા હતા. એ પહેલાં, મ્હાત્રે શૂન્યમાં આઉટ થઈ ગયો હતો. ખરેખર તો ભારતે ૪૭ રનની ઓપનિંગ ભાગીદારી બાદ એ જ સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી હતી. યોગાનુયોગ, ભારતે ઇનિંગ્સની ૫૦મી ઓવરમાં પાંચ બૉલમાં ત્રણ વિકેટ ગુમાવી હતી. પાકિસ્તાનના પેસ બોલર અબ્દુલ સુભને સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ■




વેદાંત ત્રિવેદીની હાફ સેન્ચુરીએ ભારતની આબરૂ સાચવી હતી. છેવટે પાકિસ્તાનના જુનિયર ક્રિકેટરોએ રડવાનો વારો આવ્યો.

# બજેટમાં સ્પોર્ટ્સ ગુડ્સ ક્ષેત્રને મળ્યા ૫૦૦ કરોડ રૂપિયા, ખેલો ઈન્ડિયા મિશનનો પ્રસ્તાવ

## સીતારમણે બજેટમાં 'ખેલો ઈન્ડિયા મિશન'ની અગત્યતા સમજાવી

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ગઈ કાલે રજૂ કરેલા અંદાજપત્રમાં બહુ મોટો ફાયદો સ્પોર્ટ્સ ગુડ્સના ઉત્પાદન ક્ષેત્રને થયો છે, કારણકે આ ક્ષેત્રને પહેલી વખત એક જ ક્ષેત્ર માટે ૫૦૦ કરોડ રૂપિયાની તોતિંગ ફાળવણી થઈ છે. આ નિર્ણયથી દેશમાં ખેલકૂદને લગતા માલસામાનના ઉત્પાદન સાથે સંકળાયેલા 'મેક ઇન ઇન્ડિયા' સ્કિમ હેઠળના સ્ટાર્ટ-અપ્સને વેગ મળશે.

યુવા બાબતો અને ખેલકૂદને લગતા કેન્દ્રિય મંત્રાલય માટે ૨૦૨૫-'૨૬ના વર્ષ માટે ૩,૩૪૬.૫૪ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા અને આ વખતે એમાં ૧,૧૩૩.૩૪ કરોડ રૂપિયાની વૃદ્ધિ કરાઈ છે. એ રીતે, આ મંત્રાલયને ૨૦૨૬-'૨૭ની સાલ માટે કુલ ૪,૪૭૯.૮૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે.

૨૦૩૦માં કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાની છે. જોકે આ વર્ષનો આ રમતોત્સવ જુલાઈ-ઑગસ્ટમાં ગ્લાસગૉમાં યોજાશે અને એ માટેની નાણાકીય સહાયતા ૨૮.૦૫ કરોડ રૂપિયાથી ૭૮ ટકા વધારીને ૫૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે.



પાટનગર દિલ્હીમાં ગઈ કાલે બજેટ વખતે કેન્દ્રનાં રમતગમત વિભાગના રાજ્ય કક્ષાનાં પ્રધાન રક્ષા ખડસે તેમ જ કેન્દ્રિય ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયા. (પીટીઆઇ, આઇએએનએસ)

સીતારમણે બજેટમાં 'ખેલો ઇન્ડિયા મિશન'ની રચના કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે જે હેઠળ આગામી દાયકા દરમ્યાન દેશભરમાં તાલીમી કેન્દ્રો અને પ્રશિક્ષકો તૈયાર કરવા પર ભાર મૂકવામાં આવશે. એ ઉપરાંત, ટૅલન્ટ શોધીને ખેલાડીઓ-ઍથ્લીટોની ક્ષમતાને વિકસાવવા માટેના કાર્યક્રમો પણ હાથ ધરવામાં આવશે. સ્પોર્ટ્સ સાયન્સ અને ટેકનોલૉજીને સુસંગઠિત બનાવાશે તેમ જ સરકાર ખેલકૂદની વધુ હરીફાઈઓ તથા લીગને પ્રમોટ કરશે તેમ જ વધુ માળખાકીય સગવડો પણ ઊભી કરાશે. ■

## રણજી ટ્રોફી

## મુંબઈ ક્વૉર્ટરમાંઃ પડિક્કલે કર્ણાટકને જિતાડ્યું

મુંબઈઃ બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)માં રવિવારે મુંબઈની દિલ્હી સામેની મૅચ ડ્રૉમાં પરિણમી હતી, પરંતુ મુંબઈએ ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કરી લીધો હતો જેમાં છઠ્ઠી ફેબ્રુઆરીથી એનો મુકાબલો કર્ણાટક સામે થશે.

બીજી ત્રણ ક્વૉર્ટરમાં ઝારખંડ વિરુદ્ધ ઉત્તરાખંડ, મધ્ય પ્રદેશ વિરુદ્ધ જમ્મુ-કાશ્મીર અને બેંગાલ વિરુદ્ધ આંધ્ર વચ્ચે ટક્કર થશે.

પંજાબ સામે કર્ણાટકને દેવદત્ત પડિક્કલે બીજા દાવના અણનમ ૧૨૦ રનની ઇનિંગ્સ સાથે જિતાડીને ક્વૉર્ટરમાં પ્રવેશ અપાવ્યો હતો. કર્ણાટકને ૨૫૦ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જે એણે રવિવારના ચોથા અને અંતિમ દિવસે પાંચ વિકેટના ભોગે મેળવી લીધો હતો. ■

# ઑસ્ટ્રેલિયન ઓપનઃ અલ્કરાઝે જીતીને ૮૮ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો, જૉકોવિચ પહેલી વખત ફાઇનલ હાર્યો




મેલબર્નઃ સ્પેનના કાર્લોસ અલ્કારાઝે અહીં રવિવારે પહેલી જ વખત ઑસ્ટ્રેલિયન ઓપનનો સિંગલ્સનો તાજ જીતી લીધો હતો અને એ સાથે તેણે સૌથી નાની ઉંમરે સિંગલ્સના ચારેય ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાનો ૮૮ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો હતો. અલ્કરાઝે ફાઇનલ મુકાબલામાં પીઢ ખેલાડી અને વિક્રમજનક ૨૪ ગ્રૅન્ડ સ્લૅમ ટ્રોફી જીતી ચૂકેલા સર્બિયાના નોવાક જૉકોવિચને ૨-૬, ૬-૨, ૬-૩, ૭-૫થી પરાજિત કર્યો હતો.

જૉકેવિચ અગાઉ ૧૦ વખત ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઇનલમાં પહોંચ્યો હતો અને દસેય વખત વિજેતા થયો હતો, પરંતુ રવિવારે વર્લ્ડ નંબર-વન અલ્કરાઝે તેની એ અભૂતપૂર્વ અને વિક્રમજનક વિજયકૂચ થંભાવી દીધી હતી. બન્ને ખેલાડી શુક્રવારે પાંચ-પાંચ સેટવાળી સંઘર્ષપૂર્ણ સેમિ ફાઇનલ જીતીને ફાઇનલમાં સામસામે આવ્યા હતા અને એમાં અલ્કરાઝે સફળતા મેળવી હતી.

બાવીસ વર્ષ અને ૨૭૨ દિવસની ઉંમરનો અલ્કરાઝ સિંગલ્સની ચારેય ગ્રૅન્ડ સ્લૅમ ટ્રૉફી જીતનાર વિશ્વનો સૌથી નાની વયનો ટેનિસ ખેલાડી છે. તેણે અમેરિકાના ડૉન બજનો વિશ્વ વિક્રમ તોડ્યો હતો. ૧૯૩૮ની સાલમાં તેમણે ચારેય ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ જીતવાની સિદ્ધિ મેળવી હતી ત્યારે તેમની ઉંમર બાવીસ વર્ષ અને ૩૬૩ દિવસની હતી. ડૉન બજનું ૨૦૦૦ની સાલમાં ૮૪ વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

અલ્કરાઝ પાસે હવે કુલ સાત ગ્રૅન્ડ સ્લૅમ ટાઇટલ છે જેમાં ઑસ્ટ્રેલિયન ઓપનના એક તેમ જ વિમ્બલ્ડન, ફ્રેન્ચ ઓપન તથા યુએસ ઓપનના બે-બે ટાઇટલનો સમાવેશ છે. મહિલાઓમાં શનિવારે ઑસ્ટ્રેલિયન ઓપનમાં સિંગલ્સનો તાજ રાયબાકિનાએ સબાલેન્કાને હરાવીને જીતી લીધો હતો. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જાકારો | ગાફેલ |
| જાગ્રત | ખાનગી |
| જાચવું | દયાળુ |
| જાલિમ | આવકાર |
| જાહેર | આપવું |

## માતૃભાષાની મહેક

ભાષાની અનેક ખાસિયત પૈકી એક ખાસિયત એ છે કે અનેક રૂઢિપ્રયોગ અને કહેવતના શબ્દાર્થ અને ભાવાર્થમાં દેખીતો ફરક હોવા છતાં એમાં સામ્ય હોય છે. 'ભર્યા તળાવમાંથી કોરો નીકળે' કહેવતનો એક અર્થ એમ છે કે અપરાધભર્યા વાતાવરણમાંથી નિરપરાધ થઈને નીકળે. સાથે લાગણીશૂન્ય વ્યક્તિ એવો અર્થ પણ છે.

## ગુજરાત મોરી મોરી રે

જાણીતું ધાર્મિક સ્થળ તેમજ મેળા માટે અને સાત નદીના સંગમ સ્થળ તરીકે પ્રખ્યાત એવું વૌઠા ગુજરાતના કયા જિલ્લામાં છે?

અ) ભરૂચ
બ) વાંકાનેર
ક) અમદાવાદ
ડ) વડોદરા

## ઈર્શાદ

લટક્તા ગાજર મોક્ષના ધરમ કેરી લાકડીએ,
ગરજુ ગધેડા લાલચે ખાવા દોડ્યા જાય.
-- લોકરચના

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | ૭ | | ૮ | ■ | | ■ | ૯ | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | | ■ | |
| ૧૪ | | | ■ | ૧૫ | | ■ | ■ | ૧૬ | |
| ■ | | ■ | ૧૭ | ■ | ૧૮ | ૧૯ | | ■ | ■ |
| ■ | ■ | ૨૦ | | ૨૧ | ■ | | ■ | ૨૨ | ■ |
| ૨૩ | | ■ | ■ | ૨૪ | ૨૫ | ■ | ૨૬ | | ૨૭ |
| | ■ | ૨૮ | ૨૯ | | | ■ | ૩૦ | | |
| ૩૧ | ૩૨ | ■ | | ■ | ૩૩ | ૩૪ | | ■ | |
| ૩૫ | | | | ■ | ■ | ૩૬ | | | |

### આડી ચાવી

૧ નાની પેટી (૪)
૪ બુદ્ધ, જ્ઞાની (૪)
૭ શબને ઓઢાડવાનું લૂગડું (૩)
૯ લાગ, મોકો (૨)
૧૦ ઘઉં, જવ વગેરેના નાના તાજા ઉગેલા અંકુરો (૩)
૧૨ કુશળ, નિપુણ (૪)
૧૪ એક જાતનું બાળવાનું લાકડું (૩)
૧૫ રથમાં બેસી લડનાર યોદ્ધો (૨) (જો. છૂ)
૧૬ ઝાકળ (૨)
૧૮ લોભે----જાય (૩)
૨૦ હિંમત (૩)
૨૩ સાર, રહસ્ય (૨)
૨૪ ઝીણી ધૂળ (૨)
૨૬ મગજ, બુદ્ધિ (૩)
૨૮ ઇર્ષા (૪)
૩૦ પોચું, ઢીલું (૩)
૩૧ મારું (૨)
૩૩ આસમાન, સ્વર્ગ (૩)
૩૫ રૂડું, રૂપાળું, મોહક (૪)
૩૬ સમશેર, ખડગ (૪)

### ઊભી ચાવી

૧ પરવાનગી, રજા (૪)
૨ ઝઘડો, ટંટો (૪)
૩ રુઆબ (૨)
૪ દીકરી (૩)
૫ રુચિ (૨)
૬ ઉપનામ (૪)
૮ પંજાનો નખ (૩)
૧૧ ઠીંગણું (૩)
૧૩ ઢીલું પડી ગયેલું, નિર્બળ (૩)
૧૭ નિકાલ, ફેંસલો (૨)
૧૯ ઘટાડો, નાશ (૨)
૨૧ આવ ભાઇ હરખા, આપણે બેઉ---(૩)
૨૨ અડસટ્ટો, અંદાજ (૩)
૨૩ ધમધોકાર, ઝપાટાબંધ (૪)
૨૫ વૃદ્ધ, અશક્ત (૩)
૨૬ સૂર્ય (૪)
૨૭ સહનશીલ, ખામોશ (૪)
૨૯ નાદારી (૩)
૩૨ કુટિર, ઝૂંપડી (૨)
૩૪ ટેવ, વ્યસન (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ રં | ૨ ગે | ચં | ૩ ગે | ■ | ■ | ૪ ઈ | ૫ ત | રા | ૬ જી |
| ૭ ગો | રુ | ■ | ર | ■ | ૮ ચા | ન | ક | ■ | વ |
| ળી | ■ | ૯ સ | વા | લ | ■ | કા | ■ | ૧૦ કાં | ત |
| ■ | ૧૧ અ | ■ | જ | ■ | ૧૨ ગ | ર | ૧૩ જ | ■ | ર |
| ૧૪ પ | ર્ણ | ■ | ૧૫ બી | ૧૬ મા | ર | ■ | ૧૭ ક | ૧૮ દા | ■ |
| ■ | ૧૯ વ | ૨૦ શ | ■ | ૨૧ ક | લ | ૨૨ હ | ■ | ૨૩ મિ | ત્ર |
| ૨૪ બ | ■ | ૨૫ ક | ૨૬ રો | ડ | ■ | ર | ■ | ની | ■ |
| ૨૭ ર | ઢ | ■ | ક | ■ | ૨૮ મ | હ | દ | ■ | ૨૯ સં |
| છ | ■ | ૩૦ પ | ટો | ળે | ■ | મે | ■ | ૩૧ ભો | ગ |
| ૩૨ ટ | ક | ટ | ક | ■ | ■ | ૩૩ શ | રા | ર | ત |

## ઓળખાણ પડી?

દર વર્ષે કાર્તિક પૂર્ણિમા મહોત્સવ દરમિયાન સાત દિવસ માટે યોજવામાં આવતો પુષ્કર ઊંટ મેળો કયા રાજ્યમાં થાય છે એ કહી શકશો?



અ) રાજસ્થાન બ) કર્ણાટક ક) મધ્ય પ્રદેશ ડ) હિમાચલ પ્રદેશ

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'કંથડો એક ને દેશાવર ઘણા' પંક્તિમાં કંથનો અર્થ શું થાય એ જણાવો.

અ) કોશિશ બ) કથા ક) પતિ ડ) પરિવાર

## માઈન્ડ ગેમ

૪ કરોડ ૭૫ લાખ રૂપિયાની ૪૦ ટકા રકમ ધંધામાં રોકતા ૩૦% નફો થયો તો ગણતરી કરી તમને નફો કેટલો થયો એ જણાવો.

અ) ૫૨ લાખ ૫૦ હજાર બ) ૫૫ લાખ ક) ૫૭ લાખ ડ) ૫૮ લાખ ૪૦ હજાર

## સુડોકુ-૯૨૦૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૮ | ૩ | | | ૪ | ૧ | | |
| ૪ | | ૭ | ૮ | | | | | |
| ૧ | | | | ૨ | | | | |
| ૨ | ૪ | | | | | | | |
| ૭ | | ૬ | ૯ | | ૨ | ૮ | | ૧ |
| | | | | | | | ૯ | ૨ |
| | | | | ૭ | | | | ૫ |
| | | | | | ૧ | ૬ | | ૪ |
| | | ૧ | ૬ | | | ૨ | ૭ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૦૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૯ | ૬ | ૧ | ૮ | ૩ | ૫ | ૨ |
| ૫ | ૬ | ૩ | ૭ | ૪ | ૨ | ૧ | ૯ | ૮ |
| ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૯ | ૬ | ૪ | ૭ |
| ૮ | ૪ | ૨ | ૩ | ૭ | ૧ | ૫ | ૬ | ૯ |
| ૬ | ૫ | ૧ | ૯ | ૮ | ૪ | ૭ | ૨ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૨ | ૫ | ૬ | ૮ | ૧ | ૪ |
| ૩ | ૯ | ૫ | ૪ | ૬ | ૭ | ૨ | ૮ | ૧ |
| ૧ | ૨ | ૬ | ૮ | ૯ | ૩ | ૪ | ૭ | ૫ |
| ૭ | ૮ | ૪ | ૧ | ૨ | ૫ | ૯ | ૩ | ૬ |

## ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| જંગી | ક્ષુલ્લક |
| જંગમ | સ્થાવર |
| જંપ | અજંપો |
| જૈફ | જુવાન |
| જક્કી | સમજુ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
કન્હૈયાલાલ મુનશી

**ઓળખાણ પડી?**
૨૯ ઓગસ્ટ, ૧૯૪૭

**માઈન્ડ ગેમ :**
નવી દિલ્હી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
૧૯૩૦

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) જયવંત પદમશી ચિખલ (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) મુલરાજ કપુર (૪) સુભાષ મોમાયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકીયા (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) નૈશધ દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) લજીતા ખોના (૧૨)હર્ષા મહેતા (૧૩) પુષ્પા પટેલ (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) મીનળ કાપડીયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) ભરત કજરીયા (૧૯) મહેન્દ્ર લોઢવિયા (૨૦) તાહેર ઔરંગાબાદવાળા (૨૧) શીરીન ઔરંગાબાદવાળા (૨૨) પ્રવીણ વોરા (૨૩) અરવિંદ કામદાર (૨૪) વીણા સંપટ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) મહેશ સંઘવી (૨૭) નિતીન જયંતીલાલ બજરીયા (૨૮) અલકા વાણી (૨૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૦) ડાયના સંતોક (૩૧) નયના ગિરીશ મિસ્ત્રી (૩૨) કિરીટ છેડા (૩૩) છેતના છેડા (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) નયના ગિરીશ મિસ્ત્રી (૩૬) રમેશ દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) હીના દલાલ (૩૯) ભાવના કર્વે (૪૦) દિપીકા દોશી (૪૧) પુષ્પા પટેલ (૪૨) ડૉ. પ્રકાશ કટકીયા (૪૩) ધીરેન્દ્ર ઉદ્દેશી (૪૪) મહેશ દોશી




# સુરત સહિત સાત શહેરનો ઈકૉનૉમિક રિજન્સમાં સમાવેશ

નવી દિલ્હીઃ સરકારે સુરત, બેંગલૂરુ અને વારાણસી સહિત સાત શહેરનો સમાવેશ કરતા ઇકૉનૉમિક રીજન્સ રચવાની જાહેરાત કરી હતી. તેના માટે દરેક રીજન (પ્રદેશ)ને પાંચ વર્ષ માટે રૂપિયા ૫,૦૦૦ કરોડ ફાળવાશે.

શહેરી વિકાસને ઝડપી અને વધુ સારો બનાવવાના ઇરાદાથી સરકારે આ નિર્ણય લીધો હતો. આ પ્લાન્સ ‘ચૅલૅન્જ મૉડ’માં (પડકારના સ્વરૂપે) અમલમાં મુકાશે.

કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે શહેરી વિકાસને મજબૂત બનાવવા માટે એક મોટા પગલાંની જાહેરાત કરી છે. જે અંતર્ગત શહેરી આર્થિક ક્ષેત્રો(સીઇઆર)ના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ સાથે ચેલેન્જ મોડના માધ્યમથી તેમની યોજનાઓને અમલમાં મૂકવા માટે પાંચ વર્ષમાં દરેક ક્ષેત્ર માટે ૫૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

નાણાં પ્રધાને લોકસભામાં કેન્દ્રીય બજેટ રજૂ કરતાં શહેરોને ભારતના વિકાસ, નવીનતા અને તકોના એન્જિન તરીકે વર્ણવતાં કહ્યું કે આ નવી પહેલ ટાયર ટુ અને ટાયર થ્રી શહેરો તેમજ મંદિર શહેરો પર ધ્યાન કેન્દ્રિત કરશે. જેને આધુનિક માળખાગત સુવિધાઓ અને સારી મૂળભૂત સુવિધાઓની જરૂર છે.

તેમણે કહ્યું કે બજેટનો ઉદ્દેશ્ય શહેરોના ચોક્કસ વિકાસ ચાલકોના આધારે સીઇઆરનું મૅપિંગ કરીને તેમની આર્થિક શક્તિને વધુ વધારવાનો છે. સીતારમણે કહ્યું કે સુધારા-સહ-પરિણામ આધારિત ધિરાણ પદ્ધતિ સાથે ચેલેન્જ મોડ દ્વારા તેમની યોજનાઓને લાગૂ કરવા માટે પાંચ વર્ષમાં પ્રતિ સીઇઆર ૫૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણીનો પ્રસ્તાવ છે.

સીતારમણે જણાવ્યું કે છેલ્લા દાયકામાં તેમની સરકારે પબ્લિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મોટાપાયે ઉત્તમ બનાવવા માટે ઘણી પહેલ કરી છે. જેમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ અને રિયલ એસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ જેવા નવા ફાઇનાન્સિંગ ઇન્સ્ટ્રુમેન્ટ્સ અને એનઆઇઆઇએફ અને એનએબીએફઆઇડી જેવી સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સરકાર પાંચ લાખથી વધુ વસ્તી ધરાવતાં શહેરો (ટિયર ટૂ અને ટિયર થ્રી)માં માળખાગત વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રાખશે. જે વિકાસ કેન્દ્રો બની ગયા છે.

# નાનાં શહેરોનું ઈન્ફ્રા મજબૂત કરાશેઃ ટેમ્પલ ટાઉન પર ફૉક્સ

નવી દિલ્હી : બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરતા સમયે કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ટિયર-ટૂ અને ટિયર-થ્રી શહેરોના વિકાસને સરકારની મુખ્ય પ્રાથમિકતામાં સામેલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે સંતુલિત અને સમાવેશી વિકાસ સુનિશ્ચિત કરવા માટે મહાનગરોની સાથે નાના અને ઉભરતા શહેરો પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. મંદિરો અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા શહેરોમાં માળખાકીય સુવિધાઓના વિકાસને પણ પ્રોત્સાહન આપવામાં આવશે, જેનાથી પર્યટન, સ્થાનિક રોજગાર અને આર્થિક પ્રવૃત્તિમાં વધારો થશે. નાણા પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે બજેટનો ઉદ્દેશ્ય શહેરોની ક્ષમતાઓને વધારવાનો છે જેથી તેની સાથે સિટી ઈકોનોમિક રિજનની મેપિંગ કરીને આર્થિક શક્તિ પ્રદાન કરી શકાય. નાણામંત્રીએ તેમના ભાષણમાં કૃષિ, નાણાં, આરોગ્ય, રોજગાર, ઉદ્યોગ અને પર્યટન સહિત વિવિધ ક્ષેત્રો પર અનેક જાહેરાતો કરી હતી. તેમણે કહ્યું કે શહેરો ભારતના વિકાસ, ઈનોવેશન અને તકોના એન્જિન છે. હવે આપણે ટિયર-ટૂ અને ટિયર-થ્રી શહેરો અને મંદિર શહેરો પર ધ્યાન કેન્દ્રિત કરીશું, જેમને આધુનિક માળખાગત અને મૂળભૂત સુવિધાઓની જરૂર છે. ભારતના મુખ્ય મંદિર શહેરોમાં ઉત્તર પ્રદેશમાં વારાણસી, અયોધ્યા, મથુરા, ગુજરાતમાં સોમનાથ અને દ્વારકા, બિહારમાં ગયા અને બોધગયા અને મદુરાઈ અને રામેશ્વરમનો સમાવેશ થાય છે.

## કોણે શું કહ્યું



**દિશાહિન**, વિઝન વિનાનું, જનતાવિરોધી, સામાન્ય નાગરિકોને લાભથી વંચિત રાખતું, એન્ટી-વુમન, એન્ટી ફાર્મર, એન્ટી એજ્યુકેશન, એન્ટી એસસી-એસટી ઍન્ડ ઓબીસી બજેટ.

- મમતા બેનરજી



**વડા પ્રધાન** નરેન્દ્ર મોદી પરત્વે લોકોના વિશ્વાસનું પ્રતિબિંબ પાડતું, વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરતું, ગરીબો, મહિલાઓ, ખેડૂતો, યુવાનોનું કલ્યાણ કરતું, નસબ કા સાથ, સબ કા વિકાસથ સૂત્રને યથાર્થ ઠેરવતું, સરકારના સુચારુ વહીવટનું પ્રતિબિંબ પાડતું, સમાજના દરેક વર્ગના લોકોના કલ્યાણનું ધ્યાન રાખતું બજેટ.

- નીતિન નબીન



**વિકસિત** ભારતના નિર્માણને પ્રેરણા આપતું, યુવાનોને તક આપતું, ખેડૂતોને સુરક્ષા આપતું, ઉદ્યોગોને પ્રોત્સાહન આપતું, મધ્ય વર્ગને રાહત આપતું અને શ્રમિકોને આદર આપતું, ઈનોવેશન, મેન્યુફેક્ચરિંગ અને રોજગારને પ્રોત્સાહન આપતું, કૃષિ, ગ્રામીણ વિકાસ, માળખાકીય સુવિધા, પ્રવાસન, સંસ્કૃતિ અને દેશના પરંપરાગત જ્ઞાનને મજબૂત બનાવતું, વારસા સાથે વિકાસના સૂત્રને સાર્થક કરતું બજેટ.

- યોગી આદિત્યનાથ



**સામાન્ય** જનતા, શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીની સમસ્યાના ઉકેલ વિનાનું, ટોચના પાંચ ટકા લોકોની તરફેણ કરતું, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની અવગણના કરતું, સામાન્ય વર્ગને નિરાશ કરતું સમજ વિનાનું બજેટ.

- અખિલેશ યાદવ



**પ્રગતિશીલ**, દૂરંદેશી ધરાવતું, વિકસિત ભારતના વિઝનને સાર્થક કરતું, દેશના વિકાસની ગતિ વધારતું, યુવાનો માટે રોજગારના નિર્માણની નવી તક ઊભી કરતું, દેશના ઝડપી આર્થિક વિકાસને વેગ આપતું, શહેરીકરણને પ્રોત્સાહન આપતું બજેટ.

- નીતીશકુમાર

શાસક પક્ષની નીતિઓ, ચરિત્ર અને ઈરાદાઓનું પ્રતિબિંબ પાડતું, સરકાર ખરેખર ગરીબો તરફી, સર્વસમાવેશક, દેશહિત પરત્વે કેન્દ્રિત, મૂડીવાદી માનસિકતા ધરાવતી, મોટા ઉદ્યોગગૃહો અને માલેતુજારોની તરફદાર છે કે કેમ તે વિચારવા પ્રેરતું બજેટ.

- માયાવતી

# શમણું ભારતને બાયોફાર્મા હબ બનાવવાનું બજેટમાં

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૬માં ભારતના બાયોફાર્મા સેક્ટરને મજબૂત બનાવવા માટે એક મોટી જાહેરાત કરી છે. તેમણે બાયો ફાર્મા શક્તિ કાર્યક્રમ હેઠળ આગામી પાંચ વર્ષ માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયા ફાળવવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

સંસદમાં બજેટ રજૂ કરતાં નાણાં પ્રધાને જણાવ્યું કે ભારતને વૈશ્વિક બાયોફાર્મા મેન્યુફેક્ચરિંગ હબ તરીકે વિકસાવવા માટે હું આગામી પાંચ વર્ષમાં ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના ખર્ચ સાથે બાયોફાર્મા શક્તિનો પ્રસ્તાવ મૂકું છું. જે બાયોલોજિક્સ અને બાયોસિમિલર્સના સ્થાનિક ઉત્પાદન માટે એક ઇકોસિસ્ટમ બનાવશે. બાયોફાર્માસ્યુટિકલ્સ અથવા બાયોલોજિક્સ જટિલ દવાઓ છે. જે કેમિકલ સિસ્થેસિસના બદલે જીવંત જીવો, સેલ અથવા ટિસ્યૂમાંથી બનાવવામાં આવે છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ના ભાષણમાં સીતારમણે દેશમાં ૧૦૦૦ માન્યતા પ્રાપ્ત ક્લિનિકલ ટ્રાયલ સાઇટ્સ સ્થાપિત કરવાની યોજનાની પણ જાહેરાત કરી હતી. ભારતમાં ડાયાબિટીસ, કેન્સર અને ઓટોઇમ્યૂન ડિસઓર્ડર જેવા નોન-કોમ્યુનિકેબલ રોગો વધી રહ્યા છે. તેથી બાયોલોજિક દવાઓ પરવડે તેવા દરે લાંબા આયુષ્ય અને જીવનની ગુણવત્તા માટે મહત્ત્વપૂર્ણ છે.

નાણાં પ્રધાને જણાવ્યું કે આ વ્યૂહરચનામાં ત્રણ નવા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ(એનઆઇપીઇઆર) અને સાત હાલની સંસ્થાઓને અપગ્રેડ કરીને બાયોફાર્મા-કેન્દ્રિત નેટવર્કનો સમાવેશ થશે. તે ૧૦૦૦થી વધુ માન્યતા પ્રાપ્ત ઇન્ડિયા ક્લિનિકલ ટ્રાયલ સાઇટ્સનું નેટવર્ક પણ બનાવશે.

# હેલ્થકૅરને બૂસ્ટર ડોઝઃ પાંચ પ્રાદેશિક મેડિકલ હબ વિકસાવશે

### પાંચ વર્ષમાં એક લાખ અલાઇડ હેલ્થકૅર પ્રૉફેશનલ તૈયાર કરાશે

નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયને ૨૦૨૬-૨૭ના બજેટમાં ૧,૦૬,૫૩૦.૪૨ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે, જે ૨૦૨૫-૨૬ના બજેટ કરતા ૧૦ ટકા વધારે છે. સરકારે ભારતને એક મુખ્ય મેડિકલ ટૂરિઝમ સ્થળ તરીકે વિકસાવવા માટે ખાનગી ક્ષેત્ર સાથે ભાગીદારીમાં પાંચ પ્રાદેશિક મેડિકલ હબ સ્થાપિત કરવામાં રાજ્યોને મદદ કરવા માટે એક યોજનાનો પ્રસ્તાવ મૂક્યો છે.

રવિવારે લોકસભામાં ૨૦૨૬-૨૭ માટે કેન્દ્રીય બજેટ રજૂ કરતા નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આ કેન્દ્રો સંકલિત આરોગ્યસંભાળ સંકુલ તરીકે કાર્ય કરશે, જેમાં તબીબી, શૈક્ષણિક અને સંશોધન સુવિધાઓનો સમાવેશ થશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે એ પણ જાહેરાત કરી હતી કે અલાઇડ હેલ્થકેર પ્રોફેશનલ્સ (એએચપીએસ) માટેની હાલની સંસ્થાઓને અપગ્રેડ કરવામાં આવશે અને ખાનગી અને સરકારી ક્ષેત્રોમાં નવી એએચપી સંસ્થાઓ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે આનાથી આરોગ્ય ક્ષેત્રમાં ભારતના યુવાનો માટે કુશળ રોજગાર માટે નવા રસ્તાઓ બનશે. આવતા પાંચ વર્ષમાં એક લાખ અલાઇડ હેલ્થકૅર પ્રૉફેશનલ તૈયાર કરાશે. તેમણે કહ્યું હતું કે, આમાં ઓપ્ટોમેટ્રી, રેડિયોલોજી, એનેસ્થેસિયા, ઓટી ટેકનોલોજી, એપ્લાઇડ સાયકોલોજી અને બિહેવિયરલ સ્વાસ્થ્ય સહિત ૧૦ પસંદગીના ક્ષેત્રોને આવરી લેવામાં આવશે અને આગામી પાંચ વર્ષમાં ૧૦૦,૦૦૦ એએચપીને તૈયાર કરવામાં આવશે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય માટે ફાળવવામાં આવેલા ૧,૦૬,૫૩૦.૪૨ કરોડ રૂપિયામાંથી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે ૧,૦૧,૭૦૯.૨૧ કરોડ રૂપિયા અને આરોગ્ય સંશોધન વિભાગ માટે ૪,૮૨૧.૨૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. પ્રથમ વખત આરોગ્ય મંત્રાલયે એએચપી સંબંધિત યોજના માટે ૧,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. રાષ્ટ્રીય આરોગ્ય મિશન માટે ફાળવણી ૨૦૨૫-૨૬માં ૩૭,૧૦૦.૦૭ કરોડ રૂપિયાથી વધારીને ૨૦૨૬-૨૭માં ૩૯,૩૯૦ કરોડ રૂપિયા કરવામાં આવી છે.

# એઆઈ માટે હરણફાળઃ કલાઉડ કંપનીઓને મળશે ૨૧ વર્ષનો ટૅક્સ હૉલીડે

નવી દિલ્હીઃ કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ ૨૦૨૬માં ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે મહત્વપૂર્ણ પગલાંની જાહેરાત કરી હતી. તેમના બજેટ ભાષણ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે વિદેશી ક્લાઉડ સેવા આપતી વિદેશી કંપનીઓ ભારતના ડેટા સેન્ટરો મારફતે વિશ્વભરના ગ્રાહકોને સેવાઓ પૂરી પાડે છે અને તેમને વર્ષ ૨૦૪૭ સુધી સંપૂર્ણ કર મુક્તિ આપવામાં આવશે. આનો અર્થ એ છે કે કંપનીઓએ આગામી ૨૧ વર્ષ સુધી કર ચૂકવવો પડશે નહીં. દેશમાં ડેટા સેન્ટરો અને ક્લાઉડ સેવાઓમાં રોકાણ વધારવાના ઉદ્દેશ્યથી આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ દરખાસ્તનો સીધો અર્થ એ છે કે માઇક્રોસોફ્ટ, ગૂગલ અને અમેઝોન જેવી વૈશ્વિક ક્લાઉડ કંપનીઓએ તેમની ક્લાઉડ સેવાઓ ભારતીય ડેટા સેન્ટરોમાંથી ચલાવવાની રહેશે અને તેને તેમને કોઈ ભારતીય કંપનીના માધ્યમથી પ્રદાન કરવી પડશે.

નાણાં પ્રધાને એ પણ સ્પષ્ટ કર્યું કે વિદેશી કંપનીઓએ ભારતીય ગ્રાહકોને સેવાઓ પૂરી પાડવા માટે ભારતીય રિસેલર અથવા ભાગીદાર મારફતે કામ કરવું પડશે. વધુમાં જો ડેટા સેન્ટર સેવા આપનારી કંપની એ જ જૂથ સાથે જોડાયેલી હોય તો ખર્ચના ૧૫ ટકાનો 'સેફ હાર્બર' નિયમ લાગુ થશે, જે મહત્તમ ૨,૦૦૦ કરોડ રૂપિયા સુધીનો હશે. ભારત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર વૈશ્વિક ચર્ચામાં કેન્દ્રસ્થાને આવવા માટે તૈયારી કરી રહ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કેઃ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સક્ષમ બનાવવાની અને ડેટા સેન્ટરોમાં રોકાણ વધારવાની જરૂરિયાતને ઓળખીને હું ભારતની ડેટા સેન્ટર સેવાઓનો ઉપયોગ કરીને વૈશ્વિક સ્તરે ગ્રાહકોને ક્લાઉડ સેવાઓ પૂરી પાડતી કોઈપણ વિદેશી કંપનીને ૨૦૪૭ સુધી ટેક્સ છૂટ આપવાનો પ્રસ્તાવ મૂકું છું. એઆઈ, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને ડિજિટલ ચુકવણીઓ વધવા સાથે ડેટા સેન્ટર્સ રસ્તાઓ અને પાવર પ્લાન્ટ્સ જેટલા જ મહત્વપૂર્ણ બની રહ્યા છે, જે ભારતના ડિજિટલ અર્થતંત્રની કરોડરજ્જુ બની રહ્યા છે.

# જી-રામ-જી વહાલી, મનરેગા દવલી

### જી-રામ-જીને ૯૫,000 કરોડથી વધુ, જયારે મનરેગાને 30,000 કરોડ રૂપિયાની ફાળવણી

નવી દિલ્હીઃ વીબી-જી રામ જી યોજના શરૂ થવાની તૈયારીમાં હોવાથી, કેન્દ્રએ તેના માટે રૂ. ૯૫,૬૯૨.૩૧ કરોડ ફાળવ્યા છે, જ્યારે મનરેગા માટે રૂ. ૩૦,૦૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

બજેટ દસ્તાવેજો અનુસાર, મંત્રાલયના ગ્રામીણ વિકાસ વિભાગ માટે કુલ ફાળવણી રૂ. ૧,૯૪,૩૬૮.૮૧ કરોડ છે, જે સુધારેલા અંદાજ મુજબ ગયા નાણાકીય વર્ષના રૂ. ૧,૮૬,૯૯૫.૬૧ કરોડ કરતાં થોડી વધારે છે.

૨૦૨૬-૨૭ માટે જમીન સંસાધન વિભાગ માટે ફાળવણી રૂ. ૨,૬૫૪.૩૩ છે. ૨૦૨૫-૨૬ માં, આ વિભાગ માટે ૨,૬૫૧ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા,

૨૦૨૬-૨૭ માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના માટે ફાળવણી ગત વર્ષ જેટલી જ ૧૯,૦૦૦ કરોડ રૂપિયા છે.

દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન માટે, ૨૦૨૬-૨૭ માટે ફાળવણી ગત વર્ષના રૂ. ૧૯,૦૦૫ કરોડથી વધારીને રૂ. ૧૯,૨૦૦ કરોડ કરી છે.

# વિકસિત ભારતનું બૅંકિંગ ક્ષેત્ર કેવું હોય?ઃ ઉચ્ચ સ્તરીય પૅનલની રચના

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે વિકસિત ભારત માટે બેંકિંગ પર ઉચ્ચ સ્તરીય સમિતિ ની રચના કરવાની જાહેરાત કરી, જે ક્ષેત્રની વ્યાપક સમીક્ષા કરશે અને તેને ભારતના વિકાસના આગામી તબક્કા સાથે સંરેખિત કરશે. તેમણે કહ્યું કે, બેંકિંગ ક્ષેત્ર આજે મજબૂત બેલેન્સ શીટ, નફાકારકતામાં ઐતિહાસિક ઊંચાઈ, સુધારેલી સંપત્તિ ગુણવત્તા અને દેશના ૯૮ ટકા ગામડાઓથી વધુ કવરેજ દ્વારા વર્ગીકૃત થયેલ છે તે જોતાં, આ સમયે આ ક્ષેત્રના સુધારા-આગેવાની હેઠળના વિકાસના માર્ગ પર આગળ વધવા માટે જરૂરી પગલાંનું ભવિષ્યલક્ષી મૂલ્યાંકન કરવા માટે અમે સારી સ્થિતિમાં છીએ.

હું વિકસિત ભારત માટે બૅંકિંગ પર ઉચ્ચ સ્તરીય સમિતિ’ ની સ્થાપનાનો પ્રસ્તાવ મૂકું છું, જાહેર ક્ષેત્રની એનબીએફસીમાં સ્કેલ હાંસલ કરવા અને કાર્યક્ષમતા સુધારવા માટેના પ્રથમ પગલા તરીકે, પાવર ફાઇનાન્સ કોર્પોરેશન અને રૂરલ ઇલેક્ટ્રિફિકેશન કોર્પોરેશનનું પુનર્ગઠન કરવાનો પ્રસ્તાવ છે, એમ તેમણે લોકસભામાં બજેટ ભાષણ આપતા કહ્યું. તેમણે કહ્યું કે, હું ભારતની વિકસતી આર્થિક પ્રાથમિકતાઓ સાથે સુસંગત, વિદેશી રોકાણો માટે વધુ સમકાલીન, વપરાશકર્તા-મૈત્રીપૂર્ણ માળખું બનાવવા માટે વિદેશી વિનિમય વ્યવસ્થાપન (નોન-ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સ) નિયમોની વ્યાપક સમીક્ષાનો પ્રસ્તાવ મૂકું છું.

# સુરતથી બંગાળના ડાન્કુનિ વચ્ચે ડેડિકેટેડ ફ્રેઈટ કૉરિડોર બનાવાશે

નવી દિલ્હીઃ નાણા પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે રજૂ કરેલા ૨૦૨૬-૨૭ના કેન્દ્રીય બજેટમાં વિવિધ શહેરોમાં સાત હાઈસ્પીડ અને પશ્ચિમ બંગાળના ડાન્કુનિ અને ગુજરાતના સુરત વચ્ચે એક ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે.

પર્યાવરણ અને પેસેન્જર ફ્રેન્ડલી યંત્રણાને પ્રોત્સાહન આપવા અમે ગ્રોથ કનેક્ટર તરીકે સાત હાઈસ્પીડ રેલ કોરિડોર વિકસાવીશું, એમ તેમણે કહ્યું હતું. આ પ્રસ્તાવિત કોરિડોર મુંબઈ-પુણે, પુણે-હૈદરાબાદ, હૈદરાબાદ-બેંગલુરુ, હૈદરાબાદ-ચેન્નઈ, ચેન્નઈ-બેંગલુરુ, દિલ્હી-વારાણસી અને વારાણસી-સિલિગુડી વચ્ચે વિકસાવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. માલસામાનની હેરફેર માટે પર્યાવરણ ફ્રેન્ડલી અને ટકાઉ સિસ્ટમ માટે પશ્ચિમ બંગાળના ડાન્કુનિ અને ગુજરાતના સુરત વચ્ચે એક ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર સ્થાપવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું. હાલમાં અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ કોરિડોરનું કામ ચાલી રહ્યું છે. એ જ પ્રમાણે અનેક રાજ્યો અને જિલ્લાઓને આવરી લેતા બે ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર (ઈસ્ટર્ન એન્ડ વેસ્ટર્ન) કાર્યરત હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

# સિગરેટ મોંઘી, બીડી સસ્તી

નવી દિલ્હીઃ કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ રજૂ કર્યું હતું. બજેટ ૨૦૨૬ના પ્રસ્તાવો મુજબ તમાકુ, ગુટકાના ભાવમાં તોતિંગ વધારો થશે. નેશનલ કેલામિટીત કોન્ટિજન્ટ ડ્યૂટી (એનસીસીડી) પચીસ ટકાથી વધારીને ૬૦ ટકા કરવામાં આવી છે. આ નવા દર પહેલી મે, ૨૦૨૬થી અમલમાં આવશે. જોકે જીએસટીમાં વધારા સાથે સિગરેટ મોંઘી થઈ ગઈ છે પરંતુ તેંદુ પાનને ૧૮ ટકાના જીએસટીમાં નાખતા બીડી સસ્તી થઈ ગઈ છે.

બજેટ પ્રસ્તાવ મુજબ, સરકારે તમાકુ ઉત્પાદનો પરની એનસીસીડીમાં સુધારો કર્યો છે, જેનો દર પહેલી મે, ૨૦૨૬ થી પચીસ ટકાથી વધારીને ૬૦ ટકા કરવામાં આવ્યો છે. જોકે, ઉત્પાદકો અને ગ્રાહકો પર ટેક્સનો અસરકારક બોજ યથાવત રહેશે. કારણ કે એક્સાઈઝ ડ્યૂટીના અન્ય ઘટકોમાં તે મુજબ ફેરફાર કરવામાં આવ્યા છે. આ ફેરફાર ચાવવાની તમાકુ, જરદા યુક્ત સુગંધિત તમાકુ અને સમાન ઉત્પાદનો પર લાગુ થશે.

નાણા પ્રધાને નવી કર વ્યવસ્થા હેઠળ આંતર-સહકારી મંડળીમાંથી મળતી ડિવિડન્ડ આવકને, જો તે રકમ તેના સભ્યોને વધુ વિતરિત કરવામાં આવે તો, કપાત તરીકે મંજૂરી આપવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો.

# ૨૦૨૬-૨૭માં રાજકોષીય ખાધ જીડીપીના ૪.૩ ટકા જેટલી ઓછી રહેવાનો સરકારનો અંદાજ

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે આગામી નાણાકીય વર્ષ માટે રાજકોષીય ખાધ જીડીપીના ૪.૩ ટકા રહેવાનો અંદાજ લગાવ્યો છે, જે માર્ચ ૨૦૨૬માં પૂરા થતા નાણાકીય વર્ષ માટે ૪.૪ ટકા હતો. તેમણે કહ્યું કે, બજેટ અંદાજ (ઇ) ૨૦૨૬-૨૭માં દેવું-થી-જીડીપી ગુણોત્તર જીડીપીના ૫૫.૬ ટકા રહેવાનો અંદાજ છે, જે સુધારેલા અંદાજ ૨૦૨૫-૨૬માં જીડીપી ના ૫૬.૧ ટકા હતો.

ઘટતા દેવા-થી-જીડીપી ગુણોત્તર વ્યાજ ચુકવણી પરના ખર્ચને ઘટાડીને પ્રાથમિકતા ક્ષેત્રના ખર્ચ માટે ધીમે ધીમે સંસાધનો મુક્ત કરશે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, મને આ ગૃહને જણાવતા આનંદ થાય છે કે મેં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ૨૦૨૫-૨૬ સુધીમાં રાજકોષીય ખાધને જીડીપી ના ૪.૫ ટકાથી નીચે લાવવાની મારી પ્રતિબદ્ધતા પૂર્ણ કરી છે. આરઈ ૨૦૨૫-૨૬માં, રાજકોષીય ખાધ ૨૦૨૫-૨૬ના જીડીપીના ૪.૪ ટકાના બીઇની સમકક્ષ અંદાજવામાં આવી છે. તેમણે કહ્યું કે, અંદાજપત્રીય ખાધ ૨૦૨૬-૨૭માં જીડીપીના ૪.૩ ટકા હોવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૭ માટે સંપૂર્ણ રીતે રાજકોષીય ખાધ ૧૬,૯૫,૭૬૮ કરોડ રૂપિયા જેટલી થવાનો અંદાજ છે.

# સતત નવમું બજેટઃ સીતારમણે મોરારજીભાઈનો રેકૉર્ડ તોડ્યો

### આ વખતે તમિળનાડુની સંસ્કૃતિને અનુરૂપ સાડી પહેરી હતી નાણાં પ્રધાને

નવી દિલ્હીઃ કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે લોકસભામાં સતત ૯મી વખત બજેટ રજૂ કરીને ઈતિહાસ રચ્યો છે. આ વર્ષે તેમનું બજેટ ભાષણ આશરે ૮૫ મિનિટ ચાલ્યું હતું. નાણા પ્રધાને સવારે ૧૧:૦૦ વાગ્યે ભાષણની શરૂઆત કરી હતી અને બપોરે ૧૨:૨૫ વાગ્યે તેને પૂર્ણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, નિર્મલા સીતારમણના નામે સંસદીય ઈતિહાસમાં સૌથી લાંબુ અને સૌથી વધુ શબ્દોવાળું બજેટ ભાષણ આપવાનો પણ રેકોર્ડ નોંધાયેલ છે. બજેટ રજૂઆત દરમિયાન માત્ર આર્થિક જાહેરાતો જ નહીં, પરંતુ નાણા મંત્રીની પહેરવેશ શૈલી અને તેમના તેવર પણ હંમેશા ચર્ચામાં રહે છે. આ વખતે તેમણે તમિળનાડુના વારસાને સન્માન આપતી જાંબલી રંગની કાંચીવરમ સિલ્ક સાડી પહેરી હતી. નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૧માં પરંપરાગત રીતે કાગળના બદલે ડિજિટલ ટેબ્લેટ દ્વારા પેપરલેસ બજેટ રજૂ કરવાની નવી પરંપરા પણ શરૂ કરી હતી, જે આ વર્ષે પણ જાળવી રાખવામાં આવી છે. વર્ષ ૨૦૨૦માં નિર્મલા સીતારમણે ભારતનો અત્યાર સુધીનો સૌથી લાંબું બજેટ ભાષણ આપ્યું હતું, જે બે કલાક અને ૪૨ મિનિટ સુધી ચાલ્યું હતું.

# સેઝથી સ્થાનિક બજારમાં રાહત દરે વેચાણ સરળ બનાવવાનો પ્રસ્તાવ

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે સ્પેશિયલ ઇકોનોમિક ઝોન(સેઝ)માં અનુકૂળ ઉત્પાદન એકમોને ડોમેસ્ટિક ટૅરિફ એરિયામાં રાહત દરે વેચાણની સુવિધાને સરળ બનાવવા માટે એક ખાસ વન-ટાઇમ પગલાંનો પ્રસ્તાવ મૂક્યો છે.

આ માંગ અમેરિકામાં ઊંચા ટેરિફને કારણે સેઝ એકમોમાં ક્ષમતા ઉપયોગ સાથે જોડાયેલી સમસ્યાઓનો સામનો કરી રહેલા ઉદ્યોગોની હતી. તેણીએ તેમના બજેટ ભાષણમાં જણાવ્યું કે વૈશ્વિક વેપારમાં વિક્ષેપોને કારણે સેઝમાં ઉત્પાદન એકમો દ્વારા ક્ષમતાના ઉપયોગ અંગે ઉઠી રહેલી ચિંતાઓને દૂર કરવા માટે હું એક ખાસ વન-ટાઇમ ઉપાય તરીકે સેઝમાં અનુકૂળ ઉત્પાદન એકમો દ્વારા ડીટીએમાં રાહત દરે વેચાણને સરળ બનાવવાનો પ્રસ્તાવ મૂકું છું. આવા વેચાણની માત્રા તેમની નિકાસના ચોક્કસ પ્રમાણ સુધી મર્યાદિત રહેશે.

તેમણે કહ્યું કે આ પગલાંના અમલ માટે જરૂરી નિયમનકારી ફેરફારો કરવામાં આવશે. સાથોસાથ ડીટીએમાં કાર્યરત એકમો માટે સમાન તકો સુનિશ્ચિત કરવામાં આવશે. અગાઉ ઉદ્યોગે કેન્દ્રને સરકારને વિનંતી કરી હતી કે સેઝમાં બનતા ઉત્પાદનોને સ્થાનિક બજારમાં વેચવાની મંજૂરી આપવામાં આવે. જેના માટે ઇનપુટ પર માફ કરાયેલી ડ્યૂટી ચૂકવવામાં આવશે. કારણ કે આથી વેલ્યુ એડિશનને પ્રોત્સાહન મળશે. હાલ સેઝમાં એકમોને તેમના ઉત્પાદનોને ડોમેસ્ટિક ટેરિફ એરિયા(ડીટીએ અથવા સ્થાનિક બજાર)માં આઉટપુટના આધારે(તૈયાર માલ પર) ડ્યૂટી ચૂકવીને વેચવાની મંજૂરી છે. આ ઝોનને વેપાર અને ડ્યૂટી માટે વિદેશી ક્ષેત્ર ગણવામાં આવે છે. જેમાં ડ્યૂટી ફ્રી સ્થાનિક વેચાણ પર પ્રતિબંધ છે.




# ૪૦,૦૦૦ કરોડનાં રોકાણ સાથે સેમીકન્ડક્ટર મિશન ૨.૦ની ઘોષણા

નવી દિલ્હી: દેશને સેમીકંડક્ટર સેક્ટરમાં આત્મિનર્ભર બનાવવા માટે સરકારે બજેટમાં એક મોટી જાહેરાત કરી છે. બજેટમાં સરકારે દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમને વેગ આપવાના ઉન્નત ઉદ્દેશ્ય સાથે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન ૨.૦ની શરૂઆતની જાહેરાત કરી છે. જેમાં હાઇ-ટેક કમ્પોનેન્ટ્સના ઉત્પાદન માટે જરૂરી સાધનો, મટીરિયલ, સ્વદેશી ડિઝાઇન અને અન્ય કમ્પોનન્ટ્સનો સમાવેશ થાય છે.

નાણાં પ્રધાને જણાવ્યું કે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન(આઇએસએમ) ૧.૦એ ભારતના સેમિકન્ડક્ટર સેક્ટરની ક્ષમતાઓનો વિસ્તાર કર્યો છે. આના આધારે આગળ વધતા અમે ઇક્વિપમેન્ટ અને મટીરિયલ બનાવવા, ફુલસ્ટેક ઇન્ડિયન આઇપી ડિઝાઇન કરવા અને સપ્લાઇ ચેનને મજબૂત બનાવવા માટે આઇએસએમ ૨.૦ લોન્ચ કરીશું. ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ(ઇસીએમએસ)ને મળેલા પ્રતિસાદથી ઉત્સાહિત થઇને સીતારમણે તેનું બજેટ વધારીને ૪૦,૦૦૦ કરોડ રૂપિયા કર્યું છે.

સીતારમણે કહ્યું કે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમને એપ્રિલ ૨૦૨૫માં ૨૨,૯૧૯ કરોડ રૂપિયાના ખર્ચ સાથે લોન્ચ કરવામાં આવી હતી. જેમાં પહેલાથી જ લક્ષ્ય કરતાં બમણું રોકાણ કરવાનું વચન આપવામાં આવ્યું છે. આ ગતિનો લાભ લેવા માટે અમે ખર્ચ વધારીને ૪૦,૦૦૦ કરોડ રૂપિયા કરવાનો પ્રસ્તાવ મૂકીએ છીએ. ■

# વિદેશમાં અભ્યાસ, સારવાર અને પ્રવાસ સસ્તા થશેઃ ટીસીએસ ઘટાડીને બે ટકા કરવાનો પ્રસ્તાવ


નવી દિલ્હીઃ બજેટમાં નિર્મલા સીતારમણે લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ(એલઆરએસ) હેઠળ શિક્ષણ અને તબીબી હેતુઓ માટે વિદેશથી મોકલવામાં આવતી રકમ તેમજ વિદેશ યાત્રા પેકેજના વેચાણ પર ટેક્સ કલેક્શન એટ સોર્સ(ટીસીએસ) દરને ઘટાડીને બે ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. લોકસભામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરતાં પ્રધાને એવો પણ પ્રસ્તાવ મૂક્યો કે દારૂ, ભંગાર (સ્ક્રેપ) અને ખનિજો જેવા ચોક્કસ માલના વિક્રેતાઓ માટે ટીસીએસ દરને તર્કસંગત બનાવીને બે ટકા કરવામાં આવશે અને તેંદુના પાન પર તેને પાંચ ટકાથી ઘટાડીને બે ટકા કરવામાં આવશે. સીતારમણે કહ્યું કે હું લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કીમ(એલઆરએસ) હેઠળ શિક્ષણ અને તબીબી હેતુઓ માટે ટીસીએસ દર ૫ ટકાથી ઘટાડીને બે ટકા કરવાનો પ્રસ્તાવ મૂકું છું. પ્રસ્તાવ અનુસાર શિક્ષણ કે તબીબી સારવાર માટે ૧૦ લાખ રૂપિયાથી વધુની રકમ મોકલવા પર હવે હાલના પાંચ ટકાને બદલે બે ટકા ટીસીએસ લાગશે. એલઆરએસ હેઠળ સગીરો સહિત તમામ નિવાસી વ્યક્તિઓને પ્રતિ નાણાકીય વર્ષમાં ૨,૫૦,૦૦૦ અમેરિકન ડોલર સુધી વિદેશ મોકલવાની મંજૂરી છે. જોકે શિક્ષણ અથવા તબીબી સારવાર સિવાયના હેતુઓ માટે ટીસીએસ દર ૨૦ ટકા જ રહેશે. નાણાં પ્રધાને વિદેશ યાત્રા પેકેજના વેચાણ પર ટીસીએસ દરને હાલના પાંચ ટકાથી ઘટાડીને કોઇપણ મર્યાદા વિના બે ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં ૧૦ લાખ રૂપિયા સુધીના વિદેશ યાત્રા પેકેજ પર પાંચ ટકા અને તેનાથી વધુ પર ૨૦ ટકા ટીસીએસ વસૂલવામાં આવે છે. ■

## કોણે શું કહ્યું



**બેરોજગાર** યુવાનો, ઘટતું ઉત્પાદન, મૂડીબજારને આવજો કહેતા રોકાણકારો, ઘટતી પારિવારિક બચતો, ખેડૂતો હતાશામાં, ઝળુંબતા વૈશ્વિક આંચકાઓ તમામની ઉપેક્ષા. બજેટ નિર્ધારિત માગોની દિશામાં સુધારા કરવાનો ઈનકાર કરે છે. ભારતની ખરી કટોકટી તરફ બજેટ આંખ આડા કાન કરે છે.

-રાહુલ ગાંધી




**વૈશ્વિક સ્તરે** ભારતને ગતિ આપતું, વૈશ્વિક રોકાણકારોને આકર્ષતું, મેન્યુફેક્ચરિંગથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્યથી ટૂરિઝમ, ગ્રામીણથી એઆઈ, રમતગમત ક્ષેત્રથી ધાર્મિકસ્થળો, યુવાનોથી મહિલાઓ અને ગામડાથી શહેરના વિકાસને પ્રોત્સાહન આપતું, ૨૦૪૭ના વિકસિત ભારતના વિઝનને સાકાર કરતું બજેટ.

-અમિત શાહ




**દૂરંદેશીનો** અભાવ, રોજગારના નિર્માણ અંગે અસ્પષ્ટતા, મધ્યમ અને નીચલા મધ્યમ વર્ગની સમસ્યાઓનો યોગ્ય ઉકેલ ન ધરાવતું નિરાશાજનક બજેટ.

- શશી થરૂર




**યોગ્ય** નીતિનો અભાવ, દેશ સામેના આર્થિક, સામાજિક અને રાજકીય પડકારો-સમસ્યાઓનો ઉકેલ ન આપતું, અસમાનતા વધારતું, રાજકીય ઈચ્છાશક્તિ વિનાનું બજેટ.


- મલ્લિકાર્જુન ખડગે



**વિકસિત** ભારતના વિઝનને સાકાર કરતું,કનેક્ટિવિટી અને ઉત્પાદન વધારતું, પ્રાદેશિક સંતુલન જાળવતું, વર્લ્ડ ક્લાસ, ફ્યુચર રેડી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ કેન્દ્રિત સ્પષ્ટ બજેટ.

- નીતિન ગડકરી




# દરેક જિલ્લામાં ગર્લ્સ હોસ્ટેલ, રાજ્યમાં પાંચ યુનિવર્સિટી ટાઉનશિપ સ્થપાશે

નવી દિલ્હી : કેન્દ્રીય બજેટમાં શિક્ષણ ક્ષેત્ર માટે અનેક દરખાસ્તોનો સમાવેશ થાય છે જેમાં મોટા ઈન્ડસ્ટ્રીયલ અને લોજિસ્ટિક કોરિડોરની નજીક પાંચ યુનિવર્સિટી ટાઉનશિપ, દરેક જિલ્લામાં છોકરીની હોસ્ટેલ, ૧૫,૦૦૦ સ્કૂલ અને ૫૦૦ કૉલેજમાં કન્ટેન્ટ ક્રીએટલ લેબ અને શિક્ષણમાં ટેક્સ કલેકશન એટ સોર્સ (ટીસીએસ)માં ઘટાડો કરીને બે ટકા કરવામાં આવ્યો છે. ક્ષેત્રને ૧.૩૯ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ માટે ૫૫,૭૨૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષના બજેટમાં જાહેરાત કરી હતી કે સરકાર રાજ્યને મોટા ઈન્ડસ્ટ્રીયલ અને લોજિસ્ટિક કોરિડોરની નજીક પાંચ યુનિવર્સિટી ટાઉનશિપ ઊભી કરાશે.

આ આયોજિત એકેડેમિક ઝોનમાં અનેક યુનિવર્સિટી, કૉલેજ અને રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, સ્કિલ સેન્ટર અને રહેણાંક સંકુલ હશે.

સીતારમણે કહ્યું હતું કે દેશના અનેક જિલ્લામાં છોકરીની હોસ્ટેલ ઊભી કરાશે. દેશના ૭૦૦થી વધારે જિલ્લામાં આ હોસ્ટેલ ઊભી કરાશે.

તેમણે કહ્યું હતું કે સ્ટેમ ઈન્સ્ટિટ્યૂટ જેવા ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ અને પ્રયોગશાળામાં લાંબા સમયને લીધે છોકરીઓને માટે પડકાર ઊભા થાય છે. બજેટમાં વીજીએફ કે કેપિટલ સપોર્ટ વાટે દરેક જિલ્લામાં છોકરીની હોસ્ટેલ ઊભી કરાશે. તેમણે વેટરિનરી કૉલેજ, હૉસ્પિટલ અને ડાયેગ્નોસ્ટિક્સ લેબોરેટરીઝ માટે લોન સાથે સંકળાયેલી કેપિટલ સબ્સીડી સ્કીમની દરખાસ્ત મૂકી છે. (એજન્સી) ■

# કાપડ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે મેગા ટેક્સટાઇલ પાર્ક બનાવાશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે શ્રમ-સઘન કાપડ ક્ષેત્રમાં વૃદ્ધિને વેગ આપવા માટે એક સંકલિત કાર્યક્રમનો પ્રસ્તાવ મૂક્યો છે, સાથે જ મેગા ટેક્સટાઇલ પાર્ક સ્થાપવાની યોજના પણ બનાવી છે. બજેટમાં પગલાંની જાહેરાત કરતા, નાણા પ્રધાન નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં પાંચ પેટા-ભાગો હશે જેનો હેતુ સમગ્ર શ્રમ-સઘન કાપડ ક્ષેત્રને મજબૂત બનાવવા અને રોજગાર વધારવાનો છે. એક મુખ્ય ઘટક પ્રસ્તાવિત રાષ્ટ્રીય ફાઇબર યોજના છે, જે માનવસર્જિત અને નવા યુગના રેસા સાથે રેશમ, ઊન અને શણ જેવા કુદરતી રેસાઓમાં પરંપરાગત કાપડ ક્લસ્ટરોને આધુનિક બનાવવા માટે, આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સરકારે કાપડ વિસ્તરણ અને રોજગાર યોજનાની પણ જાહેરાત કરી છે જે મશીનરી, ટેકનોલોજી અપગ્રેડેશન અને સામાન્ય પરીક્ષણ અને પ્રમાણપત્ર કેન્દ્રોની રચના માટે મૂડી સહાય પૂરી પાડશે. કારીગરોને ટેકો આપવા માટે, રાષ્ટ્રીય હાથવણાટ અને હસ્તકલા કાર્યક્રમ હાલની યોજનાઓને એકીકૃત અને મજબૂત બનાવશે, વણકરો અને કારીગરો માટે લક્ષિત સહાય સુનિશ્ચિત કરશે. વધુમાં, ટકાઉ અને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક કાપડ અને વસ્ત્રોને પ્રોત્સાહન આપવા ટેક્સ-ઇકો પહેલ શરૂ કરાશે. ■

# ત્રણ નવી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ સ્થપાશે

નવી દિલ્હીઃ નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેનું કેન્દ્રીય બજેટ રજૂ કર્યું. રવિવારે નાણામંત્રી નિર્મલા સીતારમણે પરંપરાગત તબીબી સારવાર અને દવાઓમાં સંશોધનને પ્રોત્સાહન આપવા માટે ત્રણ નવી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદની સ્થાપનાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

લોકસભામાં ૨૦૨૫-૨૬નું કેન્દ્રીય બજેટ રજૂ કરતા નાણામંત્રીએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ મહામારી પછી આયુર્વેદને વિશ્વભરમાં માન્યતા મળી છે. તેમણે ઉમેર્યું હતું કે ઉચ્ચ ગુણવત્તાવાળા આયુર્વેદિક ઉત્પાદનો ઔષધિઓ ઉગાડનારા ખેડૂતો અને તેમની પ્રક્રિયા કરનારા યુવાનોને મદદ કરે છે. નાણામંત્રીએ વધતી જતી વૈશ્વિક માગને પહોંચી વળવા આયુષ ફાર્મસીઓ અને દવા પરીક્ષણ પ્રયોગશાળાઓને ઉચ્ચ ધોરણો સુધી વધારવા અને પ્રમાણપત્ર પ્રણાલી માટે વધુ કુશળ કર્મચારીઓ પૂરા પાડવા માટે ત્રણ નવી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદની સ્થાપનાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મંત્રીએ કહ્યું કે પ્રાચીન ભારતીય યોગ, જે પહેલાથી જ વિશ્વના ઘણા ભાગોમાં આદરણીય છે, તેને વડાપ્રધાન સંયુક્ત રાષ્ટ્રમાં લઈ ગયા ત્યારે વ્યાપક વૈશ્વિક માન્યતા મળી હતી. તેમના કાર્યકાળનું નવમું બજેટ રજૂ કરતા તેમણે કહ્યું કે કોવિડ મહામારી પછી આયુર્વેદને સમાન વૈશ્વિક માન્યતા મળી છે. તેમણે જામનગરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન (ડબલ્યૂએચઓ) ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનું અપગ્રેડેશન કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો જેથી પુરાવા-આધારિત સંશોધન, તાલીમ અને પરંપરાગત દવાઓ પ્રત્યે જાગૃતિને પ્રોત્સાહન મળે. ■

# દુર્લભ ખનિજો માટે કેપિટલ ગુડ્સ પર કસ્ટમ ડ્યૂટીમાં છૂટ

### રાજ્યોમાં ડેડિકેટેડ કૉરિડૉર બનાવવાનો પ્રસ્તાવ

નવી દિલ્હી : સરકારે રવિવારે ઓડિશા અને તમિળનાડુ જેવા ખનિજ સમૃદ્ધ રાજ્યોમાં સમર્પિત કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો અને ખનન અને અન્ય પ્રવૃત્તિઓને વેગ આપવા માટે મહત્વપૂર્ણ ખનિજોના પ્રોસેસિંગ માટે જરૂરી વસ્તુઓ પર આયાત શુલ્કમાંથી છૂટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. સરકાર દ્વારા આયાત પર નિર્ભરતા ઘટાડવા માટે દુર્લભ અથવા મહત્વપૂર્ણ ખનિજોને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે કારણ કે આ ખનિજો ઇલેક્ટ્રિક વાહનો, નવીનીકરણીય ઉર્જા, ઇલેક્ટ્રોનિક્સ, એરોસ્પેસ અને સંરક્ષણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા માટે ખૂબ ઉપયોગી થઈ શકે છે.

લોકસભામાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરતા નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું હતું કે, ''ભારતમાં મહત્ત્વપૂર્ણ ખનિજોની પ્રક્રિયા માટે જરૂરી મૂડી-માલસામાનના આયાત પર બેસિક કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ છે.'' તેમણે માહિતી આપી કે નવેમ્બર ૨૦૨૫માં રેયર અર્થ પરમેનન્ટ મેગ્નેટ યોજના શરૂ કરવામાં આવી હતી. નાણામંત્રીએ મહત્વપૂર્ણ ખનિજ વિભાગ હેઠળ 'મોનાઝાઇટ' પર કસ્ટમ ડ્યુટી વર્તમાન ૨.૫ ટકાથી ઘટાડીને શૂન્ય કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો. કેન્દ્રીય મંત્રીમંડળે અગાઉ નવેમ્બર ૨૦૨૫માં ૭,૨૮૦ કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચ સાથે 'સિન્ટર્ડ રેર અર્થ પરમેનન્ટ મેગ્નેટના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટેની યોજના' ને મંજૂરી આપી હતી. તેમણે કહ્યું હતું કે ''અમે ખનિજથી સમૃદ્ધ રાજ્યો ઓડિશા, કેરળ, આંધ્રપ્રદેશ અને તમિળનાડુને ખનન, પ્રક્રિયા, સંશોધન અને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત રેર અર્થ કોરિડોર સ્થાપિત કરવા માટે સહાયતાનો પ્રસ્તાવ રજૂ કરીએ છીએ.'' નાણામંત્રીએ ક્રિટિકલ મિનરલ સેક્શન હેઠળ મોનાઝાઇટ પર કસ્ટમ ડ્યુટી હાલના ૨.૫ ટકાથી ઘટાડીને શૂન્ય કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ■

# નવો ઈન્કમ ટૅક્સ ધારો પહેલી એપ્રિલથી અમલી

નવી દિલ્હીઃ નાણા પ્રધાન નિર્મલા સીતારમણે રવિવારે જણાવ્યું હતું કે આવકવેરા કાયદો, ૨૦૨૫ ૧ એપ્રિલથી લાગુ કરવામાં આવશે અને નિયમો અને ટેક્સ રિટર્ન ફોર્મ ટૂંક સમયમાં સૂચિત કરવામાં આવશે જેનાથી કરદાતાઓને તેની જરૂરિયાતોથી પરિચિત થવા માટે પૂરતો સમય મળશે. ૧ એપ્રિલથી શરૂ કરીને, આવકવેરા કાયદો, ૨૦૨૫, છ દાયકા જૂના કર કાયદાને બદલે અમલમાં આવશે અને ૨૦૨૬-૨૭ના બજેટમાં કર કાયદામાં કરવામાં આવેલા ફેરફારોને નવા કાયદામાં સામેલ કરવામાં આવશે. ફોર્મ્સને ફરીથી ડિઝાઇન કરવામાં આવ્યા છે, જેથી સામાન્ય નાગરિકો મુશ્કેલી વિના પાલન કરી શકે, તેવુ તેમણે ઉમેર્યું. ૨૦૨૫નો આવકવેરા કાયદો આવક તટસ્થ છે અને કર દરોમાં કોઈ ફેરફાર થયો નથી. તેણે ફક્ત પ્રત્યક્ષ કર કાયદાઓને સમજવા માટે સરળ બનાવ્યા છે, અસ્પષ્ટતાઓ દૂર કરી છે, જેનાથી મુકદ્દમા માટે અવકાશ ઓછો થયો છે. તે ૧૯૬૧ના આવકવેરા કાયદાની તુલનામાં ટેક્સ્ટ વોલ્યુમ અને કલમોમાં લગભગ ૫૦ ટકાનો ઘટાડો કરે છે.

નવો કાયદો આકારણી વર્ષ અને પાછલા વર્ષ વચ્ચેના તફાવતને દૂર કરીને કર સમયરેખાને સરળ બનાવે છે, તેને એક જ 'ટૅક્સ યર' માળખા સાથે બદલી નાખે છે. તે કરદાતાઓને કોઈપણ દંડ ચાર્જ વિના, સમયમર્યાદા પછી આઈ.ટી.આર. ફાઇલ કરવામાં આવે ત્યારે પણ ટીડીએસ રિફંડનો દાવો કરવાની મંજૂરી આપે છે. ■

# ગ્રામીણ અર્થતંત્રને વેગ આપવા ૭.૧૨ ટકાની વધુ ફાળવણી

નવી દિલ્હી : ગ્રામીણ ગુજરાન ચલાવવા માટેના વિકલ્પોને વ્યાપક બનાવવા માટે મોટા નીતિવિષયક નિર્ણયોની જાહેરાત કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે કરી હતી. તેમણે ૨૦૨૬-૨૭ના નાણાકીય વર્ષના બજેટ માટે ઢોર, માછીમારી અને ઊંચા મૂલ્યના પાક માટે સર્વગ્રાહી પેકેજની જાહેરાત કરી હતી જેથી ખેડૂતોનું પરંપરાગત પાક પરનું અવલંબન ઓછું થાય.

સરકારે ૨૦૨૬-૨૭ના બજેટમાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિ માટે ૧,૬૨,૬૭૧ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે જે ૨૦૨૫-૨૬માં સુધારેલા અંદાજ પ્રમાણે ૧,૫૧,૮૫૩ કરોડ રૂપિયની હતી. આનો અર્થ એ થયો કે ફાળવણીમાં ૭.૧૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

સીતારમણે સતત નવમી વાર અંદાજપત્ર રજૂ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે સરકાર 'સબકા સાથ, સબકા વિકાસ'ની સાથે વિકસિત ભારતના સ્વપ્નને જોડે છે.

તેમણે ગ્રામીણ આવકનું વૈવિધ્યકણ કરવા અને પરંપરાગત ખેતી ઉપરાંત રોજગારની તકો ઊભી કરવા અનેક પગલાંની જાહેરાત કરતાં કહ્યું હતું કે ખેડૂતની આવક વધારવાના હેતુથી ઉત્પાદન વધારવાના અને નવા સાહસ કરવાના પ્રયાસો કરાશે અને આમાં નાના અને માર્જિનલ ખેડૂતો પર ખાસ ધ્યાન આપવામાં આવશે.

પ્રથમ તો એક્સકલુઝિવ ઈકોનોમિક ઝોનમાં અને હાઈ સીમાં ભારતીય જહાજો દ્વારા પકડવામં આવેલી માછલી પર શૂન્ય જકાત હશે. આનો સંભવત દૂરુપયોગ ટાળવા માટે સુરક્ષાનાં પગલાં લેવામાં આવશે. સરકાર જકાતમુક્ત આયાતોની વેલ્યુ લિમિટ વધારશે.

ભારતના માછીમારી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા સરકાર ૫૦૦ જળાશયોનો એકંદર વિકાસ કરવાનું ચાલુ કરશે અને કોસ્ટલ એરિયામાં વેલ્યુ ચેન મજબૂત કરવામાં આવશે.

ગરીબ અને માર્જિનલ ઘરોની કૃષિ આવકમાં ૧૬ ટકા યોગદાન ઢોરોનું છે. સીતારમણે ઢોરોના ડૉક્ટર જેવા નિષ્ણાતોની ઉપલબ્ધતા ૨૦,૦૦૦ જેટલી વધારવા લોન લિન્ક કેપિટલ સબ્સિડી સ્કીમ શરૂ કરવાનું કહ્યું હતું.

સરકાર નાળિયેર, સેંડલવુડ અને કોકો પર ધ્યાન કેન્દ્રિત કરવાની જાહેરાત કરી હતી. સીતારમણે કહ્યું હતું કે તટીય વિસ્તારોમાં ઊંચી કિંમતવાળા પાકો જેવા કે નાળિયેર, ચંદન અને કોકો અને કાજુ ઉગાડવા અમે ટેકો આપીશું. (એજન્સી)■

# દેશમાં ૧૫ પુરાતત્ત્વીય સ્થળોનો વિકાસ થશે

### નેશનલ ડેસ્ટિનેશન ડિજિટલ નોલેજ ગ્રીડની સ્થાપના થશે

નવી દિલ્હીઃ સરકારે બજેટમાં લોથલ અને લેહ પેલેસ સહિત ૧૫ પુરાતત્વીય સ્થળોને 'જીવંત સાંસ્કૃતિક સ્થળો' તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. તેમજ દેશભરમાં સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સ્થળો સહિત તમામ મહત્ત્વપૂર્ણ સ્થળોનું ડિજિટલ દસ્તાવેજીકરણ કરવા માટે એક નેશનલ ડેસ્ટિનેશન ડિજિટલ નોલેજ ગ્રીડની સ્થાપના કરવાની જાહેરાત કરી છે.

કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરતાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીરમાં પર્યાવરણીય રીતે ટકાઉ પહાડી રસ્તાઓના વિકાસ અને હાલના નેશનલ કાઉન્સિલ ફોર હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલોજીને અપગ્રેડ કરીને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હૉસ્પિટાલિટીની સ્થાપના કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે.સરકારે બજેટમાં પ્રવાસન ક્ષેત્ર માટે ૨૪૩૮.૪૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. જેમાંથી ૨૪૩૩.૮૭ રૂપિયા મહેસૂલ ખર્ચ છે. સાંસ્કૃતિક ક્ષેત્રનો ખર્ચ ૩,૪૧૬.૬૩ કરોડ રૂપિયા છે. આ ક્ષેત્ર માટે ૨૦૨૫-૨૬નું સુધારેલ બજેટ અંદાજે ૩,૫૫૦.૦૯ કરોડ રૂપિયા હતું. નાણાં પ્રધાને કહ્યું કે પ્રવાસન ક્ષેત્રની રોજગાર સર્જન, વિદેશી મુદ્રા આવક અને સ્થાનિક અર્થતંત્રના વિસ્તરણમાં મુખ્ય ભૂમિકા છે. હું હાલની નેશનલ કાઉન્સિલ ફોર હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેક્નોલોજીને અપગ્રેડ કરીને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હોસ્પિટાલિટી સ્થાપિત કરવાનો પ્રસ્તાવ મૂકું છું. ■

# એમએસએમઇ માટે ૧૦,૦૦૦ કરોડના ભંડોળની જાહેરાત

નવી દિલ્હીઃ નાણા પ્રધાન સીતારમણે રવિવારે એમએસએમઇને 'ચેમ્પિયન' તરીકે વિકાસ કરવામાં મદદ કરવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના સમર્પિત ભંડોળ સહિત ત્રણ-સ્તરીય વ્યૂહરચનાનો પ્રસ્તાવ મૂક્યો.

તેમના બજેટ ભાષણમાં, સીતારમણે કહ્યું કે મોદી સરકારે રોજગારીનું સર્જન, ઉત્પાદકતા વધારવા અને વૃદ્ધિને વેગ આપવા માટે વ્યાપક આર્થિક સુધારા હાથ ધર્યા છે.

''રિફોર્મ એક્સપ્રેસ'' તેના માર્ગે છે અને આપણા કર્તવ્ય ને પૂર્ણ કરવામાં મદદ કરવા માટે તેની ગતિ જાળવી રાખશે, એમ તેમણે નવનિર્મિત કર્તવ્ય ભવનમાં તૈયાર કરાયેલ પ્રથમ બજેટ રજૂ કરતી વખતે જણાવ્યું હતું. અગાઉ, બજેટ નોર્થ બ્લોકમાં તૈયાર કરવામાં આવતું હતું.

સીતારમણે કહ્યું, આપણે ત્રણ કર્તવ્ય : આર્થિક વિકાસને વેગ આપો અને ટકાવી રાખો, આકાંક્ષાઓ પૂર્ણ કરો અને ક્ષમતાનું નિર્માણ કરો, અને સબકા સાથ, સબકા વિકાસથી પ્રેરિત છીએ.

હું એમએસએમઇને ભવિષ્યના ચેમ્પિયન બનાવવા માટે, પસંદગીના માપદંડોના આધારે સાહસોને પ્રોત્સાહન આપવા માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાનું સમર્પિત એસએમઇ ગ્રોથ ફંડ રજૂ કરવાનો પ્રસ્તાવ મૂકું છું, એમ તેમણે કહ્યું.

આર્થિક વિકાસને વેગ આપવા અને ટકાવી રાખવાના પ્રથમ કાર્ય હેઠળ, તેમણે 'ચેમ્પિયન એમએસએમઇ' બનાવવા સહિત છ ક્ષેત્રમાં હસ્તક્ષેપોનો પ્રસ્તાવ મૂક્યો. એમએસએમઇને વૃદ્ધિના મહત્વપૂર્ણ એન્જિન તરીકે ઓળખતા, સીતારમણે એમએસએમઇને 'ચેમ્પિયન' તરીકે વિકાસ કરવામાં મદદ કરવા માટે ત્રણ-પાંખિયા અભિગમ - ઇક્વિટી સપોર્ટ, લિક્વિડિટી સપોર્ટ અને પ્રોફેશનલ સપોર્ટની રૂપરેખા આપી. ■

# જાન્યુઆરીમાં જીએસટી કલેક્શન ૧.૯૩ લાખ કરોડ

વી દિલ્હીઃ જાન્યુઆરીમાં ગ્રોસ જીએસટી કલેક્શનનો આંક ૬.૨ ટકા વધીને ત્રણ મહિનાની સર્વોચ્ચ સપાટીએ એટલે કે ૧.૯૩ લાખ કરોડ પર પહોંચ્યો હોવાનું સૂત્રોએ રવિવારે જણાવ્યું હતું. ગયા વરસે જીએસટી દરમાં કરવામાં આવેલા ઘટાડાને કારણે વધેલા વપરાશને લીધે જીએસટી કલેક્શનમાં વધારો નોંધાયો હોવાનું તેમણે કહ્યું હતું. જોકે રિફંડનો આંક ૩.૧ ટકા ઘટીને ૨૨,૬૬૫ કરોડ રહ્યો હતો જેને કારણે જાન્યુઆરીમાં જીએસટીની એકંદર આવક ૭.૬ ટકા વધીને ૧.૭૧ લાખ કરોડ થઈ હતી. ડોમેસ્ટિક કલેક્શન મારફતે ગ્રોસ જીએસટી કલેક્શનનો આંક ૪.૮ ટકા એટલે કે ૧.૪૧ લાખ કરોડ રૂપિયા તો આયાત પરના જીએસટીની આવકનો આંક ૧૦.૧ ટકા વધીને ૫૨,૨૫૩ કરોડ રૂપિયા રહ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલી બને તે રીતે અંદાજે ૩૭૫ જેટલી વસ્તુઓ પરનો જીએસટી ઘટાડવામાં આવ્યો હતો જેને કારણે વસ્તુઓ સસ્તી થઈ હતી. જીએસટીના પાંચ, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ચાર સ્લેબને પાંચ અને ૧૮ ટકાના સ્લેબમાં મર્જ કરી દેવામાં આવ્યા હતા. તો પસંદગીની અલ્ટ્રા લક્ઝરી વસ્તુઓ અને તમાકુના ઉત્પાદનોને જીએસટીના ૪૦ ટકાના સર્વોચ્ચ સ્લેબમાં રાખવામાં આવ્યા હતા. (એજન્સી) ■

# ફિલ્મમેકર રોહિત શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબારઃ પાંચ શકમંદ પકડાયા

## લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગે ગોળીબારની જવાબદારી સ્વીકારી બોલિવૂડને આપી ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સુપરસ્ટાર સલમાન ખાનના બાન્દ્રાના ગૅલેક્સી એપાર્ટમેન્ટમાં આવેલા નિવાસસ્થાન બહાર થયેલા ગોળીબાર જેવી જ ઘટના ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાને બની હતી. શનિવારની મધરાતે પિસ્તોલમાંથી શેટ્ટીના નિવાસસ્થાન પર પાંચ રાઉન્ડ ફાયર કરવામાં આવતાં બોલીવૂડ હચમચી ઊઠ્યું હતું. આ ગોળીબારની જવાબદારી સ્વીકારી બિશ્નોઈ ગૅન્ગ દ્વારા બોલીવૂડને ધમકી આપતો મેસેજ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કર્યો હતો. જોકે મુંબઈ પોલીસે ઝડપી તપાસ હાથ ધરી પુણે ક્રાઈમ બ્રાન્ચની મદદથી પાંચ જણને તાબામાં

(જુઓ પાનું ૪) ▶▶



### નાકાબંધીથી ડરીને સ્કૂટર છોડવું પડ્યું એમાં આરોપી ઝડપાયા

મુંબઈઃ રોહિત શેટ્ટીના ઘર પર ગોળીબાર કરવામાં સંડોવાયેલો આરોપી નાકાબંધીથી ડરીને જૂહુ ચર્ચ પાસે સ્કૂટર છોડી ભાગ્યો એમાં પોલીસ તરત જ તેમનું પગેરું શોધી શકી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પકડાયેલામાંથી એક આરોપીએ હાલમાં જ એક સેકન્ડહેન્ડ સ્કૂટર ખરીદ્યું હતું, પણ તેનું રજિસ્ટ્રેશન પોતાના નામ પર ટ્રાન્સફર કરાવ્યું નહોતું. પોલીસને શક છે કે કદાચ ગોળીબારમાં ઉપયોગ કરવા જ સ્કૂટર ખરીદવામાં આવ્યું હશે. સીસીટીવી ફૂટેજ પરથી પોલીસને (જુઓ પાનું ૪) ▶▶

### ટાઈમ રહતે લાઈન પે આ જાઓ વરના... ગોળીબાર પછી બિશ્નોઈ ગૅન્ગની ધમકી

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના નિવાસસ્થાન પર ગોળીબારની ઘટના પછી સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ શૅર કરીને બિશ્નોઈ ગૅન્ગ દ્વારા બોલીવૂડને ધમકી આપવામાં આવી હતી કે 'ટાઈમ રહતે લાઈન પે આ જાઓ, વરના છિપને કે લિયે જગહ કમ પડ જાએગી તુમ્હે.'

શેટ્ટીના ઘર પર ગોળીબારની ઘટના પછી શુભમ લોણકર આરઝૂ બિશ્નોઈ નામના ફેસબુક એકાઉન્ટ પરથી બોલીવૂડ માટે ધમકીભર્યો મેસેજ પોસ્ટ કરવામાં આવ્યો (જુઓ પાનું ૪) ▶▶

## સુનેત્રા પવારની આકરી કાર્યવાહી, એનસીપીમાં સન્નાટો

# શરદ પવારનું નિવેદન, એનસીપીની બેઠક અને અજિતદાદાના ખાસ માણસનો 'ખેલ'

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા બાદ એક એવું આકરું પગલું લીધું છે જેને કારણે અજિતદાદાના એક ખાસ માણસનો 'ખેલ' થઈ ગયો છે. નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પછી, સુનેત્રા પવારને ખાતાંની ફાળવણી કરવામાં આવી હતી, પરંતુ દિવસ દરમિયાન મુંબઈમાં એનસીપીની કચેરીમાં એક અલગ પ્રકારની ઘટના બની. હવે એવું સામે આવી રહ્યું છે કે અજિત પવારના અત્યંત વિશ્વાસુ નરેશ અરોરાને હાંકી કાઢવામાં આવ્યા છે. એવું પણ પ્રકાશમાં આવ્યું છે કે એનસીપીના નેતાઓમાં અરોરા પ્રકરણ પછી ભારે સન્નાટો જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અજિતદાદાના અવસાન પછી, એનસીપીમાં છેલ્લા બે દિવસથી અલગ અલગ ઘટનાઓએ વેગ પકડ્યો છે. પવાર પરિવાર બારામતીમાં અજિતદાદાના વિસર્જન કાર્યક્રમમાં વ્યસ્ત હતો, ત્યારે નરેશ અરોરાનું નામ સામે આવ્યું હતું. સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાનની જવાબદારી સ્વીકારવા માટે તૈયાર છે તે જાણ્યા પછી નરેશ અરોરા મુંબઈ પહોંચશે તેવા અહેવાલ પણ હતા. શનિવારે મુંબઈમાં એનસીપીના નેતાઓ પ્રફુલ્લ પટેલ, સુનીલ તટકરે, છગન ભુજબળ વગેરે હાજર હતા. આ એનસીપીની કોર કમિટીની બેઠક હતી. આ બેઠકમાં નરેશ અરોરા હાજર હતા.

આ બેઠકમાં સૂનેત્રા પવારને જૂથ નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા. આ બેઠકમાં, અરોરાએ કેટલાક સૂચનો કર્યા હતા. હવે આગળ શું કરી શકાય, કોને કઈ જવાબદારી સોંપવી જોઈએ તે અંગે ચર્ચા થઈ હતી. જોકે કેટલાક મુદ્દાઓ પર વિવાદ થયો હતો. સૂત્રોએ માહિતી આપી હતી કે એનસીપીના ટોચના (જુઓ પાનું ૪) ▶▶

### શરદ પવારના નિવેદનને કારણે નરેશ અરોરાનું પત્તુ કપાયું?

એક તરફ, મુંબઈમાં એનસીપીની કોર કમિટીની બેઠક અને શપથ ગ્રહણ સમારોહની તૈયારીઓ ચાલી રહી હતી. બીજી તરફ, બારામતીમાં, શરદ પવાર અને પવાર પરિવારને અંધારામાં રાખવામાં આવ્યા હોવાનું નિવેદન શરદ પવારે પ્રેસ કોન્ફરન્સ યોજીને કર્યું હતું. શરદ પવારને નરેશ અરોરા માટે સવાલ પણ પુછવામાં આવ્યો હતો. આ બધા ઘટનાક્રમની ગંભીર નોંધ લેવામાં આવી હતી. શરદ પવાર દ્વારા જે રીતે સૂનેત્રા પવાર પરિવારથી દૂર થઈ ગયા હોવાનો સંકેત આપવામાં આવ્યો અને એનસીપીના ચાર નેતાઓને વિલન બનાવવામાં આવ્યા તેને પગલે નરેશ અરોરા પર શંકાની સોઈ ગઈ હતી અને નાયબ મુખ્ય પ્રધાનપદના શપથ લીધા બાદ સૂનેત્રા પવારે ગણતરીના કલાકોમાં મહત્ત્વનો નિર્ણય લઈને તેમને હાંકી કાઢ્યા હતા. ■

### નરેશ અરોરા કોણ છે?

નરેશ અરોરા એક ચૂંટણી રણનીતિકાર છે. તેઓ પુણે સ્થિત કંપની ડિઝાઇનબોક્સ્ડ ઇનોવેશન્સ પ્રાઇવેટ લિમિટેડના સહ-સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેમની કંપની ડિજિટલ મીડિયા ઝુંબેશ, ઝુંબેશ સંચાલન, સોશિયલ મીડિયા ઝુંબેશ અને રાજકીય પક્ષો માટે બ્રાન્ડિંગનું કામ કરે છે. અરોરાની કંપની ૨૦૧૧થી કામ કરી રહી છે. લાડકી બહિણ યોજના પછી, અરોરાએ અજિત પવારના ગુલાબી જેકેટને ઝુંબેશમાં ફેરવી નાખી હતી, જેનાથી અજિત પવારની લોકપ્રિયતામાં ખાસ્સો વધારો થયો હતો. વિધાનસભા ચૂંટણીમાં આ ઝુંબેશથી અજિતના જૂથને ઘણો ફાયદો થયો હતો. આ કારણે, તેઓ અજિતના ખાસ બન્યા હતા. જોકે, પુણે (જુઓ પાનું ૪) ▶▶

# સુનેત્રા પવારે શપથ લીધા, પણ ખરું 'રાજકીય નાટક' બજેટ પછી જ

## મુખ્ય પ્રધાન ફડણવીસે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવતા 'નાણાં અને આયોજન' વિભાગ પોતાની પાસે રાખ્યો હોવાથી ગરમાગરમ ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના આકસ્મિક મૃત્યુ પછી રાજ્યના રાજકારણમાં સર્જાયેલા શૂન્યાવકાશને ભરવા માટે મહાયુતિએ ખૂબ જ ઝડપથી કામ કર્યું. શનિવારે સુનેત્રા પવારે રાજ્યના પ્રથમ મહિલા નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા. જોકે, તેમને અજિત પવારના બધા વિભાગોની જવાબદારી સોંપવામાં આવી નહોતી. ઉલ્લેખનીય છે કે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રાજ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવતા 'નાણાં અને આયોજન' ખાતું પોતાની પાસે રાખ્યું છે. આનાથી ગરમાગરમ ચર્ચાઓ શરૂ થઈ છે. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે બજેટ પછી મોટું 'રાજકીય નાટક' જોવા મળે એવી શક્યતા છે.

### સુનેત્રા પવારને કયા વિભાગો મળ્યા?

શપથવિધિ પછી યોજાયેલા પોર્ટફોલિયો ફાળવણીમાં, સુનેત્રા પવારને નીચેના વિભાગોની જવાબદારી સોંપવામાં આવી છે. આમાં રાજ્ય આબકારી, રમતગમત અને યુવા કલ્યાણ અને લઘુમતી વિકાસ અને વક્ફ ખાતાનો સમાવેશ થાય છે.

સુનેત્રા પવાર પાસે નાણા વિભાગ કેમ નહીં?

સુનેત્રા પવારે સામાજિક ક્ષેત્રમાં ઘણું કામ કર્યું હોવા છતાં, તેમને સરકારી કામ કે વહીવટનો કોઈ સીધો અનુભવ નથી. નાણા વિભાગ ખૂબ જ ટેકનિકલ અને જટિલ પ્રકારનો છે. આવી સ્થિતિમાં, એવું કહેવાય છે કે નાયબ મુખ્ય પ્રધાનની સીધી જવાબદારી સંભાળતી વખતે આટલો મહત્વપૂર્ણ વિભાગ સંભાળવો તેમના માટે મુશ્કેલ બની શક્યો હોત.

રાજ્યનું આગામી બજેટ છઠી માર્ચ, ૨૦૨૬ના રોજ વિધાનસભામાં રજૂ કરવામાં આવશે. બજેટ સત્ર નજીક આવી રહ્યું છે. નવા પ્રધાન માટે આટલા ટૂંકા સમયમાં બજેટની ગૂંચવણો સમજવી મુશ્કેલ બની શકી હોત. આ જ કારણસર ફડણવીસે આ નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. કારણ કે રાજ્યના હિત માટે ફક્ત અનુભવી હાથો પાસે જ આ જવાબદારી હોવી જોઈએ.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દિવંગત નેતા (જુઓ પાનું ૪) ▶▶

# કશોળી(ભિવંડી)થી મુલુંડ જકાત નાકા વચ્ચે બનશે અંડરગ્રાઉન્ડ વૉટર ટનલ

## પાણીનું ગળતર અને વેડફાટ રોકવામાં મદદરૂપ થશે વૉટરટનલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ શહેરને પાણી પુરવઠો કરનારી બ્રિટિશકાળની પાણીની પાઈપલાઈન જૂની અને જર્જરીત થઈ છે. વારંવાર તેમાં થનારા ગળતરને કારણે પાણીનો મોટો વેડફાટ થતો હોય છે. આ સમસ્યા દૂર કરીને મુંબઈને વધુ સુરક્ષિત અને વિનાઅવરોધ પાણીપુરવઠો કરવા માટે કશોળી(ભિવંડી)થી મુલુંડ જકાત નાકા દરમ્યાન અંડરગ્રાઉન્ડ વૉટર ટનલનું કામ હાથ ધરવામાં આવ્યું છે. વૉટર ટનલનું કામ ઓક્ટોબર, ૨૦૩૦ સુધીમાં પૂર્ણ થવાનો અંદાજો છે.

કશોળી(ભિવંડી)થી મુલુંડ જકાત નાકા દરમ્યાન પાણીનું વહન કરવા માટે વૉટર ટનલના ડ્રાફ્ટ અને બાંધકામને લગતું કામ ચાલી રહ્યું છે. આ પાર્શ્વભૂમિ પર પાલિકા

(જુઓ પાનું ૪) ▶▶

## એનસીપીના વિલીનીકરણ અંગે અનિશ્ચિતતા

# શરદ પવાર મુંબઈ જવા રવાના, સુનેત્રા પવાર બારામતી પરત ફર્યાં

મુંબઈઃ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર રવિવારે સવારે બારામતીથી મુંબઈ જવા રવાના થયા હતા, જે તેમના ભત્રીજા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારનું મૃત્યુ થયું ત્યારથી બારામતીમાં જ હતા. આના પરથી એવું લાગી રહ્યું છે કે એનસીપીના કથિત વિલીનીકરણ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે.

એનસીપીના નેતા અજિત પવારના પત્ની સુનેત્રા પવાર, જેમણે શનિવારે મુંબઈમાં નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા હતા, તેઓ મોડી રાત્રે પવાર પરિવારના વતન પુણેમાં બારામતી પરત ફર્યા હતા. તાજેતરના રાજકીય ઘટનાક્રમ અને એનસીપીના બંને જૂથોના વિલીનીકરણ અંગેની ચર્ચાઓ વચ્ચે શરદ પવાર અને સુનેત્રા પવારે ફોન પર વાત કરી કે નહીં તે હજી સુધી સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.

શરદ પવારનો મુંબઈમાં કોઈ કાર્યક્રમ નક્કી ન હોવા છતાં અચાનક મુંબઈ પાછા ફરવાનું તેમનું કારણ સમજાઈ રહ્યું નથી.

તેમની પુત્રી અને બારામતી લોકસભા સભ્ય સુપ્રિયા સુળે બજેટ સત્રમાં હાજરી આપવા માટે શનિવારે દિલ્હી જવા રવાના થઈ ગયા હતા. એનસીપી (એસપી)ના વડાએ શનિવારે દાવો કર્યો હતો કે તેમને નાયબ મુખ્ય પ્રધાન તરીકે સુનેત્રા પવારના શપથ ગ્રહણ વિશે 'કોઈ જાણકારી નથી,' અને એમ પણ કહ્યું હતું કે તેમના સ્વર્ગસ્થ ભત્રીજાએ એનસીપીના બંને જૂથો વચ્ચે વિલીનીકરણની જાહેરાત કરવા માટે ૧૨ ફેબ્રુઆરીનો દિવસ નક્કી કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે અજિત પવારના અવસાનને કારણે એનસીપી (એસપી) અને એનસીપીના વિલીનીકરણની પ્રક્રિયામાં હવે અવરોધ આવી શકે છે. એનસીપી (એસપી)ના વડાએ એમ પણ કહ્યું કે શાસક જૂથને લાગ્યું હશે કે અજિત પવારના અવસાન પછી કોઈએ આ પદ સંભાળવું જોઈએ. બીજી તરફ અજિત પવારના પુત્ર પાર્થ પવાર શનિવારે બારામતીમાં પવારના નિવાસસ્થાન ગોવિંદબાગ ખાતે પવાર સિનિયરને મળ્યા હતા. સુળે, એનસીપી (એસપી)ના વિધાનસભ્ય રોહિત પવાર અને યુગેન્દ્ર પવાર પણ આ સમયે હાજર હતા. ૨૮ જાન્યુઆરીએ અજિત પવારના અવસાન પછી, એનસીપીના બંને જૂથો વચ્ચેના વિલીનીકરણની વાટાઘાટો - જે આગળના તબક્કામાં હતી - તેને પાછળ ધકેલી દેવામાં આવી હોય તેવું લાગે છે, પટેલ અને તટકરે આ બાબતે મૌન રહ્યા હતા જ્યારે નરહરિ ઝિરવાલ જેવા નેતાઓ એકતાની હિમાયત કરે છે. ■

**બજેટ ૨૦૨૬**

# મહારાષ્ટ્રને મળશે બે હાઈ સ્પીડ રેલ કોરિડોર

## મુંબઈ-પુણે વચ્ચે વધશે કનેક્ટિવિટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે દેશમાં સાત હાઈ સ્પીડ રેલ કોરિડોર બનાવવાની જાહેરાત કરી છે, જેમાં મહારાષ્ટ્રના બે શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુંબઈ અને પુણે સહિત હૈદરાબાદ, બેંગલુરુ, ચેન્નઈ, દિલ્હી, વારાણસી સહિત સિલિગુડીનો સમાવેશ થાય છે. મુંબઈ સહિત મહારાષ્ટ્રને શું મળ્યું હોવા અંગે સવાલો કરવામાં આવી રહ્યા છે, પરંતુ હાઈ સ્પીડ કોરિડોરમાં બે મહાનગરોને સમાવી લેવામાં આવ્યા છે, ત્યારે આ મુદ્દે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહત્ત્વની વાત કરી છે. બીજી મહત્ત્વની વાત કરીએ તો હાલ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ પણ આ જ હાઈ સ્પીડ કેટેગરીમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં મુંબઈ-પુણે શહેરને સમાવી લેવામાં આવ્યા છે, જેનાથી શું ફાયદો થશે અને સરકારનું શું વિઝન છે એની વાત કરીએ.

કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કરતા નાણા પ્રધાને કહ્યું હતું કે આર્થિક અને સાંસ્કૃતિક કેન્દ્રોને જોડવા માટે હાઈ સ્પીડ કોરિડોરનો ઉપયોગ કરવામાં આવશે, જ્યારે તેનો મુખ્ય ઉદ્દેશ્ય મહાનગરોના ઔદ્યોગિક અને ધાર્મિક શહેરોને કનેક્ટ કરવામાં આવશે.

બજેટમાં તેને અલગથી વિકસિત કરવાની વાત કરી છે, જોકે, રોડ અને પારંપારિક રેલ નેટવર્ક પરના ભારણને ઘટાડવાના

(જુઓ પાનું ૪) ▶▶

# રસ્તાનું કૉંક્રીટાઈઝેશનઃ સુધરાઈના ૩૦૦થી વધુ એન્જિનિયરોને આઈઆઈટી-મુંબઈએ આપી તાલીમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટીકરણનું અત્યાર સુધીમાં ૬૦ ટકા કામ પૂરું થઈ ગયું છે. રસ્તાના બાકી રહેલા કામમાં અમુક અડચણો આવી રહી છે ત્યારે શ્રેષ્ઠ ગુણવત્તાના સિમેન્ટ-કૉંક્રીટના રસ્તાના બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ પોતાના એન્જિનિયરોને આઈઆઈટી મુંબઈ મારફત રવિવારે પ્રશિક્ષણ આપ્યું હતું, જેમાં ૩૦૦થી વધુ એન્જિનિયરો સહિત અનેક અધિકારીઓ જોડાયા હતા.

મુંબઈમાં રસ્તાના સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશનના કામ મોટા પ્રમાણમાં ચાલી રહ્યા છે ત્યારે પૂરા થઈ ગયેલા રસ્તાના અને હાલ ચાલી રહેલા સિમેન્ટ-કૉંક્રીટના રસ્તાનું મૂલ્યાંકન આ વિષય પર આઈઆઈટી-મુંબઈમાં રવિવારે એક દિવસની વર્કશોપ રાખવામાં આવી હતી, જેમાં એન્જિનિયરોએ સિમેન્ટ-કૉંક્રીટના રસ્તાનું આયોજન તેની અમલબજવણી અને ગુણવત્તા નિયંત્રણ બાબતે ટેક્નિકલ બાબતો સહિત અનેક સુક્ષ્મ બાબતો માટે ટ્રેનિંગ લીધી હતી.

આઈઆઈટી દ્વારા વર્કશોપમાં કૉંક્રીટનું મિશ્રણ બનાવતા સમયે ગુણવત્તાપૂર્વક મટિરિયલનો ઉપયોગ, રેડીમિક્સ કૉંક્રીટ પ્રોજેક્ટથી વર્ક સાઈટ સુધી કૉંક્રીટનું મિશ્રણનું વહન કરવાની પદ્ધતિ, કૉંક્રીટ નાખતા સમયે લેવાતી કાળજી, સિમેન્ટ નાખ્યા બાદ નક્કી સમયગાળા બદ જોઈન્ટ કટિંગ કરવું, યોગ્ય પદ્ધતિએ ક્યુરિંગ પૂર્ણ કરવા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ■

### રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું ૬૦ ટકા કામ પૂર્ણ

એડિશનલ કમિશનર અભિજિત બાંગરે જણાવ્યું હતું કે ઑક્ટોબર, ૨૦૨૩ની રસ્તાનું કૉંક્રીટાઈઝેશનનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી ૬૦ ટકા કામ પૂરું થયું છે પણ મુંબઈની મોટી લોકસંખ્યા ઘનતા અને ગીચ નાગરી બાંધકામને કારણે રસ્તાના કૉંક્રીટાઈઝેશનનું કામ પડકારજનક છે, છતાં નિયોજનબદ્ધ રીતે કરવામાં આવી રહ્યું છે. રસ્તાના કામ ચાલી રહ્યા હોય ત્યારે દૂરગામી પરિણામને ધ્યાનમાં રાખવાના હોય છે, જેમાં રાઈડિંગ ક્વોલિટી અને રસ્તાને લાગીને આવેલી યુટિલિટિઝ સર્વિસ (ડક્ટ)નો યોગ્ય ઉપયોગ.

કૉંક્રીટના રસ્તાના બાંધકામની ગુણવત્તા, દેખરેખ અને ડિઝાઈન પર પ્રવાસની ગુણવત્તા સીધી રીતે અવલંબન રાખે છે. ■

# કૂતરું કરડ્યાના અઠવાડિયા પછી બાળકનું મોત

મુંબઈઃ થાણે જિલ્લાના ભિવંડીમાં રસ્તા પર રઝળતા કૂતરાના કરડવાના અઠવાડિયા બાદ ૧૨ વર્ષના બાળકનું મૃત્યુ થયું હતું. સ્થાનિક વિધાનસભ્યએ બાળકના મૃત્યુ માટે સરકારી હૉસ્પિટલની બેદરકારીને જવાબદાર ગણાવી સબંધિતો સામે આકરા પગલાં લેવાની માગણી કરી હતી. ભિવંડીમાં ૧૦ જાન્યુઆરીના આ ઘટના બની હતી, જેમાં બાળકને શ્વાને કરડયા બાદ તેને તરત એન્ટી રેબીઝનો શોટ અને ટીટનેસનું ઈન્જેક્શન લેવા માટે સરકારી હૉસ્પિટલ આઈજીએમમાં લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી તેને થાણે પાલિકા હૉસ્પિટલમાં લઈ જવાની ભલામણ કરવામાં આવી હતી. એટલે તેઓ તેને થાણે પાલિકાની હૉસ્પિટલમાં લઈ ગયા હતા અને ત્યાંથી તેને પાછા ભિવંડીની હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. સારવાર બાદ બાળકને તેનો પરિવાર ઘરે લઈ ગયો હતો. શ્વાન કરડવાના અને એન્ટી રેબીઝ આવવાના થોડા દિવસો બાદ બાળકની તબિયત લથડી ગઈ હતી. તેથી તેને પાલિકાની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ૩૦ જાન્યુઆરીના તેનું મૃત્યુ થયું હતું. ■

# કેન્દ્રીય બજેટમાં મહારાષ્ટ્રની અવગણના, વિશ્વાસ જગાડવામાં નિષ્ફળઃ આદિત્ય ઠાકરે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા આદિત્ય ઠાકરેએ રવિવારે જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં, નાણા પ્રધાન નિર્મલા સીતારમણે નાગરિકોમાં આર્થિક અસ્થિરતાને સંબોધવા અંગે કોઈ વિશ્વાસ જગાડ્યો નથી, અને સરકારી તિજોરીમાં સૌથી મોટો ફાળો આપનાર મહારાષ્ટ્રને અવગણ્યું છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાને ભાજપ સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે જો તે ચૂંટણીઓ ઉપરાંતના મુદ્દાઓ પર વિચાર કરે તો તે ખરેખર ભારત માટે ભેટ હશે.

કેન્દ્ર સરકારના તિજોરીમાં સૌથી મોટો ફાળો આપનાર મહારાષ્ટ્રનો પાછોતરો વિચાર પણ નથી. જીડીપી, જીએસટી, કે આવકવેરો હોય, મહારાષ્ટ્ર સૌથી મોટો ફાળો આપનાર છે અને પ્રમાણસર સૌથી વધુ અવગણવામાં આવે છે, એમ તેમણે પોતાની પોસ્ટમાં લખ્યું.

તેમણે કહ્યું કે કેન્દ્રીય બજેટમાં સરકાર સમગ્ર રાષ્ટ્ર વતી બોલતી હોવાનું માનવામાં આવે છે. રાષ્ટ્રમાં રાજ્યોનો સમાવેશ થાય છે, અને છેલ્લા દાયકામાં, ભાજપે નિયમોમાં ફેરફાર કર્યા છે. ઠાકરેએ મુંબઈ અને પુણે અને સાત અન્ય શહેરો વચ્ચે વિકાસ કનેક્ટર્સ તરીકે હાઇ-સ્પીડ રેલ્વે કોરિડોર અંગેની જાહેરાત પર વધુ સ્પષ્ટતા માંગી, અને પ્રશ્ન કર્યો કે શું કેન્દ્ર કે રાજ્ય સરકાર આ પ્રોજેક્ટ માટે ભંડોળ પૂરું પાડશે?

નાણાપ્રધાને આર્થિક અસ્થિરતા, ભૂરાજનીતિ અને ઘટતા રૂપિયા બાબત નાગરિકોમાં વિશ્વાસ જગાડવાની સહેલાઇથી અવગણના કરી છે, જે બાબતો માટે તેમની જ પાર્ટીએ એક સમયે રાષ્ટ્રીય કોલાહલ મચાવ્યો હતો, તેમણે કહ્યું. સેના (યુબીટી નેતાએ શહેર આર્થિક ક્ષેત્રો (CERs) ના વિકાસ અંગેની જાહેરાતની પણ ટીકા કરી, જેમાં પાંચ વર્ષમાં દરેક ક્ષેત્ર માટે રૂ. ૫,૦૦૦ કરોડની ફાળવણીનો પ્રસ્તાવ છે. (પીટીઆઈ) ■

# વિકસિત ભારત તરફ દમદાર કદમ ઉઠાવતું બજેટ : ફડણવીસ

મુંબઈ : નાણા પ્રધાન નિર્મલા સીતારમણે નવમી વખત ભારતનું બજેટ રજુ કર્યું. નોંધનીય છે કે આ વખતે બજેટ રવિવારના દિવસે રજૂ કરવામાં આવ્યું. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બજેટ પર પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું હતું કે આ બજેટ વિકસિત ભારત તરફ એક મજબૂત પગલું છે. આ બજેટમાં શહેરીકરણનું આયોજન કરવા, ઉદ્યોગ અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા અને રોકાણ અને રોજગાર પેદા કરવા માટે મજબૂત પગલાં લેવામાં આવ્યા છે. માળખાકીય ક્ષેત્રમાં ૧૨ લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવ્યું છે. કૃષિ, પશુપાલન, મત્સ્યઉદ્યોગ અને સિંચાઈ માટે નોંધપાત્ર જોગવાઈઓ કરવામાં આવી છે.

લખપતિ દીદી યોજનાની સફળતા પછી મહિલાઓ માટે સ્વતંત્ર માર્કેટ પ્લેસ અને ઔદ્યોગિક તકો નિર્માણ કરવાની યોજના ખૂબ જ મહત્વપૂર્ણ છે, એમ રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું. દરેક જિલ્લામાં ઉચ્ચ શિક્ષણ મેળવતી છોકરીઓ માટે છાત્રાલયો માટે એક યોજના તૈયાર કરવામાં આવી છે. જિલ્લા હોસ્પિટલમાં કટોકટીની સ્થિતિ માટે તબીબી વ્યવસ્થા સ્થાપવાનો નિર્ણય આરોગ્ય ક્ષેત્રે મૂલ્યવાન રહેશે. ■

# વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા માટે નિર્ણાયક પગલુંઃ શિંદે

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે કેન્દ્રીય બજેટ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના વિઝનને સાકાર કરવા તરફ એક નિર્ણાયક પગલું છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે દેશની આર્થિક રાજધાની મુંબઈ અને બાકીના રાજ્યને પણ નોંધપાત્ર શક્તિ પ્રદાન કરે છે.

રવિવારે, કેન્દ્રીય નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સતત નવમી વખત બજેટ રજૂ કર્યું હતું.

શિંદેએ માળખાગત સુવિધાઓ અને સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગોના પ્રોત્સાહન પર ધ્યાન કેન્દ્રિત કરવાની પ્રશંસા કરી, જે તેમણે કહ્યું કે તે મુખ્ય વિકાસ એન્જિન તરીકે કામ કરશે, તેમજ શહેરી વિકાસમાં, ખાસ કરીને નાના શહેરો માટે નોંધપાત્ર રોકાણ ઉપલબ્ધ થશે.

'મહારાષ્ટ્ર મોટા પાયે શહેરીકરણમાંથી પસાર થઈ રહ્યું છે. શહેરોના વિકાસ માટે ૧૨ લાખ કરોડ રૂપિયાના ભંડોળની સાથે, ટાયર-ટુ અને ટાયર-થ્રી શહેરોના વિકાસને વેગ આપવાની જાહેરાત આપણા શહેરી કેન્દ્રોનો ચહેરો બદલી નાખશે. ■

# શૅરબજારના ઇતિહાસમાં પહેલી વખત રોકાણકારોની સંપત્તિમાં રવિવારે ₹ ૯.૪૧ લાખ કરોડનું ધોવાણ!

### ભયાનક અફડાતફડી બાદ સેન્સેક્સ ૮૧,૦૦૦ની અંદર અને નિફ્ટી ૨૫,૦૦૦ની અંદર ખાબક્યો




(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અંદાજપત્રમાં અપેક્ષાઓ સામે ભારે નિરાશા સાથે અણધારી વિપરીત દરખાસ્તોને કારણે ખરડાયેલા માનસ વચ્ચે વેચવાલીનું દબાણ એકાએક વધી જતાં એક તબક્કે સેન્સેક્સમાં લગભગ ૨૫૦૦ પોઇન્ટનો કડાકો બોલી ગયો હતો અને અંતે બેન્ચમાર્ક ૧૫૪૭ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો જ્યારે નિફ્ટી ૨૪૮૫૦ની નીચે સરકી ગયો હતો.

બજેટમાં જાહેર ખર્ચમાં નોંધપાત્ર વધારો અને નિકાસલક્ષી ક્ષેત્રોને ટેકો આપવા માટેના પગલાં તો જાહેર થયાં છે પરંતુ ખાસ કરીને શેરધારકો માટે બાયબેક પર કેપિટલ ગેઇનની જેમ ટેક્સ કર લાદવાની અને ફ્યુચર્સ પર એસટીટી વધારીને ૦.૦૫ ટકા કરવાની જાહેરાતે બજારનું સેન્ટિમેન્ટ ખરડી નાંખ્યું હતું.

સેન્સેક્સ ૨૩૭૦.૩૬ પોઇન્ટ અથવા તો ૨.૮૮ ટકાના કડાકા સાથે ૮૦,૦૦૦ની સપાટી ગુમાવતો ૭૯,૮૯૯.૪૨ પોઇન્ટ નીચી સપાટીને અથડાઇને અંતે ૧૫૪૬.૮૪ પોઇન્ટ અથવા તો ૧.૮૮ ટકાના ઘબડકા સાથે ૮૦,૭૨૨.૯૪ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો. જ્યારે એ જ રીતે, નિફ્ટી ૭૪૮.૯૦ પોઇન્ટના કડાકા સાથે ૨૪,૫૭૧.૭૫ સુધી પટકાઇને અંતે ૪૯૫.૨૦ પોઇન્ટ અથવા ૧.૯૬ ટકાના કડાકા સાથે ૨૪,૮૨૫.૪૫ની સપાટીએ સ્થિર થયો હતો. બજેટ માટે શેરબજાર ચાલુ રાખવામાં આવ્યું હતું અને આમ શેરબજારના ઇતિહાસમાં પહેલી વખત રોકાણકારોની સંપત્તિમાં રવિવારે રૂ. ૯.૪૧ લાખ કરોડનું ધોવાણ નોંધાયું હતું.

નાણાં પ્રધાન દ્વારા કેપિટલ એક્સપેન્ડિચર વધારીને રૂ. ૧૨ લાખ કરોડ જાહેર કરવામાં આવ્યો હોવાની જાહેરાતે એલએન્ટટી, અદાણી પોર્ટસ સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચ શેરોરમાં તેજી જોવા મળી હતી. એ જ રીતે, એમણે વિદેશી રહેવાસીઓ માટે વ્યક્તિગત રોકાણ મર્યાદા બમણી કરીને ૧૦ ટકા કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેનાથી થોડો સેન્ટિમેન્ટલ ટેકો મળ્યો હતો. સરકારની રૂ. ૧૦,૦૦૦ કરોડની બાયોફાર્મા શક્તિ યોજનાની જાહેરાત પછી બાયોકોન, સન ફાર્માના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. એ જ રીતે, સમર્થ ૨.૦, મેગા પાર્ક્સની જાહેરાતથી અરવિંદ, કેપીઆર મિલ અને અન્ય ટેક્સટાઇલ શેરમાં નવ ટકા સુધીનો ઉછાળો જોવા મળ્યો હતો.

સેન્સેક્સના શેરોમાં સ્ટેટ બેન્ક ૫.૬૧ ટકાના અને અદાણી પોર્ટ ૫.૫૩ ટકાના કડાકા સાથે ટોપ લુઝર્સ બન્યા હતા. અન્ય સૌથી વધુ ઘટનારા શેરોમાં ભારત ઇલેક્ટ્રોનિક્સ, આઇટીસી, ટાટા સ્ટીલ, અલ્ટ્રા ટેક સિમેન્ટ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનો સમાવેશ હતો. જ્યારે ટોચના વધનારા શેરોમાં ટાટા કન્સ્લ્ટન્સી સર્વિસિસ, ઇન્ફોસિસ, સન ફાર્મા અને ટાઇટન ટોપ ગેઇનર રહ્યા હતાં.

બજેટનો અભિગમ જેમ અને જ્વેલરી ઉદ્યોગ માટે સ્થિર અને સંવેદનશીલ રહ્યો છે. ઉદ્યોગે કસ્ટમ્સ જકાત અને જીએસટીના વધારા વગરના, એમએસએમઇને ટેકો આપનારા બજેટને આવકાર્યું હોવાનું જીજેસીના ચેરમેન રાજેશ રોકડેએ જણાવ્યું હતું.

આ બજેટની વિવિધિ જોગવાઇઓ સરકાર દ્વારા ઉદ્યોગને રોજગાર, નિકાસ અને આર્થિક વિકાસના મહત્ત્વનું યોગદાન આપનાર ક્ષેત્ર તરીકે આપવામાં આવેલી સ્વીકૃતિ સમ સમાન છે. આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડની એયુએમ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ૨૦ ટકા વાર્ષિક ધોરણે વધીને રૂ. ૨૮,૭૯૦ કરોડ થઈ હતી, જે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ રૂ. ૨૩,૯૭૬ કરોડ હતી. અંદાજપત્રમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન માટે બજેટ ખર્ચ વધારીને રૂ. ૪૦,૦૦૦ કરોડ કરવામાં આવશે તે પછી ઇએમએસ શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. મિત્સુ કેમ પ્લાસ્ટ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના ત્રીજા ક્વાર્ટરના પરિણામમાં ૬.૯૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૮૬૦૮.૮૫ લાખની કુલ આવક અને ૨૧૭.૦૩ ટકાના વધારા સાથે રૂ. ૪૭૦.૬૩ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપની બ્લો મોલ્ડેડ અને ઇન્જેક્શન મોલ્ડેડ ઉત્પાદનોના અગ્રણી ગ્લોબલ ઉત્પાદકોમાંના એક અને હોસ્પિટલ ફર્નિચર ઘટકો, ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોડક્ટ્સ, પૅકેજિંગ બોટલ્સ ડ્રમ્સ, જેરી કેન્સ, પેલ્સ અને કેપ્સના નિષ્ણાત છે.

એક્સચેન્જના ડેટા અનુસાર બુધવારે પાછલા સત્રમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૨૨૫૧.૩૭ કરોડની લેવાલી નોંધાવી હતી. દરમિયાન ડિસેમ્બરના અંતમાં કેન્દ્રની રાજકોષીય ખાધ રૂ. ૮.૫૫ લાખ કરોડ અથવા ૨૦૨૫-૨૬ માટેના વાર્ષિક બજેટ લક્ષ્યાંકના ૫૪.૫ ટકા હતી, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં ૫૬.૭ ટકા હતી, એમ શુક્રવારે જાહેર કરાયેલા સરકારી ડેટા દર્શાવે છે. કેન્દ્રનો અંદાજ છે કે ૨૦૨૫-૨૬ દરમિયાન રાજકોષીય ખાધ જીડીપીના ૪.૪ ટકા અથવા રૂ. ૧૫.૬૯ લાખ કરોડ રહેશે. ભારતના નિયંત્રક અને ઓડિટર જનરલ (સીએજી) દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, કેન્દ્ર સરકારને ડિસેમ્બર ૨૦૨૫ સુધીની કુલ આવક માટે લગભગ રૂ. ૨૫.૨૫ લાખ કરોડ અથવા અનુરૂપ બજેટ અંદાજના ૭૨.૨ ટકા પ્રાપ્ત થયા છે.

ફ્યુચર્સ પર એસટીટી વધારીને ૦.૦૫ ટકા કરવાની નાણા પ્રધાનની દરખાસ્ત મૂડી બજારની ઇકોસિસ્ટમ માટે માળખાકીય રીતે નકારાત્મક છે, ખાસ કરીને એફએન્ડઓ સંચાલિત ટ્રેડમાં ઊંચી ટ્રાન્ઝેકશન કોસ્ટથી ટ્રેડિંગ વોલ્યુમમાં ઘટાડો થવાની સંભાવના છે, ટૂંકા ગાળાના વેગમાં ઘટાડો થશે અને એફઆઇઆઇ સહભાગિતા પણ ઘટી શકે છે. આ બ્રોકિંગ કંપનીઓ, એક્સચેન્જો, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ અને ડિપોઝિટરીઝની આવકના પ્રવાહો પર નકારાત્મક અસર ઊભી કરી શકે છે, જે બજારના ટર્નઓવર સાથે ગાઢ રીતે સંકળાયેલી છે. તાજેતરના મહિનાઓમાં ડેરિવેટિવ્ઝ વોલ્યુમ પહેલેથી જ સંકોચાઈ રહ્યા હોવાથી, એસટીટીનો વધારો નજીકના ગાળાની કમાણી પર વધુ દબાણ લાવી શકે છે. શુક્રવારે સેન્સેક્સ ૨૯૬.૫૯ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા ઘટીને ૮૨,૨૬૯.૭૮ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૯૮.૨૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા ઘટીને ૨૫,૩૨૦.૬૫ પર બંધ થયો હતો.

# અંદાજપત્રમાં દાળ, કઠોળ, તેલીબિયાની ઉત્પાદન વૃદ્ધિના પ્રસ્તાવના અભાવથી બજારમાં નારાજગી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ આ વખતે સહત નવમાં બજેટમાં વેપારીઓને ઘોર નિરાશા સાંપડી છે. દાળ, કઠોળ તેલીબિયાની ઉત્પાદન વૃદ્ધિ માટે કોઈ પ્રસ્તાવ જાહેર નથી થયા. દેશમાં વર્ષે ૮૦ લાખ ટન દાળ-કઠોળની આફ્રિકન દેશો, ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુરોપીયન યુનિયનથી આયાત થાય છે જેના અબજો ડૉલરની આયાત દેશના હૂંડિયામણને સીધી અસર કરે છે, એમ સ્થાનિક બજારનાં અગ્રણી વિશ્લેષક અને ફ્રેન્ડશિપ ટ્રેડર્સના દેવેન્દ્ર અમૃતલાલ વોરાએ જણાવતા ઉમેર્યું હતું કે એક દેશ એક ટેક્સ દેશભરની કૃષિ મંડીઓને આવરી લેવી જોઈએ. હાલ દેશમાં દરેક રાજ્યોના અલગ અલગ નિયમોને કારણે પણ બજારનું સ્વાસ્થ્ય બગડી રહ્યું છે.

આ ઉપરાંત સોયાબીન, સનફલાવર અને પામતેલ જેવાં ખાદ્યતેલનું આયાતી બિલ પણ બહુ મોટું છે જે દેશના ખેડૂતોને લાભ નહીં, પરંતુ નુકસાન કરે છે, એમ જણાવતાં તેમણે મફત રાશન બાબતે જણાવ્યું હતું કે મફત રાશન ફક્ત ગરીબો અને આદિવાસીને અપાય છે તેનો રૂ. ૨,૮૪,૦૦૦ કરોડનો બોજ સરકારી તિજોરી પર પડે છે. તે માલ પશુઆહાર યોગ્ય હોવાથી બજારમાં આવતા બજારની તંદુરસ્તી બગાડે છે ઉપરાંત તે દેશના ખેડૂતોનું અપમાન પણ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે જન-ધન ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર માટે વારંવાર સરકાર ફરી જાય છે. ભારત બ્રાન્ડના આટા, ચોખા, દાળ, તેલ, મીઠાની યોજનાઓ સદંતર નિષ્ફળ ગઈ છે અને તેમાં ભ્રષ્ટાચાર પણ વધ્યો છે.

નાના મધ્યમ મોટા કોઈ પણ વેપારીઓને આનંદ થાય તેવા કોઈ પ્રસ્તાવ બજેટમાં નથી. નિકાસ નીતિઓ પણ ફક્ત મલ્ટિનેશનલોને ફાયદો થાય તેવી હોવાથી સરકારની અસલી વર્ષો જૂની વોટબેંક નિરાશ થઈ છે. આયાત નિકાસની વારંવાર મલ્ટિનેશનલના ઈશારે બનતી નીતિઓએ સામાન્ય વેપારીઓને હાંસિયામાં ધકેલી દીધા છે. આયાત નિકાસની લાંબા ગાળાની યોજનામાં વેપારીઓનું પ્રતિનિધિત્વ હોય તો દેશ વધુ સક્ષમ બને. વાસ્તવમાં ૬૦ લાખ કરોડનું ટર્નઓવર અને મોટી ટેક્સ રેવેન્યૂ મેળવી આપતી અને લાખો રોજગાર આપતા વેપારી સમાજની ઉપેક્ષા વાજબી ન હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# આશાસ્પદ બજેટ?

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

અમેરિકા સાથે ટૅરિફના મુદ્દે ચાલી રહેલી મથામણના કારણે ભારતીય મૂડીબજાર અનિશ્ચિતતાના દૌરમાંથી પસાર થઈ રહી છે. એમરિકાની ૫૦ ટકાની ઊંચી ટૅરિફના કારણે ભારતીય એક્સપોર્ટને અસર થઈ રહી છે અને જ્યારે યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ સાઈન કરીને એક્સપોર્ટમાં મોટી માર્કેટમાં તક મળેલી છે ત્યારે મેન્યુફેક્ચરિંગ સેક્ટરને વીજળી અને અન્ય ઈનડાયરેક્ટ ટેક્સીસમાં રાહત આપીને મેન્યુફેક્ચરિંગ કોસ્ટ ઘટાડીને ગ્લોબલ અને ડોમેસ્ટિક માર્કેટમાં કોમ્પિટિટીવ માર્કેટમાં સસ્તી ભારતીય પ્રોડક્ટસ ઉતારીને આર્થિક ઉન્નતિના દ્વાર ખોલવાની શક્યતાઓ હતી જે આ બજેટમાં દેખાતી નથી.

સ્ટોક માર્કેટમાં ફ્યુચરના સોદાઓમાં સિક્યુરિટી ટ્રાન્ઝકશન ટેક્સ ૦.૦૨થી વધારીને ૦.૦૫ ટકા મતલબ ૧૫૦ ટકા વધારવાના પ્રસ્તાવ અને ઓપશનના સોદાઓ ૦.૧૦થી વધારીને ૦.૧૫ મતલબ ૫૦ ટકા વધારાના કારણેની જર્કે રીએક્શનમાં સ્ટોક માર્કેટમાં રવિવારે ઈન્ડેક્સમાં આખા દિવસમાં ચડઊતર થયા બાદ સેન્સેક્સ આખરે ૧૫૪૬.૮૪ પોઈન્ટ ડાઉનમાં બંધ થયેલ છે.

સિક્યુરિટી ટ્રાન્ઝકશન ટેક્સ એફ એનઓ ઉપર વધારવાનું કારણમાં બતાવે છે કે આ વધારાથી લોકો એફએનઓથી દૂર રહે અને નુકસાન કરતા અટકે અને આમ પણ સેબી જાહેરાતમાં કહે જ છે કે ૧૦માંથી ૯ જણ એફએનઓમાં લોસ કરે છે તો વિચારીને એફએનઓમાં કામકાજ કરવા. રવિવાર રજાના દિવસ હોવાના કારણે બજેટની આના કારણે સાચી ઈફેક્ટ તો સોમવારે જ્યારે ગ્લોબલ માર્કેટ ખૂલશે ત્યારે જોવા મળશે પણ હાલમાં તો આના કારણે માર્કેટમાં સેન્ટીમેન્ટ નેગેટિવ દેખાઈ રહ્યું છે. હવે તો ગોલ્ડ, સિલ્વર અને ઈક્વિટી માર્કેટ ત્રણે ડાઉનવર્ડ ટેરિટરીમાં છે. છેલ્લાં ૧૦ વર્ષમાં જોવા મળ્યું છે કે ફેબ્રુઆરી માસમાં જનરલી સ્ટોક માર્કેટમાં રિટર્ન ૧.૫ ટકા જેટલું નેગેટિવ રહે છે અને ફેબ્રુઆરી ૨૦૨૬માં પણ કદાચ નેગેટિવ રિટર્ન રિપીટ થતું જોવા મળે.

ડાયરેક્ટ ટેક્સમાં નાના મોટા ચેન્જિસ સજેશ કરવામાં આવ્યા છે જેમ કે ઈન્કમ ટેક્સનું રિટર્ન ફાઈલ કરવાની મુદતમાં હવે ૩ તારીખો છે. રિટર્ન નં. ૧ અને ૨ માટે નવી તારીખ ૩૧ જુલાઈ, નોન-ઓડિટ નોન કોર્પોરેટ બિઝનેસ, પ્રોફેશનલ ઈન્કમ ટેક્સ ધરાવતા કરદાતા અને ટ્રસ્ટ માટે ૩૧ ઓગસ્ટ અને બીજા બધા ઓડિટ કેસીસમાં ૩૧ ઓક્ટોબર રહેશે.

જો કોઈ કરદાતાના કેસમાં સ્ક્રુટીની એસેસમેન્ટમાં એસેસ્ડ ઈન્કમમાં એડિશન થયેલું હોય અને આ ઓર્ડર સામે કરદાતા ફર્સ્ટ અપીલમાં જાય તો કુલ ટેક્સ ડિમાન્ડના ૧૦ ટકા ટેક્સ ભરવાનો હોઈ શકે જે પહેલાં ૨૦ ટકા હતો. રિવાઈઝડ રિટર્ન ફાઈલ કરવાની તારીખ ૩૧ ડિસેમ્બરથી એક્સટેન્ડ કરીને ૩૧ માર્ચ કરેલ છે પણ તેમાં સ્મોલ ફી એમાઉન્ટ ભરવાની રહેશે.

ઈન્કમ ટેક્સ કેસ રિઓપનિંગ નોટિસ ઈશ્યૂ થયા બાદ પણ કરદાતા ઈન્કમ ટેક્સનું અપવર્ડ રિટર્ન ફાઈલ કરી શકશે.

રેસિડન્ટ ઈન્ડિયન માટે ફોરેન એસેટસ ઑફ સ્મોલ ટેક્સપેયર્સ ડીસક્લોઝર સ્કીમ ૨૦૨૬ બજેટમાં એનાઉન્સ કરવામાં આવેલ છે જેમાં જે રેસિડન્ટ ઈન્ડિયન્સે તેના ઈન્કમ ટેક્સ રિટર્નમાં ફોરેન ઈન્કમ અને ફોરેન એસેટસ ડીસક્લોઝ કરવાનું ભૂલી ગયા હોય તો તેઓને ટાઈમબાઉન્ડ પિરિયર્ડમાં વોલેન્ટરી ડીસક્લોઝ કરવા માટે મોકો આપવાનો પ્રસ્તાવ છે જેમાં પેનલ્ટી અને પ્રોસિક્યુસનમાંથી માફી રહેશે. રેસિડન્ટ કરદાતાઓ માટે આ એક વોર્નિંગ અને મોકો બન્ને છે કે ટાઈમ આવી ગયો છે કે રેસિડન્ટ કરદાતાએ સ્વેચ્છાએ તેની ગ્લોબલ ઈન્કમ અને એસેટ ઈન્કમ ટેક્સના રિટર્નમાં ડીસક્લોઝ કરવી અનિવાર્ય છે નહીં તો તેના રીપેક્શન બહું ખરાબ હશે.

જો કોઈ કરદાતા તેઓની ઈમમુવેબલ પ્રોપર્ટી નોન રેસિડન્ટને વેચે તો અત્યારના કાયદા પ્રમાણે તેઓએ ટેન નંબર લેવો ફરજિયાત છે, આ બજેટમાં આ ટેન નંબર લેવામાંથી મુક્તિ આપવાનો પ્રસ્તાવ છે.

સ્મોલ ઈન્વેસ્ટર્સ કે જેઓની ઈન્કમ ટેક્સેબલ લિમિટ કરતા ઓછી હોય તો તેઓ તેની ડિવિડંડ, મ્યુચ્યુઅલ ફંડ ઈન્કમ અને ઈન્ટરેસ્ટ ઓન સિક્યુરિટીમાં ટીડીએસ ના કપાય તેના માટે ફોર્મ નં. ૧૫જી અને ૧૫એચ દરેક કંપની અને મ્યુચ્યુઅલ ફંડને આપવાના હોય છે તે હવેથી તેઓની ડિપોઝિટરી સંસ્થાને આપવાના રહેશે જે સ્મોલ ઈન્વેસ્ટર્સ માટે મોટી રાહત આપવાનો પ્રસ્તાવ આ બજેટમાં છે.

ફોરેન ટૂર અને ફોરેન સ્ટડી માટે જે રકમ રેમીટ કરવામાં આવે છે તેમાં કોઈપણ રકમ ઉપર માત્ર ૨ ટકા ટીડીએસ કાપવાનો પ્રસ્તાવ છે જે ફોરેન જતા ટુરિસ્ટ અને સ્ટુડન્ટ બન્ને માટે ફાયદાકારક છે.

જ્યાં સુધી અમેરિકા સાથે ટૅરિફનું કોકડું ઉકેલાઈ નહીં જાય ત્યાં સુધી ભારતના અર્થતંત્ર અને સ્ટોક માર્કેટમાં અનિશ્ચિતતાનાં વાદળો મંડાયેલાં રહેશે અને તેનો એક માત્ર ઉકેલ ફાઈનાન્શિયલ રીફોર્મસ જ રહેશે જે મોકો આ બજેટમાં ચુકાયેલો હોય તેવું લાગે છે.

# સકારાત્મક અને વૃદ્ધિ કેન્દ્રિત અંદાજપત્રઃ જીજેઈપીસી

મુંબઈઃ જેમ એન્ડ જ્વેલરી ક્ષેત્રએ આજે નાણાં પ્રધાને જાહેર કરેલા અંદાજપત્રને સકારાત્મક અને વૃદ્ધિ કેન્દ્રિત લેખાવવાની સાથે સ્થાનિક ઉદ્યોગને નવી ગતિ આપનારું અને મુખ્ય અવરોધો દૂર કરનારું પણ ગણાવ્યું હતું. જેમ ઍન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન કિરીટ ભણસાળીએ જણાવ્યું હતું કે અંદાજપત્ર વૃદ્ધિલક્ષી હોવાની સાથે મુખ્ય અવરોધો દૂર કરીને દેશનાં જેમ અને જ્વેલરી ક્ષેત્રને નવી ગતિ આપશે, ઉત્પાદનને ટેકો આપશે અને મૂલ્યવર્ધિત નિકાસને મજબૂત બનાવશે. હાલમાં ઉદ્યોગ અમેરિકી ટૅરિફનો અને વૈશ્વિક માગની અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યો છે ત્યારે વિશ્વાસ આધારિત પ્રક્રિયાઓ, ડિજિટલ અપ્રેઝલ્સ અને ક્લિયરન્સમાં સરળતા જેવાં પગલાંથી અકારણસરના વિલંબમાં ઘટાડો થશે અને વેપારમાં વૃદ્ધિ થશે. વધુમાં એસઈઝેડ એકમોમાંથી સ્થાનિક ટૅરિફ વિસ્તારોમાં રાહતના દરની ડ્યૂટીથી મર્યાદિત વેચાણને પણ આવકારીએ છીએ.

# અંદાજપત્રમાં દરિયાઈ ઉત્પાદનો અને લેધરની નિકાસ માટે ડ્યૂટી લાભની જાહેરાત

નવી દિલ્હીઃ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જાહેર કરવામાં આવેલા અંદાજપત્રના પ્રસ્તાવોમાં સરકારે પ્રોસેસ્ડ દરિયાઈ ઉત્પાદનો અને લેધર અથવા તો સિન્થેટિક ફૂટવૅરની નિકાસ માટે આયાતી ઈનપૂટ્સ પરની ડ્યૂટીમુક્ત આયાત મર્યાદા વધારવાનો સમાવેશ થયો છે.

દરિયાઈ ઉત્પાદનોના પ્રોસેસિંગ માટે આયાત થતાં ઈનપૂટ્સ પરની મર્યાદા જે આગલા વર્ષની નિકાસનાં ટર્નઓવરના એફઓબી ધોરણે એક ટકો હતી તે વધારીને ત્રણ ટકા કરવામાં આવી છે. વધુમાં લેધર અને સિન્થેટિક ફૂટવૅરની નિકાસ માટેના ચોક્કસ ઈનપૂટ્સની ડ્યૂટીમુક્ત આયાતને મંજૂરી આપી છે. વધુમાં નાણાં પ્રધાને લેધર, ટેક્સ્ટાઈલ ગાર્મેન્ટ્સ, લેધર અથવા સિન્થેટિક ફૂટવૅર અને અન્ય લેધરના નિકાસકારો માટે અંતિમ ઉત્પાદનોની નિકાસ માટેની સમયમર્યાદા જે હાલ છ મહિનાની છે તે વધારીને એક વર્ષ કરવામાં આવી છે. નોંધનીય બાબત એ છે કે આ શ્રમલક્ષી ક્ષેત્રો છે અને આ ક્ષેત્રો મુખ્ય નિકાસ મથક ગણાતા અમેરિકામાં પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ૫૦ ટકા ટૅરિફ લાદી હોવાથી નિકાસમાં પડકારોનો સામનો કરી રહ્યા હોવાથી આ જાહેરાત ખૂબ મહત્ત્વ ધરાવે છે. વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ગત એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન દેશની લેધર અને લેધરના ઉત્પાદનોની નિકાસ વર્ષાનુવર્ષ ધોરણે ૦.૨૩ ટકા ઘટીને ૩.૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી, જ્યારે ગત એપ્રિલથી ડિસેમ્બર દરમિયાન દરિયાઈ ખાદ્યની નિકાસ ગત સાલના સમાનગાળાના ૫.૬૭ અબજ ડૉલર સામે ૧૫.૫૩ ટકા વધીને ૬.૫ અબજ ડૉલરના સ્તરે રહી હતી.

# તેલીબિયામાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાની તક ચૂકી જતું અંદાજપત્રઃ ખાદ્યતેલ ઉદ્યોગ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાણાં પ્રધાને આજે રજૂ કરેલું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર અપેક્ષિત દેશની આર્થિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતું અને માળખાકીય ક્ષેત્ર અને રોકાણનાં સંયુક્ત વિકાસના સંકેત આપતું રહ્યુ હોવાનું ખાદ્યતેલ ઉદ્યોગના સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશનનાં પ્રમુખ સંજીવ અસ્થાનાએ જણાવ્યું હતું. અમારું સંગઠન છેલ્લાં ઘણાં સમયથી સરકારને રજૂઆત કરી રહ્યું છે કે દેશમાં ખાદ્યતેલની આયાત કુદકે અને ભૂસકે વધી રહી છે જે સ્થાનિકમાં રાષ્ટ્રની ખાદ્યતેલની સલામતી માટે જોખમી છે આથી સરકારનો નીતિવિષયક હસ્તક્ષેપ કરવો જરૂરી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ખાદ્યતેલમાં આત્મનિર્ભરતાનું લક્ષ્યાંક ધરાવતા હોવાથી અમને આશાવાદ હતો કે અંદાજપત્રમાં આત્મનિર્ભરતાની દિશાનાં પ્રસ્તાવો હશે, પરંતુ કમનસીબે અંદાજપત્રમાં આયાત નિર્ભરતા ઘટાડવા અને સ્થાનિકમાં ઉત્પાદનમાં વધારો કરવા અંગેના કોઈ પ્રસ્તાવ જોવા નથી મળ્યો. જોકે, હાલનુ રિફાઈન્ડ અને ક્રૂડતેલ પરની ડ્યૂટી તફાવત સાથેનું ડ્યૂટી માળખુ ગ્રાહકો અને ખેડૂતો બન્ને માટે સંતોષજનક હોવાથી તે યથાવત્ રાખવાનો નાણાં પ્રધાનનો નિર્ણય યોગ્ય હોવાનું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં દેશમાં લાંબા સમયથી સ્થિર રહેલા નારિયેળના ઉત્પાદન અને પ્રોસેસિંગ ક્ષેત્ર અને પશુપાલન ઉદ્યોગ માટે જાહેર કરવામાં આવેલા પગલાંઓ આવકાર્ય હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે છેલ્લાં ત્રણ દાયકામા ખાદ્યતેલ ઉદ્યોગમાં ઘણાં ફેરફાર થયા છે. આપણી ખાદ્યતેલની આયાતનિર્ભરતા વધીને હાલ ૬૦ ટકા જેટલી થઈ ગઈ છે. આ પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ એ છે કે સ્થાનિકમાં તેલીબિયાંનું ઉત્પાદન સ્થાનિક ખાદ્યતેલની વપરાશી માગને પહોંચી વળે તેટલું નથી. દેશમાં ખાદ્યતેલની વાર્ષિક ૨.૬થી ૨.૬૫ કરોડ ટનની વપરાશી માગ સામે ઉત્પાદન ૧.૧થી ૧.૧૫ કરોડ ટન જેટલું હોય છે.

# લિથિયમ બૅટરીઝ પર કસ્ટમ ડ્યૂટી માફીઃ સિઆમનો આવકાર

નવી દિલ્હીઃ આજે જાહેર કરવામાં આવેલા અંદાજપત્રમાં લિથિયમ બૅટરીઝમાં વપરાતા માલ પરની કસ્ટમ ડ્યૂટીમાં માફી આપવામાં આવતા દેશનાં ઈલેક્ટ્રિક વાહનોના માળખાને પ્રોત્સાહિત કરશે, એમ સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ્સ (સિઆમ)એ એક યાદીમાં જણાવ્યું છે. આજે નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે અંદાજપત્રના વક્તવ્યમાં પ્રસ્તાવ મુકતા જણાવ્યું હતું કે બેટરી માટેનાં લિથિયમ આયન સેલ્સ બનાવવા અને બૅટરી એનર્જીના સંગ્રહ માટેના મૂડીગત્ માલ પરની કસ્ટમ ડ્યૂટી માફી લંબાવવામાં આવી છે.

લિથિયમ આયન બૅટરીઝમાં વપરાતા મૂડીગત્ માલો પરની કસ્ટમ ડ્યૂટી માફી જળવાઈ રહેવાની સાથે તેમ જ ઈલેક્ટ્રિક અને હાઈબ્રિડ વાહનો માટેની બૅટરીઝ બનાવવા માટેનાં લિથિયમ આયન સેલ અને તેના પાર્ટસ પરની રાહતના દરની ડ્યૂટી વધુ બે વર્ષ અથવા તો માર્ચ ૨૦૨૮ સુધી જળવાઈ રહેતા દેશની ઈલેક્ટ્રિક વાહનોની સઘન ઈકોસિસ્ટમ સ્થાપવામાં મદદરૂપ થશે, એમ સિઆમના પ્રમુખ શૈલેષ ચંદ્રએ જણાવ્યું હતું.

વધુમાં તેમણે વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રને લાંબાગાળા પર ફોકસ કરતું અને ઉત્પાદન, માળખાકીય, ફ્રેઈટકોરિડોર, જળમાર્ગ અને રાજકોષીય પર ભાર મૂકીને આર્થિક વૃદ્ધિદર મજબૂત બનાવવાનો લક્ષ્યાંક ધરાવતું અંદાજપત્ર હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# દૂરદર્શી અને વિકસિત ભારત તરફ દોરી જતું અંદાજપત્રઃ અખિલ ભારતીય ખાદ્યતેલ વેપારી મહાસંઘ

મુંબઈઃ આજે નાણાં પ્રધાને જાહેર કરલું વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર દેશના વેપારીઓ, ઉદ્યોગકારો, રોકાણકારો, ખેડૂતો અને ખાસ કરીને સૂક્ષ્મ, લઘુ તથા મધ્યમ ઉદ્યોગો માટે આત્મવિશ્વાસથી ભરેલો સકારાત્મક સંદેશ આપે છે, એમ અખિલ ભારતીય ખાદ્યતેલ વેપારી મહાસંઘનાં રાષ્ટ્રીય અધ્યક્ષ શંકર ઠક્કરે એક યાદીમાં જણાવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ બજેટ દૂરદર્શી વિચારધારા, વ્યવહારુ નીતિઓ અને આર્થિક સશક્તીકરણનું ઉત્તમ સંયોજન છે, જે ભારતને વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષ્ય તરફ નિર્ણાયક રીતે આગળ વધારશે.

કોન્ફેડરેશન ઑફ ઑલ ઈન્ડિયા ટ્રેડર્સ (કેઈટ)નાં મહામંત્રી અને નવી દિલ્હીના ચાંદની ચોકનાં સાંસદ પ્રવીણ ખંડેલવાલે જણાવ્યું કે બજેટના વિવિધ પ્રાવધાનો દેશની નિકાસને મજબૂતી આપશે અને ભારતીય ઉત્પાદનો માટે નવા વૈશ્વિક બજારો ખોલવામાં સહાયક સાબિત થશે. વધુમાં તેમણે જણાવ્યું કે આ બજેટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સશક્ત, નિર્ણાયક અને દૂરદર્શી નેતૃત્વનું મજબૂત પ્રતિબિંબ છે, જેમના માર્ગદર્શન હેઠળ ભારત વૈશ્વિક આર્થિક પડકારો છતાં સતત પ્રગતિના માર્ગ પર આગળ વધી રહ્યું છે. આ બજેટ તેની સર્વસમાવેશક દૃષ્ટિ, મજબૂત કાર્યયોજનાઓ અને સ્પષ્ટ દિશા દ્વારા દેશના આર્થિક પાયાને વધુ મજબૂત બનાવે છે.

# બજેટ ૨૦૨૬: મધ્યમ વર્ગ અને રોકાણકારો માટે નિરાશાજનક

મુંબઈઃ યુનિયન બજેટ ૨૦૨૬ પર ખાસ કરીને મધ્યમ વર્ગ અને રોકાણકારોની નજર મંડાયેલી હતી. વધતી મોંઘવારી, હોમલોનના વ્યાજદર, શિક્ષણ અને આરોગ્યના સતત વધતા ખર્ચ જેવી ચિંતાઓ વચ્ચે મધ્યમ વર્ગને સરકાર પાસેથી રાહતની અપેક્ષા હતી. બીજી તરફ, રોકાણકારો બજારમાં સ્થિરતા, કરવેરાના સરળીકરણ અને નવી રોકાણ તકોની રાહ જોઈ રહ્યા હતા.

મધ્યમ વર્ગ માટે સૌથી મહત્વપૂર્ણ મુદ્દો આવકવેરામાં રાહતનો હતો અને એમાં જ નિરાશા સાંપડી છે. નવી કરવેરા પ્રણાલીને વધુ આકર્ષક બનાવવા માટે સરકાર સ્ટાન્ડર્ડ ડિડક્શન વધારવા અથવા કરસ્લેબમાં ફેરફાર કરશે એવી આશા પર પાણી ફરી વળ્યા છે. જો કરમુક્તિ મર્યાદા વધારવામાં આવી હોત તો પગારદાર વર્ગને સીધી નાણાકીય રાહત મળવાથી વપરાશ ખર્ચમાં વધારો થતાં દેશની આંતરિક માગ મજબૂત બનવા સાથે અર્થવ્યવસ્થાના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું હોત. રોકાણકારો માટે બજેટમાં મૂડી બજાર સંબંધિત સુધારામાં કેપિટલ ગેઇન ટેક્સમાં સરળીકરણ અથવા લાંબા ગાળાના રોકાણ માટે વધારાની છૂટછાટની અપેક્ષા સામે એસટીટીનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. મધ્યમ વર્ગ માટે સૌથી મોટો ઝટકો એવો રહ્યો કે આવકવેરા દર અને સ્લેબ્સમાં કોઇ મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો ના હોવાથી તાત્કાલિક નાણાકીય રાહત મળતી નથી. સ્ટાન્ડર્ડ ડિડક્શનમાં પણ કોઇ વધારો કરવામાં આવ્યો નથી. ઇન્વેસ્ટર્સની દૃષ્ટિએ જોઇએ તો ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ અને સંશોધન વિકાસ કેટલાક નવા સેક્ટરલ ફોકસ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ફંડના પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યા છે. પરંતુ એસટીટી (સિક્યુરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ) વધારવાના અણધાર્યા નિર્ણયથી શેરબજારમાં નિરાશાનું મોજૂ ફરી વળતા સવારના સત્રમાં ૨૫૦૦ પોઇન્ટનો તોતિંગ કડાકો જોવા મળ્યો હતો.

એકંદરે અંદાજપત્ર મધ્યમ વર્ગ તેમ જ નાની-મધ્યમ આવક ધરાવતા નાગરિકો માટે નિરાશાજનક રહ્યું છે. નોંધવું રહ્યું કે, બજેટ માત્ર આંકડાઓનો દસ્તાવેજ નથી, પરંતુ વિશ્વાસ અને દિશાનો સંદેશ છે. મધ્યમ વર્ગની ખરીદી શક્તિ અને રોકાણકારોના વિશ્વાસ, આ બંને પર જ ભારતના વિકાસની ગાડી આગળ વધે છે.

# કસ્ટમ ડ્યૂટીના તાર્કિકરણથી નિકાસ પ્રોત્સાહિત થશેઃ નિષ્ણાતો

નવી દિલ્હીઃ આજે જાહેર કરવામાં આવેલા અંદાજપત્રમાં કસ્ટમ ડ્યૂટીના તાર્કિકરણનાં પ્રસ્તાવોથી નિકાસ અને ઉત્પાદન પ્રોત્સાહિત થવાનો આશાવાદ નિકાસકારો અને નિષ્ણાતોએ વ્યક્ત કર્યો છે.

આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં મુખ્યત્વે વ્યૂહાત્મક ઉત્પાદન, ક્લિન એનર્જી, સંરક્ષણ, સ્વાસ્થ્ય અને નિકાસલક્ષી ઉત્પાદનો માટેનાં ઉત્પાદનખર્ચ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જ્યારે અમુક ગ્રાહકલક્ષી ઉત્પાદનોની સલામતી માટે ચોક્કસ ચીજો પરના ટૅરિફમાં વધારો કરવામાં આવ્યો છે. બજેટમાં ખાસ કરીને મૂડીગત્ માલ અને વ્યૂહાત્મક ઈનપૂટ્સ પરની બેઝિક કસ્ટમ ડ્યૂટી દૂર કરવામાં આવી છે, જ્યારે દરિયાઈ ખાદ્યના પ્રોસેસિંગના ઉપયોગમાં આવતા ઈનપૂટ્સ પરની ડ્યૂટીમુક્ત આયાત મર્યાદા જે નિકાસ મૂલ્યના એક ટકા જેટલી હતી તે વધારીને ત્રણ ટકા કરવામાં આવી છે.

એપરલ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના ચેરમેન એ શક્તિવેલે જણાવ્યું હતું કે આ અંદાજપત્ર ભારતીય ટેક્સ્ટાઈલ અને એપરલ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેની રૂપરેખા આપવાની સાથે સાથે આત્મનિર્ભરતા, વૃદ્ધિમાં સાતત્યતા, રોજગાર સર્જન અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

વધુમાં કાઉન્સિલ ફોર લેધર એક્સપોર્ટનાં ચેરમેન આર કે જૂનેજાએ જણાવ્યું હતું કે નિકાસકારો દ્વારા આયાત કરવામાં આવતા ટેગ્સ, લેબલ્સ, સ્ટીકર્સ, બેલ્ટ વગેરે પરની કસ્ટમ ડ્યૂટી માફીની મર્યાદા ૩૧મી માર્ચ, ૨૦૨૮ સુધી લંબાવવામાં આવી તે આવકાર્ય પગલું છે.



૧૮મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા-૨૦૨૬ સંપન્ન થઈ હતી, ગિરનારને સર કરવા દેશના ૧૨ રાજ્યોના ૫૧૬ સ્પર્ધકોએ દોટ મૂકી હતી... (તસ્વીરઃ હરેશ સોની, જુનાગઢ)

# 'મુંબઈ પોલીસ' બનેલા સાયબર ક્રિમિનલોએ ગાંધીધામમાં એકલાં રહેતાં વૃદ્ધ દંપતીને 'ડિજિટલ એરેસ્ટ' કરીને રૂ.૧.૦૭ કરોડ પડાવી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ 'ડિજિટલ એરેસ્ટ' નામની હવે જૂની થઇ ચુકેલી બલા અંગે ખુદ દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે અને સાયબર ફ્રોડ અંગે જાગૃતિ આણવા માટે સતત થઇ રહેલા પ્રયાસો છતાં પણ ભોળા નાગરિકો સતત લૂંટાઈ રહ્યા છે. થોડા દિવસો અગાઉ ભુજમાં એકાંકી જીવન ગાળતાં નિવૃત્ત મહિલા પી.એસ.આઈ તેમજ લંડનથી માદરે વતન કેરા આવેલા એન.આર.આઈ વૃદ્ધને સાયબર અપરાધીઓએ ડિજિટલ અરેસ્ટ કરીને બંને પાસેથી ૮૩.૪૪ લાખ અને એક કરોડથી વધુની રકમ પડાવી હોવાના ચોંકાવનારા બનાવોની હજુ શાહી પણ સુકાઈ નથી, તેવામાં પંચરંગી ગાંધીધામ શહેરમાં એકલા રહેતા વૃદ્ધ દંપતીને પણ ડિજિટલ અરેસ્ટ રૂપી જાળમાં ફસાવી, મરણમુડીના રૂ.૧.૦૭ કરોડ પડાવી લેવામાં આવ્યાનો વધુ એક બનાવ સામે આવતાં કચ્છ સહીત બૃહદ કચ્છમાં ચકચાર પ્રસરી હતી. આ અંગે રોમી ડેનિયલ ક્રિશ્ચિયને સાયબર પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત ૩૧-૧૨-૨૦૨૫થી ૨૮મી જાન્યુઆરી દરમિયાન આ બનાવ બન્યો હતો. પુત્રીના અભ્યાસ માટે પત્ની સાથે વડોદરામાં રહે છે, જ્યારે માતા-પિતા ગાંધીધામમાં રહેતા હતા. તેમના પિતા ડેનિયલ મિંજ અને માતા મરિયમબેનને અજાણ્યા નંબર પરથી મુંબઈની ક્રાઇમ બ્રાન્ચના નામે એક મહિલાએ ફોન કર્યો હતો અને તેમને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા. બાદમાં સીબીઆઈ અને કોર્ટના અધિકારી તરીકેની ખોટી ઓળખ આપવામાં આવી, મની લોન્ડરિંગનો કેસ થયો હોવાનું જણાવી વોટ્સએપ મારફતે બોગસ હુકમો મોકલવામાં આવ્યા હતા. અગાઉની મોડસ ઓપરેન્ડી મુજબ અહીં પણ મની લોન્ડરિંગના કેસમાં નરેશ ગોયેલ પકડાયાનું કહી તેની પાસેથી તમારા નામનું ડેબિટ કાર્ડ મળ્યાનું જણાવી આ આંતરરાષ્ટ્રીય કેસમાં તેમને ત્રણથી સાત વર્ષની સજા થશે તેમ કહીને વૃદ્ધ માતા-પિતાને ડરાવ્યા હતા. એક મહિના સુધી ઓનલાઈન વીડિયો કોલ ચાલુ રખાવી યેનકેન પ્રકારે વિવિધ બેંક ખાતામાંથી રૂપિયા ૧,૦૭,૮૪,૦૦૦ પડાવી લેવામાં આવ્યા હતા. પૌત્રીના અભ્યાસ માટે રાખેલી એફ.ડી. પણ તોડી પાડવામાં આવી હતી.

આ સમગ્ર મામલાની ગાંધીધામ સાયબર ક્રાઇમ પોલીસે અજ્ઞાત આરોપીઓ વિરુદ્ધ આઈ.ટી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# મુંદરાના હિંગલાજ નગરમાં બંધ મકાનમાંથી પાંચ લાખની ચોરીથી રહેવાસીઓમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છમાં હાઇપર એક્ટિવ થયેલી તસ્કર ટોળકીનો ત્રાસ યથાવત્ રહેવા પામ્યો હોય તેમ મુંદરાના હિંગલાજ નગર વિસ્તારમાં આવેલા એક બંધ મકાનમાં ત્રાટકેલા તસ્કરો રૂ.૫ લાખની મતાની ઘરફોડને અંજામ આપતાં શહેરીજનોમાં પોતાના માલ-સામાનની સલામતીને લઈને ચિંતા પ્રસરી હતી.

મુંદરાના અત્યંત વ્યસ્ત ગણાતા બરોઈ રોડ પરના રહેણાક વિસ્તારમાં થયેલી આ તસ્કરી અંગે પ્રાપ્ત પ્રાથમિક માહિતી અનુસાર, હિંગલાજ નગરમાં આવેલા એક પરિવારના બંધ મકાનના તાળા તોડીને ચોર ટોળકીએ અંદર પ્રવેશ કર્યો હતો.

તસ્કરોએ શયનકક્ષમાં રહેલા કબાટના લોકરમાંથી સોના-ચાંદીના કિંમતી દાગીના અને રોકડ રકમ સહિત કુલ રૂ. પાંચ લાખની મતાની ચોરી કરી હતી. બહાર ગામથી પરિવાર પરત ફરતા ઘરમાં સામાન વેરવિખેર જોઈ ચોરી થઈ હોવાનું માલૂમ પડ્યું હતું. હાલમાં ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા ચાલુમાં હોવાનું જાણવા મળી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પરપ્રાંતીયોની બહોળી વસ્તી ધરાવતા કચ્છના ગાંધીધામ અને મુંદરા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી તસ્કરીના બનાવોમાં ભારે ઉછાળો આવ્યો હોઈ, પોલીસ પેટ્રોલિંગમાં વધારો કરે તેવું રહેવાસીઓ ઈચ્છી રહ્યા છે.

# કચ્છમાં લખપતના ઘડુલી નજીક બે મોટરસાઇકલની સામસામી ટક્કરમાં બે યુવાનના મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ લખપતના ઘડુલી નજીક બે મોટરસાઇકલની સામસામી ટક્કર થતાં ધારેશીના ૨૨ વર્ષીય વિનોદ લધા કોલી અને ઘડુલીના ૧૯ વર્ષીય મહાવીરસિંહ જાલુભા સોઢાના ગંભીર ઈજાઓને પગલે કરુણ મોત નીપજ્યાં હતાં. મળતી માહિતી મુજબ,લખપત તાલુકાના ઘડુલી અને વિરાણી વચ્ચેના માર્ગ પરના રબારીવાસ નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માત અંગે દયાપર પોલીસ મથકના પી.આઈ. પટેલ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ધારેશીનો વિનોદ કોળી રવાપરથી પોતાના ગામ તરફ મોટરસાઇકલ પર સવાર થઈને જઈ રહ્યો હતો. આગળ જઈ રહેલાં વાહનને ઓવરટેક કરવા જતાં સામેથી આવતી મહાવીરસિંહની મોટરસાઇકલ સાથે ટક્કર થતાં બંને ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા, પરંતુ સારવાર મળે તે અગાઉ તેઓએ અંતિમ શ્વાસ લેતાં પંથકમાં શોકની લાગણી પ્રસરી હતી.

# ભાવનગરમાં એક વર્ષમાં કેન્સરના ૧૨૭૯ નવા દર્દીઓ, દરરોજ સરેરાશ ૩૭ દર્દીઓએ સારવાર મેળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લામાં કેન્સરનું વધતું પ્રમાણ ચિંતાજનક છે. વર્ષ-૨૦૨૫ના આંકડાઓ પ્રમાણે ભાવનગરની કેન્સર હોસ્પિટલમાં દરરોજ સરેરાશ ત્રણ નવા કેન્સરના દર્દીઓ સારવાર માટે આવ્યા હતા. વર્ષ-૨૦૨૫માં કેન્સર હોસ્પિટલમાં ૧૨૭૯ નવા દર્દીઓ નોંધાયા છે. જ્યારે ૧૨,૪૦૧ રિપીટ મળી કુલ ૧૩ હજારથી વધારે દર્દીઓની ઓપીડી થઈ છે.

સર ટી. હૉસ્પિટલના કેમ્પસમાં આવેલા ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટયૂટ સંચાલિત કેન્સર કેર સેન્ટરમાં વર્ષ-૨૦૨૫ દરમિયાન સારવાર મેળવવા માટે આવેલા દર્દીઓના આંકડાઓ પ્રમાણે ભાવનગરમાં કેન્સરના દર્દીઓનું પ્રમાણ ચિંતજનક રીતે વધી રહ્યું છે. વર્ષ-૨૦૨૫ દરમિયાન ભાવનગરની કેન્સર હૉસ્પિટલમાં કેન્સરના કુલ ૧૨૭૯ નવા દર્દીઓ નોંધાયા છે. એટલે કે દરરોજ સરેરાશ ત્રણ નવા દર્દીઓ કેન્સર હૉસ્પિટલમાં સારવાર માટે આવ્યા છે. જ્યારે ૧૨,૪૦૧ રિપીટ દર્દીઓની ઓપીડી થઈ છે. આમ, વર્ષ દરમિયાન કેન્સરના કુલ ૧૩,૬૮૦ઓએ સારવાર લીધી છે. આમ, દરરોજ સરેરાશ ૩૭ દર્દીઓની ઓપીડી થઈ છે. જૂના અને નવા દર્દીઓની ઓપીડીના આંકડાઓ પ્રમાણે સૌથી વધારે ડિસેમ્બર-૨૦૨૫માં ૧૩૮૮ દર્દીઓની ઓપીડી થઈ જ્યારે સૌથી ઓછી એપ્રિલ-૨૦૨૫માં ૮૮૯ દર્દીઓની ઓપીડી થઈ છે. ભાવનગરની કેન્સર હૉસ્પિટલમાં વર્ષ-૨૦૨૪માં જ્યાં નવા જૂના મળી કુલ ૮૩૮૮ કેન્સરના દર્દીઓ નોંધાયા હતા. જેની સરખામણીએ વર્ષ-૨૦૨૫માં કેન્સરના દર્દીઓમાં નોંધપાત્ર ઉછાળો થયો છે.

# અંજારના ભુવડ ગામ પાસેની હાઈવે હોટેલમાંથી ૮૮ હજારના માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે સંચાલક ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના ઔદ્યોગિકરણ વચ્ચે અત્યંત વ્યસ્ત બની રહેલા ધોરીમાર્ગો પર આવેલી કેટલીક હોટલો-ઢાબાઓમાં થઇ રહેલી ગેર-પ્રવૃત્તિઓ સમયાંતરે બહાર આવતી રહે છે તેવામાં આ રણપ્રદેશમાં વ્યાપક બની ચુકેલી કેફી પદાર્થની બદીને ડામવા માટે ચલાવાઈ રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત અંજાર તાલુકાનાં ભુવડ ગામના પાદરે આવેલી એક હાઈવે હોટેલમાંથી પોલીસે માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો હતો. આ અંગે મળતી વિગતો મુજબ, પૂર્વ બાતમીના આધારે પૂર્વ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપને મળેલી પૂર્વ બાતમીના આધારે ગત વહેલી સવારે ભુવડ પાસેની રાજુરાય ચંદ્રિકારાયની હોટેલમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં તપાસ દરમ્યાન કાઉન્ટર ટેબલના ખાનામાં રહેલી થેલીમાંથી રૂ.૮૮૦૦૦નો ગાંજાનો ૧.૭૦૪ કિલોગ્રામ જથ્થો મળી આવ્યો હતો. રાજુરાય છૂટક ગ્રાહકોને ગાંજાનું વેચાણ કરતો હોવાની એસઓજી સમક્ષ કેફીયત આપતાં આ શખ્સ વિરુદ્ધ એન.ડી.પી.એસ.એક્ટની કલમો તળે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અત્રે એ નોંધનીય છે કે, પૂર્વ કચ્છના ધોરીમાર્ગો પર આવેલી હોટલોમાં અનેકવાર માદક પદાર્થ ઝડપાઇ ચુક્યા છે. પોલીસ દ્વારા આવી હોટલો-ઢાબાઓ પર સમયાંતરે ચેકિંગ થતું રહે તેવી લોક માગણી ઊઠી રહી છે.

# ભુજની જથ્થાબંધ બજારમાં સ્થિત દુકાનમાંથી રૂ.૧.૦૯ લાખના મરી-મસાલાની તસ્કરી કરનાર નોકર અને તેનો સાગરીત ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ત્રણ દિવસ અગાઉ ભુજના ભુજિયા ડુંગર નજીક આવેલી જથ્થાબંધ બજાર ખાતેની એક દુકાનમાંથી ટુકડે-ટુકડે રૂ.૧.૦૯ લાખના મરી-મસાલાની ચોરી થયાના મામલામાં બી-ડિવિઝન પોલીસે દુકાનના નોકર અને તેના સાગરિતને મુદ્દામાલ સમેત ઝડપી પાડ્યા હતા. આ ચોરી અંગે 'ચાચાજી ચા ભંડાર' નામની દુકાનના પીયૂષગિરિ ગોસાઇએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમની દુકાનમાં કામ કરતા ભાવેશ બડગાએ ગત તા. ૧૫-૭-૨૦૨૫થી ૧૫-૧-૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન તેમની નજર ચૂકવીને અલગ-અલગ સમયે કુલ રૂ. ૧,૦૯,૩૫૦ની કિંમતના મરી-મસાલાની ચોરી કરી હતી. આ ફરિયાદના આધારે બી-ડિવિઝન પોલીસે તપાસ આદરીને આરોપી એવા દુકાનના નોકર ભાવેશ અમૃતલાલ બડગા (રહે. નાગોર) તથા તેના સાગરીત કપિલ દિનેશ ઝીંઝુવાડિયા (સોની) (રહે. માધાપર)ને ૮.૫ કિલો મરી-મસાલાનો જથ્થો તથા રોકડ રૂ.૨૩૯૦ અને બે મોબાઇલ ફોન કિં.રૂ. ૧૦,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી આ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલી આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી આદરી છે.

# ભાવનગર જિલ્લાના તળાજાના તલ્લી ગામની સીમમાં માતાજીના મંદિરે રૂ. પાંચ લાખના આભૂષણોની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના તળાજા તાલુકાના અંતરિયાળ અને દરિયા કિનારે કુદરતી સૌંદર્ય અખૂટ છે તેવા સ્થળે બારૈયા કોળી પરિવારના માતાજી ચામુંડાનો મઢ-વિશાળ મંદિર આવેલ છે.આ સ્થળને જાદપર ટીમ્બો તરીકે ઓળખવામાં આવે છે. અહીંથી રાત્રીએ તસ્કરો માતાજીના સોના ચાંદીના આભૂષણો સહિતની રૂ.પાંચ લાખથી વધુની મત્તાની ચોરી કરી ગયા હતા. કુલ ત્રણ ચોર તસ્કરો ચોરી કરી રહ્યા છે તેવું સીસીટીવીમાં જોવા મળતા પોલીસે તેમને ઝડપી લેવા કવાયત હાથ ધરી છે. ઇન્વેસ્ટિગેશન અધિકારી ચેતન મકવાણાએ જણાવ્યું હતું કે મધ્યરાત્રી બાદ ચોરી થઈ છે.ચોર ઈસમોને પકડવા અને કોર્ટ દ્વારા કડક સજા કરવા માટે સાંયોગીક પુરાવાઓ મેળવવા માટે એફ. એસ. એલ. ફિંગરપ્રિન્ટ નિષ્ણાત, ડોગસ્ક્વોડની મદદ લેવાઈ છે. એલ.સી.બી. પણ તપાસમાં જોતરાઈ છે. ટાવર ડમ્પની મદદ પણ મેળવાઈ રહી છે.

# મગફળી બાદ ચણાની ખેતીમાં પણ નુકસાનીના ડરથી ખેડૂતની આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગયા ઓક્ટોબર મહિનામાં કમોસમી વરસાદ વરસ્યો હતો અને ખેડૂતોને ભારે પાયમાલી થઈ હતી. તે સમયે પણ ત્રણ ખેડૂતોએ અંતિમ પગલું ભર્યું હતું. ત્યારે ફરી વંથલીના એક ખેડૂતે આત્મહત્યા કરતા ચકચાર જાગી હતી. ૬૫ વર્ષીય નાથાભાઈ અરભમભાઈ વાઢેરે પાક નિષ્ફળ જવાના ડર અને માનસિક તણાવમાં આવી ઝેરી પદાર્થ ખાઈ લીધો હતો. તેમનું મોત થતા વંથલી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.

મળતી માહિતી અનુસાર મૃત મૂળ માંગરોળ તાલુકાના મેખડી ગામના વતની હતા. પ્રતાપભાઈના ખેતરમાં તેઓ ભાગીદાર હતા. પ્રતાપભાઈના કહેવા અનુસાર મૃત તાણમાં રહેતા હતા. તેમને મગફળીના પાકનું નુકસાન ગયું હતું. હવે તેમણે પોતાની જમીન પર ચણાનો પાક વાવ્યો હતો, પરંતુ તે પણ નિષ્ફળ જશે તેમ તેમને લાગી રહ્યું હતું. આ ચિંતાને લીધે તેઓ ઊંઘી શકતા ન હતા અને સતત ચિંતામાં રહેતા હતા. આખરે તેમણે ૩૦મીએ મોડી રાત્રે ઝેરી દવાઓ ખાઈ લીધી હતી અને સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.

# પોરબંદરનુ ગોસાબારા- મોકર સાગર વેટલેન્ડ રામસર સાઈટ જાહેર થવાની તૈયારીમાંઃ મોઢવાડિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ' ના પૂર્વે દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજઃ સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮મા આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વન અને પર્યાવરણ પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયાએ વેટલેન્ડ્સના મહત્ત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પોરબંદર જિલ્લો કુદરતી રીતે સમૃદ્ધ છે અને અહીં ૨૨૫ થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ આવેલાં છે. વેટલેન્ડ્સ એ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી તેમણે શાળાઓમાં વેટલેન્ડ ક્લબ બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર ભાર મૂક્યો હતો.

પ્રકૃતિ અને વન્યજીવોના રક્ષણ વિશે વાત કરતા તેમણે જણાવ્યું કે દરેક જીવનું કુદરતી ચક્રમાં આગવું મહત્ત્વ છે. તેમણે ઉદાહરણ આપ્યું કે સાપ જેવી રીતે ઉંદરો પર નિયંત્રણ રાખીને અનાજનો બગાડ અટકાવે છે, જે પ્રત્યક્ષ રીતે માનવજાતને મદદરૂપ છે. વધુમાં, ધરમપુર ખાતેના રિસર્ચ સેન્ટરમાં સાપના ઝેરમાંથી એન્ટી-વેનમ દવાઓ બનાવવાનું જે કાર્ય થઈ રહ્યું છે, તે વિજ્ઞાન અને પ્રકૃતિના સમન્વયનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. રાજ્ય સરકારના આગામી આયોજનો અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે ગુજરાતમાં રામસર સાઇટ્સની સંખ્યા વધી રહી છે અને તાજેતરમાં કચ્છના 'છારી-ઢંઢ' ને પાંચમી રામસર સાઇટ તરીકે માન્યતા મળી છે. આગામી સમયમાં પોરબંદરના મોકર સાગર અને મેઢાક્રીકને પણ આ વૈશ્વિક યાદીમાં સ્થાન અપાવવા માટે સરકાર પ્રયત્નશીલ છે. આ ઉપરાંત, પર્યાવરણીય પર્યટનને વેગ આપવા રંગબાઈ માતાના મંદિર પાસે ૨૧ કરોડના ખર્ચે સાંસ્કૃતિક વન તૈયાર કરવામાં આવી રહ્યું છે, જે ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. અંતમાં તેમણે પર્યાવરણને માતા સમાન ગણાવી તેની જાળવણી માટે સૌને પ્રતિજ્ઞા લેવા આહવાન કર્યું હતું.

# ગિરનાર સ્પર્ધામાં ડોપિંગનો આક્ષેપ, તંત્રએ તપાસની આપી બાંહેધરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય એથલેટિક સ્પર્ધાઓમાં ડોપિંગની ફરિયાદો થતી હોય છે, પરંતુ જૂનાગઢના ગિરનાર ચઢાણ સ્પર્ધામાં ડોપિંગની ફરિયાદો થતા ખળભળાટ મચ્યો હતો. છેલ્લા ૧૮ વર્ષથી ચાલી આવતી આ સ્પર્ધામાં ડોપિંગના આક્ષેપો થયા હતા. આ સ્પર્ધામાં ૧૨ રાજ્યમાંથી ૫૧૬ સ્પર્ધક ભાગ લીધો હતો. ખૂબ જ ઉત્સાહ વચ્ચે આ સ્પર્ધા પૂરી તો થઈ હતી, પરંતુ અમુક મહિલા સ્પર્ધકોમાં હેમોગ્લોબિનનું પ્રમાણ ૨૧ જેટલું આવતા વિવાદ થયો હતો. હરિયાણાની એક સ્પર્ધકે આક્ષેપ કર્યો હતો કે સામાન્ય રીતે યુવતીઓમાં હેમોગ્લોબિનનું સ્તર ૧૨થી ૧૬ હોવું જોઈએ, પરંતુ અહીં અમુક સ્પર્ધકોનું સ્તર ૨૧ સુધી જોવા મળે છે, જે કુદરતી નથી. એવો આક્ષેપ પણ થયો હતો કે આ પ્રકારની નશાકારક દવાઓને કારણે ખેલાડીઓને થાક કે શ્વાસ ચડતો નથી. આ આક્ષેપ બાદ તંત્રએ તપાસની બાંહેધરી આપી હોવાનું જાણવા મળ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં વિજેતાને રૂ. ૧ લાખનો પુરસ્કાર મળે છે.

# જૂનાગઢના અશ્વોમાં ગ્લેન્ડર્સ રોગ ફેલાવાથી અશ્વમાલિકો ચિંતામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગૌવંશને લમ્પી નામનો રોગ થયો હતો તેવી જ રીતે જૂનાગઢમાં અશ્વોને ગ્લેન્ડર્સ નામનો રોગ લાગુ પડ્યો હોવાથી અશ્વમાલિકો ચિંતામાં પડી ગયા છે. અહીંના ઝાંઝરડા વિસ્તારમાં એક અશ્વનું જીવલેણ રોગ થતા મોત નિપજ્યાનું પણ જાણવા મળ્યું હતું.

આ અશ્વ થોડા દિવસ પહેલા બીમાર પડ્યો હતો. તેની સારવાર કરવામાં આવી રહી હતી. દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. મોત થયા બાદ તેના બ્લડ રિપોર્ટ લેવામાં આવ્યા હતા, જેમાં તેને ગ્લેન્ડર્સ નામનો રોગ લાગુ પડ્યો હોવાનું બહાર આવ્યું હતું.

આ ઘટના બાદ ડોક્ટરો અને પશુપાલન વિભાગ હરકતમાં આવ્યો હતો. જૂનાગઢમાંથી ૪૫ અશ્વના બ્લડ રિપોર્ટ લેવામાં આવ્યા હતા અને તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ સાથે આસપાસના જિલ્લાઓમાં પણ અશ્વોની લે-વેચ પર હાલ પૂરતો પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

હાલ આ ગંભીર મામલે તંત્ર દ્વારા પશુપાલકોને અપીલ કરવામાં આવી છે કે, જો તેમના અશ્વમાં નાકમાંથી પ્રવાહી પડવું, તાવ આવવો કે શરીર પર ગાંઠો થવા જેવાં લક્ષણો જણાય ગંભીરતાથી લે અને તુરંત તેમની સારવાર કરાવે. આ ચેપી રોગ હોવાથી એક પશુમાંથી બીજા પશુમાં ન ફેલાય તે માટે સાવચેતી રાખવા પણ જણાવવામાં આવ્યું છે.

# રાજકોટમાં યુવાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા ચકચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના ટાગોર રોડ પર વિરાણી હાઈસ્કૂલ પાછળ સર્વોદય સોસાયટીમાં રહેતા વિશાલ ગોવિંદભાઇ ભડેલિયા (ઉં.વ.૨૮) એ કોઈ કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા મોત નીપજ્યું હતું.

બનાવ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા એ ડિવિઝન પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે. જયારે બીજા બનાવમાં કુવાડવા મેરીગોલ્ડ કંપની ખાતે રામજી અશ્વિનભાઈ વનાણી (ઉં.વ.૧૯)એ ગળેફાંસો ખાઈ લેતા ૧૦૮ ટીમે સ્થળ પર પહોંચી તપાસી મૃત જાહેર કરી બનાવ અંગે કુવાડવા પોલીસને જાણ કરતા કુવાડવા પોલીસે મૃતદેહ પોસમોર્ટમ અર્થે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

# રાજુલામાં ગટરમાં કાર ખાબકતા એક જ પરિવારના પાંચને ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજુલામાં ગટરમાં એક કાર ખાબકી હતી, જેમાં સવાર એક જ પરિવારના પાંચ જણને ઈજા થઈ હતી. અહીંના આગરિયા જકાતનાકા પાસે એક રોડ એક્સિડેન્ટ થયો હતો, જેમાં એક પરિવાર કારમાં પરબવાવડીથી રાજુલા આવી રહ્યો હતો. કાર પરનો કાબૂ ન રહેતા કાર ઊંડા ખાડામા ખાબકી હતી. જોકે સ્થાનિકોની સમયસૂચકાને મદદને કારણે તેમને ઝડપી સારવાર મળી હતી અને જાનહાનિ થઈ ન હતી. આ રીતે રસ્તા વચ્ચે ગટરનો ખુલ્લો ખાડો હોવાથી જાનનું જોખમ રહે છે, તેમ ગ્રામવાસીઓએ જણાવ્યું હતું.